# શ્રી વિશ્વતારક રત્નત્રયી વિદ્યા રાજિતં

ત્રિવર્ષીય

# જૈનિજમ કોર્સ

## ખંડ-૪




લેખિકા : સા. મણિપ્રભા શ્રી

श्री विश्वतारक रत्नत्रयी विद्याराजितं

# युवति संस्कार शिविर

## की झलकियाँ







ભ- ૧૬૯૭/A

॥ શ્રી મોહનખેડા તીર્થ મણ્ડન આદિનાથાય નમઃ ॥

॥ શ્રી રાજેન્દ્ર-ધનચન્દ્ર-ભૂપેન્દ્ર-યતીન્દ્ર-વિદ્યાચન્દ્ર સૂરિ ગુરુભ્યો નમઃ ॥

# શ્રી વિશ્વતારક રત્નત્રયી વિદ્યા રાજિતં

## ત્રિવર્ષીય **જૈનિજમ કોર્સ** ખંડ ૪

શ્રી વિશ્વતારક રત્નત્રયી વિદ્યા રાજિતં

સર્વે જીવો મોક્ષે જાઓ

વિશ્વ મંગલ

જૈનિજમ કોર્સ

— આશીર્વાદ દાતા —

પ.પૂ. રાષ્ટ્રસંત શિરોમણિ ગચ્છાધિપતિ વર્તમાનાચાર્ય દેવેશ

**શ્રીમદ્વિજય હેમેન્દ્રસૂરીશ્વરજી મ.સા.**

સ્વ. મહત્તરિકા પૂ.સા. શ્રી **લલિતશ્રીજી મ.સા.**

સ્વ. પ્રવર્તિની પૂ.સા. શ્રી **મુક્તિશ્રીજી મ.સા.**

પૂ. વાત્સલ્ય વારિધિ સેવાભાવી સા. શ્રી **સંઘવણશ્રીજી મ.સા.**

— લેખિકા —

**સા. મણિપ્રભાશ્રીજી**

— પ્રોત્સાહક —

**કુમારપાલ વી. શાહ**

આ પુસ્તકના સર્વાધિકાર લેખક તથા પ્રકાશકને આધીન છે.

પદ્મ નંદી

પ્રકાશક —

**શ્રી આદિનાથ રાજેન્દ્ર જૈન શ્વે. પેઢી**

શ્રી મોહનખેડા તીર્થ, રાજગઢ (ધાર) મ.પ્ર.

A\ ૯૨૨૧ -૧૭


પ્રકાશન વર્ષ : સં. ૨૦૬૮

પ્રથમ આવૃત્તિ : ૩૦૦૦ નકલ

મૂલ્ય : ૧૦૦/- રૂા.

પ્રકાશક : શ્રી મોહનખેડા તીર્થ


**આધાર ગ્રન્થ**

- અષ્ટાહ્નિકા વ્યાખ્યાન
- કલ્પસૂત્ર બાલાવબોધ
- જીવ વિચાર
- પચ્ચક્ખાણ ભાષ્ય
- ગણધર રચિત સૂત્રો
- ધરતી કે ફૂલ
- કર્મગ્રંથ
- કથાસંગ્રહ

જૈનાચારના પ્રકરણ પાનામાં જે નંબર મુક્યા છે તે આ કોર્ષ પહેલાના પુસ્તકોના પ્રકરણના અનુસંધાનમાં છે. આમ કુલ ત્રણ વર્ષના પૂરા કોર્ષમાં એક એક પ્રકરણના નવ-નવ ભાગ થશે.

**ચિત્ર નિમ્ન પુસ્તકોમાંથી સાભાર લેવાયેલા છે.**

- આવશ્યક ક્રિયા સૂત્ર


**આ પુસ્તકનો સર્વાધિકાર લેખક તથા પ્રકાશકને આધીન છે.**



—• મુખ્ય કાર્યાલય •—

**શ્રી વિશ્વતારક રત્નત્રયી વિદ્યા રાજિતં સમિતિ**

૨૦/૨૧ સાઈબાબા શોપીંગ સેન્ટર,
કે.કે. માર્ગ, નવજીવન પોસ્ટ ઑફિસની સામે, મુંબઈ સેન્ટ્રલ,
મુંબઈ-૮ (મહારાષ્ટ્ર) ફોન : ૦૨૨-૬૫૫૦૦૩૮૭



**મુદ્રક : જૈનમ ગ્રાફિક્સ**

સી-૨૦૮/૨૧૦, પહેલા માળે, બી.જી. ટાવર્સ, દિલ્લી દરવાજા બહાર, શાહીબાગ રોડ, અમદાવાદ.
ફોન : ૦૭૯-૨૫૬૩૦૧૩૩ ફેક્સ : ૦૭૯-૨૫૬૨૭૪૬૯ મો.: ૯૮૨૫૮ ૫૧૭૩૦, ૯૪૨૬૪ ૨૬૫૧૦

॥ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥



# તવ ચરણં  શરણં મમ

જેની કૃપા, કરૂણા, આશિષ, વરદાન તથા વાત્સલ્ય ધારા આ કોર્સ પર સતત વરસી રહી છે. જેના પુણ્ય પ્રભાવથી આ કોર્સ પ્રભાવિત છે, એવા વિશ્વ મંગલના મૂલાધાર પ્રાણેશ્વર, હૃદયેશ્વર, સર્વેશ્વર શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુના ચરણોમાં.....

જેની ક્ષાયિક પ્રીતિ ભક્તિએ આ કોર્સને પ્રભુથી અભેદ બનાવ્યો છે, એવા સિદ્ધગિરિ મંડન ઋષભદેવ ભગવાનના ચરણોમાં....

આ કોર્સને વાંચીને નિર્મલ આરાધના કરીને આવવાવાળા ભવમાં મહાવિદેહ ક્ષેત્રમાં જેની પાસે જઈને ચારિત્ર ગ્રહણ કરીને મોક્ષને પ્રાપ્ત કરવો છે, એવા મોક્ષ દાતારી સીમંધર સ્વામીના ચરણોમાં...

જેની અનંત લબ્ધિથી આ કોર્સ મોક્ષદાયી લબ્ધિ સમ્પન્ન બન્યો છે એવા પરમ શ્રદ્ધેય સમર્પણના સાગર ગૌતમ સ્વામીના ચરણોમાં....

જે સમવસરણમાં પ્રભુ મુખ કમલમાં બિરાજિત છે, જે જિનવાણીના રૂપમાં પ્રકાશિત બને છે, જે સર્વ અક્ષર, સર્વ વર્ણ તથા સ્વર માલાની ભગવતી માતા છે, જે આ કોર્સના પ્રત્યેક અક્ષરને સમ્યગ્જ્ઞાનમાં પરિવર્તિત કરી રહી છે એવી તીર્થેશ્વરી સિદ્ધેશ્વરી માતાના ચરણ કમલોમાં...

શતાબ્દિ વર્ષમાં જેની અપાર કૃપાથી જેના સાનિધ્યમાં આ કોર્સની રચનાના સુંદર મનોરથ ઉત્પન્ન થયા તથા જેના અવિરત આશિષથી આ કોર્સનું નિર્માણ થયું. જે જન-જનની આસ્થાના કેન્દ્ર છે, જે આ કોર્સને વિશ્વ વ્યાપી બનાવી રહ્યાં છે. જે પૂ. ધનચન્દ્રસૂરિ, પૂ. ભૂપેન્દ્રસૂરિ, પૂ. યતીન્દ્રસૂરિ, પૂ. વિદ્યાચન્દ્રસૂરિ આદિ પરિવારથી શોભિત છે એવા સમર્પિત પરિવારના તાત વિશ્વ પૂજ્ય પ્રાતઃ સ્મરણીય પૂ. દાદા ગુરુદેવ રાજેન્દ્રસૂરીશ્વરજી મ.સા.ના ચરણ કમલોમાં....

જેની કૃપાવારિએ સતત મને આ કોર્સ માટે પ્રોત્સાહિત કર્યા એવા વર્તમાન આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય હેમેન્દ્ર સૂરીશ્વરજી મ.સા., પૂ. ગુરુણીજી વિદ્યાશ્રીજી મ.સા., પૂ. પ્રવર્તિની માનશ્રીજી મ.સા., પૂ. મહત્તરિકા લલિતશ્રીજી મ.સા., પૂ. પ્રવર્તિની મુક્તિશ્રીજી મ.સા., સેવાભાવી ગુરુમૈય્યા સંઘવણશ્રીજી મ.સા.ના ચરણ કમલોમાં...

આ કોર્સના પ્રત્યેક ખંડ, પ્રત્યેક ચેપ્ટર, પ્રત્યેક અક્ષર આપના, આપશ્રીના ચરણોમાં...

## સાદર સમર્પણમ્...

સા. મણિપ્રભાશ્રી
૫/૪/૨૦૧૦, સોમવાર
ભીનમાલ

# અનુક્રમણિકા

**જૈનાચાર - V**

પરમાર્હત્ શ્રી કુમારપાળ રાજા ........ ૧

શ્રી શાંતિનાથ ચરિત્ર ........ ૧૪

મદનરેખા ........ ૧૬

**તત્વજ્ઞાન - V**

જીવ વિચાર ........ ૨૫

**જૈનાચાર - VI**

પચ્ચક્ખાણ ........ ૪૭

સમાધિ મરણની સાધના ........ ૫૯

**Art of Living - VI**

Duties towards Parents ........ ૭૧

પવિત્રતાનું રહસ્ય ........ ૯૨

**સૂત્ર તથા અર્થ વિભાગ**

ભરહેસર ........ ૧૦૯

સકલ તીર્થ ........ ૧૧૧

મન્નહ જિણાણં સજ્ઝાય ........ ૧૧૪

લઘુ શાંતિ સ્તવ ........ ૧૧૫

આત્મરક્ષા વજ્ર પંજર સ્તોત્ર ........ ૧૧૯

ગૌતમસ્વામી છંદ ........ ૧૨૦

સ્નાતસ્યા સ્તુતિ ........ ૧૨૧

તપ ચિંતવણી કરવાની વિધિ ........ ૧૨૩

રાઈય પ્રતિક્રમણની વિધિ ........ ૧૨૪

એકાસણા, બિયાસણા, નિવિ, આયંબિલનું પચ્ચક્ખાણ ........ ૧૨૫

**કાવ્ય-વિભાગ**

પ્રભુ સન્મુખ બોલવાની સ્તુતિ ........ ૧૨૬

ચૈત્યવંદન ........ ૧૨૭

સ્તુતિ ........ ૧૨૮

સ્તવન ........................................ ૧૨૯
સજ્ઝાય ........................................ ૧૩૨

**જૈન ઈતિહાસ - VI**

આચાર્યશ્રી શય્યંભવસૂરિ ........................................ ૧૩૯
નંદીષેણ મુનિ ........................................ ૧૪૧
યાકિની મહત્તરાસૂનુ હરિભદ્રસૂરિજી મ.સા. ........................................ ૧૪૩
જગદ્‌ગુરુ હીરસૂરીશ્વરજી મ.સા. ........................................ ૧૪૮
અભિધાન રાજેન્દ્ર કોષ રચયિતા પૂ. રાજેન્દ્રસૂરીશ્વરજી મ.સા. ........................................ ૧૫૨

**તત્ત્વજ્ઞાન - VI**

કર્મગ્રંથ અને એના ભેદ ........................................ ૧૬૧

**ઓપનબુક પરીક્ષા**

પ્રશ્ન પત્ર ........................................ ૧૮૧
ઉત્તર પત્ર ........................................ ૧૮૮

# જૈન ઈતિહાસ

## ૫



હેમચંદ્રાચાર્યે સિદ્ધરાજના સિપાઈઓથી બચવા કુમારપાળને સંતાડ્યા




રાજા મેઘરથનું દેહદાન



સુદર્શનપુરના રાજા મણિરથ દ્વારા મદનરેખા માટે નાના ભાઈ યુગબાહુની હત્યા તથા પરલોક ની લાંબી અને કઠીન યાત્રા પર જતા પોતાના પતિ યુગબાહુને ચાર શરણ આપી તથા સ્વીકાર કરાવી પરોપકાર કરતી મહાસતી મદનરેખા

# જૈન શ્રાવકની દિનચર્યા


સવારે ૪.૦૦ કલાકે નિદ્રાત્યાગ
નવકાર સ્મરણ-આત્મચિંતન


સવારે ૬.૦૦ કલાક સુધી
સામાયિક તેમજ રાઇઅ પ્રતિક્રમણ



સવારે ૬ થી ૬.૩૦ સુધી સવારની
ક્રિયા તેમજ માતા-પિતાને નમન


સવારે ૬.૩૦ થી ૭ સુધી
પ્રભુ દર્શન તેમજ વાસક્ષેપ પૂજન


સવારે ૭.૩૦ થી ૮.૧૫ સુધી ગુરુવંદન,
ભક્તામર પાઠ તેમજ યથાશક્તિ પચ્ચક્ખાણ આદિ


સવારે ૯ થી ૧૦.૩૦ સુધી
જિનવાણી પ્રવચન શ્રવણ


મધ્યાહ્ને ૧૧.૧૫ થી ૧૨.૩૦ સુધી
જિનમંદિરમાં અષ્ટપ્રકારી પૂજા


મધ્યાહ્ને ૧૨.૪૦ થી ૧.૩૦ સુધી
સુપાત્રદાન, અનુકમ્પા દાન તેમજ ભોજન આદિ


મધ્યાહ્ને ૧.૪૫ થી સાંજે ૫.૦૦ સુધી
ન્યાય સંપન્ન વ્યાપાર


સાંજે ૫ થી ૬ સુધી સંધ્યા ભોજન, ચૌવિહાર
તેમજ સાધર્મિક ભક્તિ વિગેરે


સાંજે ૬ થી ૬.૩૦ સુધી
જિનમંદિરમાં દર્શન,
ચૈત્યવંદન તેમજ આરતી


સાંજે ૬.૩૦ થી ૭.૩૦ સુધી
દેવસિઅ પ્રતિક્રમણ


રાત્રે ૭.૩૦ થી ૮.૩૦ સુધી
ગુરુ વૈયાવચ્ચ તેમજ સ્વાધ્યાય


રાત્રે ૮.૩૦ થી ૯.૩૦ સુધી
પારિવારિક ધર્મચર્ચા



રાત્રે ૯.૩૦ થી પ્રાતઃ ૪ સુધી
શ્રી નમસ્કાર મહામંત્ર
જાપપૂર્વક નિદ્રા-શયન

# પરમાર્હત્ શ્રી કુમારપાલ રાજા

**કુમારપાલ રાજાનો પૂર્વભવ :**

કુમારપાલ રાજા પૂર્વભવમાં જયતાક નામના રાજકુમાર હતા. તેઓ હતા તો રાજપુત્ર પરંતુ એમની શૈતાનીઓથી ઉદ્વિગ્ન થઈને એમના પિતાએ એમને દેશ નિકાલ આપ્યો. રાજકુમાર જયતાકની હૃષ્ટ પુષ્ટ કાયા, અપૂર્વ પ્રતિભા વગેરે જોઈને જંગલના એક પલ્લીના ચોરોએ એને પલ્લિપતિ બનાવ્યો. જયતાક હવે રાજકુમારથી એક મોટો લૂંટારો બની ગયો.

એક દિવસ જયતાકે ધનદત્ત નામના સાર્થવાહને લૂંટ્યો ત્યારે બદલો લેવા માટે ધનદત્તે માલવના રાજાનું લશ્કર લઈને જયતાક ઉપર આક્રમણ કર્યું. અચાનક આક્રમણ થવાથી જયતાક પોતાના સાથીઓની સાથે ભાગી ગયો. જયતાક હાથમાં નહી આવવાથી ગુસ્સામાં આવીને ધનદત્તે એની સગર્ભા પત્નીને પકડીને એનું પેટ ફાડીને ગર્ભને શીલા ઉપર પછાડી-પછાડીને મારી નાખ્યો. દૂર ઝાડીઓમાંથી આ દૃશ્ય જોઈ રહેલો જયતાકનો મિત્ર હતપ્રભ થઈ ગયો. એણે જઈને આખી હકીકત જયતાકને કહી. પત્ની તેમજ પુત્રની ક્રૂર હત્યા સાંભળીને નિરાશ બનેલો જયતાક એ જંગલને છોડીને ક્યાંક દૂર જવા માટે નીકળી પડ્યો. પુણ્યોદયથી રસ્તામાં જૈનાચાર્ય શ્રી યશોભદ્રસૂરિજી મળ્યા. સૂરિજીએ એને સંસારનું ભયાનક સ્વરૂપ સમજાવ્યું. જેથી એને સદ્ધર્મની પ્રાપ્તિ થઈ. હવે જયતાકે લૂંટમારનો ધંધો હંમેશા માટે છોડી દીધો.

જયતાક દક્ષિણ ભારતની એકશિલા નગરીમાં ગયો. ત્યાં ઓઢવ નામના શ્રાવકને ત્યાં નોકર થયો. જયતાક ઓઢવ શ્રાવકનું કામ કુશળતાપૂર્વક તથા વફાદારીથી કરતો હતો. સંયોગવશ એક દિવસ જયતાકના ગુરુ યશોભદ્રસૂરિજી એજ નગરીમાં પધાર્યા. જીયતાકે પોતાના શેઠનો પોતાના ગુરુની સાથે પરિચય કરાવ્યો. ગુરુમહારાજની દેશના સાંભળીને ઓઢવે જિનાલયનું નિર્માણ કરાવ્યું. જયતાક તો હવે પરમાત્માનો પરમ ભક્ત બની ગયો. એકવાર કોઈ તહેવારના પ્રસંગે ઓઢવે જયતાકને ૫ કોડી ખર્ચ કરવા માટે આપી. એ પૈસાથી જયતાકે ૧૮ પુષ્પ ખરીદ્યા. પહેલીવાર સ્વદ્રવ્યથી ખરીદેલા ફૂલોથી એણે ભાવ-વિભોર થઈ પરમાત્માની પૂજા કરી. એનાથી એને ૧૮ દેશના રાજા બનવાનું પુણ્ય ઉપાર્જિત કર્યું. ધર્મ ધ્યાનપૂર્વક જીવન વ્યતીત કરતાં કરતાં એમનું આયુષ્ય પૂર્ણ થયું.

સાચે આ સંસારરૂપી રંગમંચ અદ્ભુત છે. પૂર્વભવના લેણા-દેણી અનુસાર નવાભવમાં જીવ કેવી રીતે ગોઠવાઈ જાય છે આ એક આશ્ચર્યની વાત છે. કર્મ જડ હોવા છતાં પણ એનામાં

એટલી તાકાત છે કે અનંત શક્તિ સમ્પન્ન એવી આત્માને, જેમ ઇચ્છે તેમ નચાવી શકે છે. જયતાકનો જીવ આગળના ભવમાં કુમારપાળ બન્યો. ધનદત્ત સાર્થવાહની સાથે વેર બાંધવાના કારણે ધનદત્ત સિદ્ધરાજ જયસિંહ નામનો રાજા બન્યો. યશોભદ્રસૂરિજી કલિકાલ સર્વજ્ઞ આચાર્ય હેમચન્દ્રસૂરિજી તથા ઓઢવસેઠ ઉદયન મંત્રી બન્યા.

રાજા સિદ્ધરાજ જયારે રાજગાદી ઉપર આવ્યા ત્યારે પોતાના કાકાના દિકરા ત્રિભુવનપાલને પોતાનો ભાઈ જેવો માનીને એને માન આપતો હતો. પરંતુ જયારે શ્રી હેમચંદ્રાચાર્ય પાસેથી દેવી અંબિકાનું વચન સાંભળ્યું કે ત્રિભુવનપાલનો પુત્ર કુમારપાલ એના પછી રાજય સંભાળશે. ત્યારથી એનું મન પરિવર્તિત થઈ ગયું.

ત્રિભુવનપાલની પત્ની કાશ્મીરાદેવીએ એક સુંદર પુત્રને જન્મ આપ્યો. એ સમયે આકાશમાં દેવવાણી થઈ. 'આ બાળક વિશાળ રાજય પ્રાપ્ત કરશે અને ધર્મનું સામ્રાજય સ્થાપિત કરશે.' માતા-પિતાએ પુત્રનું નામ રાખ્યું 'કુમારપાલ'.

કુમારપાલ માતા-પિતાની સાથે દધિસ્થલીમાં રહેતાં હતા. જરૂરી પ્રસંગે ત્રિભુવનપાલ પાટણ આવતાં-જતાં રહેતા હતા. એકવાર ત્રિભુવનપાલની સાથે કુમારપાળ પણ પાટણ આવ્યા. એમને શ્રી હેમચન્દ્રાચાર્યની બહુ પ્રશંસા સાંભળી હતી. પૂર્વભવના ઋણાનુબંધને કારણે કુમારપાળને એમને મળવાની બહુ જ ઇચ્છા થઈ તથા તે એમને મળવા માટે ઉપાશ્રયમાં પહોંચ્યા. ત્યાં જઈને કુમારપાલે ગુરુદેવને વંદન કરી પોતાનો પરિચય આપ્યો. કુમારપાળે ગુરુદેવને ઘણા પ્રશ્ન પૂછ્યા. ગુરુદેવે સહજતાથી એની બધી શંકાઓનું સમાધાન કરી લીધું. અંતમાં આચાર્યશ્રીએ કુમારપાલના ભાવિ જીવનના વિષયમાં નિર્દેશ આપતાં કહ્યું ''દેખજે કુમાર, તારા માથે દુઃખોનો પહાડ તૂટવાનો છે, ત્યારે તું હિંમત ન હારીને પોતાના સત્ત્વનો પરિચય આપજે.'' કુમારપાલ આ બોધ સાંભળીને, ગુરુદેવને નમસ્કાર કરીને પોતાના સ્થાને ચાલ્યા ગયા.

કેટલાક દિવસો પછી પૂર્વભવના વૈરને કારણે સિદ્ધરાજે કુમારપાલને મારવા માટે જાળ બિછાવી. કુમારપાળ સાવધાન હતા. સમય ઓળખીને કુમારપાળે એ દેશ છોડી દીધો અને લપાતા છુપાતા ફરવા લાગ્યા. ક્યારેક ખાવાનું મલતું, તો ક્યારેક ભૂખ્યા જ રહેવું પડતું. આ રીતે એ એકવાર ખંભાત આવી પહોંચ્યા. એ સમયે આચાર્યશ્રી હેમચંદ્રાચાર્ય ખંભાતમાં જ બિરાજમાન હતા. આ જાણીને કુમારપાલ આચાર્યશ્રીને વંદન કરવા ગયા. તેમજ પોતાની આ દુઃખદ દશાનું નિવારણ ક્યારે થશે એ વિષયમાં પૂછ્યું. એ સમયે ઉદયનમંત્રી પણ ઉપાશ્રયમાં આવ્યા ત્યારે ગુરુદેવે ધ્યાન

લગાવીને જવાબ આપ્યો 'વિ.સં.૧૧૯૯ માર્ગશીર્ષ કૃષ્ણ ચોથના દિવસે તને આ ગુજરાત રાજ્યની ગાદી મળશે.' કુમારપાળે નમ્રતાપૂર્વક કહ્યું ''જો મને રાજ્ય મળ્યું તો તે આપને ભેંટ આપીને હું આપના ચરણોની સેવા કરીશ.'' આ સાંભળીને આચાર્યશ્રીએ કહ્યું, ''મને રાજ્યથી કોઈ પ્રયોજન નથી. પરંતુ તું રાજ્ય મેળવીને શાસન પ્રભાવના કરજે.''

આચાર્યશ્રીએ પોતાના શિષ્ય પાસે આ ભવિષ્યકથન બે કાગળો ઉપર લખાવ્યો. એક કાગળ કુમારપાળને આપ્યો અને બીજો મહામંત્રી ઉદયનને આપતાં કહ્યું - 'ઉદયન ! આ ભવિષ્યમાં રાજા બનવાનો છે, એના પ્રાણની રક્ષા કરવાની છે. સિદ્ધરાજ એને મારવા માટે પ્રયત્નશીલ છે. કોઈને પણ ખબર ન પડે એ રીતે તું એને તારી હવેલીમાં રાખ.' આચાર્યશ્રીની આજ્ઞાનુસાર તે કુમારપાળને પોતાને ત્યાં લઈ ગયા.

કેટલાક દિવસો શાંતિથી ગુજરી ગયા. ગુપ્તચરો દ્વારા સિદ્ધરાજને ખબર પડી કે કુમારપાલ ખંભાતમાં છે. એણે કેટલાક સૈનિકો ખંભાત મોકલ્યા. જ્યારે ઉદયન મંત્રીને આ વાતની ખબર પડી ત્યારે એ કુમારપાલને લઈને ઉપાશ્રયમાં પહોંચ્યા. આચાર્યશ્રીએ કુમારપાલને ઉપાશ્રયના તહખાનાની પાછળ છુપાવી દીધા. સૈનિક કુમારપાલને શોધતાં શોધતાં ઉપાશ્રયમાં આવ્યા પરંતુ એમને કંઈ ન મળ્યું. ત્યારે પાછા ફરી ગયા. આ રીતે આચાર્યશ્રીએ ભવિષ્યમાં જિનશાસનને થવાવાળા લાભનો વિચાર કરીનેં કુમારપાળની જાન બચાવી.

જ્યારે મહારાજા સિદ્ધરાજ મૃત્યુશય્યા ઉપર હતા ત્યારે કુમારપાળ પાટણ પહોંચી ગયા. તેઓ પોતાની બહેન પ્રેમલદેવીના ઘરે રહેવા લાગ્યા. બનેવી કૃષ્ણદેવે એમને યોગ્ય સન્માન સાથે રાખ્યા. કુમારપાલના પાટણ આવ્યા પછી સાતમે દિવસે સિદ્ધરાજનું મૃત્યુ થયું અને માર્ગશીર્ષ વદ ચોથના દિવસે સર્વાનુમતિથી રાજા કુમારપાળ રાજગાદી ઉપર બેસ્યા. એ સમયે એમની ઉંમર ૫૦ વર્ષની હતી.

કુમારપાળના રાજા બન્યાની ખબર સાંભળ્યા પછી શ્રી હેમચંદ્રાચાર્ય ખંભાતથી વિહાર કરીને પાટણ આવ્યા. મહામંત્રી ઉદયનને આ સમાચાર મળતાં જ એમણે નગરજનોની સાથે આચાર્યશ્રીનું ભવ્ય સ્વાગત કર્યું. આચાર્યશ્રીએ કુમારપાલના સમાચાર ઉદયન મંત્રીને પૂછ્યા. ત્યારે મંત્રીએ કહ્યું કે 'આપને ખાસ યાદ કરતાં હોય એવું લાગતું નથી.' શ્રી હેમચંદ્રાચાર્યે ઉદયન મંત્રીને કહ્યું 'તમે રાજા કુમારપાલની પાસે જઈને એમને કહેજો કે આજે રાત્રે રાણીના મહેલમાં ન જાય.' ઉદયનમંત્રીએ કુમારપાલ રાજાને આ વાત કહી. એમણે વાત માની લીધી. એજ રાત્રે વિજળી પડવાથી નવી રાણીનો મહેલ ધરાશાયી હોવાના સમાચાર જ્યારે કુમારપાલને મળ્યા ત્યારે કુમારપાલે આશ્ચર્ય સહિત પૂછ્યું, 'આવી અચૂક

ભવિષ્યવાણી કોણે કરી હતી ?' 'શ્રી હેમચંદ્રાચાર્યની આ ભવિષ્યવાણી હતી' આવું જાણીને કુમારપાલ ગદ્ગદ્ થઈ ગયા. તે વિચારવા લાગ્યા કે જેમણે મારા પ્રાણ બચાવ્યા છે તેઓ ક્યાં છે ? હું તો એમને ભૂલી જ ગયો હતો. ધિક્કાર છે મારા જેવા કૃતઘ્નને. ગુરુદેવ પાટણમાં જ છે એવું જાણીને રાજા કુમારપાલે એમને મળવાની આકાંક્ષા દર્શાવી. અને ગુરુદેવને રાજસભામાં પધારવા માટે આમંત્રણ મોકલ્યું.

આચાર્યશ્રી ઉદયનમંત્રીની સાથે રાજસભામાં પધાર્યા. કુમારપાલ તથા અન્ય અધિકારી એમનું સ્વાગત કરવા દરવાજે ઉભા હતા. કુમારપાલે વંદના કરતાં કહ્યું કે ''આપે કેટલીયવાર મારા પ્રાણ બચાવ્યા છે. આપ આ આખું રાજ્ય સ્વીકાર કરીને મને કૃતાર્થ કરો.'' શ્રી હેમચંદ્રાચાર્યે જૈનસાધુના આચાર સમજાવતાં કહ્યું ''કુમારપાલ આ સાધુના આચારને યોગ્ય નથી'' ત્યારે કુમારપાલે કહ્યું - ''ગુરુદેવ આપના ઉપકારોનો બદલો ચુકવવા માટે હું અસમર્થ છું. પરંતુ આપના ઉપકારના બોઝને જરા હલકો કરવાની દૃષ્ટિએ હું આપને પોતાના ગુરુ રૂપે પ્રસ્થાપિત કરું છું.''

પરંતુ ગુરુદેવ મારી બે શરતો છે. ''કેવી શરતો કુમારપાલ ?'' ''હું તમારી દરેક આજ્ઞાનું પાલન કરીશ. પરંતુ આપ મને ક્યારેય પણ જૈનધર્મની વાતો કરીને એના પ્રત્યે આકર્ષણ પેદા ન કરાવતા, કેમકે હું કટ્ટર શિવભક્ત છું. તથા બીજી શરત એ છે કે આપ ક્યારેય પણ મને માંસ ત્યાગની વાત કરતા નહી. કેમકે એ મને બહુ જ પ્રિય છે.''

કુમારપાલની વાત સાંભળીને સૂરીજીએ હસીને જવાબ આપ્યો ''આવી શરતોથી કોઈ જ ફાયદો નથી, કુમારપાલ એ તો જે સમયે જે થવાનું લખ્યું છે તે થઈને જ રહેશે.''

**સોમનાથનું મંદિર નિર્માણ :**

ગુરુદેવશ્રી કુમારપાલને સૌપ્રથમ માંસ ત્યાગ કરાવવા માંગતા હતા. માટે તેઓ કોઈ સારી તકની રાહ જોતા હતા.

એકવાર કુમારપાલ રાજ્યસભામાં બેઠા હતા. ત્યારે દેવપત્તનથી સોમનાથ મહાદેવના પૂજારીઓએ પ્રવેશ કર્યો. મહારાજને પ્રણામ કરીને પોતાનો પરિચય આપ્યો તથા નિવેદન કર્યું, કે ''મહારાજ ! દેવપત્તનમાં સમુદ્ર તટ પર સ્થિત ભગવાન સોમનાથનું કાષ્ટ મંદિર જીર્ણ થઈ ગયું છે. માટે આ મંદિરનો જીર્ણોદ્ધાર કરવો અતિ આવશ્યક છે. આપને અમારી વિનંતી છે કે આ મંદિરના જીર્ણોદ્ધારનું પુણ્ય આપ પ્રાપ્ત કરો.'' રાજા કુમારપાળે પાંચ અધિકારીઓને મંદિરના જીર્ણોદ્ધારનું કાર્ય સોંપ્યું. અલ્પ સમયમાં જ પાષાણનું મંદિર બનાવવાનું કામ શરૂ થઈ ગયું. પરંતુ મંદિરનું કામ રાજાએ વિચાર્યું હતું એટલી તેજીથી થઈ રહ્યું નહોતું. આ કારણે રાજાનું મન અશાંત હતું. એમણે આ વાત

આચાર્યશ્રીને કરી. ત્યારે શ્રી હેમચંદ્રાચાર્યે કહ્યું. ''કુમારપાલ, વ્રત પાલનથી પુણ્ય વધે છે તથા કાર્ય જલ્દી પૂર્ણ થાય છે. માટે કા તો તારે બ્રહ્મચર્ય જેવું દુષ્કર વ્રત લેવું જોઈએ કે પછી પોતાની અત્યંત પ્રિય વસ્તુનો ત્યાગ કરવો જોઈએ.''

કુમારપાલને આચાર્યશ્રી દ્વારા આપવામાં આવેલા બે વિકલ્પોમાંથી બીજો વિકલ્પ પસંદ આવ્યો. માટે એમણે પોતાને અત્યંત પ્રિય એવા માંસનો ત્યાગ કરી લીધો. માત્ર બે વર્ષમાં મંદિર નિર્માણનું કાર્ય પૂર્ણ થઈ ગયું. આ જોઈને કુમારપાલે સૂરિજી પાસે માંસ ત્યાગની પ્રતિજ્ઞા છોડવાની આજ્ઞા માંગી. આચાર્યશ્રીએ કહ્યું ''મહાદેવજીના દર્શન કર્યા વિના પ્રતિજ્ઞા છોડવી યોગ્ય નથી.'' સૂરિજીની આ વાત કુમારપાલને બહુ જ સારી લાગી તથા એમને સૂરિજી પ્રત્યે બહુમાન વધ્યું. સૂરિજીના પ્રત્યે કુમારપાલના વધતા આદરભાવોને જોઈને કુમારપાલના પુરોહિતોને ઈર્ષ્યા થવા લાગી. એમને એ વાતની ચિંતા થઈ કે ક્યાંક કુમારપાલ શિવભક્તથી જિનેશ્વર ભક્ત ન બની જાય. આવું વિચારીને એક દિવસ અવસર જોઈને પુરોહિતોએ રાજાને કહ્યું, ''રાજન્ ! મહાદેવજીના મંદિર નિર્માણ માટે આચાર્યશ્રીએ આપને નિયમ આપ્યો હતો. જેમના બળે નિર્માણનું કાર્ય આટલું જલ્દી સમ્પન્ન થયું છે. માટે અમારી ઈચ્છા છે કે આપ જ્યારે પણ શિવજીના દર્શનાર્થ પધારો ત્યારે એમને પણ સાથે લઈને આવો.''

રાજાને પણ આ વાત જચી ગઈ. આચાર્યશ્રીની પાસે પોતાની સાથે આવવાનો પ્રસ્તાવ રાખ્યો. સૂરિજીએ કહ્યું ''એમાં પૂછવાની શી જરૂર છે ? તીર્થયાત્રા જેવા પ્રસંગોમાં તો અમે સામેથી આવીએ. તમે અહીંયાથી નીકળો હું ગિરનાર અને પાલિતણાની યાત્રા કરીને સોમનાથ પહોંચું છું.''

આચાર્યશ્રીના આ અનપેક્ષિત ઉત્તરથી કુમારપાલના આનંદનો કોઈ પાર ન રહ્યો. આચાર્યશ્રી સમયસર શત્રુંજયની યાત્રા કરીને સોમનાથ મહાદેવના દર્શનાર્થે દેવપત્તન પહોંચ્યા. મંદિરનો નવો જીર્ણોદ્ધાર થયેલ હોવાને કારણે મંદિર દેવવિમાન જેવું શોભી રહ્યું હતું. આચાર્યશ્રીને સાથે લઈને તેઓ શિવજીને વંદન કરવા મંદિરમાં ગયા. રાજાને ખબર હતી કે જિનેશ્વરના ભક્ત જિનેશ્વર સિવાય કોઈને પણ નમસ્કાર કરતા નથી. છતાં પણ આચાર્યશ્રીની પરીક્ષા કરવાની દૃષ્ટિએ એમણે આચાર્યશ્રીને શિવજીને નમસ્કાર કરવાની વિનંતી કરી. ત્યારે આચાર્યશ્રીએ ભાવપૂર્વક બંને હાથ જોડીને સ્તુતિ કરી. ''જેમના રાગ-દ્વેષનો નાશ થઈ ચૂક્યો છે. એમને હું નમસ્કાર કરું છું. નામથી એ બ્રહ્મા હોય, વિષ્ણુ હોય, જિન હોય કે મહાદેવ હોય.'' સ્તુતિ સાંભળીને કુમારપાલનો મન-મયૂર નાચી ઊઠ્યો. આચાર્યશ્રીની આ નિષ્પક્ષતાને જોઈને એમને આચાર્યશ્રીના પ્રત્યે અતિશય બહુમાન ભાવ પેદા થયો. ત્યારે કુમારપાલે કહ્યું - ''ગુરુદેવ ! મહાદેવ સમાન આ જગતમાં કોઈ દેવ નથી, આપના જેવા કોઈ ગુરુ નથી અને મારા જેવો કોઈ તત્ત્વાર્થી નથી. આજે આ ત્રિવેણી સંગમ થયો છે. મારે એ જાણવું છે કે દરેક ધર્મ જ્યારે પરસ્પર વિરોધની વાતો કરે છે તો એમાં સત્ય શું છે ?''

આચાર્યશ્રીએ કહ્યું ''તારા પરમારાધ્ય સ્વરુપ શિવજીને જ પોતાનો આ સવાલ હમણાં અહીં જ પૂછી લે. હું અત્યારે જ તને આ દેવના પ્રત્યક્ષ દર્શન કરાવું છું. પછી તેઓ જેમ કહે તેમ તું ઉપાસના કરજે.'' રાજાએ આશ્ચર્યથી પૂછ્યું. ''શું એવું થઈ શકે છે ?'' આચાર્યશ્રીએ કહ્યું ''હાં, હવે હું એમને પ્રગટ કરવા માટે મંત્રજાપ શરૂ કરું છું. તું આ ધૂપદાનીમાં ધૂપ નાખતો જજે.'' સાથે જ ગર્ભદ્વાર બંધ કરવાનો સંકેત કર્યો. આચાર્યશ્રી અને કુમારપાલ બંને અંદર સોમનાથ મહાદેવના સન્મુખ ઉભા હતા. આચાર્યશ્રી ધ્યાનસ્થ હતા અને કુમારપાલ ધૂપદાનીમાં ધૂપ નાખી રહ્યા હતા. ધૂપના ધુમાડાથી સંપૂર્ણ ગર્ભગૃહ ભરાઈ ગયો, અંધારું છવાઈ ગયું, ઘીના દીપક બુઝાઈ ગયા. ધીમે-ધીમે શંકર ભગવાનના લિંગમાંથી પ્રકાશ આવવા લાગ્યો. પ્રકાશ વધતો ગયો. એમાંથી એક દિવ્ય આકૃતિ પ્રગટ થઈ. સુવર્ણ જેવી ઉજ્જવલ કાયા, માથા ઉપર જટા, જટામાંથી વહેતી ગંગા અને ઉપર ચન્દ્રકલા. રાજાએ જમીન ઉપર પોતાના પાંચ અંગોને ઝુકાવીને (પંચાંગ) પ્રણામ કર્યા અને પ્રાર્થના કરી. 'હે જગદીશ ! આપના દર્શનથી હું પાવન થયો છું. મારા ઉપકારી ગુરુદેવના ધ્યાનથી આપે મને દર્શન આપ્યા છે. મારો આત્મા હર્ષથી ઉછળી રહ્યો છે.'

ભગવાન સોમનાથની ગંભીર ધ્વનિ મંદિરમાં ગૂંજી ઉઠી, 'કુમારપાલ ! મોક્ષ અપાવે એવા ધર્મની કામના હોય તો સાક્ષાત્ પરબ્રહ્મ જેવા સૂરીશ્વરજીની સેવા કર. સર્વદેવોના અવતારરૂપ, સર્વશાસ્ત્રોના પારગામી, ત્રણેય કાળના સ્વરુપના જ્ઞાતા એવા આચાર્યશ્રી હેમચન્દ્રસૂરિજીની દરેક આજ્ઞાનું પાલન કરજે, જેથી તારી સર્વ મનોકામના પૂર્ણ થઈ જશે અને તારો માનવભવ સફળ થશે.' આટલું કહીને શિવજી સ્વપ્નની જેમ અદશ્ય થઈ ગયા.

રાજા આનંદવિભોર થઈ ગયા. એમણે ગુરુદેવને કહ્યું, 'આપને તો ઈશ્વર પણ વશ છે. આપ જ મારા દેવ છો. આપ જ તાત અને આપ જ માત છો. હે ગુરુદેવ ! સિદ્ધરાજથી બચાવીને, જીવનદાન આપીને આપે મારો આ ભવ તો સુધારી લીધો છે. હવે મને શુદ્ધ ધર્મનું દાન આપીને મારો પરભવ પણ સુધારી લો.' આચાર્યશ્રીએ જોયું કે લોઢું તપી ગયું છે હવે એની ઉપર હથોડી મારવામાં મોડું કરવું એ ઉચિત નથી. એમણે કહ્યું. ''કુમારપાલ ! જો તારે શુદ્ધધર્મની પ્રાપ્તિ કરવી છે તો તું સર્વપ્રથમ માંસ ભક્ષણનો ત્યાગ કરી લે.'' એજ પળે મહાદેવજીના સમક્ષ જ કુમારપાલે પ્રતિજ્ઞા લઈ લીધી. આચાર્યશ્રીને પોતાનું કાર્ય સિદ્ધ થતું હોય એવું લાગ્યુ. બધા આનંદપૂર્વક પાટણ પાછા ફર્યા. કુમારપાલ મહારાજાના મિથ્યાત્વનું જોર ધીમે-ધીમે ઘટવા લાગ્યું. ગુરુદેવના ધર્મોપદેશથી હવે તેઓ માર્ગાનુસારી જીવન જીવવા લાગ્યા. ત્યારે એક ઘટના ઘટી.

દેવબોધિ નામના એક કટ્ટર બ્રાહ્મણને જૈનધર્મ તરફ કુમારપાલના વધતા આકર્ષણના વિશે ખબર પડી. ભવિષ્યમાં આ વાતથી શિવધર્મની હાનિ થશે. એવું જાણીને એ કુમારપાલને શિવધર્મમાં સ્થિર કરવા માટે પાટણ આવ્યો. ત્યાં એ લોકોને અલગ-અલગ ચમત્કાર બતાવવા લાગ્યો. કુમારપાળે પણ એના ચમત્કારોના વિશે સાંભળ્યું. તો એમને જોવાની ઇચ્છા થઈ. એટલે એમણે દેવબોધિને રાજસભામાં આવવાનું આમંત્રણ આપ્યું. દેવબોધિએ કમલની નાલના દાંડીવાળી, કેળ વૃક્ષના પત્રથી બનેલા આસનવાળી, સુતરના કાચાદોરાથી બાંધેલી, આઠ વર્ષના બાળકો દ્વારા ઉપાડેલી ડોલીમાં પોતાનો શ્વાસ રોકીને શરીરને એકદમ હલ્કું બનાવીને મૌનપૂર્વક એમાં બેસીને રાજ્યસભામાં પ્રવેશ કર્યો. આ દૃશ્ય જોઈને રાજા સ્તબ્ધ થઈ ગયા.

રાજાએ એમનું યોગ્ય સત્કાર કર્યો. થોડીકવાર પછી અવસર જોઈને દેવબોધિએ કુમારપાલને પૂછ્યું, 'તેં પોતાનો શૈવ ધર્મ છોડીને આ જૈન ધર્મનો સ્વીકાર કેમ કર્યો છે ?' કુમારપાલે બતાવ્યું કે 'શૈવધર્મ સારો છે. પરંતુ એમાં હિંસાનું આચરણ થાય છે. જ્યારે જૈનધર્મ અહિંસાનો ઉપદેશ આપે છે. માટે મેં જૈન ધર્મનો સ્વીકાર કર્યો છે.' કુમારપાલના પૂર્વજ વગેરે શૈવધર્મનું પાલન કરતા હતા. એમને પ્રત્યક્ષ બતાવવા માટે દેવબોધિએ મંત્રબલથી એમના પૂર્વજ મૂલરાજા વગેરેને હાજર કર્યા. કુમારપાલે એ બધાને પ્રણામ કર્યા. એના પછી દેવબોધિએ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશને પ્રગટ કર્યા. આ જોઈને કુમારપાલ આશ્ચર્યચકિત થઈ ગયા. દેવોએ તથા કુમારપાલના પૂર્વજોએ કુમારપાલને જૈનધર્મ છોડીને શૈવધર્મની ઉપાસના કરવાનું કહ્યું તથા વેદોને જ પ્રમાણભૂત માનવાની સલાહ આપી. થોડા સમયમાં દેવ તથા મૂલરાજા વગેરે અદૃશ્ય થઈ ગયા. કુમારપાલ વિચારમાં પડી ગયા કે આમાં સત્ય શું છે ? એક તરફ દેવપત્તનના સોમનાથનું વચન, બીજી તરફ દેવબોધિએ બતાવેલા દેવોનું વચન. એનું માથું ભમવા લાગ્યું.

આ આખી ઘટના દરમ્યાન મહામંત્રી ઉદયનનો પુત્ર વાગ્ભટ્ટ મંત્રી કુમારપાલની સાથે હતો. એણે આચાર્યશ્રી હેમચંદ્રાચાર્યની પાસે જઈને આખી વાત કહી. આચાર્યશ્રીએ કાલે વ્યાખ્યાનના સમયે કુમારપાલને લઈને આવવાનું કહ્યું. બીજા દિવસે એક-બીજાની ઉપર રાખવામાં આવેલા એવા સાતમા પાટ ઉપર બેસીને શ્રી હેમચંદ્રાચાર્યજી વ્યાખ્યાન આપી રહ્યા હતા. રાજા કુમારપાલ, વાગ્ભટ્ટ અને અનેક સ્ત્રી-પુરુષ ઉપદેશ સાંભળવામાં લીન બન્યા હતા. અને જોતા-જોતા જ એક પછી એક સાતેય પાટ કે જેની ઉપર ગુરુદેવ બેઠા હતા તે ત્યાંથી ખસકાવી દેવામાં આવી. આચાર્યશ્રી બિલ્કુલ આકાશમાં અદ્ધર બેસેલા લોકોને દેખાયા, અને વ્યાખ્યાનની વાગ્ધારા ચાલુ રહી. રાજા કુમારપાલની આંખો આ જોઈને વિસ્ફારિત થઈ ગઈ.

એમણે મનોમન તુલના કરી કે દેવબોધિ તો પાલખીમાં કેળ-પત્રના આસન ઉપર બેઠા હતા. પરંતુ આચાર્યશ્રી આકાશમાં એકદમ અદ્ધર બેઠા છે. દેવબોધિ તો શ્વાસ રોકીને મૌનપૂર્વક એકદમ હલકા થઈને બેઠા હતા, જ્યારે ગુરુદેવ તો આમાંથી કંઈપણ નથી કરી રહ્યા. આનાથી વિપરીત આટલા જોરથી વ્યાખ્યાન આપી રહ્યા છે. વ્યાખ્યાન પછી શ્રી હેમચંદ્રાચાર્યે કહ્યું 'ચાલો મારી સાથે સામેની રૂમમાં' ગુરુદેવશ્રી, રાજા કુમારપાલ તથા વાગ્ભટ્ટ ત્રણેય રૂમમાં ગયા અને રૂમ બંધ કરી દીધો. ગુરુદેવ એક આસન ઉપર બેઠા, આંખો બંધ કરી ધ્યાન લગાવ્યું. રૂમ પ્રકાશથી ભરાઈ ગયો.

કુમારપાલ રાજા તથા વાગ્ભટ્ટે ઋષભદેવથી મહાવીર સ્વામી સુધીના ચોવીશ તીર્થંકરોને પ્રત્યક્ષ સમવસરણમાં બેઠેલા જોયા. તીર્થંકર ઉપદેશ આપી રહ્યા હતા. કુમારપાલ ધ્યાનથી સાંભળી રહ્યા હતા. 'કુમારપાલ ! સોના, હીરા, મોતી વગેરે દ્રવ્યોની પરીક્ષા કરવાવાળા ઘણા હોય છે, પરંતુ ધર્મતત્ત્વના પરીક્ષક વિરલા જ હોય છે. એવા વિરલ તમે છો. તમે હિંસામય ધર્મનો ત્યાગ કરીને દયામય અહિંસા ધર્મ સ્વીકાર્યો છે. રાજન્ ! આગળ તમને આનાથી મોક્ષરૂપી ફળ પ્રાપ્ત થવાનું છે. વાસ્તવમાં તમારું મહાભાગ્ય છે કે તમને આવા જ્ઞાની ગુરુશ્રી હેમચંદ્રસૂરિ મળ્યા છે. તું સદાય એમની આજ્ઞા માનીને ચાલજે.' આટલું કહીને તીર્થંકરની વાણી બંધ થઈ ગઈ અને તેઓ અદૃશ્ય થઈ ગયા. ત્યાર પછી કુમારપાલના પૂર્વજ મૂલરાજા વગેરે પ્રગટ થયા. ગુરુદેવને વંદના કરી અને કુમારપાલને ગળે લગાવીને કહ્યું - 'વત્સ કુમારપાલ ! ખોટા ધર્મને છોડીને તે સાચો ધર્મ સ્વીકાર્યો છે. આવો પુત્ર મેળવીને અમે પોતાની જાતને ધન્ય માનીએ છીએ. જૈનધર્મ જ મુક્તિ આપવા માટે સમર્થ છે. માટે તારા ચંચલ ચિત્તને સ્થિર કર. અને પરમ ભાગ્યથી પ્રાપ્ત આ ગુરુદેવની સેવા કર અને એમની આજ્ઞાનું પાલન કર.' આ પ્રમાણે કુમારપાલને સલાહ આપીને પૂર્વજ અદૃશ્ય થઈ ગયા. કુમારપાલ સ્તબ્ધ થઈ ગયા. ત્યારે હેમચંદ્રાચાર્યે સમજાવ્યું કે "દેવબોધિની પાસે તો આવી એક જ કલા છે જ્યારે મારી પાસે આવી સાત કલાઓ છે. પરન્તુ આ બધું ઈન્દ્રજાળ છે. અમે બન્ને તને જે કંઈપણ બતાવ્યું એ તો સ્વપ્ન સમાન છે. સાચું તો સોમનાથ મહાદેવે જે જૈનધર્મનું પાલન કરવાનું કહ્યું હતું તે જ છે."

રાજાના મનનું સમાધાન થઈ ગયું. એમણે શ્રી હેમચંદ્રાચાર્યને વંદન કર્યા. અને એક નવો જ ઉપકાર કર્યો માટે એમનો આભાર માન્યો. આ ઘટનાથી રાજા કુમારપાલને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થઈ. જિનવચનમાં એમની શ્રદ્ધા અડિગ બની ગઈ. પછી તો સમ્યગ્દૃષ્ટિ કુમારપાલ મહારાજા દેશવિરતિધર શ્રાવક બની ગયા. હવે તેઓ પરમાત્માની પાસે, સાધુજીવનની પ્રાપ્તિ માટે ભિખારીની જેમ માંગણી કરવાવાળા પરમ શ્રાવક બની ગયા. આચાર્યશ્રીએ એમને 'પરમાર્હત્' 'રાજર્ષિ' એવા વિશેષણોથી વિભૂષિત કર્યા.

**મૂષક વિહાર :**

એક દિવસ કુમારપાલ રાજા શ્રી હેમચન્દ્રાચાર્યની પાસે બેઠા હતા. ભૂતકાળની વાતો કરતાં એમણે કહ્યું ''ગુરુદેવ એક દિવસ સિદ્ધરાજના ભયથી છૂપાઈને હું એક વૃક્ષની નીચે બેઠો હતો. ત્યાં એક ઉંદરને દરમાંથી બહાર નીકળતાં જોયું. એના મોંઢામાં સોનાનો સિક્કો હતો. એને, વૃક્ષની નીચે રાખીને એ દરમાં ગયો અને બીજો સિક્કો લઈને બહાર આવ્યો. આ રીતે એ બત્રીસ સિક્કા બહાર લઈને આવ્યો. આ જોઈને મને વિચાર આવ્યો કે ઉંદર આ બધા સિક્કાઓનું કરશે શું ? માટે જ્યારે ઉંદર દરમાં ગયો ત્યારે તે બધા જ સિક્કા મેં લઈ લીધા જ્યારે ઉંદર બહાર આવ્યો ત્યારે ત્યાં પોતાના સિક્કા નહીં જોતાં ઉંદર પોતાનું માથું પત્થર ઉપર પછાડી પછાડીને મરી ગયો. ગુરુદેવ આ પાપનું મને પ્રાયશ્ચિત આપો.'' ગુરુદેવે કહ્યું ''કુમારપાલ ! જે સ્થાન ઉપર ઉંદર મર્યો હતો. ત્યાં એક ભવ્ય મંદિર બનાવજે. આ જ તારું પ્રાયશ્ચિત છે.''

કુમારપાલે ત્યાં એક ભવ્ય મંદિર બનાવ્યું. આજે પણ તારંગાના પહાડ ઉપર એ મંદિર વિદ્યમાન છે. એમાં ભગવાન અજિતનાથની ભવ્ય પ્રતિમા બિરાજમાન છે. ગુરુદેવ શ્રી હેમચન્દ્રાચાર્યના ઉપદેશથી કુમારપાલે ઘણા મંદિર બનાવ્યા. દરેક મંદિરની નજીકમાં એમણે એક બગીચો પણ બનાવડાવ્યો કે જેથી આ મંદિરોમાં સદૈવ પુષ્પ પૂજા થઈ શકે.

## કુમારપાલ રાજાના અપૂર્વ અમારિ પ્રવર્તન (જીવદયા)ના કેટલાક ઉદાહરણ :

સદ્ગુરુની સંગતિથી કુમારપાલ રાજાના દિલમાં જીવ-મૈત્રીનું સરોવર વહેવા લાગ્યું. જીવમાત્રના દુઃખને તેઓ પોતાના દુઃખ તરીકે મહેસૂસ કરવા લાગ્યા. બીજાઓની પીડાથી તેઓ પીડિત થવા લાગ્યા.

**પૌષધમાં મકોડા :**

એકવાર પૌષધમાં કુમારપાલ રાજાના હાથ ઉપર મકોડો ચોંટી ગયો. અને એ જ ચામડીમાં ઘુસી ગયો. બીજા સજ્જન એને કાઢવાની કોશિશ કરી રહ્યા હતા. ત્યારે મકોડાને પીડિત થતો જોઈને આર્દ્રહ્રદય કુમારપાલે ચક્કુ મંગાવીને પોતે જ એટલી ચામડી કાપીને ચામડી સહિત મકોડાને સુરક્ષિત સ્થાને રાખી દીધો.

**કાશ્મીરમાં મત્સ્ય મુક્તિ :**

કુમારપાલ રાજાને જ્યારે ખબર પડી કે કાશ્મીરના તળાવોમાં લાખો માછલીઓની હિંસા થઈ રહી છે, ત્યારથી રાજાની ઉંઘ હરામ થઈ ગઈ. કાશ્મીરમાં એમનું સામ્રાજ્ય ન હોવાથી એમણે

એક યુક્તિ કરી. એક કરોડ સોનામહોરના ઉપહારની સાથે એમણે પોતાના દૂતને કાશ્મીર નરેશની પાસે મોકલ્યો. ત્યાં જઈ રાજાને દૂતે ભેંટ આપી, અને કુમારપાલ રાજાની તીવ્ર બેચેની બતાવી. તેમજ બેચેનીનું કારણ પણ બતાવ્યું. કાશ્મીર નરેશ રાજા કુમારપાલની જીવદયાની ભાવનાથી ચોંકી ગયા. તરત એમણે સમગ્ર કાશ્મીરમાં મત્સ્ય હત્યા ઉપર પ્રતિબંધ લગાવી દીધો. તેમજ બદલામાં બે કરોડ સોના મહોર કુમારપાલ રાજાને ભેંટ આપવાની સાથે મૈત્રીનો પ્રગાઢ સંબંધ બાંધ્યો.

**જૂ મારવાવાળાને દંડ :**

કુમારપાલ મહારાજાના અધિકારમાં ૧૮ રાજય હતા. એ બધા રાજયોમાં એમણે જીવમાત્રની હિંસા ઉપર સખ્ત પ્રતિબંધ લગાવી દીધો. એમના રાજયમાં કોઈ 'માર' શબ્દ પણ બોલી શકતો નહતો. એકવાર કોઈ પતિએ એની પત્નીના માથામાંથી જૂ કાઢીને હાથમાં રાખી. અને એણે તરત જૂને મારતાં કહ્યું 'લે આને મારી નાખી; જોઈએ કુમારપાલ મારું શું બગાડી શકે ?' ગુપ્તચરે આ વાત રાજાને કહી. રાજાએ એ લખપતિ શેઠને પકડીને એની બધી સંપત્તિ જપ્ત કરી લીધી. તેમજ એજ ધનથી 'યૂકા-વિહાર' નામનું મંદિર બનાવ્યું. કુમારપાલ રાજાએ અઢાર દેશ તેમજ અન્ય ચૌદ રાજયોના રાજાઓની સાથે ધનદાનથી મૈત્રી સ્થાપિત કરીને એ રાજયોમાં પણ સંપૂર્ણ અમારિનું પાલન કરાવ્યું.

**પ્રતિલેખકને મોટું ઈનામ :**

પાટણના એક ઉપાશ્રયમાં કબાટ ભરીને કટાસણા, મુઁહપત્તિ વગેરે ઉપકરણો આરાધકોને માટે રાખવામાં આવતા હતા. એક શ્રાવક આ બધા ઉપકરણોને ૨૫ બોલપૂર્વક રોજ દિવસમાં ૨ વખત પ્રતિલેખન કરતો હતો. ઘણા સમય પછી ગુર્જરેશ્વરને આ વાતની ખબર પડી. જીવદયાનું આવું ઉત્તમ કામ સ્વેચ્છાથી કરવાવાળા શ્રાવકને રાજાએ બધાની સામે બહુમાન રૂપમાં પંદરસો ઘોડા અને બાર ગામ ભેંટ આપ્યા.

**ઘોડાને ગળેલું પાણી અને પલાણ ઉપર પૂંજણી :**

ગુર્જરેશ્વરની પાસે અગિયાર લાખ ઘોડા હતા. આજે પાટણની પાસે જે કુણઘેર ગામ છે એની આખી ભૂમિ ઉપર આ ઘોડાઓની અશ્વશાળાઓ હતી. બધા ઘોડાઓને ગળેલું પાણી પીવડાવવાનો પ્રબંધ કરવામાં આવ્યો હતો. પ્રત્યેક ઘોડાની પલાણને પૂંજીને જ અસવાર એની ઉપર બેસતો હતો. આ નિયમનો કડકાઈથી અમલ કરવામાં આવતો હતો.

નિર્દોષ જીવ તો એક પણ ન મરવો જોઈએ એવો કુમારપાલ રાજાનો દૃઢ આગ્રહ હતો. એકવાર યુદ્ધ માટે જતા સમયે તેઓ ઘોડા ઉપર સવાર થતાં પહેલા પલાણ ઉપર પૂંજણી ફેરવી રહ્યા

હતા. આ જોઈને એક રાજપૂતને હસવું આવી ગયું. એના મનમાં વિચાર આવ્યો કે જે એક નાના જીવને મારવાની તૈયારી નથી રાખતો તે રાજા યુદ્ધમાં શત્રુઓની છાતીમાં તલવાર કેવી રીતે મારશે? રાજપૂતનું હાસ્ય અને એના મનોભાવને જાણીને કુમારપાલે એને બોલાવ્યો. એના પગમાં જોરથી ભાલો માર્યો અને રાજપૂતને કહ્યું. "ધર્મ, સંસ્કૃતિ કે નિર્દોષ પ્રજાજનને દુઃખ આપવાવાળા ઉપર કુમારપાલ દયા ક્યારેય નથી કરતો. એમના માટે તો હું સાક્ષાત્ યમરાજ છું. હાઁ, નિર્દોષ જીવને મારવા માટે હું એટલો જ કાયર છું. પરંતુ કુમારપાલ જો રાજા મટીને સાધુ બનશે તો એ સદોષીને પણ ક્ષમા કરશે. પરંતુ આજ તો વગર ભૂલ્યે પોતાના કર્તવ્યનું પાલન કરશે." આ સાંભળીને રાજપૂતે રાજાના પગ પકડીને માફી માંગી.

**કંટકેશ્વરીનો પ્રચંડ ક્રોધ :**

કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચન્દ્રસૂરિજીનો યોગ પ્રાપ્ત કરી રાજા કુમારપાલે જૈન ધર્મ સ્વીકાર કર્યો હતો. એ દિવસથી એને કુલદેવીને પશુભોગ આપવાનો બંધ કરી દીધો. જેથી કુલદેવી કોપાયમાન થઈ ગઈ. એક વાર દેવીએ કુમારપાલને કહ્યું "તારે કુલ પરંપરાથી ચાલ્યો આવતો પશુભોગ આપવો જ પડશે."

કુમારપાલે પણ કહી દીધું "કુલદેવી તું જગજનની છે કે નહી? જો તું જગતના જીવોની માઁ છે તો તું તારા જ બાળકોનું બલિદાન ઇચ્છે છે? આ તો ક્યારેય શક્ય નથી. હે કુલદેવી! ધર્મ તો નિર્દોષજીવોની રક્ષામાં જ છે. બધા જીવો પ્રત્યે કરુણા ભાવ જ ધર્મનું સ્વરૂપ છે. મારાથી જીવદયાના ધર્મની અવહેલના થઈ શંકે નહી. તું કહે તો હું અઢાર દેશોનું સ્વામિત્વ છોડવાને તૈયાર છું. પરંતુ આ હિંસાજન્ય પાપ તો હું ન જ કરી શકું. મારા આ દૃઢ નિશ્ચયને દેવાત્મા પણ ચલાયમાન કરી શકે નહી."

કુમારપાલની વાત સાંભળીને કુલદેવી અત્યંત કોપાયમાન થઈ ગઈ. એણે પોતાના ત્રિશૂલથી કુમારપાલની છાતી ઉપર વાર કર્યો. એજ સમયે કુમારપાલના આખા શરીરમાં કોઢ રોગ થઈ ગયો. શરીરમાં થઈ રહેલી અસહ્ય દાહની આ પરમાર્હત્‌ને બિલકુલ ચિંતા હતી નહી, એને કોઈ અફસોસ થયો નહી. પરંતુ એના મનમાં એક જ વિચાર આવ્યો કે "નિરોગિતા ભલે ચાલી ગઈ, રૂપ પણ ચાલ્યુ ગયું કાંઈ વાંધો નહી. પરંતુ જ્યારે દુનિયાના લોકોને એ ખબર પડશે કે મિથ્યાદષ્ટિ કુલદેવી કંટકેશ્વરીના ત્રિશૂલનો આ પ્રભાવ છે. તો લોકો મિથ્યાધર્મને બલવાન માની લેશે. તેઓ કહેશે કલિકાલ સર્વજ્ઞ જેવા ગુરુ હોવા છતાં પણ કંઈ કરી શક્યા નહી. વીતરાગ ભગવાનનું બલવાન ધર્મ નિર્બળ બની જશે અને મિથ્યાદષ્ટિનું ધર્મ પ્રભાવક બનશે. આનાથી જૈનશાસનની ભયંકર નિંદા થશે. નહી... નહી હું આ પાપ નહી થવા દઉં. લોકોને આ વાતની ખબર પડે એના પહેલાં જ હું ચિતામાં બળીને મરી જઈશ."

રાજા કુમારપાલે શાસનહીલનાના પાપથી બચવા માટે અગ્નિપ્રવેશ કરવાનો નિર્ણય કર્યો. તુરંત મંત્રીને બોલાવીને પોતાનો નિર્ણય કહ્યો. મંત્રી આ સાંભળી સીધો આચાર્યશ્રી હેમચન્દ્રસૂરિજી પાસે ગયા અને બધી વાત કહી. આચાર્યશ્રીએ એમને મંત્રિત જળ આપ્યું અને કહ્યું ''આ જળના સિંચનથી રાજાને પંહેલા જેવું રુપ અને આરોગ્ય પ્રાપ્ત થઈ જશે.'' મંત્રિત જંળ લઈને મંત્રી કુમારપાલની પાસે આવ્યા અને એમની ઉપર એ મંત્રિત જળ છાંટ્યું. આ મંત્રિત જળના પ્રભાવથી દાહ શાંત થઈ ગયો. કુમારપાલને રુપ અને આરોગ્ય પુનઃ પ્રાપ્ત થઈ ગયું. તથા પશુ ભોગ ઉપર વિજય પ્રાપ્ત થયો.

### કુમારપાલનું બનેવી સાથે યુદ્ધ :

એકવાર ગુર્જરેશ્વર કુમારપાલની બહેન તથા બનેવી અર્ણોરાજા સોગઠા રમી રહ્યા હતા. ત્યારે એક દાવ રમતાં રમતાં બનેવી બોલ્યા ''લે ગુજરાતના બધા મુંડ સાધુઓને માર્યા.'' કુમારપાલ રાજાની બહેન ધર્મ ઉપર શ્રદ્ધાવાન હતી. આવા અપમાનજનક શબ્દ સાંભળીને એ ગુસ્સે થઈ ગઈ. અને પોતાના પતિને માફી માંગવાનું કહ્યું. પરંતુ જ્યારે અર્ણોરાજાએ માફી નહી માંગી ત્યારે એણે કુમારપાલને બધી વાત કહી. અર્ણોરાજા અને કુમારપાલની વચ્ચે યુદ્ધ થયું. કુમારપાલે અર્ણોરાજાને હાથીની પાલખીથી નીચે પાડી દીધા. તેઓ અર્ણોરાજાની જીભ ખેંચવાના જ હતા કે એટલામાં કુમારપાલની બહેન આવી તથા અર્ણોરાજા માટે અભયવચનની માંગણી કરી. અર્ણોરાજાએ પણ દયાની ભીખ માંગી. ત્યારે કુમારપાલ રાજાએ કહ્યું ''આ ધર્મયુદ્ધમાં હું પોતાની બહેનનો વિચાર નથી કરતો પરંતુ તે દયાની ભીખ માંગી છે માટે પોતાના દયા ધર્મને વશ થઈને હું તને છોડું છું.''

### ગુર્જરેશ્વરની ધર્મારાધના :

ભારતના અઢાર દેશોના રાજા કામકાજના બોજની નીચે કેટલા દબાયેલા હોય છે ? અખૂટ રાજસંપત્તિને કારણે ભોગ-વિલાસની તરફ કેટલા આકર્ષિત થાય છે ? પરંતુ કુમારપાલ રાજાનું જીવન તો કાંઈક અનોખું જ હતું. તેઓ તો રાજભારના બોજને એકબાજુ મૂકીને શાંતિથી પરમાત્માની ભક્તિ કરતા હતા. ભોગવિલાસના બદલે મોક્ષ માર્ગની આરાધનાઓમાં લીન રહેતા હતા. આવો એક નજર નાખીએ કુમારપાલ મહારાજાની દિનચર્યા ઉપર -

## આવી હતી કુમારપાલ રાજાની દિનચર્યા (Time Table)

- સૂર્યોદય પહેલા સવારે ચાર વાગે નમસ્કાર મહામંત્રનો મંત્રોચ્ચાર કરીને તેઓ ઉઠતા હતા. એના પછી સામાયિક, પ્રતિક્રમણ કર્યા પછી શ્રી યોગશાસ્ત્ર અને વીતરાગ સ્તોત્રનું પઠન કરી વાસક્ષેપ પૂજા કરતા હતા.

- કાયાદિની સર્વશુદ્ધિ કરીને તેઓ ત્રિભુવનપાલ વિહારમાં જઈને ૭૨ સામંતો અને ૧૮૦૦ કોટ્યાધિપતિઓની સાથે જિનપૂજા કરતા હતા.
- પ્રતિદિન ગુરુપૂજા - ગુરુવંદન કરીને પચ્ચક્ખાણ કરીને જિનવાણી શ્રવણ કરતા હતા.
- બપોરે નૈવેદ્યોની થાળીઓ ચૈત્યોમાં ચઢાવતા હતા તેમજ સાંજે આરતી મંગલદીવો કરીને પ્રતિક્રમણ કરતા હતા.
- અષ્ટમી, ચતુર્દશીનું પૌષધ, ઉપવાસ અને પ્રતિદિન રાત્રિભોજનનો ત્યાગ કરતા હતા.

**એમના ધર્મમય જીવનની નેત્રદીપક ઝલક :**

૧. હસ્તલિખિત ગ્રંથોના ૨૧ જ્ઞાનભંડાર બનાવ્યા.

૨. મનમાં અબ્રહ્મનો વિચાર આવે તો ઉપવાસ, વાણીથી આવે તો આયંબિલ તથા કાયાથી વિજાતીયનો સ્પર્શ પણ થઈ જાય તો એકાસણાનો દંડ કરતા હતા. તથા પોતાની પત્નીઓના મૃત્યુ પછી પૂર્ણ બ્રહ્મચર્યનું પાલન કર્યું. પ્રજાજન એમને 'પરનારી સહોદર' કહેતા હતા.

૩. વર્ષાઋતુમાં પાટણથી બહાર નહી જવાની પ્રતિજ્ઞા હતી.

૪. વર્ષાઋતુમાં ઘી છોડીને પાંચ વિગઈનો સર્વથા ત્યાગ કરતા હતા.

૫. સાતસો લેખકોની પાસે લાખો શ્લોક પ્રમાણ આગમ લખાવ્યા.

**અરિહંત ભક્તિ :**

ગુર્જરેશ્વરે પોતાના જીવનકાળમાં ૧૪૦૦ શિખરબંધી જિનાલય સ્વદ્રવ્યથી બનાવ્યા. એમાંથી ત્રિભુવનપાલ જિનાલય છન્નું કરોડ સોનામહોર ખર્ચ કરીને તૈયાર કરાવ્યું હતું. ૧૬૦૦ પ્રાચીન જિનાલયોનું જીર્ણોદ્ધાર કરાવ્યું હતું.

એકવાર ત્રિભુવનપાલ વિહારમાં સંધ્યાના સમયે આરતી ઉતારતાં-ઉતારતાં કુમારપાલ રાજા વચ્ચે જ અટકી ગયા તથા વિચાર કરવા લાગ્યા કે ''જે પ્રભુની કૃપાથી મને આટલી લક્ષ્મી પ્રાપ્ત થઈ છે. એ પરમાત્માની આંગી માત્ર ચાલી રહેલી ઋતુના પુષ્પથી જ કેમ ? છઃ ઋતુના પુષ્પોની આંગી જો રોજ ન કરી શકું તો આ લક્ષ્મીનો સદ્વ્યય કેવી રીતે થશે ? બસ જ્યાં સુધી છઃ ઋતુના પુષ્પથી રોજ પરમાત્માની આંગી કરવાનું સામર્થ્ય પ્રાપ્ત ન કરું, ત્યાં સુધી અન્ન-જળનો ત્યાગ.'' આવો સંકલ્પ કરીને ફરીથી આરતી શરૂ કરી. જિનમંદિરથી બહાર નીકળ્યા પછી મંત્રી વાગ્ભટ્ટે આરતીમાં અટકવાનું કારણ પૂછ્યું. ત્યારે એમણે પોતાનો સંકલ્પ બતાવ્યો. મંત્રી તો સંકલ્પ સાંભળીને વિચારમાં પડી ગયા કે ''છ : ઋતુના પુષ્પ એક સાથે ખેતરમાં હીરા-મોતી નાખવાથીય ઉગવાના નથી. આ કોઈ લક્ષ્મીથી સાધ્ય થવાવાળી વસ્તુ નથી.'' મંત્રી તરત આચાર્યશ્રીની પાસે ગયા અને એમને આખી વાત કહી સંભળાવી. ગુરુદેવે રાત્રે આરાધના કરીને દેવીને પ્રગટ કરી, તથા દેવીનું શું કર્તવ્ય છે તે વિચારવાનું કહ્યું. બીજા દિવસે સવારે વનમાળીએ કુમારપાલરાજાને વધામણી આપી કે

"આજે બગીચામાં છઃ ઋતુના પુષ્પો ખીલી ઉઠ્યા છે. આપ પારણુ કરો." રાજાએ પારણું કર્યું. એના પછી રાજા રોજ છઃ ઋતુના પુષ્પથી પરમાત્માની આંગી કરવા લાગ્યા.

કેટલી અજોડ પરમાત્મા ભક્તિ હતી કુમારપાલરાજાની !

આ પ્રમાણે કુમારપાલ રાજા જીવનપર્યંત અનેક રીતે જીવદયાનું પાલન કરીને, ગુરુભક્તિ તથા પરમાત્માની અજોડ ભક્તિ કરીને સમાધિપૂર્વક મરીને દેવલોકમાં ગયા. તથા ત્રીજા ભવમાં પદ્મનાભ સ્વામીના ગણધર બનીને મોક્ષ પદને પ્રાપ્ત કરશે.

# શ્રી શાંતિનાથ ચરિત્ર

**મેઘરથ રાજાનો ભવ :**

શ્રી શાંતિનાથ ભગવાનના કુલ બાર ભવ થયા. એમાંથી દસમાં ભવે પૂર્વવિદેહની પુષ્કલાવતી વિજયમાં પુંડરીકિણી નગરીના ધનરથ રાજાની પ્રિયમતી રાણીની કુક્ષિથી પ્રભુએ મેઘરથના રૂપમાં જન્મ લીધો. સમયાનુસાર પિતાએ મેઘરથને રાજ્ય સોંપ્યુ. ધર્મમય જીવન વ્યતીત કરતાં એક દિવસ મેઘરથ રાજાએ પૌષધ વ્રત ગ્રહણ કર્યું.

એ સમયે ભયથી કંપિત એક કબૂતર એમના ખોળામાં આવીને બેસી ગયો. તથા મનુષ્ય ભાષામાં બોલવા લાગ્યો "હે રાજન્ ! મારી રક્ષા કરો. મારા પ્રાણોની રક્ષા કરો." કરૂણાર્દ્ર બનેલા મેઘરથ રાજાએ એ કબૂતરને આશ્વસ્ત કર્યું. એટલામાં એક બાજ પંખી ત્યાં આવ્યું અને એ પણ મનુષ્ય ભાષામાં બોલવા લાગ્યો. 'હે રાજન્ ! આ પંખી મારો શિકાર છે. એને મને આપી દો.' ત્યારે રાજાએ દૃઢતાપૂર્વક કહ્યું 'આ કબૂતર મારા શરણમાં આવ્યું છે અને શરણાર્થીને બચાવવો એ ક્ષત્રિયનો ધર્મ છે. હિંસા કરીને પોતાનું પેટ ભરવું એ તારા જેવા પ્રાણીને શોભા નથી આપતું' આ પ્રમાણે રાજાએ એને સમજાવવાની કોશિશ કરી. ત્યારે બાજે કહ્યું કે - 'રાજન્ ! તમને કબૂતર ઉપર દયા આવે છે તો મારી ઉપર દયા કેમ નથી આવતી ? આ કબૂતર મારું ભક્ષ્ય છે. જો આ મને નહી મળે તો હું ભૂખ્યો મરી જઈશ. જો આપ મને આ કબૂતર નથી આપી શકતા તો એટલું માંસ મને આપી દો.'

રાજાએ વિચાર્યું 'બીજાનું માંસ તો હું નથી આપી શકતો. તો શા માટે હું મારા પોતાના શરીરનું માંસ ન આપી દઉં.' એમ વિચારી રાજાએ તરત જ ત્રાજવો અને છરી મંગાવી. ત્રાજવાના એક પલ્લામાં કબૂતર રાખીને બીજા પલ્લામાં પોતાની જાંઘમાંથી માંસ કાપી કાપીને રાખવા લાગ્યા. આ જોઈને આખી સભા ચોંકી ગઈ. બધાએ રાજાને સમજાવવાની બહુ જ કોશિશ કરી, પરંતુ મેઘરથ રાજા પોતાના કાર્યથી વિચલિત ન થયા. જેમ-જેમ મેઘરથ રાજા પોતાના શરીરનું માંસ પલ્લામાં રાખવા લાગ્યા તેમ-તેમ

કબૂતરનું પલ્લુ ભારે થવા લાગ્યું. અંતમાં જ્યારે કબૂતરનું પલ્લુ નીચે ન થયું ત્યારે મેઘરથ રાજા સ્વયં પલ્લામાં બેસી ગયા.

આ જોઈને સર્વત્ર હાહાકાર મચી ગયો. સામંત, અમાત્ય, મિત્રોએ રાજાને કહ્યું - 'અરે પ્રભુ ! આપ આ શું કરી રહ્યા છો ? આ દેહથી આપને આખી પૃથ્વીનું રક્ષણ કરવાનું છે.' એક પંખીના રક્ષણ માટે શરીરનો ત્યાગ કરી રહ્યા છો ? અને પછી આ તો કોઈ માયાવી પંખી લાગે છે. નહીંતર પંખી આટલું ભારે હોય એવું સંભવ નથી.''

એટલામાં તો મુગટ, કુંડલાદિ ધારણ કરી તેજપુંજની જેમ એક દેવતા પ્રગટ થયા તથા એમણે કહ્યું - ''હે નૃપતિ ! ઈશાનેન્દ્રે પોતાની સભામાં આપની પ્રશંસા કરી. એ મારાથી સહન ન થવાને કારણે હું આપની પરીક્ષા કરવા આવ્યો હતો. પરંતુ ઈન્દ્ર મહારાજાએ આપની જેટલી પ્રશંસા કરી હતી, આપ એનાથી પણ ઘણા વધારે દયાવાન છો. આપ મારા આ અપરાધને ક્ષમા કરો.'' આટલું કહીને રાજાને પૂર્વરૂપ પ્રદાન કરીને દેવતા પુનઃ દેવલોકમાં ચાલ્યા ગયા. ત્યારપછી મેઘરથ રાજાએ સંયમ અંગીકાર કર્યો. વીશસ્થાનક તપની આરાધના કરી તીર્થંકર નામકર્મ નિકાચિત કર્યું. ત્યાંથી આયુષ્યપૂર્ણ કરીને અગિયારમાં ભવમાં તેંત્રીસ સાગરોપમવાળા દેવ થયા.

**શાંતિકુમારનો જન્મ :**

ભરતક્ષેત્રના હસ્તિનાપુર નગરમાં વિશ્વસેન રાજા રાજ્ય કરતા હતા. એમની પત્ની અચિરાદેવીની કુક્ષિમાં દેવ આયુષ્ય પૂર્ણ કરીને ભાદ્રપદ કૃષ્ણ સપ્તમીના દિવસે ચૌદ સ્વપ્ન સૂચિત મેઘરથ રાજાના જીવનું ચ્યવન થયું. ગર્ભકાળ પૂરો થતાં જયેષ્ઠ સુદ તેરસના શુભ દિવસે અચિરા માતાએ પુત્ર-રત્નને જન્મ આપ્યો. છપ્પન દિક્કુમારી, ઈન્દ્રાદિએ જન્મોત્સવ કર્યો. પ્રભુના ગર્ભમાં આવવા માત્રથી દેશમાં પૂર્વોત્પન્ન મરકી વગેરે રોગ પ્રયત્ન કર્યા વગર જ શાંત થઈ ગયા હતા. માટે વિશ્વસેન રાજાએ પુત્રનું નામ શાંતિકુમાર ઘોષિત કર્યું.

**ચક્રવર્તી :**

ધાવ માતાઓથી પાલન પોષણ કરાતા શાંતિકુમાર અનુક્રમથી યુવાવસ્થાએ પહોંચ્યા. ત્યારે વિશ્વસેન રાજાએ એમનો રાજ્યાભિષેક કર્યો. રાજ્ય પાલન કરતી વખતે એકવાર એમની આયુધશાલામાં ચક્રરત્ન ઉત્પન્ન થયુ. ક્રમશઃ છ ખંડ જીતીને શાંતિકુમારે ચક્રવર્તી પદ પ્રાપ્ત કર્યું.

**દીક્ષા ગ્રહણ :**

યોગ્ય સમયમાં નવલોકાંતિક દેવો દ્વારા 'હે પ્રભુ ! તીર્થ પ્રવર્તાવો' આ પ્રાર્થનાનો સ્વીકાર કરીને શાંતિકુમારે વર્ષીદાન આપવાનું શરૂ કર્યું. શક્રેન્દ્રાદિ દ્વારા કૃત મહોત્સવપૂર્વક જયેષ્ઠ કૃષ્ણ ચતુર્દશીના દિવસે ચારિત્ર ગ્રહણ કર્યું. એજ સમયે પ્રભુને ચતુર્થ મનઃ પર્યવજ્ઞાન પ્રાપ્ત થયું.

## કેવલજ્ઞાન :

મંદિરપુર નગરમાં સુમિત્રરાજાના ઘરે પ્રથમ પારણું પરમાન્ન (ખીર)થી કર્યું. ત્યાં દેવોએ પંચદિવ્ય પ્રગટ કર્યા. એક વર્ષ સુધી પ્રભુ છદ્મસ્થ અવસ્થામાં રહ્યા. હસ્તિનાપુરના સહસ્રામ્રવનમાં નંદી વૃક્ષની નીચે છઠ્ઠ તપ કરીને શુક્લધ્યાન પર આરુઢ થઈને ઘાતિ કર્મોનો ક્ષય કરીને પોષસુદ નવમીના દિવસે કેવલજ્ઞાન પ્રાપ્ત કર્યું. દેવોએ સમવસરણની રચના કરી.

## પ્રભુનો પરિવાર :

શાંતિનાથ પ્રભુના પરિવારમાં ૬૨ હજાર મુનિ, ૬૧,૬૦૦ સાધ્વીઓ, ૮૦૦ ચૌદ પૂર્વી, ૩૦૦૦ અવધિજ્ઞાની, ૪૦૦૦ મન:પર્યવજ્ઞાની, ૪,૩૦૦ કેવલજ્ઞાની, ૬૦૦૦ વૈક્રિય લબ્ધિધારી, ૨૪૦૦ વાદલબ્ધિધારી મુનિ હતા. એના સિવાય ૨ લાખ નેવું હજાર શ્રાવિકા તથા ૩ લાખ ત્રાણું હજાર શ્રાવક હતા.

## નિર્વાણ :

એક વર્ષ ન્યૂન પચીસ હજાર વર્ષ સુધી કેવલીપર્યાયમાં ભવ્ય જીવોને પ્રતિબોધ કરતાં કરતાં પોતાનો નિર્વાણ સમય નજીક જાણીને પ્રભુએ સમ્મેતશિખરની પુણ્યભૂમિ ઉપર ૯૦૦ સાધુઓની સાથે અનશન સ્વીકાર કર્યું. જ્યેષ્ઠ કૃષ્ણ તેરસના દિવસે નિર્વાણપદ પ્રાપ્ત કરીને પરમસુખના સ્થાન રૂપ સિદ્ધ પદને પ્રાપ્ત કર્યું.

# મદનરેખા

માલવદેશની રાજધાની સુદર્શનપુરમાં મણિરથ રાજા રાજ્ય કરતા હતા. મણિરથના નાના ભાઈ હતા યુગબાહુ. મણિરથ અને યુગબાહુમાં પરસ્પર એવી પ્રીતિ હતી, જે આદર્શ ભાઈઓમાં હોવી જોઈએ. યુગબાહુના વારંવાર મનાઈ કરવા છતાં પણ મણિરથે યુગબાહુને જ યુવરાજ બનાવ્યા હતા. યુગબાહુ પણ મોટાભાઈને માટે પ્રાણ આપતા હતા. બંને ભાઈ ભ્રાતૃપ્રેમ, ત્યાગ, વીરતા, ન્યાય અને પરાક્રમના સાકારરૂપ હતા. યુગબાહુની પત્નીનું નામ હતું મદનરેખા. મદનરેખા અપૂર્વ સુંદરી હતી. એમના રુપને જોઈને એવું લાગતું હતું જાણે કે મદન અથવા કામદેવે જ એમનું નિર્માણ કર્યું હોય, એની સાથે જ યુવરાજ્ઞી મદનરેખા સતિઓની આદર્શ પણ હતી. પતિભક્ત અને ધર્માચરણની પણ એ સાક્ષાત્ પ્રતિમા હતી. એમને ચન્દ્રયશ નામનો એક પુત્ર હતો.

એકવાર સતી મદનરેખા પોતાના મહેલની છત ઉપર પોતાની સખીઓની સાથે બેઠી હતી. તે સમયે એ એવી લાગી રહી હતી, જાણે તારાગણમાં ચન્દ્રમા શોભિત થઈ રહ્યો હોય. પોતાના

મહેલની બારીમાંથી મણિરથ અનુજવધૂ મદનરેખાનું મનમોહક રુપ જોઈને એની ઉપર મોહિત થઈ ગયો. આવા રુપની તો એને કલ્પના પણ ન હતી. મણિરથે કોઈપણ રીતે મદનરેખાને પ્રાપ્ત કરવાનો નિશ્ચય કરી લીધો. આ નિશ્ચયની સાથે-સાથે એ એકવાત ભૂલી ગયો કે એ તેના નાનાભાઈની પત્ની છે કે જે પુત્રીની સમાન માનવામાં આવે છે. સાથેસાથે એ એ પણ ભૂલી ગયો કે જેમ ફૂંકથી પહાડ નથી ડગતો, એ રીતે કામીપુરુષોનો નિશ્ચય સતીને એના સુપથ થી ડગાવી શકતો નથી, પરંતુ કેટલાક લોકો સાંપના દરમાં હાથ નાખવાની ભૂલ કરી બેસે છે અને પછી પસ્તાય છે.

પોતાના મહેલમાં આવીને મણિરથ મદનરેખાને પોતાની પત્ની બનાવવાની યુક્તિ વિચારવા લાગ્યો. તે રાત-દિવસ એજ તકમાં રહેતો કે કેવી રીતે આ પરમ સુંદરીને ફસાવું અને પોતાની કામના પૂર્ણ કરું. પોતાના ઉદ્દેશ્યની સિદ્ધિ માટે એણે મદનરેખાની પ્રધાનદાસીની સાથે પોતાનો સંપર્ક સ્થાપિત કર્યો. એને લાલચમાં ફસાવી લીધી. હવે એ પ્રતિદિન મૂલ્યવાન ચીજો દાસીની સાથે મદનરેખાને મોકલવા લાગ્યો. મદનરેખા પણ પોતાના જેઠના ઉપહારને પવિત્ર ભાવનાથી લેવા લાગી. એક દિવસ ઉપહારની સાથે રાજા મણિરથે મદનરેખાને પ્રેમ-પત્ર લખ્યો. પ્રેમપત્ર વાંચતા જ રાજા દ્વારા રોજ આવતા ઉપહારોનું રહસ્ય એની સમજમાં આવી ગયું. એણે ક્રોધમાં આવીને પત્ર ફાડી દીધો અને દાસીને અપમાનિત કરીને કહ્યું - ''દુષ્ટે ! હવે તું મારા મહેલમાં પગ પણ મૂકતી નહી અને પોતાના રાજાને જઈને કહી દેજે કે જ્યાં સુધી મદનરેખા જીવિત છે, ત્યાં સુધી તારી નીચ કામના પૂરી નહી થઈ શકે.'' અપમાનિત દાસીએ આવીને મણિરથને બધી વાતો કહી દીધી. મણિરથે વિચાર્યું કે જ્યાં સુધી યુગબાહુ જીવિત હશે ત્યાં સુધી મદનરેખા મારી નહી થઈ શકે. પોતાના પાપપૂર્ણ નિશ્ચયને સફળ બનાવવા માટે મણિરથ પોતાના નાના ભાઈ યુગબાહુને મારવાનું ષડ્યંત્ર રચવા લાગ્યો.

કામ-લિપ્સાની લીલા તો જુઓ કે જે ભાઈ ઉપર મણિરથ જીવ આપતો હતો, એ જ ભાઈના પ્રાણ લેવા માટે એ તૈયાર થઈ ગયો. આ દરમ્યાન મદનરેખા ગર્ભવતી થઈ અને એક દિવસ તે યુગબાહુની સાથે રાજ-ઉપવનમાં રોકાયેલી હતી. મણિરથે કપટથી તલવાર દ્વારા પ્રહાર કરીને ભાઈની હત્યા કરી લીધી. એણે વિચાર્યું કે નિરાશ્રિત થયા પછી મદનરેખા ચોક્કસ મારી થઈ જશે. યુગબાહુ ઉપર પ્રહાર થતાં જ મદનરેખા મૂર્ચ્છિત થઈ ગઈ. ધીમે-ધીમે સચેત થઈ અને પોતાની જાતને ધૈર્યથી સંભાળીને પતિદેવના નજીક આવી. ધ્યાનથી દેખતાં એને જાણ થઈ કે પ્રહાર મર્મસ્થાન ઉપર લાગ્યો છે. માટે પતિદેવ થોડાંક કલાકોના જ મહેમાન છે. એ વિચારવા લાગી કે પતિદેવ આ સમયે આર્ત્ત-રૌદ્ર ધ્યાન કરીને પોતાની આત્માને અધોગતિમાં લઈ જવાની તૈયારી કરી રહ્યા હશે. માટે હું એમનો પરલોક સુધારવાની કોશિશ કરું.

મદનરેખાએ યુગબાહુનું માથું પોતાના ખોળામાં લેતાં કહ્યું કે - ''પ્રાણનાથ ! આપનો હવે અંતિમ સમય આવી ગયો છે, માટે મનને શાંત રાખો. આપ એ વાતને ન ભૂલો કે મોટા ભાઈએ આપને નથી માર્યા, પણ આપના અશુભ કર્મોએ મોટાભાઈ દ્વારા આપને મરાવ્યા છે. એમના પ્રત્યે મનમાં ક્રોધ રાખીને આપ આ જગતમાંથી વિદાય લેશો તો નિશ્ચિત જ આપ દુર્ગતિમાં ચાલ્યા જશો. નરકમાં તલવારોના આવા સેંકડો પ્રહારો સહન કરવા પડશે. આ ક્રોધથી આપના આ ભવની સાથે-સાથે ભવો-ભવ બગડશે. જેના કારણે એકબીજા પ્રત્યે વૈરની પરંપરા ચાલશે. માટે આપ ક્રોધને હમણાં જ છોડી દો. સાથે જ આપ મારી, ચંદ્રયશ અને ગર્ભસ્થ શિશુની ચિંતા પણ છોડી દો. આપની પાસે માત્ર બે પળનો સમય છે. માટે આપ બધા જીવોની સાથે ક્ષમાપના કરી લો. અને ખાસ કરીને પોતાના મોટાભાઈને માફ કરી લો. પોતાની આત્માને દુર્ગતિમાં જવાથી બચાવવા માટે એક માત્ર આ જ ઉપાય છે. પત્નીનું કર્તવ્ય હોય છે કે પતિ જ્યારે પરદેશ જઈ રહ્યા હોય ત્યારે ભાતું બાંધીને આપે. આપ આ સમયે પરલોકમાં જઈ રહ્યા છો માટે મેં ધાર્મિક સદ્‌વિચારોનું આ ભાતુ આપીને મારા કર્તવ્યનું પાલન કર્યું છે. આપ એને પ્રેમપૂર્વક સ્વીકાર કરીને શાંતિથી પ્રયાણ કરો.'' મદનરેખાની વાત સાંભળીને યુગબાહુએ ક્રોધમુક્ત બનવામાં સફળતા પ્રાપ્ત કરી લીધી. સમાધિમરણથી યુગબાહુની આત્માએ સદ્‌ગતિના માર્ગ ઉપર પ્રયાણ કર્યું.

અહીં રાત્રે મદનરેખા જંગલમાં ભાગી ગઈ. એને પોતાના પ્રાણોની નહી, પરંતુ શીલની ચિંતા હતી. માટે એ મણિરથથી બચવા માંગતી હતી. જેથી એનું સતીત્વ પણ બચી જાય. અને પ્રાણ પણ બચી જાય. અહી ભાઈની હત્યા કરીને જંગલમાં ભાગતા મણિરથને એક સાંપ કરડ્યો અને મરીને એ નરકમાં ગયો.

ચન્દ્રયશ સુંદર, સુશીલ અને માતા-પિતાનો આજ્ઞાકારી હતો. એની ઉપર એકસાથે દુઃખોનો પહાડ તૂટી પડ્યો. પિતા યુગબાહુ મરી ગયા, મોટા પિતાજી મણિરથ પણ પરલોક સિધાવી ગયા. માતા મદનરેખા ન જાણે ક્યાં ચાલી ગઈ ? એમના માથા ઉપર કોઈ ન રહ્યું. અંતે પુરવાસિઓ તથા મંત્રીઓએ એને જ સુદર્શનપુરના રાજસિંહાસન પર બેસાડ્યા. ચન્દ્રયશે માતા મદનરેખાને શોધવાના બહુ જ પ્રયાસ કર્યા, પરંતુ એ ક્યાંય મલી નહી. જે સમયે મદનરેખા પોતાનો જીવ બચાવીને જંગલમાં ભાગીને જઈ રહી હતી, એ સમયે એ ગર્ભવતી હતી. ચન્દ્રયશ પછી આ એની બીજી સંતાન હતી. ગર્ભકાળ લગભગ પૂર્ણ થવાની તૈયારી હતી. ભયાનક જંગલ અને હિંસક જીવોથી બચતી બચતી મદનરેખા બહુ દૂર નીકળી ગઈ અને એક જગ્યાએ રોકાઈ ગઈ.

પ્રસવ વેદના થવા લાગી. જંગલમાં એને કોઈ સહાયક નહોતું. મરણાન્ત પ્રસવપીડા સહન કર્યા પછી એણે એક તેજસ્વી પુત્રને જન્મ આપ્યો. પુત્રનુ મુખ જોઈને મદનરેખા બધા દુઃખ દર્દ ભૂલી ગઈ. સ્નાન કરીને શુદ્ધ થવું હતું માટે એણે પોતાની સાડીના પાલવનું પારણું બનાવ્યું અને એ

પારણામાં પુત્રને સુવડાવીને એક ઝાડથી લટકાવ્યો. અને ભાગ્યના ભરોસે એને ત્યાં છોડીને કોઈ સરોવરની તલાશમાં નીકળી પડી. શોધતાં-શોધતાં મદનરેખાને એક સરોવર મળી ગયું. પરંતુ ત્યાં એક જંગલી હાથીએ એને સૂંઢમાં લપેટીને ઉછાળી દીધી. મદનરેખાએ પોતાનો અંતિમ સમય સમજીને પુત્રમોહ છોડીને સાગારિક અનશન લઈને નવકારમાં મનને સ્થિર કરી લીધું. એ સમયે નજીકમાંથી વિમાન દ્વારા નીકળી રહેલા મણિપ્રભ વિદ્યાધરે એને અદ્ધર ઉઠાવી લીધી. પુણ્યે એની રક્ષા કરી. પણ આ બચવું પણ સારું રહ્યું નહીં. વિદ્યાધર એની રુપ-શિખાનો પતંગિયો બની ગયો. પોતાના ઐશ્વર્યનો લાલચ આપતાં વિદ્યાધરે મદનરેખાને પોતાનો પરિચય આપ્યો ''સુંદરી ! હું મણિપ્રભ નામનો વિદ્યાધર વિદ્યાધરોનો રાજા છું. મારો પ્રતાપ, વૈભવ અને ઐશ્વર્ય જોઈને તું તારી જાતને ધન્ય માનીશ. ખુશીથી અથવા બલપૂર્વક હું તને પોતાની પટરાણી બનાવીને જ રહીશ.''

મદનરેખાએ વિચાર્યું કે મણિપ્રભ કામાન્ધ થઈ રહ્યો છે. કોઈ યુક્તિથી એને સુપંથ ઉપર લાવવો જોઈએ. માટે પ્રસંગ બદલીને એણે મણિપ્રભ વિદ્યાધરને પૂછ્યું. ''આપ મારા પ્રાણ રક્ષક છો. જંગલી હાથીએ તો મને મારી જ લીધી હતી. પણ એ તો બતાવો કે આ સમયે આપ ક્યાં જઈ રહ્યા હતા ?'' મણિપ્રભે કહ્યું ''સુંદરી ! મુનિ મણિચૂડ મારા પિતા છે પોતાનું રાજ્ય મને આપીને એમણે ચારિત્ર લીધું હતું. આજે એમને ચાર જ્ઞાન પ્રાપ્ત થયા છે. આ સમયે હું એમના જ દર્શન માટે જઈ રહ્યો હતો.'' મદનરેખાએ કહ્યું - ''તો પહેલા મુનિદર્શન માટે જઈએ. મુનિદર્શનની મારી પણ પ્રબળ ઇચ્છા છે. અને કોઈપણ કામમાં પહેલા મુનિદર્શન મંગલમય પણ હોય છે.''

વિદ્યાધર મણિપ્રભે વિચાર્યું, આ સુંદરી તો હવે મારી મુઠ્ઠીમાં છે. એની આ ઇચ્છા પણ પૂરી કરી લઉં. બંને મુનિ મણિચૂડની ધર્મસભામાં પહોંચી ગયા. મુનિ જ્ઞાની હતા. તેઓ એ સમજી ગયા કે મારો પુત્ર મણિપ્રભ સતી મદનરેખાનું સતીત્વ નષ્ટ કરવા માંગે છે. સતીનું તો એ કંઈપણ બગાડી નહી શકે, પણ પોતાના બંને લોક બગાડી લેશે. આ જાણીને મુનિએ પરસ્ત્રીભોગના ત્યાગ ઉપર ઉપદેશ આપ્યો. મણિપ્રભ કુલીન હતો. અને ચાર જ્ઞાનના ધારક મુનિ મણિચૂડનો પુત્ર હતો. માટે એની બુદ્ધિ ઉપર પડેલો અજ્ઞાનનો પડદો હટી ગયો અને એણે મદનરેખા તથા મુનિ પાસે ક્ષમા માંગી અને સતી મદનરેખાને પોતાની બહેન માની લીધી.

થોડા સમય પછી વિમાનમાં બેસીને એક દિવ્યદેવ મુનિની સભામાં આવ્યા. દેવે પહેલા મદનરેખાને વંદના કર્યા અને પછી મુનિને વંદના કર્યા. દેવના આ વિપરીત આચરણને જોઈને બધાને આશ્ચર્ય થયું. સ્વયં મદનરેખાને પણ આશ્ચર્ય થયું. પરંતુ મુનિ મણિચૂડે બધાના આશ્ચર્યનું સમાધાન કરતાં કહ્યું કે ''આ દેવ મદનરેખાના પતિ યુગબાહુ છે. જ્યારે યુગબાહુને એના મોટાભાઈ મણિરથે તલવારથી માર્યો હતો, ત્યારે અંત સમયમાં મદનરેખાએ યુગબાહુને ધર્મમાં સ્થિર કર્યો

હતો. માટે એને દેવભવ પ્રાપ્ત થયો છે. જો એને આર્ત્ત-રૌદ્ર ધ્યાનમાં પ્રાણ ત્યાગ કર્યો હોત તો એને નરક મળ્યું હોત. મદનરેખાની શિક્ષા તેમજ ઉપદેશથી એની સદ્‌ગતિ થઈ છે માટે આ દેવ મદનરેખાને પોતાના ગુરુ માને છે."

આ સમાધાનથી બંનેને પરમ આનંદ થયો. હવે મદનરેખાએ પોતાના નવજાત પુત્રના વિશે પૂછ્યું કે "ભગવન્ ! હું મારા પુત્રને જંગલમાં છોડીને આવી છું, એની શું હાલત છે ?" મુનિએ કહ્યુ. "મદનરેખા ! પુણ્ય જ જીવની રક્ષા કરે છે. તારો પુત્ર મિથિલા નગરીમાં રાજા પદ્‌મરથનો પુત્ર બન્યો છે. બહુ ધામ-ધૂમથી એનો જન્મોત્સવ મનાવાય છે. મોટા-મોટા પ્રતાપી રાજા પદ્‌મરથને પુત્ર-જન્મની વધામણી આપવા આવી રહ્યા છે. અને અમૂલ્ય ભેંટ આપીને રાજા પદ્‌મરથને નમન કરી રહ્યા છે. માટે એનું નામ 'નમિરાજ' રાખવામાં આવ્યું છે. એના તરફથી તમે નિશ્ચિંત રહો." આ જાણીને મદનરેખા બહુ જ પ્રસન્ન થઈ. અને પૂર્વભવના પતિ યુગબાહુનો જીવ જે દેવ બન્યો છે એમની સાથે પોતાના પુત્રને જોવા મિથિલા તરફ પ્રયાણ કર્યું. મિથિલા નગરી પહોંચતાં પહોંચતાં એણે પુત્ર દર્શનનો મોહ ત્યાગી દીધો અને સાધ્વી સુદર્શનાના ઉપાશ્રયમાં પહોંચી. ત્યાં એણે સાધ્વી સુદર્શનાની પાસે ભાગવતી દીક્ષા અંગીકાર કરી ચારિત્રનું પાલન કરવા લાગી. સતી મદનરેખા હવે સાધ્વી સુવ્રતાના નામથી ઓળખાવવા લાગી. ચારિત્રનું પાલન કરતાં કરતાં સુવ્રતા સાધ્વીને અવધિજ્ઞાન પ્રાપ્ત થયું.

અહીંયા જ્યારે પોતાના નવજાત પુત્રને ઝોળીમાં લટકાવીને મદનરેખા શરીર શુદ્ધિ માટે નજીકના સરોવરમાં પહોંચી હતી, ત્યારે મિથિલાના રાજા પદ્‌મરથ પોતાના અંગરક્ષકો સહિત વનભ્રમણ માટે આવ્યા હતા. સંયોગથી એ એકલા રહી ગયા અને એના સાથી વિખૂટા પડી ગયા. રાજા પદ્‌મરથ એજ ઝાડની નીચે ઉંઘીને વિશ્રામ કરવા લાગ્યા, જે ઝાડ ઉપર ઝોળી ટાંગેલી હતી. એમની નજર જ્યારે ટાંગેલી ઝોળી ઉપર પડી તો કુતુહલવશ એમણે ઝોળીને ઉતારી. નવજાત બાળકને જોઈને રાજા પદ્‌મરથની ખુશીનો કોઈ પાર રહ્યો નહી, કેમકે એ નિઃસંતાન હતા. આજે આંધળાને બે આંખો મળી ગઈ હતી. મિથિલાની પ્રજાના ભાગ્ય જાગી ગયા હતા, કેમકે એમને રાજ્યનો ઉત્તરાધિકારી મળી ગયો હતો. સંધ્યાના સમયે રાજા પદ્‌મરથ બાળકને લઈને રાજધાની પહોંચ્યા. પહોંચતાં પહોંચતાં રાત્રિ થઈ ગઈ હતી. રાજાએ બાળક પટરાણી પુષ્પમાલાને સોંપ્યું. પુષ્પમાળાનો ખોળો ભરાઈ ગયો. એની ખુશીનું વર્ણન કોણ કરી શકે ? એના પછી રાજાએ નગરીમાં ઘોષણા કરાવી કે પટરાની પુષ્પમાલા અજ્ઞાતગર્ભિણી હતી. એમણે એક પુત્રને જન્મ આપ્યો છે. બીજા દિવસે પુત્ર-જન્મના મહોત્સવની સાથે કેટલાય રાજાઓએ ભેંટ આપીને રાજા પદ્‌મરથને નમન કર્યા, માટે આ બાળકનું નામ 'નમિરાજ' રાખવામાં આવ્યું.

નમિરાજનું પાલન-પોષણ પાંચ ધાવ માતાઓના સંરક્ષણમાં થવા લાગ્યું. જ્યારે એ થોડો મોટો થયો ત્યારે અઢાર દેશની ધાવમાતાઓ એનું પાલન-પોષણ કરવા લાગી. એનું પરિણામ એ

આવ્યું કે નમિરાજ અઢાર દેશોની સભ્યતા-સંસ્કૃતિ અને આચાર-વિચારોના જાણકાર બની ગયા. આગળ જઈને એ બધી વિદ્યાઓમાં પૂર્ણ પારંગત થયા. પૂર્ણયોગ્ય અને યુવાન થયા ત્યારે રાજા પદ્મરથે અનેક રાજકન્યાઓની સાથે એમના વિવાહ કર્યા. બધી રાજકન્યાઓ ગુણવતી, રુપવતી અને કુલીન હતી. પોતાના પુત્ર નમિરાજને બધી રીતે યોગ્ય અને સમર્થ જોઈને રાજા પદ્મરથે રાજ્યભાર નમિરાજને સોંપ્યું અને પોતે ભાગવતી દીક્ષા લઈ લીધી. રાજા નમિરાજ નીતિ-ન્યાયથી સુશાસક તરીકે પ્રજાનું પાલન કરવા લાગ્યા. મિથિલાપતિ નમિરાજા વિપુલ ઐશ્વર્યના સ્વામી તો હતા જ સાથે સાથે પ્રબલ પરાક્રમી અને શૂરવીર યૌદ્ધા પણ હતા. અનેક રાજાઓએ એમની આધીનતા સ્વીકારી હતી. નમિરાજથી મૈત્રી જોડવી અન્ય રાજા પોતાનું સૌભાગ્ય સમજતા હતા.

ચન્દ્રયશ અને નમિરાજ બંને સગાભાઈ હતા. બંનેના પિતા યુગબાહુ અને માતા મદનરેખા હતી. પણ બંનેમાંથી કોઈપણ આ રહસ્યને જાણતા ન હતા. મદનરેખા અર્થાત્ સાધ્વી સુવ્રતા, વિદ્યાધર મણિપ્રભ, યુગબાહુદેવ તથા મુનિ મણિચૂડની ધર્મસભાના શ્રોતા આ બધાના સિવાય અન્ય બધાની દૃષ્ટિમાં નમિરાજ પદ્મરથ રાજાના પુત્ર તથા મિથિલાના રાજા હતા અને ચન્દ્રયશ યુગબાહુના પુત્ર તથા સુદર્શનપુરના રાજા હતા. સુદર્શનપુરના રાજા ચન્દ્રયશ તથા મિથિલાના અધિપતિ નમિરાજ બંને વીરયોદ્ધા અને પોતાની આન-બાન-શાન પર મરી મટવાવાળા હતા.

એકવાર નમિરાજનો એક મદોન્મત હાથી, ચન્દ્રયશની સીમામાં ઘુસી ગયો. ચન્દ્રયશે એને પકડીને પોતાની ગજશાળામાં બાંધી લીધો. નમિરાજે પોતાનો હાથી માંગ્યો. ચંદ્રયશે એને આપવાનો ઈન્કાર કરી દીધો. એજ વાત ઉપર નમિરાજે સુદર્શનપુર ઉપર ચઢાઈ કરી લીધી. બંનેમાં ભયંકર યુદ્ધ જામી ગયું. એક હાથી બંનેની પ્રતિષ્ઠાનો પ્રશ્ન બની ગયો હતો. નગરના દરવાજા બંધ કરીને ચન્દ્રયશે કિલ્લાની અંદરથી યુદ્ધ કર્યું. નમિરાજના વીર સૈનિક નગરમાં પ્રવેશ કરવાનો પ્રયાસ કરવા લાગ્યા. બંનેમાં કોણ પ્રબલતર છે, એનો નિર્ણય કરવો મુશ્કેલ હતું. બંને ભાઈ એકબીજાના પ્રાણોના ગ્રાહક બની ગયા હતા.

સાધ્વી સુવ્રતા.(મદનરેખા)એ અવધિજ્ઞાનથી બધુ જાણી લીધું. તેઓ બંને ભાઈઓ વચ્ચેના રાજ ને જાણતા હતા તેથી એમનું મન ખિન્ન થઈ ગયું. પોતાની ગુરુવર્યાની આજ્ઞા લઈને તેઓ યુદ્ધ સ્થળે જઈ પહોંચ્યા. યુદ્ધભૂમિમાં પ્રવેશ કરતા સાધ્વીજીને સૈનિકોએ રોક્યા. છતાં પણ રાજા પાસે જરૂરી કામ છે એવું કહીને એમણે સીધો નમિરાજની છાવણીમાં પ્રવેશ કર્યો. અચાનક એક સાધ્વીજીને પોતાની છાવણીમાં જોઈ નમિરાજ ચોંકી ગયા. વર્ષોથી વિખૂટા પડેલા પોતાના પુત્રને પહેલીવાર દેખવા છતાં પણ સાધ્વી સુવ્રતા મર્યાદામાં રહ્યા.

**નમિરાજ** : (ઉભા થઈને) મત્થએણ વંદામિ ! પધારો ! યુદ્ધભૂમિમાં આપ ! કોઈ વિશેષ પ્રયોજન ?

**સા.સુવ્રતા** : નમિરાજ ! આપ એક હાથીને માટે જે વ્યક્તિથી યુદ્ધ કરવા જઈ રહ્યા છો તે આપનો મોટો ભાઈ છે. એમના રગ-રગમાં જે લોહી દોડી રહ્યું છે તે જ લોહી તમારી રગોમાં પણ છે. (આટલું કહીને સા.સુવ્રતાએ એમને પાછળની બધી ઘટના સંભળાવી.) પોતાના જ બંને પુત્રોને અંદરઅંદર લડતા જોઈ હું રહી ન શકી અને એ જ કારણે મારે આવવું પડ્યું. વિચારો એક ભાઈ માત્ર એક હાથીને માટે પોતાના જ સગાભાઈના પ્રાણોનો તરસ્યો બની જાય. એ ક્યાં સુધી ઉચિત છે ?

બધી હકીકત જાણીને નમિરાજના આશ્ચર્યનો પાર રહ્યો નહી. સામે ઉભેલા સાધ્વી કોઈ બીજી નહી પરંતુ સ્વયં મારી માતા જ છે. આ જાણીને એના મને તો બધી વાત સ્વીકારી લીધી પરંતુ અભિમાન પાછા ફરવા માટે તૈયાર ન હતું. માટે એણે કહ્યું "જોકે આપની વાત એકદમ સાચી છે છતાં પણ યુદ્ધ ભૂમિમાં કોઈ કોઈનો ભાઈ હોતો નથી. હવે જ્યારે યુદ્ધ છેડાઈ જ ગયું છે તો હું એનાથી પાછો નહી ફરૂં. અને રહી વાત હાથીની તો એને તો હું પ્રાપ્ત કરીને જ રહીશ." આ ઉત્તર સાંભળીને નિરાશ બનેલા સા.સુવ્રતા પોતાના મોટા પુત્ર ચન્દ્રયશની છાવણીમાં જઈ પહોંચ્યા. જ્યારે મદનરેખા અને ચન્દ્રયશનો વિયોગ થયો હતો ત્યારે ચન્દ્રયશ માત્ર આઠ વર્ષના હતા, માટે દેખતાં જ પોતાની માઁ ને ઓળખી શક્યો નહી. છતાંપણ એને એક સહજ પોતાપણું મહસૂસ થયું. એ એકીટકે સા.સુવ્રતાને જોતા જ રહ્યા.

**સા.સુવ્રતા** : રાજા ચન્દ્રયશ કદાચ આપે મને નથી ઓળખી ? ધ્યાનથી જુઓ આપે મને ક્યાંક જોયેલી છે ?

ચન્દ્રયશને કંઈ સમજણ ન પડી કે આખરે શું થઈ રહ્યું છે ?

**સા.સુવ્રતા** : ધ્યાનથી જુઓ ચન્દ્રયશ ! આ સાધ્વીવેશની પાછળ પણ આપનો અને મારો ગાઢ સંબંધ છે.

ચન્દ્રયશ બહુ ઉંડા ચિંતનમાં પડી ગયા. અને એકાએક એના મોંઢેથી બોલાઈ ગયું..માઁ઼ડડડ..! એણે એકવાર ફરીથી સા.સુવ્રતાની સામે જોયું અને મનમાં નિશ્ચિત થઈ ગયું કે સામે ઉભેલા સાધ્વીજી એની માઁ જ છે. તે હર્ષિત મનથી આંખોમાં આંસુ લઈને સીધા એમના ચરણોમાં પડી ગયા. વર્ષોથી ખોયેલી પોતાની માઁ ને પ્રાપ્ત કરીને એ આનંદવિભોર થઈ ગયા. તથા એમને અહીં યુદ્ધ મૈદાનમાં આવવાનું કારણ પૂછ્યું.

**સા.સુવ્રતા** : તું જેની સાથે યુદ્ધ કરવા જઈ રહ્યો છે તે તારો પોતાનો નાનો ભાઈ છે.

**ચન્દ્રયશ** : શું ? આપ આ શું કહી રહ્યા છો ?

એના પછી સુવ્રતા સાધ્વીજીએ ઘરેથી ભાગવાથી લઈને અત્યાર સુધીની બધી ઘટના કહી સંભળાવી. આ સાંભળીને રાજા ચન્દ્રયશ પોતાની જાતને ધિક્કારવા લાગ્યા કે એક હાથીને લઈને મેં પોતાના નાના ભાઈની સાથે યુદ્ધ કરવાની મોટી ભૂલ કરી. તે પોતાની જાતને રોકી ન શક્યો. અને સીધો પોતાના નાનાભાઈ નમિરાજની છાવણી તરફ દોડ્યો. આ બાજુ ચન્દ્રયશને પોતાની છાવણીની તરફ આવતા જોઈને નમિરાજનું દિલ પણ પીઘળી ગયું. એના પશ્ચાતાપનો પણ કોઈ પાર ન રહ્યો. જોતજોતામાં ચન્દ્રયશ નમિરાજની નજીક આવ્યો અને એને ગળે લગાવ્યો. નમિરાજે પોતાના ભાઈના ચરણોમાં પડીને પોતાના અપરાધની ક્ષમા માંગી. બંને ભાઈઓના મિલનનું દશ્ય બહુ કારુણિક હતું. બંને ભાઈઓને સાથે-સાથે જોવાવાળાઓની આંખોમાં પણ ખુશીના આંસુ હતા.

ઉચિત અવસર જાણીને સા.સુવ્રતાએ બંનેને સંબોધિત કરતાં કહ્યું કે ''હાથી તો માત્ર નિમિત્ત હતું. પરંતુ તમારા યુદ્ધનું વાસ્તવિક કારણ હતું તમારી આંખોની આગળ આવેલા અજ્ઞાનના પડલ. જ્યારે અજ્ઞાનતા દૂર થઈ અને તમને વાસ્તવિકતાનું જ્ઞાન થયું કે તમે બંને ભાઈ છો તો યુદ્ધનું મૈદાન પણ મિલનનું સ્થાન બની ગયું. માટે તમે બંને સદાય આ પ્રયત્નમાં રહેજો કે તમારું અજ્ઞાન મટે. જ્ઞાન પ્રાપ્ત થતાં જ જન્મ-મરણના દુઃખથી છુટકારો મેળવી શકાય છે. સંસારને નિત્ય સમજવું જ અજ્ઞાન છે. જ્ઞાનીપુરુષ અસાર સંસારને ત્યાગીને સંયમ ગ્રહણ કરે છે. અને મોક્ષ પ્રાપ્ત કરે છે.'' સાધ્વી સુવ્રતાના આ નાના ઉપદેશથી રાજા ચન્દ્રયશ પ્રતિબોધિત થઈ ગયા. એણે આગ્રહપૂર્વક સુદર્શનપુરનું રાજ્ય નાનાભાઈ નમિરાજને આપી દીધું અને સ્વયં પંચમુષ્ટિ લોચ કરીને પ્રવર્જિત બનીને મુનિરાજ ચન્દ્રયશ અરણ્યમાં ચાલ્યા ગયા. ત્યાં સંયમ અને તપસ્યાથી આત્માને પવિત્ર બનાવતાં કૈવલ્ય પ્રાપ્ત કરીને મોક્ષ પદને પ્રાપ્ત કર્યું. અહીં મહાસતી સુદર્શનાની સેવામાં મહાસતી મદનરેખા પણ નિર્દોષ ચારિત્રનું પાલન કરતાં કરતાં અંતમાં સર્વ-કર્મોને ખપાવીને મોક્ષ પદને પ્રાપ્ત કર્યું.

મિથિલાપતિ નમિરાજ હવે સુદર્શનપુરના પણ રાજા હતા. બંને રાજ્યોનું શાસન તેઓ કુશલતાપૂર્વક કરી રહ્યા હતા. નમિરાજના રાજ્યમાં પ્રજા સુખી હતી. એમનો વૈભવ અદ્વિતીય હતો સંસારના બધા ભૌતિક સુખોના તેઓ સ્વામી હતા. આ જ ક્રમથી નમિરાજને એક પુત્ર પણ થયો, જેમનું લાલન-પાલન બહુ જ લાડ-પ્યારથી થઈ રહ્યું હતું. મોટાભાઈ ચન્દ્રયશ દ્વારા ચારિત્ર ગ્રહણ કર્યા પછી નમિરાજ પણ એ વિચારી રહ્યા હતા કે જ્યારે મારો પુત્ર યોગ્ય તેમજ સમર્થ થઈ જશે ત્યારે હું પણ સંયમ ગ્રહણ કરીશ. સમય પોતાની ગતિથી ચાલી રહ્યો હતો. નમિરાજના આત્મ-પ્રદેશમાં છુપાયેલા વૈરાગ્ય-બીજને અનુકૂળ જલવાયુની પ્રતિક્ષા હતી. એક દિવસ નમિરાજના પૂર્વકૃત અશુભ કર્મોના ઉદયે તેઓ દાહજ્વરથી પીડિત થઈ ગયા. દાહજ્વરની વેદના બહુ અસહ્ય હોય છે. નમિરાજ

પણ વેદનાથી છટપટાવવા લાગ્યા. મોટા-મોટા વૈદ્યો દ્વારા ચિકિત્સા થઈ, પણ છઃ માસ સુધી રાજાને શાંતિ મળી નહી. અંતમાં એક વૃદ્ધ તેમજ અનુભવી વૈદ્યે નિદાન કર્યું કે જો બાવના ચંદનનો લેપ કરવામાં આવે તો રાજાને શાંતિ મળશે. ચંદનના લેપથી દાહ શીતલ થઈ જશે.

આ વાતની પટરાણીને ખબર પડી તો એમણે સ્વયં ચંદન ઘસીને પતિદેવના શરીર ઉપર એનો લેપ કર્યો, જેથી એમને નિદ્રા આવવા લાગી અને તેઓ સુઈ ગયા. અંતઃપુરમાં જ્યારે આ ખબર પહોંચી કે ચંદનના લેપથી મહારાજને થોડોક લાભ થયો છે અને તેઓ સૂઈ ગયા છે, તો પતિદેવની સેવામાં ભાગ લેવાની દૃષ્ટિથી બધી રાણીઓ એક સાથે ચંદન ઘસવા બેસી ગયા. હાથોમાં બંગડીઓના ખનકવાથી એવી જોરથી અવાજ આવવા લાગી કે નમિરાજની નિદ્રા તૂટી ગઈ. પટરાણીએ નિદ્રા તૂટવાનું કારણ જાણી લીધું અને એમને અંતઃપુરમાં જઈને રાણીઓને કહ્યું "બંગડીઓના અવાજથી મહારાજની ઉંઘ ખૂલી ગઈ છે, માટે આપણે પતિસેવામાં વિવેક રાખવો જોઈએ, પરંતુ આમાં હું એ નથી કહેવા માંગતી કે ચંદન ઘસવાનું બંધ કરવામાં આવે. હું માત્ર એ કહેવા માંગું છું કે હાથમાં માત્ર એક-એક બંગડી રાખીને બાકીની બધી બંગડીઓ ઉતારવામાં આવે, જેથી કામ પણ થઈ શકે અને અવાજ પણ નહી આવે." મહારાણીનું કથન સાંભળીને બધા એમ જ કરવા લાગ્યા. અવાજ બંધ થઈ ગયો.


મહારાજાએ રાણીને પૂછ્યું કે "શું ચંદન ઘસવાનું બધાએ બંધ કરી દીધું ?" આથી પટરાણીએ કહ્યું "નહી પ્રાણનાથ ! ચંદન બરાબર ઘસાય છે. ભલા આપની સેવાથી કોઈ વંચિત રહેવા માંગશે ? હાં, અવાજ બંધ થવાથી આપના દિલમાં જે સવાલ ઉભો થયો છે, તો એનુ કારણ એ છે કે મારી સૂચના મેળવીને બધી રાણીઓએ પોતાના હાથમાં એક-એક બંગડીને રાખીને બાકીની ઉતારી દીધી છે. એકલી બંગડી અવાજ નથી કરી શકતી !" આ સાંભળીને મહારાજાએ કહ્યું - "હાં ઠીક જ કહી રહી છો. એકલી બંગડી અવાજ કેવી રીતે કરશે. ?"

એક બંગડીના નિમિત્તથી એમની આત્મામાં ચિંતનની ધારા વહેવા લાગી. બસ આ બંગડીની જેમ જીવ પણ એકલો આવ્યો છે અને એકલો જ જશે. જો જીવ એકલો રહીને આત્મસાધના કરે. તો એને કોઈ સંઘર્ષ કે અશાંતિની તક પણ નથી મળી શકતી. આવું વિચારીને એમણે મનોમન નિર્ણય લીધો કે જો આજે મારો જ્વર શાંત થઈ જશે તો કાલે હું સંયમ ગ્રહણ કરીશ. અને સાચે જ પ્રતિજ્ઞાના પ્રભાવથી દાહજ્વર શાંત થયો. આ પ્રમાણે અનિત્ય ભાવનાથી વૈરાગ્ય પ્રાપ્ત કરીને પ્રત્યેક બુદ્ધ બનેલા રાજા નમિએ પોતાના પુત્રને રાજ્ય સોંપ્યું, અને તેઓ એજ માર્ગના પથિક બન્યા કે જેની ઉપર ચરમ-શરીર ભવ્ય પ્રાણી ચાલ્યા કરે છે. વિશુદ્ધ સંયમનું પાલન કરતાં કરતાં ધીમે-ધીમે અનેક ભવ્યજીવોને પોતાના સદુપદેશો દ્વારા મોક્ષ-માર્ગના પથિક બનાવતા નમિરાજર્ષિ સિદ્ધ, બુદ્ધ અને અંતમાં મુક્ત થઈ ગયા.

# તત્ત્વજ્ઞાન ૫

## જીવ વિચાર

### જીવના દસ પ્રાણ



# કેટલો સ્વાર્થી છે આ માનવ, વિચારો... માનવ છે કે દાનવ...???



આ ફેશનના યુગમાં માણસને દરેક વસ્તુ સ્ટેન્ડર્ડ જોઈએ છે. સ્ટેન્ડર્ડ બનવાના શોખમાં માણસે મોંઘા રેશમી કપડાનો ઉપયોગ કર્યો. પણ માનવ તું એ કેમ ભૂલી જાય છે કે રેશમનું એક કપડું બનાવવા માટે કેટલા નિર્દોષ જીવોને ઉકળતા પાણીમાં નાખવામાં આવે છે. રેશમની એક સાડીમાં લગભગ ૬૫૦૦૦ જીવોને મારી નાખવામાં આવે છે.

જેવી રીતે માણસ પોતાની સુરક્ષા માટે ઘર બનાવે છે તેવી જ રીતે રેશમના કીડા પણ પોતાના રહેવા માટે પોતાની ચારેબાજુ રેશમના દોરાથી ઘર (ગુત્થી) બનાવે છે. પરંતુ બિચારા એ અજ્ઞાની જીવને શું ખબર છે કે તેનું આ ઘર જ તેને સુરક્ષા આપવાના બદલે તેના વિનાશ માટે નિમિત્ત બનશે. રેશમનો કારોબાર કરવાવાળા કીડા સહિત એ ગૂંથણીને ગરમ પાણીમાં ઉકાળે છે. કેમ કે આ પ્રક્રિયામાં રેશમના તાર તૂટ્યા વગર કીડા થી અલગ થઈ જાય છે પરંતુ આ પ્રક્રિયાથી તે રેશમના કીડા ગરમ પાણીમાં ઉકળી ઉકળીને મરી જાય છે.

વિચાર કરો કે ગરમ પાણીનું એક ટીંપુ પણ આપણા પર પડે તો આપણે સહી શકાતા નથી, આપણા મોઢામાંથી ચીસ પણ નીકળી જાય છે. પણ એ અબોલ પ્રાણી ન તો ચીસ પાડી શકે છે કે ન તો પોતાને બચાવા માટે કાંઈ કરી શકે છે.

તમારો એક રેશમી ઝભ્ભો, કે એક સાડીના નિર્માણમાં હજારો કીડાઓના પ્રાણોની આહૂતિ લેવામાં આવે છે.

આવા અશુચિમય શરીરને ઢાંકવા માટે શું રેશમી કપડું જ જરૂરી છે? જો તમારા હૃદયમાં જરા પણ દયા હોય તો **સંકલ્પ કરો કે, આજ થી રેશમના વસ્ત્રોનો ઉપયોગ નહીં કરીએ !!!**

# જીવ વિચાર

બધા ધર્મોનું મૂળ અહિંસા છે. જે જીવોની રક્ષા કરે છે, ધર્મ એની સદૈવ રક્ષા કરે છે. સાથે જ જીવોની રક્ષા કરવાવાળાના જીવનમાં રોગોત્પત્તિ થતી નથી અને તેઓ સ્વસ્થતાપૂર્વક લાંબુ જીવન જીવે છે. માટે શાસ્ત્રોમાં જયણાને ધર્મની જનની કહેવામાં આવે છે. જો માતા જ ન હોય તો ધર્મનો જન્મ કેવી રીતે હોઈ શકે છે ? માટે જીવનમાં ધર્મની ઉત્પત્તિ તેમજ ધર્મનું પાલન જયણાથી જ થઈ શકે છે. પરંતુ આપણે જયણાનું પાલન ત્યારે જ કરી શકીએ છીએ, જ્યારે આપણને જીવોના પ્રકાર તેમજ એના ઉત્પન્ન થવાના સ્થાનનું સ્પષ્ટપણે જ્ઞાન હશે. માટે આ જીવવિચારમાં આપણે સૌ પ્રથમ સંસારીજીવોના ૫૬૩ ભેદ શીખશું.

જૈનશાસ્ત્રોમાં ઘણી અપેક્ષાઓથી જીવોના અનેક ભેદ કરવામાં આવ્યા છે. મુખ્યત્વે જીવોના બે ભેદ છે. મુક્ત અને સંસારી. મુક્ત જીવના કોઈ ભેદ નથી. સંસારીજીવના પુનઃ બે ભેદ છે. ત્રસ અને સ્થાવર.

- જીવ
  - મુક્ત
  - સંસારી
    - ત્રસ
    - સ્થાવર

**જીવ** : જ્ઞાન, દર્શન, ચારિત્ર જેમના લક્ષણ છે. જેને સુખ, દુઃખનો અનુભવ થાય છે એ જીવ કહેવાય છે. જેમ કે પશુ, પક્ષી, જીવજંતુ, પાણી, અગ્નિ, વનસ્પતિ, મનુષ્ય વગેરે.

**મુક્ત :** જે જીવ આઠ કર્મોનો ક્ષય કરીને મોક્ષમાં ચાલ્યા ગયા છે. જેમના જન્મ, જરા, મૃત્યુનું ચક્કર હંમેશા માટે નાશ થઈ ગયું છે. તથા જે અનંત સુખનો અનુભવ કરે છે, તે જીવ મુક્ત કહેવાય છે.

**સંસારી :** જે જીવોને વારંવાર જન્મ-મરણ કરવું પડે છે, જે ચાર ગતિમાં ભટકતા રહે છે. તે જીવ સંસારી કહેવાય છે.

**સ્થાવર** : સુખ-દુઃખના સંયોગોમાં પણ જે જીવ પોતાની ઈચ્છાનુસાર હલન-ચલન નથી કરી શકતા, તેઓ સ્થાવર કહેવાય છે. જેમ કે પૃથ્વી, પાણી વગેરે. સ્થાવર જીવોને એક માત્ર સ્પર્શેન્દ્રિય (ચામડી) હોવાથી આ જીવ એકેન્દ્રિય કહેવાય છે. સ્થાવર જીવોનાં મુખ્ય પાંચ ભેદ છે.

**૧. પૃથ્વીકાય :** બધા પ્રકારની માટી, પત્થર, મીઠું, સોડા, કોલસા, સોના, ચાંદી, હીરા, રત્ન, પારો, પેટ્રોલ, કેરોસીન, ચૂનો વગેરે.

**૨. અપ્કાય :** તળાવ, કુવો, સમુદ્ર, નદી-નાળા વગેરેનું પાણી, લીલી વનસ્પતિમાં રહેલી ઝાકળની બૂંદો, બરફ, ઓલા, ઘનોદધિ, વરસાદનું પાણી વગેરે.

**૩. તેઉકાય :** બધા પ્રકારની અગ્નિ, ઇલેક્ટ્રીસીટી, અંગારા, વિજળી, ઉલ્કાપાત વગેરે.

**૪. વાઉકાય :** ઉપર નીચે ઉડતો વાયુ, ગોળાકાર ફરતો વાયુ, મોંઢેથી નીકળતો વાયુ, અવાજ કરતો વાયુ, તનવાત, એ.સી., પંખા-કૂલરની હવા, તોફાન, આંધી વગેરે.

**૫. વનસ્પતિકાય :** વનસ્પતિકાયના બે ભેદ છે. પ્રત્યેક વનસ્પતિકાય અને સાધારણ વનસ્પતિકાય.

**૧. પ્રત્યેક વનસ્પતિકાય :** જેના એક શરીરમાં એક જીવ હોય તે, જેમ કે ફળ-ફૂલવગેરે.

**૨. સાધારણ વનસ્પતિકાય :** જેના એક શરીરમાં અનંત જીવ હોય તે. જેમ કે બધા પ્રકારના જમીનકંદ-બટાકા, ડુંગરી, લસણ, લીલી આદુ, પાલક, મૂળાની ભાજી વગેરે.

## પર્યાપ્ત-અપર્યાપ્તાનું વિશેષ સ્વરૂપ

***પર્યાપ્તિ*** : પુદ્ગલોનો સંચય હોવાથી ઉત્પન્ન થયેલી આત્માની શક્તિ વિશેષ. આ પર્યાપ્તિ છઃ પ્રકારની છે.

**૧. આહાર પર્યાપ્તિ :** આહાર ગ્રહણ કરીને એને રસ અને ખલના રૂપમાં પરિવર્તિત કરવાની શક્તિ.

**૨. શરીર પર્યાપ્તિ :** રસ રૂપમાં રહેલા આહારમાંથી સાત ધાતુમય શરીર બનાવવાની શક્તિ.

**૩. ઇન્દ્રિય પર્યાપ્તિ :** સાત ધાતુમાં જે જીવની જેટલી ઇન્દ્રિય કહેલી છે એટલી ઇન્દ્રિય બનાવવાની શક્તિ.

**૪. શ્વાસોચ્છ્વાસ પર્યાપ્તિ :** શ્વાસોચ્છ્વાસ વર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરીને શ્વાસોચ્છ્વાસ રુપમાં પરિણમન કરવાની શક્તિ.

**૫. ભાષા પર્યાપ્તિ :** ભાષા વર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરીને ભાષા રુપમાં પરિણમન કરવાની શક્તિ.

**૬. મન પર્યાપ્તિ :** મનોવર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરીને મન રૂપમાં પરિણમન કરવાની શક્તિ.

***સ્વયોગ્ય પર્યાપ્તિઓ*** :

**એકેન્દ્રિય :** એમને આહાર, શરીર, ઇન્દ્રિય અને શ્વાસોચ્છ્વાસ આ ચાર પર્યાપ્તિઓ હોય છે.

**વિકલેન્દ્રિય (બેઇ.-તેઇ.-ચઉ.) અસંજ્ઞિ પંચેન્દ્રિય** - એમને મન સિવાયની પાંચ પર્યાપ્તિઓ હોય છે.

**સંજ્ઞિ પંચેન્દ્રિય (ગર્ભજ મનુષ્ય, ગર્ભજ તિર્યંચ, દેવ, નારકી)** એમને છઃ પર્યાપ્તિઓ હોય છે.

કોઈપણ જીવ ઓછામાં ઓછી ત્રણ પર્યાપ્તિઓ પૂરી કરીને જ મરે છે. એના સિવાય નહી, પરંતુ આગળની સ્વયોગ્ય પર્યાપ્તિઓ પૂર્ણ કરીને મરે તો જીવ પર્યાપ્ત કહેવાય છે. જો પૂરી કર્યા વિના મરે તો અપર્યાપ્ત કહેવાય છે. જેમકે એકેન્દ્રિય જીવની સ્વયોગ્ય પર્યાપ્તિ ચાર છે. જો એ ચાર પર્યાપ્તિઓ પૂર્ણ કરીને મરે તો પર્યાપ્ત અને ચોથી અધૂરી છોડીને મરે તો અપર્યાપ્ત કહેવાય છે.

### ૪. પૃથ્વીકાયના ચાર ભેદ છે

| | |
|---|---|
| સૂક્ષ્મ પર્યાપ્ત પૃથ્વીકાય | સૂક્ષ્મ અપર્યાપ્ત પૃથ્વીકાય |
| બાદર પર્યાપ્ત પૃથ્વીકાય | બાદર અપર્યાપ્ત પૃથ્વીકાય |

**સૂક્ષ્મ :** જે જીવ ચર્મચક્ષુથી દેખાય નહી તથા જેમને છેદી, ભેદી કે જલાવી ન શકાય.

**બાદર :** ચર્મચક્ષુથી જે દેખી શકાય, એવા સ્થૂળ શરીરધારી જીવ.


**પર્યાપ્ત :** જે જીવ સ્વયોગ્ય પર્યાપ્તિઓ પૂર્ણ કરીને મરે છે તે.

**અપર્યાપ્ત :** જે જીવ સ્વયોગ્ય પર્યાપ્તિઓ પૂર્ણ કર્યા વગર મરે છે તે.

જેમ પૃથ્વીકાયના ચાર ભેદ બતાવ્યા છે તેમ જ અપ્કાય, તેઉકાય, વાઉકાય અને સાધારણ વનસ્પતિકાયના પણ ૪-૪ ભેદ હોય છે. ૫ x ૪ = ૨૦ ભેદ

અને પ્રત્યેક વનસ્પતિકાયના બાદર પર્યાપ્ત પ્રત્યેક વનસ્પતિ અને બાદર અપર્યાપ્ત પ્રત્યેક વનસ્પતિકાય આ બે ભેદ જ છે.

**સ્થાવર = (૨૨ ભેદ)**




| | | |
|---|---|---|
| કુલ મળીને પૃથ્વીકાયના | - | ૪ |
| અપ્કાયના | - | ૪ |
| તેઉકાયના | - | ૪ |
| વાઉકાયના | - | ૪ |
| સા:વનસ્પતિના | - | ૪ |
| પ્ર.વનસ્પતિના | - | ૨ |
| કુલ | = | ૨૨ ભેદ સ્થાવર (એકેન્દ્રિય)ના થયા. |

**ત્રસ** : સુખ દુઃખના સંયોગોમાં જે જીવ પોતાની ઈચ્છાનુસાર હલન-ચલન કરે છે, તે ત્રસ કહેવાય છે. જેમકે કીડી, મનુષ્ય વગેરે. ત્રસ જીવના ચાર ભેદ છે. બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય અને પંચેન્દ્રિય.

**બેઈન્દ્રિય :** એને સ્પર્શ અને રસ આ બે ઇન્દ્રિયો હોય છે. જેમ કે શંખ, અળસીયા, લટ, જોંક, ચંદનક, ભૂનાગ, કૃમિ, પોરા, અભક્ષ્ય વસ્તુઓમાં ઉત્પન્ન થવાવાળા જીવ વગેરે.

**તેઈન્દ્રિય :** એમને સ્પર્શ, રસ અને ઘ્રાણ આ ત્રણ ઇન્દ્રિયો હોય છે. જૂ, કીડી, ઇયળ (ધાનમાં ઉત્પન્ન થવાવાળા જીવ), કાનખજૂરા, ઉધઈ, છાણના, કીડા વગેરે.

**ચઉરિન્દ્રિય :** એમને સ્પર્શ, રસ, ઘ્રાણ તેમજ ચક્ષુ આ ચાર ઇન્દ્રિયો હોય છે. વીંછી, ભમરા, મચ્છર, ડાંસ, માખી, મકોડા, વાંદા વગેરે.

આ ત્રણેય ને વિકલેન્દ્રિય પણ કહેવાય છે. એના પર્યાપ્ત તેમજ અપર્યાપ્ત આ બે ભેદ છે.

| | |
|---|---|
| પર્યાપ્ત બેઇન્દ્રિય અને અપર્યાપ્ત બેઇન્દ્રિય | ૨ |
| પર્યાપ્ત તેઇન્દ્રિય અને અપર્યાપ્ત તેઇન્દ્રિય | ૨ |
| પર્યાપ્ત ચઉરિન્દ્રિય અને અપર્યાપ્ત ચઉરિન્દ્રિય | ૨ |
| આ પ્રમાણે વિકલેન્દ્રિયના કુલ ભેદ | ૬ |

**ત્રસ**

- બેઇન્દ્રિય (૨)
  - પર્યાપ્ત
  - અપર્યાપ્ત
- તેઇન્દ્રિય (૨)
  - પર્યાપ્ત
  - અપર્યાપ્ત
- ચઉરિન્દ્રિય (૨)
  - પર્યાપ્ત
  - અપર્યાપ્ત
- પંચેન્દ્રિય


**પંચેન્દ્રિય :** એમને સ્પર્શ, રસ, ઘ્રાણ, ચક્ષુ અને શ્રોત્ર આ પાંચ ઇન્દ્રિય હોય છે. પંચેન્દ્રિયના નરક, તિર્યંચ, મનુષ્ય, દેવ વગેરે ચાર ભેદ હોય છે.

**નરક :** આ પાપ ભોગવવાનું સ્થાન છે. સાત નરક પૃથ્વી હોવાથી નરકના સાત પ્રકાર છે. સાત નરકોના પર્યાપ્ત તેમજ અપર્યાપ્ત બે-બે ભેદ હોવાથી કુલ ૭ x ૨ = ૧૪ ભેદ છે.

| | |
|---|---|
| રત્નપ્રભા પર્યાપ્ત, અપર્યાપ્ત - | ૨ |
| શર્કરાપ્રભા પર્યાપ્ત, અપર્યાપ્ત - | ૨ |
| વાલુકાપ્રભા પર્યાપ્ત, અપર્યાપ્ત - | ૨ |
| પંકપ્રભા પર્યાપ્ત, અપર્યાપ્ત - | ૨ |
| ધૂમપ્રભા પર્યાપ્ત, અપર્યાપ્ત - | ૨ |
| તમઃ પ્રભા પર્યાપ્ત, અપર્યાપ્ત - | ૨ |
| તમસ્તમઃ પ્રભા પર્યાપ્ત, અપર્યાપ્ત - | ૨ |
| આ પ્રમાણે કુલ | ૧૪ ભેદ થાય છે. |



આહાર પર્યાપ્તિ
શરીર પર્યાપ્તિ
ઈન્દ્રિય પર્યાપ્તિ
શ્વાસોચ્છવાસ પર્યાપ્તિ
ભાષા પર્યાપ્તિ
મનઃ પર્યાપ્તિ
ખાર
પત્થર
લાલ મિટ્ટી
પૃથ્વીકાય
કાલી મિટ્ટી
સ્વર્ણ
ચાંદી
રત્ન
ઓસ
નદી
સરોવર
કરા
બર્ફ
અપ્કાય
હરિતણું
ભોમ
વીજળી
તેઉકાય
વિજ્જુ
મીણબત્તી
કાષ્ટ અગ્નિ
કોયલા અગ્નિ
અર્ગન
ઉદ્ભ્રામક
ઘનવાત
વાયુકાય
વાયુ
ઉત્કાલિક
ચક્રાકાર
ધાન
બીજ
ફૂલ
ફલ
સબ્જી
પત્તે
પ્રત્યેક વનસ્પતિ કે ૨ ભેદ
ફલ
છાલ
કાષ્ટ
મૂલ
ફલ
મૂલી
ગાજર
બટાટા
લસુન
કાંદા
સાકરીયા
નિગોદ
કાઈ-શેવાલ
સાધારણ વનસ્પતતિ કે ૪ ભેદ


બેઇન્દ્રિય
તેઇન્દ્રિય
ચઉરિન્દ્રિય
કૃમિ
શંખ
છીપલું
કોડી
જળો
ચંદનક
ધુન
અળસીયું
માંકડ
મંકોડા
જૂં
કીડીઓ
ગોકળ ગાય
ઈયળ
વીંછી
તીડ
ભમરો
માખી
પતંગીયું
પંચેન્દ્રિય જલચર
પંચેન્દ્રિય સ્થલચર
દેડકો
વ્હેલ માછલી
કાચબો
ઓક્ટોપસ
માછલી
મગર
હાથી
જિરાફ
ગાય
કૂતરો
પંચેન્દ્રિય ભુજપરિસર્પ
પંચેન્દ્રિય ઉરપરિસર્પ
વાંદરો
નોળીયો
ગરોળી
અજગર
સાપ
પોપટ
તીતર
સમદ્ગક પક્ષી
ચામાચિડીયું
ચકલી
મરઘો
મોર
પંચેન્દ્રિય ખેચર

**તિર્યંચ** : પંચેન્દ્રિય તિર્યંચના ત્રણ પ્રકાર છે.
જળચર, સ્થલચર અને ખેચર

**જલચર** : એટલે કે જળમાં રહેનારા જીવો.
જેમકે માછલી, મગરમચ્છ વગેરે.

**સ્થલચર** : ભૂમિ ઉપર રહેનારા જીવો.
સ્થલચરના પુનઃ ત્રણ પ્રકાર છે.

તિર્યંચ (૨૦)
- જલચર (૪)
- સ્થલચર
  - ચતુષ્પદ (૪)
  - ભૂજ-પરિસર્પ (૪)
  - ઉર-પરિસર્પ (૪)
- ખેચર (૪)

a. **ચતુષ્પદ** : ભૂમિ ઉપર ચાર પગેથી ચાલનારા જીવો. જેમ કે હાથી, ઘોડા, ગાય વગેરે.

b. **ભુજ-પરિસર્પ** : ભૂમિ ઉપર ભુજાઓના સહારે ચાલનારા જીવો. જેમ કે બંદર, નોળીયા વગેરે.

c. **ઉર-પરિસર્પ** : ભૂમિ ઉપર પેટના સહારે આળોટનારા જીવો. જેમ કે સાંપ, અજગર વગેરે.

**ખેચર** : આકાશમાં ઉડનારા જીવો. જેમકે પોપટ, કોયલ, ચકલી વગેરે.

આ બધાના સમૂચ્છિંમ પર્યાપ્ત-અપર્યાપ્ત તેમજ ગર્ભજ પર્યાપ્ત - અપર્યાપ્ત આ ચાર ભેદ હોય છે. જેમકે જલચર તિર્યંચના ચાર ભેદ -

| | |
|---|---|
| સમૂચ્છિંમ પર્યાપ્ત જલચર તિર્યંચ | સમૂચ્છિંમ અપર્યાપ્ત જલચર તિર્યંચ |
| ગર્ભજ પર્યાપ્ત જલચર તિર્યંચ | ગર્ભજ અપર્યાપ્ત જલચર તિર્યંચ |

જે પ્રમાણે જલચર તિર્યંચના ભેદ કરવામાં આવ્યા છે તે પ્રમાણે ચતુષ્પદ સ્થલચર, ભુજપરિસર્પ, સ્થલચર, ઉરપરિસર્પ, સ્થલચર તેમજ ખેચર આ બધાના ૪-૪ ભેદ હોય છે.

| | | |
|---|---|---|
| જલચર પંચેન્દ્રિય તિર્યંચના | - | ૪ ભેદ |
| ચતુષ્પદ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચના | - | ૪ ભેદ |
| ભુજ-પરિસર્પ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચના | - | ૪ ભેદ |
| ઉર - પરિસર્પ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચના | - | ૪ ભેદ |
| ખેચર પંચેન્દ્રિય તિર્યંચના | - | ૪ ભેદ |
| કુલ | = | ૨૦ ભેદ |

આ પ્રમાણે તિર્યંચ પંચેન્દ્રિયના કુલ ૨૦ ભેદ થયા.

**સમૂચ્છિંમ** : માતા-પિતાના સંયોગ વગર જ પોતાની મેળે ઉત્પન્ન થવાવાળા જીવ સમૂચ્છિંમ કહેવાય છે. મન નહી હોવાથી આ અસંજ્ઞિ પણ કહેવાય છે. એકેન્દ્રિયથી ચઉરિન્દ્રિય સુધીના બધા જીવ સમૂચ્છિંમ જ હોય છે. પંચેન્દ્રિય જીવ ભેદમાં તિર્યંચ તેમજ મનુષ્ય સમૂચ્છિંમ અને ગર્ભજ બંને પ્રકારના હોય છે.

**ગર્ભજ** : માતા-પિતાના સંયોગથી જે જીવ ગર્ભમાં પોષાઈને જ જન્મ લે છે. તે ગર્ભજ કહેવાય છે.

**મનુષ્ય** : મનુષ્યના ભેદ એમની આકૃતિના આધારે ન કરીને એના રહેવાના ક્ષેત્રના આધારે કર્યા છે અઢી દ્વીપની ૧૫ કર્મભૂમિ, ૩૦ અકર્મભૂમિ તેમજ ૫૬ અન્તર્દ્વીપમાં મનુષ્ય રહે છે. એમ

મનુષ્ય ના રહેવાના ૧૦૧ ક્ષેત્ર હોવાથી મનુષ્યના પણ ૧૦૧ ભેદ હોય છે. મનુષ્યમાં સમૂર્ચ્છિમ પર્યાપ્તના ભેદ નથી હોતા, કેમકે બધા સમૂર્ચ્છિમ મનુષ્ય અપર્યાપ્ત જ હોય છે. આથી જ મનુષ્યના સમૂર્ચ્છિમ અપર્યાપ્ત, ગર્ભજ પર્યાપ્ત અને ગર્ભજ અપર્યાપ્ત આ પ્રમાણે પ્રત્યેકના ૩-૩ ભેદ છે. એટલે કે ૧૦૧ x ૩ = ૩૦૩ ભેદ થયા.

**કર્મભૂમિ :-**

જંબૂદ્વીપ ભરતક્ષેત્ર સમૂર્ચ્છિમ અપર્યાપ્ત મનુષ્ય

જંબૂદ્વીપ ભરતક્ષેત્ર ગર્ભજ અપર્યાપ્ત મનુષ્ય

જંબૂદ્વીપ ભરતક્ષેત્ર ગર્ભજ પર્યાપ્ત મનુષ્ય

આ જંબૂદ્વીપના ભરત ક્ષેત્રમાં રહેલી કર્મભૂમિના ૩ ભેદ બતાવ્યા. આ પ્રમાણે અઢી દ્વીપની ૧૫ કર્મભૂમિના ૩-૩ ભેદ કરવાથી કુલ ૧૫ x ૩ = ૪૫ ભેદ થયા.

**અકર્મભૂમિ :**

જંબૂદ્વીપ હિમવંત ક્ષેત્ર સમૂર્ચ્છિમ અપર્યાપ્ત મનુષ્ય

જંબૂદ્વીપ હિમવંત ક્ષેત્ર ગર્ભજ અપર્યાપ્ત મનુષ્ય

જંબૂદ્વીપ હિમવંત ક્ષેત્ર ગર્ભજ પર્યાપ્ત મનુષ્ય

આ પ્રમાણે અઢી દ્વીપની ૩૦ અકર્મ ભૂમિના ૩-૩ ભેદ મળીને કુલ ૩૦ x ૩ = ૯૦ ભેદ થયા.

**અન્તર્દ્વીપ -**

અન્તર્દ્વીપ સમૂર્ચ્છિમ અપર્યાપ્ત મનુષ્ય

અન્તર્દ્વીપ ગર્ભજ અપર્યાપ્ત મનુષ્ય

અન્તર્દ્વીપ ગર્ભજ પર્યાપ્ત મનુષ્ય

અન્તર્દ્વીપના ૩-૩ ભેદ મળીને કુલ ૫૬ x ૩ = ૧૬૮ ભેદ થયા.

આ પ્રમાણે મનુષ્યના કુલ ભેદ -

| | | |
|---|---|---|
| કર્મભૂમિના | - | ૪૫ |
| અકર્મભૂમિના | - | ૯૦ |
| અન્તર્દ્વીપના | - | ૧૬૮ |
| કુલ | | ૩૦૩ ભેદ થયા |

**દેવ** : પુણ્યશાળી જીવ મરીને દેવલોકમાં જાય છે. દેવોના મુખ્યત્વે ૪ ભેદ છે. ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ, વૈમાનિક (જેનું વિસ્તૃત વિવરણ જૈનિજ્મ કોર્સના બીજા ખંડમાં બતાવવામાં આવ્યું છે.)

**ભવનપતિ :** ભવનોમાં રહેવાને કારણે આ દેવ ભવનપતિ કહેવાય છે. એમના ૧૦ પ્રકાર છે. એના અંતર્ગત પરમાધામી દેવ પણ આવે છે. પરમ અધાર્મિક હોવાને કારણે એ પરમાધામી

કહેવાય છે. એ નરકના જીવોને અત્યંત દુ:ખ આપે છે. આ પરમાધામીના ૧૫ પ્રકાર છે. આ પ્રમાણે ભવનપતિ નિકાયના કુલ ૨૫ પ્રકાર થયા. આ દેવોના પર્યાપ્ત તેમજ અપર્યાપ્ત આ બે-બે ભેદ હોવાથી કુલ ૨૫ x ૨ = ૫૦ ભેદ થયા.

**વ્યંતર :** વ્યંતર દેવોમાં ૮ વ્યંતર, ૮ વાણવ્યંતર તેમજ ૧૦ પ્રકારના તિર્યક્ જૃંભક દેવોનો સમાવેશ થાય છે. આ પ્રમાણે વ્યંતર નિકાયના ૨૬ ભેદ થયા. તિર્યક્ જૃંભક દેવ પરમાત્માના ચ્યવન, જન્મ, દીક્ષા વગેરે કલ્યાણકના સમયમાં ધન, ધાન્ય વગેરેથી ભંડાર ભરી લે છે. એ વૈતાઢ્ય પર્વત ઉપર રહે છે. આ દેવોના પર્યાપ્ત અને અપર્યાપ્ત આ બે ભેદ હોવાથી કુલ ૨૬ x ૨ = ૫૨ ભેદ થયા.

**જ્યોતિષ :** આ દેવ તિર્ચ્છાલોકમાં રહે છે. અઢીદ્વીપમાં સૂર્ય, ચન્દ્ર, ગ્રહ, નક્ષત્ર, તારા આ પાંચેયના વિમાન મેરુપર્વતની પરિક્રમા કરે છે. માટે આ પાંચેય ચરજ્યોતિષ કહેવાય છે. માટે એમના પાંચ ભેદ થયા. અઢીદ્વીપની બહાર રહેલા સૂર્ય, ચન્દ્ર, ગ્રહ, નક્ષત્ર અને તારા આ પાંચેયના વિમાન એક જ જગ્યાએ સ્થિર છે. માટે અઢી દ્વીપની બહાર રહેલા આ પાંચેય અચર જ્યોતિષ કહેવાય છે. આથી એમના પણ પાંચ પ્રકાર થયા. આ પ્રમાણે જ્યોતિષ દેવના કુલ ૧૦ ભેદ થયા. અને એમના પણ પર્યાપ્ત અને અપર્યાપ્ત આ બે ભેદ હોવાથી ૧૦ x ૨ = ૨૦ ભેદ થયા.


**વૈમાનિક :** આ ઉર્ધ્વલોક વાસી દેવ છે. એમાં ૧૨ વૈમાનિક, ૫ અનુત્તર, ૯ ગ્રૈવેયક, ૯ લોકાંતિક અને ૩ કિલ્બિષિક દેવ આવે છે. એમના કુલ મળીને ૩૮ ભેદ હોય છે. એમના પણ પર્યાપ્ત અને અપર્યાપ્ત આ બે ભેદ હોવાથી કુલ ૩૮ x ૨ = ૭૬ ભેદ થયા.

**આ પ્રમાણે દેવના કુલ ભેદ**

| | | |
|---|---|---|
| ભવનપતિ નિકાયના | - | ૫૦ ભેદ |
| વ્યંતર નિકાયના | - | ૫૨ ભેદ |
| જ્યોતિષ નિકાયના | - | ૨૦ ભેદ |
| વૈમાનિક નિકાયના | - | ૭૬ ભેદ |
| કુલ | = | ૧૯૮ ભેદ થયા |
| આ પ્રમાણે એકેન્દ્રિયના | - | ૨૨ ભેદ |
| વિકલેન્દ્રિયના | - | ૬ ભેદ |
| નરકના | - | ૧૪ ભેદ |
| તિર્યંચના | - | ૨૦ ભેદ |
| મનુષ્યના | - | ૩૦૩ ભેદ |
| દેવના | - | ૧૯૮ ભેદ |
| કુલ | = | ૫૬૩ ભેદ |

થયા. એમને નીચેના ચાર્ટ દ્વારા સમજી શકીએ છીએ.

# જીવોના ૫૬૩ ભેદનો ચાર્ટ



**પલ્યોપમ :** ૧ યોજન લાંબો, પહોળો તેમજ ઉંડો એક કુવાને સાત દિવસની ઉંમરના યુગલિકના એક-એક વાળના અસંખ્ય ટુકડાઓથી એવી રીતે ઠાંસીઠાંસીને ભરવામાં આવે કે એના ઉપરથી ચક્વર્તીની વિશાળ સેના પણ નીકળી જાય તો પણ એના ઠાંસપણાને લગાર માત્ર ફરક ન આવે. એમાંથી સો-સો વર્ષના આંતરે વાળનો એક-એક ટુકડો કાઢવામાં આવે અને જ્યારે એ કુવો પૂરો ખાલી થાય ત્યાં સુધી જેટલી અવધિ લાગે એ અવધિને સૂક્ષ્મ અદ્ધાપલ્યોપમ કહે છે.

૧ પલ્યોપમ = અસંખ્ય વર્ષ, ૧૦ કોડા-કોડી પલ્યોપમ = ૧ સાગરોપમ.

૧૦ કોડા કોડી સાગરોપમ = ૧ અવસર્પિણી અથવા ૧ ઉત્સર્પિણી.

અવસર્પિણી + ઉત્સર્પિણી = ૧ કાલચક્ર, અનંત કાલચક્ર = પુદ્ગલ પરાવર્ત.

હવે આ જીવોના શરીરની ઉંચાઈ, આયુષ્ય, સ્વકાય સ્થિતિ, પ્રાણ તેમજ યોનિ આ પાંચેય દ્વારોને જોઈએ.

## પહેલો અને બીજો દ્વાર : જીવોની અવગાહના (શરીરપ્રમાણ) અને આયુષ્ય

| જીવ | ઉત્કૃષ્ટ અવગાહના (ઉંચાઈ) | ઉત્કૃષ્ટ આયુષ્ય |
|---|---|---|
| પૃથ્વીકાય | અંગુલનો અસંખ્યાતમો ભાગ | ૨૨,૦૦૦ વર્ષ |
| અપ્કાય | અંગુલનો અસંખ્યાતમો ભાગ | ૭,૦૦૦ વર્ષ |
| તેઉકાય | અંગુલનો અસંખ્યાતમો ભાગ | ૩ અહોરાત્રી |
| વાઉકાય | અંગુલનો અસંખ્યાતમો ભાગ | ૩,૦૦૦ વર્ષ |
| પ્રત્યેક વન. | સાધિક ૧,૦૦૦ યોજન | ૧૦,૦૦૦ વર્ષ |
| સાધા.વન. | અંગુલનો અસંખ્યાતમો ભાગ | અંતર્મુહૂર્ત |
| બેઇન્દ્રિય | ૧૨ યોજન | ૧૨ વર્ષ |
| તેઇન્દ્રિય | ૩ કોસ | ૪૯ દિવસ |
| ચઉરિન્દ્રિય | ૧ યોજન | ૬ માસ |

| તિર્યંચ પંચેન્દ્રિય | ગર્ભજ શરીરની ઉંચાઈ | આયુષ્ય | સમૂર્ચ્છિમ શરીરની ઉંચાઈ |
|---|---|---|---|
| જલચર | ૧,૦૦૦ યોજન | ક્રોડ પૂર્વ વર્ષ | ૧,૦૦૦ યોજન |
| ઉર-પરિસર્પ | ૧,૦૦૦ યોજન | ક્રોડ પૂર્વ વર્ષ | ૨-૯ યોજન |
| ભુજ-પરિસર્પ | ૨-૯ કોસ | ક્રોડ પૂર્વ વર્ષ | ૨-૯ યોજન |
| ચતુષ્પદ | ૬ કોસ | ૩ પલ્યોપમ | ૨-૯ કોસ |
| ખેચર | ૨-૯ ધનુષ્ય | પલ્ય.નો અસંખ્યાતમો ભાગ | ૨-૯ ધનુષ્ય |

૮૪ લાખ વર્ષ x ૮૪ લાખ વર્ષ = ૭,૦૫,૬૦,૦૦,૦૦,૦૦,૦૦૦ વર્ષનું એક પૂર્વ હોય છે. આવા એક ક્રોડ પૂર્વને પૂર્વ ક્રોડ વર્ષ કહેવામાં આવે છે. પ્રત્યેક વનસ્પતિકાયમાં કમલની નાલ ૧,૦૦૦ યોજન પાણીની અંદર હોય છે અને ફૂલની પાંખડીઓ થોડીક ઉપર હોવાને કારણે વન.ની ઉંચાઈ સાધિક કહેવામાં આવી છે. મનુષ્ય લોકની બહાર શંખ વગેરે બેઇન્દ્રિય ૧૨ યોજનના, કાનખજૂરા વગેરે તેઇન્દ્રિય ૩ કોસના, ભમરા વગેરે ચઉરિન્દ્રિય ૧ યોજનના હોય છે. તિર્યંચ પંચેન્દ્રિયમાં ઉત્કૃષ્ટ માપવાળા મત્સ્ય સ્વયંભૂરમણ સમુદ્રમાં, સાંપ-ગરોળી-પક્ષી વગેરે અઢીદ્વીપની બહાર તથા હાથી વગેરે દેવકુરુ-ઉત્તરકુરુમાં હોય છે.

| નારકી | શરીર-ધનુષ્ય અંગુલ | ઉત્કૃષ્ટ આયુષ્ય | જઘન્ય આયુ |
|---|---|---|---|
| ૧ | ૭$^{3}/_{4}$ ધનુષ્ય ૬ અંગુલ | ૧ સાગરોપમ | ૧૦,૦૦૦ વર્ષ |
| ૨ | ૧૫$^{1}/_{2}$ ધનુષ્ય ૧૨ અંગુલ | ૩ સાગરોપમ | ૧ સાગ. |
| ૩ | ૩૧$^{1}/_{4}$ ધનુષ્ય | ૭ સાગરોપમ | ૩ સાગ. |
| ૪ | ૬૨$^{1}/_{2}$ ધનુષ્ય | ૧૦ સાગરોપમ | ૭ સાગ. |
| ૫ | ૧૨૫ ધનુષ્ય | ૧૭ સાગરોપમ | ૧૦ સાગ. |
| ૬ | ૨૫૦ ધનુષ્ય | ૨૨ સાગરોપમ | ૧૭ સાગ. |
| ૭ | ૫૦૦ ધનુષ્ય | ૩૩ સાગરોપમ | ૧૨ સાગ. |

| દેવ | શરીરની ઉંચાઈ |
|---|---|
| વૈમાનિક ૧-૨ | ૭ હાથ |
| વૈમાનિક ૩-૪ | ૬ હાથ |
| વૈમાનિક ૫-૬ | ૫ હાથ |
| વૈમાનિક ૭-૮ | ૪ હાથ |
| વૈમાનિક ૯ સે ૧૨ | ૩ હાથ |
| ૯ ગ્રૈવયેક | ૨ હાથ |
| ૫ અનુત્તર | ૧ હાથ |

દેવોનું જઘન્ય આયુષ્ય ૧૦,૦૦૦ વર્ષ અને ઉત્કૃષ્ટ આયુષ્ય ૩૩ સાગરોપમ છે. મનુષ્યના શરીરની ઉત્કૃષ્ટ ઉંચાઈ ૩ કોસ અને જઘન્ય ઉંચાઈ અંગુલનો અસંખ્યાતમો ભાગ છે. મનુષ્યનો ઉત્કૃષ્ટ આયુષ્ય ૩ પલ્યોપમ અને જઘન્ય આયુષ્ય અંતર્મુહૂર્તનો છે.

## ત્રીજો દ્વાર : સ્વકાય સ્થિતિ દ્વાર

કોઈપણ જીવ વારંવાર સ્વજાતિમાં વધારેમાં વધારે કેટલીવાર ઉત્પન્ન થઈ શકે છે ? એની વિચારણા :

પૃથ્વી. અપ્. તેઉ. વાઉ. પ્ર.વનસ્પતિ - આ એકેન્દ્રિય જીવોની સ્વકાય-સ્થિતિ અસંખ્ય કાલચક્ર છે. સાધારણ વનસ્પતિકાયની સ્વકાય સ્થિતિ અનંત કાલચક્ર છે.

બેઈ. તેઈ. ચઉ. (વિકલેન્દ્રિય) જીવોની સ્વકાય સ્થિતિ - સંખ્યાત વર્ષ છે.

નરક તથા દેવની સ્વકાય સ્થિતિ નથી હોતી. કેમકે નરકના જીવ મરીને નરકમાં નથી જતા. અથવા દેવ મરીને દેવ નથી બની શકતા. માટે વારંવાર સ્વજાતિમાં જન્મ લેવાનો પ્રસંગ જ નથી આવતો.

પંચેન્દ્રિય તિર્યંચ તથા મનુષ્યની સ્વકાય-સ્થિતિ ૭ અથવા ૮ ભવ છે. (૭ વાર સળંગ સામાન્ય મનુષ્યનો ભવ તથા આઠમીવાર યુગલિકનો જ ભવ હોય છે.)

## ચોથું દ્વાર : પ્રાણ દ્વાર

પ્રાણ ૧૦ પ્રકારના હોય છે.

| | | |
|---|---|---|
| ૫ ઇન્દ્રિય | = | ૫ (ઇન્દ્રિય-ચામડી, જીભ, નાક, આંખ, કાન) |
| ૩ બલ | = | ૩ (મન બલ, વચન બળ, કાયાબલ) |
| શ્વાસોચ્છ્વાસ | = | ૧ |
| આયુષ્ય | = | ૧ |
| કુલ | = | ૧૦ પ્રાણ |

**પ્ર. કયા જીવને કેટલા પ્રાણ હોય છે.**

ઉ. એકેન્દ્રિયને ૪ પ્રાણ હોય છે. ૧ ઇન્દ્રિય (ચામડી), કાયબલ, શ્વાસોચ્છ્વાસ તથા આયુષ્ય.

| | | |
|---|---|---|
| બેઇન્દ્રિયને ઉપરોક્ત ૪ પ્રાણ + જીભ + વચનબલ | = | ૬ પ્રાણ |
| તેઇન્દ્રિયને ઉપરોક્ત ૬ પ્રાણ + નાક | = | ૭ પ્રાણ |
| ચઉરિન્દ્રિયને ઉપરોક્ત ૭ પ્રાણ + આંખ | = | ૮ પ્રાણ |
| અસંજ્ઞિ સમૂર્ચ્છિમ પંચેન્દ્રિયને ઉપરોક્ત ૮ પ્રાણ + કાન | = | ૯ પ્રાણ |
| સંજ્ઞિ પંચેન્દ્રિયને ઉપરોક્ત ૯ પ્રાણ + મન | = | ૧૦ પ્રાણ |

## પાંચમું દ્વાર : યોનિ દ્વાર

જીવોની ઉત્પત્તિ સ્થાનને યોનિ કહે છે. યોનિઓ ૮૪ લાખ છે. આ ૮૪ લાખ યોનિમાં સમાન વર્ણ-ગંધ-રસ-સ્પર્શ સંસ્થાનવાળા જીવોની એક જ યોનિ ગણવામાં આવી છે. એમાં પણ જો અલગ-અલગ ગણવામાં આવે તો અસંખ્ય યોનિઓ બની જશે.

**૮૪ લાખ યોનિઓ આ પ્રમાણે છે.**

| | |
|---|---|
| ૭ | લાખ પૃથ્વીકાય |
| ૭ | લાખ અપ્‌કાય (પાણી) |
| ૭ | લાખ તેઉકાય (અગ્નિ) |
| ૭ | લાખ વાઉકાય (વાયુ) |
| ૧૦ | લાખ પ્રત્યેક વનસ્પતિકાય |
| ૧૪ | લાખ સાધારણ વનસ્પતિકાય |
| ૨ | લાખ બેઇન્દ્રિય |
| ૨ | લાખ તેઇન્દ્રિય |
| ૨ | લાખ ચઉરિન્દ્રિય |
| ૪ | લાખ દેવતા |
| ૪ | લાખ નારકી |
| ૪ | લાખ તિર્યંચ પંચેન્દ્રિય |
| ૧૪ | લાખ મનુષ્ય |
| ૮૪ | લાખ યોનિ |

**હે પ્રભુ,**

**જીવનમાં ઘણાં સુખો નથી મળ્યા એ બદલ મારા મનમાં કોઈ ગ્લાનિ પણ નથી તો એ અંગેની મારી જીભે કોઈ ફરિયાદ પણ નથી. હું તો આશ્ચર્યચકિત પણ છું અને આનંદિત પણ છું કે મારા જીવનમાં આટલાં જ દુ:ખો કેમ આવ્યા છે ?**

જે રીતે આપણે પૈસાને સંભાળીને ઉપયોગમાં લઈએ છીએ, જેટલા જોઈએ તેટલા પ્રમાણમાં વ્યય કરીએ છીએ તો એ પૈસાની સંભાળ (જયણા) કરી એમ કહેવાય છે. એજ રીતે આપણે સ્થાવર જીવોની પણ જયણા કરવી જોઈએ.

હરતાં-ફરતાં જીવોની રક્ષા કરવાનું તો બધા ધર્મોમાં કહેવામાં આવ્યું છે, પરંતુ જૈન ધર્મનું જીવ-વિજ્ઞાન અલૌકિક છે. એના પ્રરુપક કેવલજ્ઞાની-વીતરાગ પ્રભુ છે. એમણે મનુષ્યમાં જેવો આત્મા છે તેવો જ આત્મા પશુ, પક્ષી, માખી, કીડી, મચ્છર, પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિ વગેરે ૫૬૩ જીવ ભેદોમાં બતાવ્યો છે.

## મનુષ્યથી લઈને વનસ્પતિ વગેરે એકેન્દ્રિયમાં આત્મતત્વની સિદ્ધિ

૧. મૃતશરીરની જેમ કોમામાં પણ શરીર ચેષ્ટા રહિત હોય છે. છતાં પણ એ શરીરમાં આત્મા હોવાથી ઈંજેક્શન વગેરે બધુ લાગે છે. પણ મનુષ્ય શરીરથી આત્મા નીકળી જાય ત્યારે, એને ગ્લુકોજની બોટલ, ઈંજેક્શન કે ઓક્સિજન વગેરે નથી ચઢતા. માટે આત્મા છે એ સિદ્ધ થાય છે.

૨. જ્યાં સુધી પશુ, પક્ષી, કીડી, મકોડા, મચ્છર વગેરેમાં આત્મા હોય છે ત્યાં સુધી તેઓ હલનચલન, ખાવાની કે ડંખવાની વગેરેની ક્રિયા કરતાં જોઈ શકાય છે.

૩. (અ) **પૃથ્વી :** પત્થર અને ધાતુઓની ખાણમાં જે વૃદ્ધિ થાય છે, તે જીવ વિના અસંભવ છે.
   (આ) **પાણી :** કુવા વગેરેમાં પાણી તાજુ રહે છે અને નવું-નવું આવતું રહે છે જેથી પાણીમાં જીવની સિદ્ધિ થાય છે.
   (ઈ) **અગ્નિ :** તેલ, હવા, લાકડી વગેરે આહારથી અગ્નિ જીવંત રહે છે, અન્યથા બુઝાઈ જાય છે. આનાથી અગ્નિમાં જીવની સિદ્ધિ થાય છે.
   (ઈ) **વનસ્પતિ :** જીવ હોય ત્યાં સુધી શાક, ફળ વગેરેમાં તાજાપણું દેખાય છે.

**યાદ રાખો :** પૃથ્વી, પાણી વગેરેમાં જે જીવ છે તે તમારા જેવા જ છે. જો તમે આ જીવોની જયણા નહી પાળો તો તમારે પણ પૃથ્વી, પાણી વગેરે એકેન્દ્રિયના ભવમાં જન્મ લેવો પડશે.

**પ્ર. પૃથ્વીકાય વગેરે જીવોને સ્પર્શથી વેદના થાય છે. તો એ કેમ નથી દેખાતી ?**

ઉ. ગૌતમસ્વામી મહાવીર સ્વામી ભગવાનને આચારાંગ સૂત્રમાં આ પ્રશ્ન પૂછે છે. પ્રભુ જવાબ આપે છે કે - કોઈ મનુષ્યના હાથ-પગ કાપવામાં આવે, આંખ અને મોંઢા ઉપર પાટો બાંધી લેવામાં આવે પછી એ વ્યક્તિ ઉપર લાકડીથી ખૂબ પ્રહાર કરવામાં આવે તો એ મનુષ્ય અત્યંત વેદનાથી પીડિત થાય છે. પરંતુ એ વ્યક્તિ એને વ્યક્ત નથી કરી શકતો. એવી જ રીતે પૃથ્વી, પાણી વગેરે

જીવોને એનાથી કેટલાય ઘણી વધારે વેદના આપણા સ્પર્શ માત્રથી થાય છે. પરંતુ વ્યક્ત કરવાનું સાધન ન હોવાથી તેઓ એને વ્યક્ત નથી કરી શકતા.

**જયણાનો ઉદ્દેશ્ય :**

જેમ કપડાનો મોટો વેપારી બધાને કપડાં પહોંચાડે છે, છતાં પણ બધાને કપડા પહોંચાડવાનું અભિમાન અથવા ઉપકાર કરવાનો ગર્વ નથી કરતો, કેમ કે એનો ઉદ્દેશ્ય લોકોને કપડા પહોંચાડવાનો નથી પરંતુ પૈસા કમાવવાનો જ હોય છે. એજ રીતે આપણે જીવોને બચાવીએ, જીવોની જયણાનું પાલન કરીએ તો આપણે જીવોની ઉપર ઉપકાર નથી કરતા પરંતુ પોતાના જ અહિંસા ગુણની સિદ્ધિ માટે કરીએ છીએ.

**જયણાનું ફળ :**

જયણાનું પાલન કરવાથી રોગ વગેરે નથી થતા, બીજા જીવોને શાતા તેમજ સુખ આપવાથી આપણને પણ શાતા મલે છે, સુખ મળે છે, આરોગ્ય મળે છે, સમૃદ્ધિ મળે છે. આત્મભૂમિ કોમલ બનવાથી ગુણપ્રાપ્તિની યોગ્યતા આવે છે, જેથી ક્રમશઃ આત્માને મોક્ષની પ્રાપ્તિ સરળતાથી થાય છે.

**પ્ર. સ્થાવરમાં જીવ પ્રત્યક્ષ રુપે નથી દેખાતા, માટે એમને બચાવવાનો ઉલ્લાસ આપણે કેવી રીતે જગાવી શકીએ ?**

ઉ. જેવી રીતે જયારે આપણે ક્રિકેટ પ્રત્યક્ષ નથી જોતા હોઈએ, છતાં પણ કોમેન્ટ્રી સાંભળીને એને સત્ય માનીને આનંદ લઈએ છીએ. એજ રીતે જિનેશ્વર ભગવંતોએ આ જીવોને તેમજ એમની વેદનાને સાક્ષાત્ જોઈ છે અને એમની કોમેન્ટ્રી આપી છે. આપણે પરમાત્માના વચનો ઉપર વિશ્વાસ રાખી આ સ્થાવર જીવોની જયણા કરવી જોઈએ. બાકી ભગવાન તો કહે છે કે ''આત્મવત્ સર્વ ભૂતેષુ' જો તમને દુઃખ પસંદ નથી તો કોઈને પણ દુઃખ થાય, એવી પ્રવૃત્તિ પણ ન કરવી જોઈએ.

**સ્થાવર જીવોની જયણા આપણે કેવી રીતે કરી શકીએ ?**

**૧. પૃથ્વીકાય :** પ્રભુએ બતાવ્યું છે કે એક આંવળા જેટલી પૃથ્વીમાં રહેલા જીવ જો પોતાનું શરીર કબૂતર જેટલું બનાવી દે તો સંપૂર્ણ જંબૂદ્વીપમાં પણ ન સમાઈ શકે.

**નિયમ :**

- તાજી ખોદેલી માટી (સચિત્ત) ઉપર ન ચાલવું પરંતુ નજીકમાં જગ્યા હોય ત્યાંથી ચાલવું.
- સોનું, ચાંદી, હીરા, મોતી, રત્ન વગેરેના આભૂષણ પૃથ્વીકાયના શરીર (મડદાં) છે. માટે એનો જરૂરિયાતથી વધારે સંગ્રહ ન કરવો, મોહ ન રાખવો, થઈ શકે એટલો ત્યાગ કરવો.

**૨. અપ્કાય :** પ્રભુએ બતાવ્યું છે કે પાણીની એક બૂંદમાં રહેલા જીવ જો પોતાનું શરીર સરસવ (રાઈ)ના દાણા જેટલું બનાવે તો સંપૂર્ણ જંબૂદ્વીપમાં પણ ન સમાઈ શકે.

**નિયમ :**

- ફ્રીજનો તેમજ બરફનું પાણી ન પીવું. તથા બરફ પણ નહી વાપરવો.
- પાણીના નળમાંથી બાલ્ટીમાં સીધું ઉપરથી પાણી પડે તો આ જીવોને વધારે વેદના થાય છે. માટે બાલ્ટીને નળથી વધારે નીચે ન રાખવી, જેથી પાણી ફોર્સથી નીચે ન પડે.
- ગીજરના પાણીનો ઉપયોગ ન કરવો.
- કપડાં ધોવાના મશીનમાં સર્વત્ર પાણી ગળવાનું તથા સંખારાનો વિવેક રાખવો.
- પાંચ તિથિ (મહિનાની) તથા વર્ષની છઃ અઠ્ઠાઈમાં કપડાં ન ધોવા. નહાવવા માટે વધારે પાણી ન વાપરવું અને સાબુનો ઉપયોગ શક્ય હોય તો ન કરવો. કેમ કે આપની આંખમાં મરચું નાંખવાથી આપણ ને જે વેદના થાય છે, એનાથી ઘણી વધારે વેદના પાણીના જીવોને સાબુ રગડવાથી થાય છે.
- વારંવાર હાથ, પગ, મોઢું ન ધોવું.
- ગરમ-ઠંડું પાણી મિશ્ર ન કરવું.

**પાણી ગાળવાની વિધિ :**

સવારે ઉઠીને રસોઈઘર તથા આખા ઘરનો વાસી કચરો કાઢીને એને સૂકી જગ્યાએ પરઠવવો. (નાંખવો) વાસણમાં કોઈ જીવ તો નથી ને એ બરાબર જોઈને એમાં ઘડાનું પાણી લેવો. પછી ઘડા ઉપર ગળણું રાખીને એમાં થોડું પાણી નાંખીને ઘડાના પાણીને માત્ર હલાવીને એને બહાર કાઢવો. ફરીથી થોડું પાણી ગાળીને ઘડામાં લેવો અને કપડાં અથવા બ્રશથી ઘડો ધોઈ લેવો. પછી જ્યાં ઘડો રાખવાની જગ્યા હોય, તે બરાબર સાફ કરી લેવી, કેમકે ચીકણાપણું જામી જાય તો એમાં નિગોદની ઉત્પત્તિ થઈ જવાની સંભાવના રહે છે. ઘડાની અંદર પણ ચિકાશ અથવા લીલ-ફુગ ન થાય એનું ધ્યાન રાખવું. ઘડાને એની જગ્યાએ રાખીને ગળણું રાખી પાણી છાનવો. આ રીતે આખું પાણી ગળ્યા પછી એક બાલ્ટીમાં થોડું પાણી લઈને એમાં ગળણાને ડૂબાડીને કાઢી લેવો. અને પાણીને પાણીના રસ્તે જવા દેવો. અને ગળણાને એમ જ સૂકાવી દેવો. (નિચોવવું નહી, સાંજે સાબુ લગાવી ધોઈ શકાય છે.) ગલણું મેલું ન થવા દેવું.

નોટ : સંખારાનું પાણી ગટરમાં ફેંકવાથી વિરાધના થાય છે. માટે એક અલગ કોઠીમાં અળગણ પાણી રાખીને, એમાં સંખારો કાઢવો. બીજે દિવસે તે પાણીને ગાળી ને ઉપયોગમાં લેવું અને નવુ તાજુ

પાણી કોઠીમાં લઈને એમા સંખારો કાઢવો. આ રીતે રોજ કરવાથી સંખારાના જીવોને બચાવી શકાય છે. માટે જેટલું બની શકે તેટલું ઓછું પાણી ઉપયોગમાં લેવું; ઉપયોગમાં લેતી વખતે પણ પાણી ગાળીને જ ઉપયોગમાં લેવું. તેમજ સંખારાની જયણા કરવી. જેથી પ્રતિબૂંદમાં રહેલા ૩૬,૪૫૦ ત્રસ જીવોને અભયદાન આપી શકાય છે

**ખાસ ધ્યાન રાખો :** પાણીના ઘડામાં પોતાનો હાથ અથવા એંઠો હાથ નાખવો નહીં. પાણી લેવા માટે લાંબી ડાંડીવાળા ગ્લાસનો ઉપયોગ કરવો. પીવાના પાણીમાં એંઠો ગ્લાસ નાખવાથી સંપૂર્ણ ઘડામાં સમૂર્ચ્છિમ પંચેન્દ્રિય જીવોની ઉત્પત્તિ થાય છે. આવા પાણીનો ઉપયોગ કરવાથી બહુ વિરાધના થાય છે.

**૩. તેઉકાય (અગ્નિ) :** બધા પ્રકારની અગ્નિ અને ઈલેક્ટ્રીસિટી દીર્ઘલોક શસ્ત્ર કહેવાય છે. એના સંપર્કમાં આવવાવાળા બધાનો ક્ચ્ચરઘાણ નીકળી જાય છે. અગ્નિથી છ : (છઓ) કાયની વિરાધના થાય છે. પ્રભુએ બતાવ્યું છે કે એક ચોખાના દાણા જેટલી અગ્નિમાં રહેલા જીવ, જો પોતાનું શરીર ખસખસના દાણા જેટલું બનાવી લે તો સંપૂર્ણ જંબૂદ્વીપમાં પણ ન સમાઈ શકે.

**ઈલેક્ટ્રીસિટીના ઉપયોગમાં સાવધાની :**

જ્યાં પાણીનો વેગપૂર્વક પ્રવાહ વહેતો હોય ત્યાં વિદ્યુત ઉત્પન્ન કરવાનું સાધન (મશીન વગેરે)માં માછલીઓ વગેરે જલના જંતુ કપાઈ જાય છે-અને એના કારણે લોહીની નદીઓ વહેવા લાગે છે હજારો અને લાખો વોલ્ટના વિદ્યુતની સાથે આપના સ્વીચનો વાયા-વાયા સંબંધ છે, માટે કોઈપણ ઈલેક્ટ્રીક વસ્તુ સાધનનો ઉપયોગ કરવાથી તે સર્વ જીવોની વિરાધનામાં ભાગીદાર બનવું પડે છે, માટે જેટલી થઈ શકે એટલી જયણા રાખવા માટે પ્રયત્નશીલ બનવું.

**નિયમ :**

- વારંવાર સ્વીચને નિરર્થક ચાલુ બંધ ન કરવું.
- બની શકે ત્યાં સુધી ઈલેક્ટ્રીકના નવા સાધનો ઘરમાં ન વસાવવા. અને લાવવાની સંમત્તિ પણ ન આપવી, સાધનોની પ્રશંસા પણ ન કરવી.
- વારંવાર ગૈસ ચાલુ ન કરવો.
- જમીન ઉપર કોઈપણ પ્રકારનું ગરમ વાસણ ન રાખવું, વાસણને રીંગ સ્ટેન્ડ ઉપર રાખવું, બધી વસ્તુઓને ઢાંકીને રાખવી, જેથી જીવો એમાં પડીને મરી ન જાય.

**૪. વાયુકાય :** બધા પ્રકારની હવા, એ.સી., પંખાની હવા, તોફાન, આંધી વગેરેમાં વાયુકાયના જીવ છે. પ્રભુએ બતાવ્યું છે કે એક લીમડાના પત્તા જેટલી હવામાં રહેલા વાયુકાયના જીવ જો પોતાનું શરીર લીખ જેટલું બનાવી લે, તો સંપૂર્ણ જંબૂદ્વીપમાં નહી સમાય. માટે બની શકે એટલી જયણા રાખવી.

**નિયમ :**

- પંખો વારંવાર ચાલુ ન કરવો.
- કપડાં સૂકવતી વખતે વધારે ઝટકવા નહી.
- સૂકાયેલા કપડાંને તુરત જ લઈ લેવા કેમ કે વસ્ત્રોના ફરકવાથી વાયુકાયના જીવોની વિરાધના થાય છે.
- પડદાં વગેરે બાંધીને રાખવાં. હિંચકામાં ન બેસવું.

**૫. વનસ્પતિકાય :** આના બે પ્રકાર છે. પ્રત્યેક અને સાધારણ કોઈપણ વૃક્ષ પ્રત્યેક હોય કે સાધારણ, ઉગતા સમયે (કુંપળ અવસ્થામાં) તો અનંતકાય જ હોય છે. પછી જો પ્રત્યેકની જાતિ હોય તો વૃક્ષનો મુખ્ય જીવ રહે છે. અને બીજા બધા મરી જાય છે. પ્રત્યેક વનસ્પતિકાયના સાત અંગોમાં અલગ-અલગ જીવ હોય છે. આ સાત અંગોના નામ ફળ, ફૂલ, છાલ, કાષ્ટ, મૂળ, પત્તા અને બીજ છે.

**નિયમ :**

- અનંતકાય ૩૨ છે, એમનો ત્યાગ કરવો.
- બાગ-બગીચામાં ઘૂમવું નહીં.
- નવમાસવાળી ગર્ભવતી સ્ત્રીના પેટ ઉપર કુદવાથી એને જેટલી વેદના થાય છે, એનાથી પણ વધારે વેદના ઘાસ ઉપર ચાલવાથી વનસ્પતિના જીવોને થાય છે. માટે ઘાસ ઉપર કદી પણ ચાલવું નહી.
- વૃક્ષના પત્તા, કે ફળ ન તોડવા, ઝાડને હાથ ન લગાવવો.
- શાક-માર્કેટમાં લીલી વનસ્પતિને બહુ ઉથલ-પાથલ કરવી નહીં.
- તિથિના દિવસે લીલી વનસ્પતિનો ત્યાગ કરવો.

**બીજવાળા ફળોને સુધારવાની સમજ :**

જે ફળોમાં અને શાકભાજીઓના બીજ મધ્ય-ભાગમાં હોય, એ લીંબુ વગેરેને માત્ર ઉપર ઉપરથી પાવ ઇંચ જ ચક્કુ લગાડવું. પછી બંને બાજુથી બંને હાથ ફેરવવાથી બીજ કપાતા નથી. બચી જાય છે. દૂધી તેમજ પરવળમાં પણ ઉપરથી જ ચીરીને અંદરના બીજને બચાવી શકીએ છીએ.

**સચિત્ત-અચિત્તની સમજ :**

**સચિત્ત :** જીવ સહિત વસ્તુ

**અચિત્ત :** એવી વસ્તુ જેમાંથી જીવ નીકળી ગયો છે. સફરજન (apple) વગેરે બીજવાળા ફળોને સુધાર્યાના ૪૮ મિનિટ પછી અચિત્તનો વ્યવહાર થાય છે.

- એકાસણા વગેરે તપસ્યામાં સચિત્તનો ઉપયોગ ન કરી શકાય.
- કોઈ વસ્તુમાં નાખેલું મીઠું જો પીઘળી જાય તો ચૂલા ઉપર રાખ્યા વગર જ ૪૮ મિનિટમાં અચિત્ત થઈ જાય છે. જો ન પીઘળે તો સચિત્ત જ રહે છે. જેમકે સીંગદાણાની સૂકી ચટણીમાં નાખેલું મીઠું. નમકીન, પાપડી, વેફર વગેરેમાં ઉપરથી કાચું મીઠું નાંખ્યુ હોય તો એકાંસણા વગેરેમાં ઉપયોગમાં ન લઈ શકાય, સાધુ-સાધ્વી ભગવંતને પણ વહોરાવી શકાય નહી.
- આખું જીરૂ સચિત્ત છે.
- કાચા ટામેટા-કાકડી સચિત્ત છે, કાકડીનું શાક પૂરી રીતે સીઝ્યું ન હોય, અડધું કાચું હોય તો સચિત્ત હોય છે.

**સ્થાવર જીવોની અચિત્તતા :**

**પ્ર. સ્થાવર વસ્તુમાં સચિત્ત-અચિત્તતા સમજાવો ?**

ઉ. સ્થાવર વસ્તુ જ્યાં સુધી જીવ સહિત હોય ત્યાં સુધી સચિત્ત છે; પછી અચિત્ત થઈ જાય છે.

**પ્ર. સ્થાવર વસ્તુ અચિત્ત કઈ રીતે બને છે ?**

ઉ. સ્થાવર વસ્તુ ત્રણ પ્રકારના શસ્ત્ર-સંયોગથી અચિત્ત થાય છે

(૧) **સ્વકાય શસ્ત્ર :** એક માટી બીજા પ્રકારની માટી માટે, ભિન્ન-ભિન્ન કુવાઓના પાણી પરસ્પર મળવાથી, કુવા તથા નળનું પાણી મિશ્ર થવાથી; આ પ્રમાણે ગેસ તેમજ ચૂલાની અગ્નિ પરસ્પર મળવાથી, તેમજ અલગ-અલગ વાયુ, અલગ-અલગ વનસ્પતિ પરસ્પર મિશ્રિત થવાથી એકબીજાના માટે શસ્ત્ર બને છે એટલે કે એકબીજાના ઘાતક બની જાય છે. જીવોના મરી જવાથી વસ્તુ અચિત્ત બની જાય છે. પરંતુ સંપૂર્ણપણે અચિત્ત નથી બનતી. માટે વિવેકી સજ્જનોએ આવું મિશ્રણ કરવું ઉચિત નથી અને આવું કરવાથી દોષ લાગે છે.

(૨) **પરકાય શસ્ત્ર :** એક કાય બીજા કાયની સાથે મિશ્રણ થવાથી અચિત્ત થાય છે. જેમકે પાણીનો અગ્નિની સાથે સંયોગ થવાથી પાણી અચિત્ત બને છે.

(૩) **ઉભયકાય શસ્ત્ર :** બે જાતિના મિશ્રિત પાણીને ચૂલા ઉપર ચઢાવવું. એમાં પાણી પરસ્પર (સ્વકાય શસ્ત્ર) તેમજ અગ્નિ (પરકાય શસ્ત્ર)થી અચિત્ત બને છે.

**પ્ર. પાણી ઉકાળીને પીવું જોઈએ એ પ્રમાણે કહ્યું છે પરંતુ ઉકાળવાથી તો પાણીના જીવ મરે છે ?**

ઉ. પાણીમાં પ્રતિ સમયે જીવ ઉત્પન્ન થાય છે અને મરે છે. કાચા પાણીમાં આ ક્રિયા સતત (નિરંતર) ચાલુ જ રહે છે. પાણીને ઉકાળવાથી એકવાર તો જીવ મરી જાય છે. પછી એના કાલાનુસાર નિશ્ચિત સમય સુધી પાણીમાં જીવ ઉત્પન્ન થતાં નથી. એ પાણી અચિત્ત રહે છે. માટે પાણી ઉકાળીને પીવું જોઈએ.

**બેઈન્દ્રિય :**

શંખ, ઇયળ (લટ) જોંક, ચંદનક, ભૂનાગ (કેંચુઆ), કૃમિ, પોરા વગેરે ૨૨ અભક્ષ્યમાં લગભગ બધામાં અસંખ્ય બેઈન્દ્રિય જીવોની ઉત્પત્તિ હોવાથી તે અભક્ષ્ય બને છે.

**નિયમ :**

- મધુ (મધ), માખણ, શરાબ અને માંસ આ ચાર મહાવિગઈ છે. માટે એનો સર્વથા ત્યાગ કરવો.
- હિમ-બરફ વગેરેનો ત્યાગ કરવો.
- મેથીવાળા બધા અચાર તથા શાસ્ત્રીય વિધિથી ન બનાવ્યા હોય એવા બધા અચારોનો ત્યાગ કરવો.
- કાચું દૂધ, દહીં, છાશને દ્વિદળની (કઠોળ) સાથે ન વાપરવું.
- રાત્રિભોજનનો તથા બહુબીજનો ત્યાગ કરવો. લીલા અને સૂકા અંજીર, રીંગણા, ખસખસ, રાજગરો વગેરે બહુબીજ છે.
- બ્રેડ વગેરે વાસી ચીજો, કાળ થઈ ગયેલો લોટ, મિઠાઈ, ખાખરા, નમકીન વગેરે અભક્ષ્ય છે. એમાં એમના જેવા વર્ણ, ગંધ, રસ, સ્પર્શના બેઇન્દ્રિય જીવ ઉત્પન્ન થાય છે. માટે નહી વાપરવું.

## બાવીસ (૨૨) અભક્ષ્ય વાપરવાથી થનારા નુકસાન :

બાવીસ અભક્ષ્ય આરોગ્ય નાશક, સત્ત્વનાશક તેમજ બુદ્ધિનાશક છે. એનાથી ત્રસ અને સ્થાવર જીવોનો સંહાર થાય છે. તામસી અને ક્રૂર પ્રકૃતિ ઉત્પન્ન થાય છે.

**તેઈન્દ્રિય :**

જૂ, કીડી, ઇલી (ઘઉંમાં પેદા થવાવાળા કીડા), કાનખજૂરા, મકોડા, ઉધઈ (દીમક), ધાન્યના કીડા, છાણના કીડા વગેરેમાં તેઈન્દ્રિય જીવ છે.

**ઓળખાણ :** એમને ૪ કે ૬ પગ હોય છે.

**નિયમ :**

- કોઈપણ ધાન્ય, ચાળીને વાપરવું અને સડેલા ધાન્યમાં થયેલા જીવોની સાવધાનીપૂર્વક જયણા કરવી. (છાયડામાં રાખવા.)
- ધાન્યમાં કીડા પડ્યા પછી ધાન્યને તડકામાં ન રાખીને, કીડા થવાની સંભાવના હોવાથી પહેલાં જ તડકામાં મૂકી દેવા જોઈએ. આ પ્રમાણે ખાટલો, ગાદલાં વગેરેમા પણ માંકણ અથવા બીજા જીવજંતુ પેદા થવા પહેલાં જ તડકામાં રાખવાનો ખાસ ઉપયોગ કરવો. ઘરમાં સફાઈ રાખવી જેથી કીડી વગેરે ન થાય.

**ચઉરિન્દ્રિય :**

વિંછી, ભમરા, મચ્છર, ડાંસ, માખી, મકોડા, વાંદા વગેરે

**ઓળખાણ :** એમને ૬ કે ૮ પગ હોય છે અને આગળ મૂંછ જેવો ભાગ હોય છે. લગભગ પાંખો નાની હોય છે.

**નિયમ :**

- ઘરમાં સફાઈ રાખવી જેનાથી આ જીવ ઉત્પન્ન જ ન થાય.
- તે મરી જાય એવી દવા વગેરે ઘરમાં ન છાંટવી.
- કોઈપણ જગ્યાએ બેસતાં કે કોઈ વસ્તુ મૂકતાં કે લેતી વખતે વિકલેન્દ્રિય જીવોની રક્ષા માટે નજર નાંખીને દૃષ્ટિ પડિલેહણ અવશ્ય કરવું. કોઈ જીવ હોય તો એને બચાવવો જોઈએ.

**સમૂર્ચ્છિમ પંચેન્દ્રિય તિર્યંચ :**

આ જીવ ગર્ભજ તિર્યંચના સમાન જ દેખાય છે. ભેંસ, સિંહ વગેરે સમૂર્ચ્છિમ પણ હોય છે. અને ગર્ભજ પણ હોય છે. જેમ કે એકવાર એક મહારાજ સાહેબ ૧૪ પૂર્વ ભણાવી રહ્યા હતા. એમાં વર્ણન આવ્યું કે અમુક ઔષધિ મિશ્રિત કરવાથી માછલીઓ પેદા થાય છે. આ વાત એક માછીમારે સાંભળી અને રોજ ઔષધિઓ મિશ્રિત કરીને ઘણી બધી માછલીઓ ઉત્પન્ન કરીને વેચવા લાગ્યો. આ પ્રમાણે એ બહુ જ ધનવાન બની ગયો. એકવાર મહારાજ સાહેબનો ઉપકાર યાદ કરીને એમને સૌગાદ (ભેંટ) આપવા આવ્યો. જ્યારે મહારાજ સાહેબને આ વાતની ખબર પડી ત્યારે એમણે હિંસાની પરંપરાને રોકવા માટે માછીમારને કહ્યું કે અમુક ઔષધિઓને મેળવવાથી આનાથી પણ વધારે માછલીઓ ઉત્પન્ન થશે. માછીમારે ઘરે જઈને આ પ્રયોગ કર્યો જેથી એમાંથી સિંહ પેદા થયો અને માછીમારને ખાઈ ગયો. આ પ્રમાણે ઔષધિના મિશ્રણથી જે માછલીઓ અને સિંહ બન્યા હતા તે બધા વાસ્તવમાં જીવ હતા, પરંતુ સંમૂર્ચ્છિમ જાતિના હતા. એમને મન નથી હોતું.

**સમૂર્ચ્છિમ મનુષ્ય :**

સમૂર્ચ્છિમ મનુષ્ય, ગર્ભજ મનુષ્ય જેવા દેખાતા નથી. એમને પાંચ ઇન્દ્રિય હોય છે. પરંતુ એમનું શરીર અત્યંત નાનું (અંગુલનો અસંખ્યાતમો ભાગ જેટલો) હોવાથી એકસાથે અસંખ્ય ઉત્પન્ન થવા છતાં પણ નથી દેખાતા. એમનું આયુષ્ય પણ અંતર્મુહૂર્તનું જ હોય છે. આ ગર્ભજ મનુષ્યના ૧૪ અશુચિ સ્થાનોમાં ઉત્પન્ન થાય છે. આ અપર્યાપ્ત જ હોય છે.

**મનુષ્યના ૧૪ અશુચિ સ્થાન :**

૧. વિષ્ટા ૨. મૂત્ર ૩. કફ-થૂંક ૪. નાકનો મેલ ૫. ઉલ્ટી ૬. એંઠું પાણી અથવા ભોજન ૭. પિત્ત ૮. લોહી (ખૂન) ૯. વીર્ય ૧૦. વીર્યના સૂકા પુદ્ગલોના પલળવાથી તેમજ શરીરથી અલગ રાખેલા ભીના પરસેવાવાળા કપડામાં ૧૧. રસ્સી ૧૨. સ્ત્રી-પુરુષના સંયોગમાં ૧૩. નગરની ખાળોમાં (ગટરોમાં) ૧૪. મનુષ્યના મડદામાં.

મનુષ્યના શરીરથી અલગ થયેલા આ ૧૪ સ્થાનોમાં ૪૮ મિનિટ પછી સતત અસંખ્ય સમૂર્ચ્છિમ પંચેન્દ્રિય મનુષ્ય ઉત્પન્ન થાય છે, મરે છે. ઉત્પન્ન થાય છે મરે છે. આ પ્રમાણે નિરંતર ઉત્પત્તિ તેમજ મરણ ચાલું જ રહે છે. આ જીવોની રક્ષા માટે આ અશુચિ પદાર્થોની બરાબર જયણા કરવી જોઈએ.

**જયણા માટે નિયમ :**

- એંઠા વાસણ ૪૮ મિનિટ થયા પહેલા ધોઈ લેવા.
- ઉકાળેલું પાણી ઠંડું થયું છે કે નહી એ જોવા માટે એના અંદર હાથ ન નાંખવો. પરંતુ બહારથી થાળી સ્પર્શ કરીને જાણી લેવું.
- થાળી ધોઈને પીવી અને કપડાંથી લૂંછવું.
- પરસેવાવાળા કપડાં ઉતારીને ડુચો કરીને બાથરૂમમાં ન રાખવા, પણ સુકાવી દેવા.
- કપડાને ૪૮ મિનિટથી વધારે પલાળીને નહી રાખવા.
- રસોઈઘરમાં ડબ્બા વગેરેને ભીના અથવા જેવા-તેવા હાથ લગાવ્યા હોય તો બરાબર લૂંછવા.
- પેશાબ-સંડાસ શક્ય હોય તો બહાર ખુલ્લામાં જવું.
- કફ અથવા થૂંક વગેરેને રાખ અથવા ધૂળમાં ભેળવી દેવું અથવા કપડામાં લઈને મસળી દેવું.

**ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિયની જયણા (રક્ષા) માટે નિયમ**

- કુતરા, બિલાડી, ઉંદર, સાંપ, સુઅર, ચકલી, મરઘી, ગાય, ભેંસ, ગરોળી વગેરેની હિંસા ન થાય એની સાવધાની રાખવી.
- એમના માંસ અને હાડકાંથી મિશ્રિત ટૂથ-પેસ્ટ વગેરે વસ્તુ ન વાપરવી.
- ફેશનની બધી વસ્તુઓ લિપસ્ટિક વગેરે નિર્દોષ પ્રાણીઓની હિંસાથી બને છે. માટે એનો ઉપયોગ ન કરવો.

**ગર્ભજ મનુષ્ય :**

એકવાર પુરુષની સાથે સંયોગ થયા પછી સ્ત્રીની યોનિમાં ૯ લાખ ગર્ભજ પંચેન્દ્રિય મનુષ્ય, ૨ થી ૯ લાખ વિકલેન્દ્રિય તથા અસંખ્ય સમૂર્ચ્છિમ જીવોની ઉત્પત્તિ થાય છે. માટે વધારેમાં વધારે બ્રહ્મચર્યનું પાલન કરવું જોઈએ.

**નિયમ :**

- તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્યોને બાંધવા નહી, વધ ન કરવો, ગાળ ન આપવી.
- નોકરોની પાસે વધારે કામ ન કરાવવું, થઈ શકે એટલી બીજાને સહાય કરવી. ધર્મની પ્રાપ્તિ કરાવવી.
- બાળકોને બચપનમાં જ સંસ્કાર આપવા.
- ઘરમાં સાસુ-વહુ, દેરાણી-જેઠાણી, નણંદ વગેરે એકબીજાને સંભળાવવુ નહી, ઝઘડો ન કરવો, માનસિક પીડા થાય એવું ન કરવું.
- બાળકોને વધારે મારવા નહી, અને વધારે લાડ પણ કરવો નહી.

આ પ્રમાણે જીવોના ૫૬૩ ભેદ જાણ્યા પછી યથાશક્તિ નિયમ ગ્રહણ કરી જીવોની જયણા કરી પોતાની આત્માનું કલ્યાણ કરવું.

**હે ભવોદધિ પ્રભુ,**


**મને એમ હતું કે સંસારની આ યાત્રામાં હું તારો હાથ પકડી લઈશ એટલે સહી-સલામત બની જઈશ. તારો હાથ મેં પકડ્યો પણ ખરો પણ હું સહી-સલામત ન બની શક્યો. કારણ ? તારો હાથ મારે પકડવાનો નહોતો, તારા હાથમાં મારો હાથ મારે સોંપી દેવાનો હતો ! પ્રભુ મેં મારો હાથ તારા હાથમાં ન સોંપવાની મોટી મુર્ખાઈ કરી છે. મારી આ મૂર્ખતાને ભૂલી જઈ સંસારની આ યાત્રાથી પાર ઉતાર.**

# જૈનાચાર

## ૬





# રાઈઅ પ્રતિક્રમણમાં કરવાના ભાવ

- હે અષ્ટાપદના ચોવીસ તીર્થંકરો ! આપની કૃપા, કરુણા, આશિષ થી ચૌદ રાજલોકના સર્વ જીવોનું ઘોર અંધકારમય રાત્રિ જેવી છદ્મસ્થ અવસ્થા અને કુસ્વપ્ન-દુ:સ્વપ્ન રુપ ભવ-ભ્રમણ દૂર થાય તથા પરમ ઉજાગર દશા સ્વરૂપ સર્વજ્ઞ દશા પ્રાપ્ત થાય (- કુસુમિણ કાઉસ્સગ્ગ)
- આ દશા પરમાત્માની કૃપાથી જ પ્રાપ્ત થશે તેથી પરમાત્માની કૃપા પ્રાપ્ત કરવા માટે (- જગ ચિંતામણિ)
- પરમાત્માની ઉત્કૃષ્ટ ભક્તિ કરીને જેઓએ ઉજાગર દશા, સર્વજ્ઞ દશાને પ્રાપ્ત કરી છે, એવા આદર્શ સ્વરુપ, આલંબન સ્વરુપ મહાપુરુષોં ની સ્તવના કરવા માટે (- ભરહેસર).

આ મહાપુરુષો જેવી ક્ષાયિક પ્રીતિ ભક્તિ અમારા માં પણ પ્રગટે.

- **રાઈઅ પ્રતિક્રમણ ઠાઉં -** મારી આંખો કોઈના દોષ ન જુએ.
  મારુ હૃદય કોઈથી ઈર્ષ્યા ન કરે
  મારુ મન કોઈથી દ્વેષ ન કરે
  મારા કાન કોઈના અવગુણ ન સાંભળે
  મારા મુખથી કોઈની નિંદા ન નીકળે

હે પ્રભુ ! આપની કૃપાથી આખા દિવસમાં એવું કોઈ પાપ મારાથી ન થઈ જાય, એવા આશિષ આજના દિવ્ય પ્રભાતમાં મને પ્રદાન કરો.

- **દર્શન પદ નો કાઉસ્સગ્ગ -** હે પ્રભુ ! મને એવી બ્રહ્મદષ્ટિ આપો કે સર્વ જીવોમાં મને સિદ્ધ સ્વરુપના જ દર્શન થાય.
- **જ્ઞાન પદ નો કાઉસ્સગ્ગ -** હે પ્રભુ ! મને એવી સમજ આપો કે જેનાથી હું મારી ભૂલોંને સ્વીકારી શકું. જગતના સર્વ જીવોને શીઘ્ર કેવલજ્ઞાનની પ્રાપ્તિ થાય.
- **ચારિત્ર પદ નો કાઉસ્સગ્ગ -** હે પ્રભુ ! આખા દિવસમાં આપની કૃપાથી શુદ્ધ આરાધના થાય તથા પ્રાયશ્ચિત ભાવની પ્રાપ્તિ થાય. આવતા ભવમાં સમવસરણ માં સિમંધરસ્વામીના હાથે ચારિત્રની પ્રાપ્તિ થાય.
- **સાત લાખ-૧૮ પાપ સ્થાનક :** જગતમાં એવો કોઈ જીવ નથી કે જેણે મારા ઉપર ઉપકાર ન કર્યો હોય. આવા જીવો પ્રતિ મેં ૧૮ પાપ સ્થાનકનું સેવન કર્યું. હું તેનુ મિચ્છામિ દુક્કડં આપું છું. જે જીવોનો મારા ઉપર ઉપકાર છે એ બધા જ નો પરમાત્મા સાથે કારુણ્ય ઋણ બંધાય. આ ઋણથી તેમનો સાક્ષાત્ પરમાત્માથી મિલન થાય. પરમાત્માની ક્ષાયિક પ્રીતિ પ્રગટે, આ પ્રીતિથી મોક્ષના ગુણો પ્રગટે, સમવસરણમાં વિરતિ મળે, ક્ષપકશ્રેણી મંડાય, પ્રશાંત વીતરાગતા પ્રગટે, કેવળજ્ઞાનનો આનંદ પ્રાપ્ત થાય. નિર્વાણને પ્રાપ્ત કરી સાદિ અનંત સિદ્ધશીલામાં વાસ કરે.
- પ્રાયશ્ચિત કર્યા પછી પરમાત્મામાં અભેદ બની વિશ્વમંગલ કરવાનું છે. આખો દિવસ ભગવાનમાં જ રહેવાનું છે. તે માટે (-સકલ તીર્થ, સ્તુતિ, ચૈત્યવંદન આદિ.)

# પચ્ચક્ખાણ

**પ્ર. પચ્ચક્ખાણ એટલે શું ?**

જ. પચ્ચક્ખાણ એટલે પાપથી અટકવું. આત્માને સંયમ ગુણથી વિભૂષિત કરવાવાળી એક પ્રકારની ક્રિયા.

**પ્ર. પચ્ચક્ખાણના કેટલા ભેદ છે ?**

જ. પચ્ચક્ખાણના સંકેત, અદ્ધા વગેરે દસ ભેદ છે.

**પ્ર. સંકેત પચ્ચક્ખાણને સમજાવો ?**

જ. સંકેત એટલે ચિન્હ, એનાથી જે નિયમ કરવામાં આવે છે એને સંકેત પચ્ચક્ખાણ કહે છે. એનાથી મુટ્ઠિ સહિત (મુટ્ઠિ બંધ કરવી), ગ્રંથિ સહિત (ગાંઠ બાંધવી) તેમજ ઘર સહિત (ઘર આવવા સુધી) વગેરે ચિહ્નપૂર્વક આહારત્યાગનું પચ્ચક્ખાણ કરી શકીએ છીએ.

**પ્ર. મુટ્ઠિસહિયં વગેરે પચ્ચક્ખાણનું મહત્ત્વ બતાવીને સ્પષ્ટ કરો ?**

જ. આપણું મુખ એક રત્નોની તિજોરી છે. જે રીતે રત્નોના વેપારીને વારંવાર તિજોરી ખોલવી પડે તો પણ એને ખુલ્લી નથી રાખતો. ઠીક એવી જ રીતે વારંવાર ખાવું પડે તો પણ મુખને પચ્ચક્ખાણ દ્વારા બંધ કરવું ઉચિત છે. ખાઈને તેમજ પીને તુરંત જ મુટ્ઠિસહિયંનું પચ્ચક્ખાણ લેવું અથવા હાથ જોડીને એક નવકાર ગણવો તેમજ જ્યારે ખાવુ પીવુ હોય ત્યારે નીચે બેસીને મુટ્ઠિ બંધ કરીને ત્રણ નવકાર ગણવા કે મુટ્ઠિસહિયંનુ પચ્ચકખાણ પારવુ, પછી ખાવુ. આવુ કરવાથી એક મહિનામાં ૨૭ ઉપવાસનો લાભ મળે છે. એ પ્રમાણે ગંઠસી તેમજ ઘરસહિયં પચ્ચક્ખાણ પણ કરી શકીએ છીએ.

**પ્ર. મુટ્ઠિસહિયં પચ્ચક્ખાણ લેવા તેમજ પારવાનું સૂત્ર કયું છે ?**

જ. **મુટ્ઠિસહિયં પચ્ચક્ખાણ લેવાનું સૂત્ર** - મુટ્ઠિસહિયં પચ્ચકખાઈ અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, મહત્તરાગારેણં, સવ્વ સમાહિવત્તિયાગારેણં વોસિરઈ (વોસિરામિ)

**મુટ્ઠિસહિયં પચ્ચક્ખાણ પારવાનું સૂત્ર** - મુટ્ઠિસહિયં પચ્ચક્ખાઈ ફાસિઅં, પાલિઅં, સોહિઅં, તિરિઅં, કિટ્ટિઅં, આરાહિઅં જં ચ ન આરાહિઅં તસ્સ મિચ્છામિ દુક્કડમ્ ।

**પ્ર. અદ્ધા (કાળ) પચ્ચક્ખાણના કેટલા ભેદ હોય છે ? કયા-કયા ?**

જ. અદ્ધા (કાળ) પચ્ચક્ખાણના દસ ભેદ હોય છે. (૧) નવકારસી (૨) પોરસી (સાઢપોરસી) (૩) પુરિમુઢ્ઢ (અવઢ્ઢ) (૪) એકાસણા (બિયાસણા), (૫) એકલઠાણુ (૬) આયમ્બિલ (૭) અબ્ભતટ્ઠં (ઉપવાસ) (૮) ચરિમ (દિવસચરિમ આદિ) (૯) અભિગ્રહ (૧૦) વિગઈ.

**પ્ર. પચ્ચક્ખાણ લેતી વખતે વિશેષ શું ધ્યાન રાખવું જોઈએ ?**

જ. પચ્ચક્ખાણ લેતી વખતે જ્યાં-જ્યાં પચ્ચક્ખાણ શબ્દ આવે છે, ત્યાં લેવાવાળાએ પચ્ચક્ખામિ બોલવું જોઈએ તેમજ જ્યાં વોસિરઈ શબ્દ આવે છે, ત્યાં વોસિરામિ બોલવું જોઈએ.

**પ્ર. એકાસણું, બિયાસણું તથા આયમ્બિલમાં કેટલી વાર પચ્ચક્ખાઈ શબ્દ આવે છે ? અને ક્યાં ક્યાં આવે છે ?**

જ. ત્રણ વાર આવે છે.

૧. ઉગ્ગએ સૂરે નમુક્કારસહિયં, પોરસીં, સાઢપોરસીં, મુટ્ઠિસહિયં પચ્ચક્ખાઈ.

૨. વિગઈઓ, આયમ્બિલં પચ્ચક્ખાઈ.

૩. એગાસણં, બિયાસણં પચ્ચક્ખાઈ.

**પ્ર. કયા-કયા પચ્ચક્ખાણ સૂર્યોદયથી પહેલા લેવા જરૂરી છે ?**

જ. નવકારસી, પોરસી તેમજ સાઢપોરસીના પચ્ચક્ખાણ સૂર્યોદયના પહેલા જ લેવા જોઈએ. નવકારસી વગેરે પચ્ચક્ખાણ જે સૂર્યોદયના પછી લેવામાં આવે છે, તે અશુદ્ધ માનવામાં આવે છે. તથા સવારે નવકારસી લીધી હોય, તો નવકારસી આવ્યા પહેલા પોરસીનું પચ્ચક્ખાણ લઈ લે તો દોષ નથી. તેમજ પહેલા પોરસી લીધી હોય તો પોરસી આવ્યાં પહેલા પૂર્વ સાઢપોરસીનું પચ્ચક્ખાણ લઈ શકાય છે. પરંતુ પછી લેવાથી પચ્ચક્ખાણ અશુદ્ધ માનવામાં આવે છે.

**પ્ર. સૂરે ઉગ્ગએ અને ઉગ્ગએ સૂરેમાં શું અંતર છે ?**

જ. અર્થમાં કોઈ અંતર નથી, બંનેનો અર્થ સમાન જ છે 'સૂર્યોદયથી લઈને'. પરંતુ જે પચ્ચક્ખાણ સૂર્યોદયની પહેલાં લેવું જોઈએ એની આગળ 'ઉગ્ગએ સૂરે' લગાવવું તેમજ જે સૂર્યોદયના પછી લઈ શકાય છે એની આગળ 'સૂરે ઉગ્ગએ' પદ લગાવવાની શાસ્ત્રીય વિધિ છે.

**પ્ર. સૂર્યોદય પછી કયા-કયા પચ્ચક્ખાણ લઈ શકાય છે ?**

જ. પુરિમુઢ, અવઢપૂર્વક કરવામાં આવેલા પચ્ચક્ખાણ સૂર્યોદય પછી લઈ શકાય છે.

**પ્ર. નવકારસીથી લઈને આયંબિલ સુધીના પચ્ચક્ખાણ એકીસાથે આપવામાં આવે છે, તો નવકારસીવાળા બિયાસણા વગેરેના પચ્ચક્ખાણવાળા સાથે હાથ જોડવાથી તેઓ આ પચ્ચક્ખાણમાં આવી તો નથી જતાં ને ?**

ઉ. નહીં ! કેમકે આપવાવાળા નવકારસી વગેરે સાથે જ આપે છે, છતાં પણ લેવાવાળાને એને જે પચ્ચક્ખાણ લેવું હોય એનો ઉપયોગ રાખવો જોઈએ. તેમજ એના જ અનુસારે પચ્ચક્ખામિ પણ બોલવું જોઈએ. માટે જો ભૂલથી બોલવામાં તિવિહારના બદલે ચઉવિહાર બોલી દીધું

હોય તો, પણ મનમાં તિવિહારની ધારણા હોય તો તિવિહારનુ પચ્ચક્ખાણ આવે છે. આવી જ રીતે તમે એકાસણાનુ પચ્ચક્ખાણ ધાર્યું હોય અને આપવાવાળા ભૂલથી આયંબિલ અથવા ઉપવાસ આપી દે તો પણ એકાસણાનુ ફરીથી પચ્ચક્ખાણ લઈને એકાસણું કરી શકીએ છીએ.

પ્ર. **બિયાસણું, એકાસણું, આયંબિલ, તિવિહાર ઉપવાસ, નિવિ, એકલઠાણા વગેરેમાં પાણહારનુ પચ્ચક્ખાણ કેમ લેવાય છે ?**

જ. એકાસણું વગેરેમાં તેમજ બિયાસણામાં બીજીવાર ભોજન કર્યા પછી તરત **દિવસ ચરિમં પચ્ચક્ખાઈ તિવિહંપિ આહારં અસણં ખાઈમં સાઈમં અન્નત્થણાભોગેણં....વોસિરઈ.** આ તિવિહારનુ પચ્ચક્ખાણ લેવું જરૂરી છે, તેમજ તિવિહાર ઉપવાસમાં તો પાણીની જ છૂટ હતી. માટે પાણીનો ત્યાગ કરવા માટે પાણહારનું પચ્ચક્ખાણ લેવામાં આવે છે.

**નોટ :** એકાસણા વગેરે કર્યા પછી જો તિવિહારનું પચ્ચક્ખાણ આવડતું હોય તો અવશ્ય લઈ લેવું અને ન આવડતું હોય તો ત્રણ નવકારથી તિવિહારની ધારણા લેવાનું ભૂલવું નહીં.

પ્ર. **જેમણે બિયાસણા વગેરે તપ કર્યું ન હોય, તે વ્યક્તિ પાણહાર લઈ શકે છે કે ન લઈ શકે ?**

જ. જેણે વિશેષ તપ ન કર્યું હોય, તે જો ૨-૩ વાગે ખાવાનો ત્યાગ કરીને તિવિહારનું પચ્ચક્ખાણ લઈ લે, અને પછી સાંજના પાણીનો ત્યાગ કરતા સમયે પાણહારનું પચ્ચક્ખાણ લે, તો કોઈ દોષ નથી.

પ્ર. **આહારના કેટલા પ્રકાર છે ? સમજાવો.**

જ. આહારના ચાર પ્રકાર છે :

**૧. અશન :** જેને ખાવાથી પેટ ભરાય છે તેમજ તૃપ્તિ થતી હોય. જેમકે શાકભાજી, અનાજ, ઘી, દૂધ વગેરે.

**૨. પાણ :** જેને પીવાથી તૃષ્ણાનું શમન થાય એવું પાણી. જેમકે છાશની આસ, ધોવણનું પાણી, સાદુ પાણી વગેરે. પણ તિવિહારના પચ્ચક્ખાણમાં માત્ર સાદુ પાની જ ચાલે છે બીજુ નહી.

**૩. ખાઈમ :** જેને ખાવાથી પેટ નથી ભરાતું પરંતુ થોડી ભૂખનું શમન થાય છે. જેમકે ફળ, શેકેલા ધાન્યાદિ.

**૪. સાઈમ (સ્વાદિમ) :** જેને માત્ર સ્વાદ માટે ખવાય છે. જેમકે મીઠાસ રહિત હિંગાસ્ટિક વગેરે ચૂર્ણ, સોપારી, સૂંઠ, ગંઠોડા, કાળામરી, અજમો, જાવંતરી, જાયફળ, લવિંગ, ઇલાયચી વગેરે.

પ્ર. **ચઉવિહાર વગેરે સમજાવો ?**

જ. **૧. ચઉવિહાર** - જેમાં ચારેય આહારનો ત્યાગ થાય છે.

**૨. તિવિહાર** - જેમાં માત્ર પાણી ની જ છૂટ હોય છે. આ પચ્ચક્ખાણમાં રાત્રે મુઢ્ઢિ બંધ કરીને નવકાર ગણીને ૧,૨,૩... વાર પાણી પી શકીએ છીએ. પરંતુ રાત્રે મોડા સુધી પાણી પીવું ઉચિત નથી.

**૩. દુવિહાર** - આમાં પાણી તથા દવાઓ વગેરે લઈ શકીએ છીએ પરંતુ દૂધ, ચા વગેરે નથી લઈ શકતા.

**પ્ર. શ્રાવકને કયા કયા પચ્ચક્ખાણ કેટલા આહારવાળા હોય છે ?**

જ. સવારે નવકારસીના પચ્ચક્ખાણમાં ચાર આહારનો ત્યાગ હોય છે.
બિયાસણા વગેરેના પચ્ચ.વાળાને રાત્રે ચઉવિહાર હોય છે.
એકલઠાણામાં એકસમયના આહાર સિવાય આખો દિવસ ચઉવિહાર હોય છે.
બાકીના પોરસી વગેરેનું પચ્ચક્ખાણ યથાશક્તિ તિવિહાર પણ થઈ શકે છે.

**પ્ર. નવકારસી વગેરેનુ પચ્ચક્ખાણ સમજાવો.**

જ. **(૧) નવકારસી :** સૂર્યોદયથી બે ઘડી (૪૮ મિનિટ) સુધીનું આ પચ્ચક્ખાણ હોય છે તેમજ એને સૂર્યોદયથી પહેલા લેવું જોઈએ.

**(૨) પોરસી :** સૂર્યોદયથી એક પ્રહર (દિવસનો ચોથો ભાગ)નું આ પચ્ચક્ખાણ હોય છે. આને પણ સૂર્યોદયથી પહેલા લેવું જોઈએ.

**(૩) સાઢ્ઢપોરસી :** સૂર્યોદયથી દોઢ પ્રહરનું આ પચ્ચક્ખાણ હોય છે. આને પણ સૂર્યોદયથી પહેલા લેવું જોઈએ.

**(૪) પુરિમુઢ્ઢ :** સૂર્યોદયથી બે પ્રહરનું આ પચ્ચક્ખાણ હોય છે. એને સૂર્યોદયના પછી પણ લઈ શકીએ છીએ.

**(૫) અવડ્ઢ :** સૂર્યોદયથી ત્રણ પ્રહરનું આ પચ્ચક્ખાણ હોય છે. એને સૂર્યોદયના પછી પણ લઈ શકીએ છીએ.

**(૬) એકાસણું :** એકવાર એક આસન ઉપર બેસીને જમવું.

**(૭) બિયાસણું :** બે વાર એક આસન પર બેસીને જમવું.

**(૮) આયંબિલ :** લુખ્ખું, બાફેલું ધાન્ય (આહાર) એકવાર એક આસન ઉપર બેસીને જમવું.

**(૯) એકલઠાણા :** એકવાર એક સ્થાન પર બેસીને માત્ર એક જમણો હાથ અને મોંઢાને હલાવી શકાય છે, બાકી કોઈપણ અંગ ખાતા સમયે જરાપણ હલાવી ન શકાય. આમાં ખાધા પછી ચઉવિહાર કરવાનું હોય છે.

(૧૦) **અબ્ભત્તટ્ઠ (ઉપવાસ) :** સૂર્યોદયથી બીજા દિવસના સૂર્યોદય સુધીનું આ પચ્ચક્ખાણ હોય છે. તિવિહાર ઉપવાસ હોય તો દિવસે પાણી પી શકીએ છીએ. ઉપવાસમાં આગળ-પાછળ ચઉવિહાર-તિવિહાર તેમજ નવકારસી કરવી ઉચિત છે.

(૧૧) **ચરિમ :** સાંજે આહાર, પાણી ત્યાગ કર્યા પછી દિવસચરિમ પચ્ચક્ખાણ લેવાય છે. જ્યારથી પચ્ચક્ખાણ લઈએ છીએ ત્યારથી બીજા દિવસે સૂર્યોદય સુધી આ પચ્ચક્ખાણ હોય છે. તેમજ આયુષ્ય પૂર્ણ થાય ત્યાં સુધીના પચ્ચક્ખાણને ભવ ચરિમ પચ્ચક્ખાણ કહેવાય છે.

(૧૨) **અભિગ્રહ :** ધારણા અનુસારે કાર્યસિદ્ધ થાય ત્યારે અભિગ્રહ પૂરો થાય છે.

(૧૩) **વિગઈ :** છઃ વિગઈમાંથી એક કે વધારે વિગઈનો ત્યાગ કરવો.

**નોટ :** વિગઈ, એકાસણું, એકલઠાણું, બિયાસણું, આયંબિલ, અબ્ભત્તટ્ઠ (ઉપવાસ) તેમજ નીવિ આ પચ્ચક્ખાણ સૂર્યોદયથી શરૂ થાય છે. અને બીજા દિવસે સૂર્યોદય સુધી પૂર્ણ થાય છે. 'દિવસચરિમં' પચ્ચક્ખાણ જ્યારે લઈએ ત્યારથી બીજા દિવસે સૂર્યોદય સુધીનું હોય છે તથા નવકારસી પચ્ચ. વગેરે અન્ય પચ્ચ. સૂર્યોદયથી શરૂ થઈને પોતાનો કાળ પૂર્ણ થાય ત્યાં સુધીના હોય છે.

પ્ર. **એકાસણા, બિયાસણા, આયંબિલ, નીવિ, એકલઠાણામાં કેટલા પચ્ચક્ખાણ આવે છે ? કેવી રીતે ?**

જ. એમાં પાંચ પચ્ચક્ખાણ આવે છે.

(૧) **કાલ પચ્ચક્ખાણ :** પ્રત્યેક પચ્ચક્ખાણમાં નવકારસી, પોરસી, સાઢપોરસી, પુરિમુઙ્ઢ, અવઙ્ઢ વગેરે કાલની મર્યાદા બતાવતાં પચ્ચક્ખાણ 'કાલ પચ્ચક્ખાણ' કહેવાય છે.

(૨) **સંકેત પચ્ચક્ખાણ :** પ્રત્યેક પચ્ચક્ખાણમાં મુટ્ઠિસહિઅં વગેરે સંકેત પચ્ચક્ખાણ પણ હોય છે. જેથી કાલ પચ્ચક્ખાણ પૂરું થયા પછી જેટલો સમય ઉપર જાય ત્યાં સુધી આ પચ્ચક્ખાણ ચાલતું રહે.

(૩) **વિગઈ પચ્ચક્ખાણ :** આ પચ્ચક્ખાણ ચાર મહાવિગઈ તથા છઃ વિગઈનો યથાસંભવ ત્યાગ કરવા માટે હોય છે.

(૪) **સ્થાન પચ્ચક્ખાણ :** આ પચ્ચક્ખાણમાં એક જગ્યાએ બેસીને એક કે બે વાર ખાવાની મર્યાદા હોય છે. માટે એને સ્થાન પચ્ચક્ખાણ કહેવાય છે.

(૫) **પાણસ્સ પચ્ચક્ખાણ :** આ પચ્ચક્ખાણમાં ગરમ પાણી પીવું જરૂરી હોવાથી એનું પણ પચ્ચક્ખાણ કરવામાં આવે છે.

આ બધા પચ્ચક્ખાણ આગાર (છૂટ)થી યુક્ત હોય છે.

પ્ર. **આગારનો અર્થ સમજાવો ?**

જ. આગાર એટલે છૂટ. પ્રતિજ્ઞા લીધા પછી એનો ભંગ થાય, એ ઉચિત નથી. પ્રતિજ્ઞા લીધા પહેલાં જ પરિસ્થિતિ વશ એનો ભંગ ન થઈ જાય માટે કેટલીક છૂટ રાખવામાં આવે છે. એને આગાર કહેવાય છે. અહીંયા પચ્ચક્ખાણના બાવીસ આગાર બતાવ્યા છે.

**(૧) અનાભોગેણં :** એકાસણા વગેરે પચ્ચક્ખાણ લીધા પછી જો ભૂલથી મોંઢામાં કંઈ નખાઈ ગયું તો આ આગારના કારણે એકાસણા વગેરેમાં ભંગ થતો નથી. પરંતુ યાદ આવતાની સાથે જ મોંઢામાંથી કાઢીને રાખ વગેરેમાં પરઠવી દેવું જોઈએ. જ્યાં સુધી મોંઢામાં સ્વાદ આવે ત્યાં સુધી રાખમાં થૂંકતાં રહેવું. પછી ૪૮ મિનિટ સુધી પાણી પીવું નહીં. જો થાળી વગેરેમાં પણ એઠોં આહાર હોય તો એને પણ રાખ વગેરેમાં પરઠવું જોઈએ. આવી રીતે કરવાથી વ્રતનો ભંગ થતો નથી તેમજ ભૂલને માટે આલોચના લેવી. જેથી આવી ભૂલ વારંવાર ન થાય. પરંતુ ભૂલથી એકવાર મોંઢામાં નાખીને પછી યાદ આવે છતાં પણ એને ખાઈ લો. અથવા ખાવાનું ચાલું રાખો તો પચ્ચક્ખાણ ભંગ થાય છે. આ રીતે રાત્રિભોજન ત્યાગ વગેરેના પચ્ચક્ખાણમાં પણ પહેલા સૂર્યાસ્ત થઈ ગયાનું ખ્યાલ ન હોવાથી મોંઢામાં કંઈક નાખી દીધું હોય અને પછી ખ્યાલ આવે તો ઉપરોક્ત વિધિથી મોંઢા માંથી તથા થાળીનું ભોજન પરઠવી દેવું જોઈએ.

**(૨) સહસાગારેણં :** પચ્ચક્ખાણનો ઉપયોગ (યાદ) હોય, પણ અસાવધાનીથી સ્નાન કરતા સમયે અથવા અચાનક વરસાદનું પાણી મોંઢામાં ચાલ્યુ જાય તો આ આગારથી વ્રતનો ભંગ થતો નથી. છતાં પણ શ્રાવકે મોંઢામાં પાણી વગેરે જાય નહી એનો ખ્યાલ રાખવો જોઈએ.

**(૩) મહત્તરાગારેણં :** કોઈ વધારે નિર્જરા કરાવવાવાળું કામ, સંઘનું મહત્ત્વપૂર્ણ કામ આવી જાય, તો પચ્ચક્ખાણ આવ્યા પહેલા પણ જરૂર પડે તો ખાવાની છૂટ. આ વાત વિશેષ પરિસ્થિતિમાં જ લાગુ થાય છે.

**(૪) સવ્વ સમાહિવત્તિયાગારેણં :** પચ્ચક્ખાણ લીધા પછી અચાનક જો સ્વાસ્થ્ય ખૂબ બગડી જાય, એવી સ્થિતિમાં જો સમાધિ માટે ખાવું પડે તો આ આગારથી છૂટ રહે છે.

**(૫) પચ્છન્નકાલેણં :** વાદળને કારણે સૂરજ ન દેખાય ત્યારે અથવા ઘડીયાળ આગળ-પાછળ હોવાથી પચ્ચક્ખાણ આવ્યા પહેલાં જ ભ્રાંતિથી ખાઈ લે તો આ આગારથી વ્રતનો ભંગ થતો નથી. પરંતુ છતાં પણ ઉપયોગ રાખવો જરૂરી છે.

**(૬) દિશામોહેણં :** દિશા ભ્રમથી સમયમાં ભ્રમ થઈ જાય તો આ આગારથી પચ્ચક્ખાણ ભંગ થતો નથી .

**(૭) સાહુવયણેણં :** સાધુ ભગવંતના મુખેથી ઉગ્ઘાડા પોરસી શબ્દ સાંભળીને શ્રાવક સમજે કે પોરસી આવી ગઈ છે. અને પચ્ચક્ખાણ પારી લે તો આ આગારથી વ્રતનો ભંગ થતો નથી. પ્રાયઃ પચ્ચક્ખાણ પારવાની પોરસી, ઉગ્ઘાડા પોરસીના અડધા કલાક પછી આવે છે.

**(૮) આઉંટણપસારેણં :** એકાસણામાં હાથ-પગ સંકોચવાની કે ફેલાવવાની છૂટ. પરંતુ પગને એ રીતે ન ફેલાવવા કે જેથી આસન સરકી જાય.

**(૯) ગુરુ અબ્ભુટ્ઠાણેણં :** એકાસણું કરતા સમયે જો કોઈ વિશિષ્ટ ઉપકારી મહાત્મા કે પ્રભાવક ગુરુ ભગવંત પધારે તો વિનય માટે ઉભા થઈ શકાય છે.

**(૧૦) અચ્છેણ વા :** શુદ્ધ, ત્રણ વખત ઉકાળાવાળું પાણી વાપરવું.

આ ૧૦ આગાર જ ગૃહસ્થની માટે ઉપયોગી છે. બાકી નીચેના ૧૨ આગાર માત્ર સાધુ-સાધ્વી ભગવંતો માટે જ ઉપયોગી છે. તે આ પ્રમાણે છે...

**(૧૧) લેવાલેવેણં :** જે વિગઈનો ત્યાગ હોય એનાથી ખરડાયેલા ચમચા વગેરેને લૂંછીને એ ચમચાથી બીજી વસ્તુ વહોરાવ્યા છતાં પણ આ આગારથી સાધુ-સાધ્વીના આયંબિલ કે વિગઈના પચ્ચક્ખાણનો ભંગ થતો નથી.

**(૧૨) ગિહત્થસંસઠેણં :** જે વિગઈનો ત્યાગ હોય એનાથી ખરડાયેલા હાથથી બીજી વસ્તુ વહોરાવતી વખતે એ વિગઈનો અંશ આવી જાય તો પણ આ આગારથી પચ્ચક્ખાણનો ભંગ થતો નથી.

**(૧૩) ઉક્ખિતવિવેગેણં :** આયંબિલ વગેરેમાં કલ્પ્ય રોટલી વગેરે ઉપર ગોળ, લાડુ વગેરે રાખ્યા હોય તો એને હટાવીને વહોરાવેલી રોટલી વગેરે સાધુ-સાધ્વી ભગવંતને આ આગારથી કલ્પે છે.

**(૧૪) પડુચ્ચમક્ખિએણં :** લોટમાં થોડુંક ઘી-તેલ નાખીને બનાવેલી રોટલી વગેરે આ આગારથી ઘી-તેલના ત્યાગી સાધુ-સાધ્વી ભગવંતને કલ્પે છે.

**(૧૫) પારિટ્ઠાવણિયાગારેણં :** ગોચરી વગેરે વધારે થઈ જાય તો આ આગારથી સાધુ-સાધ્વી એને રાખ વગેરેમાં ભેળવીને વિધિપૂર્વક પરઠવી શકે છે.

**(૧૬) સાગારિયાગારેણં :** ગૃહસ્થના દેખતાં સાધુ-સાધ્વીને ગોચરી કરવી કલ્પતું નથી. છતાં પણ કોઈ ગૃહસ્થ ગોચરી ચાલુ કર્યા પછી આવી જાય અને મનાઈ કરવા છતાં પણ

ત્યાંથી ન જાય તો એકાસણાદિમાં આ આગારથી સાધુ-સાધ્વી અન્ય સ્થળે જઈને ગોચરી વાપરી શકે છે. અને આ રીતે કોઈની પણ નજર લાગવાની સંભાવના ઉપસ્થિત થવા પર ગૃહસ્થ પણ આ આગારથી અન્ય સ્થાને જઈને એકાસણાદિ કરી શકે છે.

૧૭,૧૮,૧૯,૨૦,૨૧ (૧૭- લેવેણ, ૧૮-અલેવેણ, ૧૯-બહુલેવેણ, ૨૦-સસિત્થેણ, ૨૧-અસિત્થેણ.) આ પાંચ આગાર પ્રાસુક પાણીના છે. ૨૨મો ચોલપટ્ટાનો આગાર માત્ર સાધુભગવંત માટે જ છે. આ રીતે આ ૨૨ આગારોથી પચ્ચક્ખાણનો ભંગ થતો નથી.

**પ્ર. સાધુ માટે ઉપયોગી આગાર ગૃહસ્થ પચ્ચક્ખાણ લેતા સમયે કેમ બોલે છે ?**

જ. સાધુ માટે ઉપયોગી આગારોનું ગૃહસ્થને માટે કોઈ ઉપયોગ નથી. છતાં પણ માત્ર પાઠની અખંડિતતા માટે આ આગારો ગૃહસ્થને પચ્ચક્ખાણ આપતા પણ બોલાય છે.

**પ્ર. વિગઈ કોને કહેવાય ? આને વાપરવાથી શો દોષ છે ?**

જ. જે શરીર ઇન્દ્રિયોમાં વિકૃતિ અર્થાત્ વિકાર પેદા કરે છે તે વિગઈ કહેવાય છે. વિગઈ જીવને વિગતિ અર્થાત્ દુર્ગતિમાં ધકેલે છે.

**પ્ર. વિગઈના ભેદ તેમજ એમાંના ભક્ષ્યાભક્ષ્ય બતાવો ?**

જ. વિગઈના ૧૦ ભેદ છે. એમાંથી ૬ ભક્ષ્ય (વિગઈ) અને ૪ અભક્ષ્ય (મહાવિગઈ) છે.

**પ્ર. મહાવિગઈ (અભક્ષ્ય વિગઈ) કોને કહે છે ? એ કઈ-કઈ છે ?**

જ. મહાવિગઈ ૪ છે, તે આ પ્રમાણે છે.

૧. માંસ - આમાં સતત નિગોદના અનંત જીવ અને અસંખ્ય ત્રસ જીવોની ઉત્પત્તિ થાય છે.

૨. મદિરા ૩. મધ ૪. માખણ આ ત્રણેમાં સતત અસંખ્ય ત્રસ જીવોની ઉત્પત્તિ થાય છે. માટે એમાં અધિક હિંસા હોવાથી એને અભક્ષ્ય વિગઈ કહેવામાં આવી છે.

**પ્ર. ભક્ષ્ય વિગઈ કઈ-કઈ હોય છે ?**

જ. ભક્ષ્ય વગઈ છઃ છે - દૂધ, દહીં, ઘી, તેલ, ગોળ તેમજ કડા વિગઈ.

**પ્ર. નીવિયાતુ એટલે શું ?**

જ. ઉપરના છઃ વિગઈનું અન્ય દ્રવ્યના મિશ્રણથી નીવિયાતુ બને છે. જેમકે :

| | | |
|---|---|---|
| દૂધનું નીવિયાતુ | - | ચા, ખીર, માવો વગેરે. |
| દહીંનું નીવિયાતુ | - | શ્રીખંડ, છાશ, મઠ્ઠો વગેરે. |
| ઘીનું નીવિયાતુ | - | ત્રણ વાર કંઈક તળ્યા પછી બચેલું ઘી, અથવા ઘીમાં આટો વગેરે નાંખીને બનાવેલી વસ્તુઓ. |

| | | |
|---|---|---|
| તેલનું નીવિયાતુ | - | ત્રણ વાર કંઈક તળ્યા પછી બચેલું તેલ અથવા તેલમાં આટો વગેરે નાંખીને બનાવેલી વસ્તુઓ. |
| ગોળનું નીવિયાતુ | - | સાકર, અડધો ઉકાળેલો શેરડીનો રસ વગેરે. |
| કડા વિગઈનું નીવિયાતુ | - | ત્રણ ઘાણ નીકાળ્યા પછીની પુડી વગેરે. |

**પ્ર. પચ્ચક્ખાણની ૬ શુદ્ધિ બતાવો ?**

જ. પચ્ચક્ખાણને વિશેષ શુદ્ધ કરવાવાળી છઃ શુદ્ધિ આ પ્રમાણે છે :

**૧. સ્પર્શિત :** જે પચ્ચક્ખાણ સૂર્યોદયના પહેલા લેવાના હોય એને પહેલાં જ વિધિપૂર્વક ગ્રહણ કરવો. તેમજ પચ્ચક્ખાણ આવવાના પહેલા ગુરુના સમક્ષ વંદનાદિપૂર્વક ગુરુ જયારે પચ્ચક્ખાણ આપી રહ્યા હોય ત્યારે મનમાં સ્વયં પણ ઉચ્ચારણ કરતાં જે પચ્ચક્ખાણ લેવામાં આવે છે, એને સ્પર્શિત કહે છે.

**૨. પાલિત :** જે પચ્ચક્ખાણ કર્યું હોય એને વારંવાર યાદ કરવું.

**૩. શોધિત (શોભિત) :** ગુરુ ભગવંત અથવા સાધર્મિકને દાન આપીને જે બચ્યું હોય તે ખાવું.

**૪. તિરિત :** પચ્ચક્ખાણ આવી ગયા પછી થોડો સમય (કમ સે કમ ત્રણ મિનિટ) ગયા પછી પચ્ચકખાણ પારવું.

**૫. કિર્તિત :** ખાતા સમયે પચ્ચક્ખાણને યાદ કરવું.

**૬. આરાધિત :** પચ્ચક્ખાણની વિધિથી ઉપયોગપૂર્વક જે પચ્ચક્ખાણ કરવામાં આવે છે અથવા ઉપરોક્ત પાંચ શુદ્ધિ જેમાં પૂર્ણ પાળવામાં આવે છે, એને આરાધિત પચ્ચક્ખાણ કહે છે.

**પ્ર. પચ્ચકખાણનું ફળ જેમને મળ્યું હોય એવા દૃષ્ટાંત બતાવો ?**

જ. **ગંઠિસહિયં પચ્ચકખાણ પર કપર્દી યક્ષની કથા :** સાલવી નામનો એક આદમી હતો. એને શરાબ પીવાની બહુજ ખરાબ આદત હતી. આચાર્ય ભગવંત યશોભદ્રસૂરિજીની અત્યંત નિર્મળ, અપ્રમત્ત, સંયમ જીવનની આરાધના જોઈને તે પ્રભાવિત થયો. જ્ઞાની ગુરુ ભગવંતે એની કક્ષા, પાત્રતા વગેરે જોઈને એને એક નિયમ આપ્યો કે જો તું શરાબ ન છોડી શકે તો ગંઠસીનું પચ્ચક્ખાણ કર. સાલવીએ પૂછ્યું - ભગવંત ! ગંઠસીનું પચ્ચક્ખાણ એટલે શું ?

ભગવંતે જવાબ આપ્યો - ''રૂમાલમાં એક ગાંઠ બાંધવી. જ્યાં સુધી ગાંઠ બાંધેલી હોય ત્યાં સુધી તારે મોંઢામાં શરાબ ન નાખવો. જયારે પણ ઇચ્છા થાય ત્યારે ગાંઠ ખોલીને શરાબ પીવી. પરંતુ ગાંઠ ખોલ્યા વિના શરાબ પીવી નહીં. અને શરાબ પીધા પછી ફરીથી ગાંઠ બાંધી લેવી.''

સાલવીને નિયમ સરળ લાગ્યો. અને એણે રોજ ગંઠસીનું પચ્ચક્ખાણ કરવાનો નિયમ લીધો. કહેવત છે કે જ્યાં પ્રતિજ્ઞા હોય છે ત્યાં પરીક્ષા પણ થાય જ છે. સાલવીના જીવનમાં પણ પરીક્ષા થઈ. એક દિવસ એને શરાબ પીવાની ઈચ્છા થઈ. રેશમી રૂમાલ ઉપર ગાંઠ બાંધી હતી. ગાંઠ ખોલવાનો પ્રયત્ન કર્યો પરંતુ ગાંઠ ખુલવાને બદલે વધારે મજબૂત થતી ગઈ. ગાંઠ ખોલવાનો પ્રયત્ન સતત ચાલી રહ્યો હતો. પરંતુ સફળતા મળી નહી. હવે શું કરવું ? પોતે શરાબનો વ્યસની હતો. શરાબ એનો પ્રાણ હતો. તેથી શરાબ વગર એના હાથ-પગ ખેંચાવા લાગ્યા. શરાબ વિના એનું શરીર કેટલા સમય સુધી ટકશે ? એ પ્રશ્ન હતો.

શરાબ વિના એ જળ વગરની માછલીની જેમ તડપવા લાગ્યો. છતાં પણ પ્રતિજ્ઞાના અખંડિત પાલનને માટે એ દૃઢ રહ્યો. મોત નજીક જાણીને જ એણે અરિહંતાદિનું શરણ સ્વીકાર કર્યું અને સમાધિપૂર્વક દેહ ત્યાગ કરી એ સાલવી મરીને શત્રુંજય ગિરિરાજના કપર્દી નામના અધિષ્ઠાયક દેવ બન્યા અને જાવડશા દ્વારા કરેલા શત્રુંજયના ચૌદમા ઉદ્ધારમાં એમનું મહત્ત્વપૂર્ણ યોગદાન રહ્યું.

આ પ્રમાણે પચ્ચક્ખાણથી એક શરાબી કપર્દીયક્ષ બની ગયા. તથા શાસ્ત્રોમાં ધમ્મિલ તેમજ દામનક વગેરેના અનેક દૃષ્ટાંત પણ બતાવવામાં આવ્યા છે. અનંત આત્માઓએ પચ્ચક્ખાણ કરીને મોક્ષ ફળને મેળવ્યું છે.

**પ્ર. રાત્રે મોડા સુધી ખાધુ હોય તો બીજા દિવસે નવકારસી વગેરે પચ્ચક્ખાણ કરી શકાય ?**

જ. રાત્રિભોજન સર્વથા ત્યાગવા યોગ્ય છે. છતાં પણ કોઈ કારણવશ રાત્રિભોજન કરવું પડે તો, બે પ્રહર (મધ્યરાત્રિ-રાત્રે ૧૨ વાગ્યા સુધી)ના પહેલા ભોજન કર્યું હોય કે પાણી પીધું હોય તો, સવારે નવકારસીથી લઈને ઉપવાસ સુધીનું પચ્ચક્ખાણ કરી શકીએ, પરંતુ જો રાત્રે બે પ્રહર (મધ્યરાત્રિ) પછી પાણી કે ભોજન કર્યું હોય તો બીજા દિવસે નવકારસી વગેરે કોઈપણ પચ્ચક્ખાણ કરી શકાય નહી.

**પ્ર. પચ્ચક્ખાણ કરવાથી શું ફળ પ્રાપ્ત થાય છે ?**

જ. નવકારસીનું પચ્ચક્ખાણ કરવાથી - ૧૦૦ વર્ષ જેટલા નરકના પાપકર્મનો નાશ થાય છે.
પોરસીનું પચ્ચક્ખાણ કરવાથી - ૧૦૦૦ વર્ષ જેટલા નરકના પાપકર્મનો નાશ થાય છે.
સાઢપોરસીનું પચ્ચક્ખાણ કરવાથી - ૧૦ હજાર વર્ષ જેટલા નરકના પાપકર્મનો નાશ થાય છે.
પુરિમુઢનું પચ્ચક્ખાણ કરવાથી - ૧ લાખ વર્ષ જેટલા નરકના પાપકર્મનો નાશ થાય છે.
એકાસણાનું પચ્ચક્ખાણ કરવાથી - ૧૦ લાખ વર્ષ જેટલા નરકના પાપકર્મનો નાશ થાય છે.

| | | |
|---|---|---|
| નીવિનું પચ્ચક્ખાણ કરવાથી | - | ૧ ક્રોડ વર્ષ જેટલા નરકના પાપકર્મનો નાશ થાય છે. |
| એકલઠાણાનું પચ્ચક્ખાણ કરવાથી | - | ૧૦ કરોડ વર્ષ જેટલા નરકના પાપકર્મનો નાશ થાય છે. |
| એકદત્તીનું પચ્ચક્ખાણ કરવાથી | - | ૧૦૦ કરોડ વર્ષ જેટલા નરકના પાપકર્મનો નાશ થાય છે. |
| આયંબિલનું પચ્ચક્ખાણ કરવાથી | - | ૧ હજાર કરોડ વર્ષ જેટલા નરકના પાપકર્મનો નાશ થાય છે. |
| ઉપવાસનું પચ્ચક્ખાણ કરવાથી | - | ૧૦ હજાર કરોડ વર્ષ જેટલા નરકના પાપકર્મનો નાશ થાય છે. |
| છઠ્ઠનું પચ્ચક્ખાણ કરવાથી | - | ૧ લાખ કરોડ વર્ષ જેટલા નરકના પાપકર્મનો નાશ થાય છે. |
| અઠ્ઠમનું પચ્ચક્ખાણ કરવાથી | - | ૧૦ લાખ કરોડ વર્ષ જેટલા નરકના પાપકર્મનો નાશ થાય છે. |

**પ્ર. ઉપવાસ, આયંબિલ તેમજ એકાસણામાં શરીર ઉપર તેલમર્દન કરવાથી કે ઇંજેક્શન કે ગ્લુકોઝની બોટલ ચઢાવવાથી પચ્ચક્ખાણનો ભંગ થાય છે કે નહીં ?**

જ. પચ્ચક્ખાણ કવલાહારનું હોવાથી અને ગ્લુકોઝ ચઢાવવો એલ્લોમાહાર હોવાથી એનું પચ્ચક્ખાણ ના હોવાને કારણે પચ્ચક્ખાણ નો ભંગ તો નથી થતો પરંતુ વિશેષ પરિસ્થિતિ સિવાય એનો ઉપયોગ કરવો પણ ઉચિત નથી અને ઉપયોગ કર્યો હોય તો ગુરુ ભગવંતની પાસે આલોચના લઈને તપને શુદ્ધ કરી લેવું જોઈએ.

**પ્ર. અણાહારી દવાઓમાં શું-શું લઈ શકીએ ?**

જ. અણાહારી એટલે જે આહાર રુપે નથી અને જેને ઉપવાસ વગેરે તપમાં પણ લઈ શકાય છે. તેવી વસ્તુઓ અણાહારી કહેવાય છે. જેમકે - લીમડાનું મૂળ, પાંદડા, ફળ, ફૂલ, પેશાબ, ગલોસત્વ, કડુ કરિયાતુ, સુકુ પાવડર, ચંદન, રાખ, ચૂનો, હળદરના ગાંઠિયા, ઘોડાવજ, ત્રિફલા, હરડે, મજીટ, ઝાડની છાલ વગેરે જેનો સ્વાદ મોંઢાને સારા ન લાગે એવી ચીજો અણાહારી છે.

**પ્ર. મીઠાને અચિત્ત બનાવવા માટે શું કરવું જોઈએ ? તથા અચિત્ત મીઠાનો કાળ કેટલો હોય છે ?**

જ. કાચું મીઠું સચિત્ત હોવાથી આયંબિલ, એકાસણા, બિયાસણા વગેરે પચ્ચક્ખાણ વાળાને તથા સચિત્તના ત્યાગી વ્યક્તિને કલ્પતું નથી. મીઠાને અચિત્ત બનાવવા માટે નવા માટલામાં કાચા મીઠાને ભરીને ઉપર માટીનું ઢાંકણું દઈ ને ઘડાને બંધ કરવું. પછી જ્યારે કુંભાર ઇંટના નિભાડાને પકાવે છે, એ સમયે નિભાડાના વચ્ચે એ ઘડાને રાખવો. નિભાડાની આગમાં જ્યારે ઈંટ પાકવા લાગે છે ત્યારે સાથે-સાથે મીઠું પણ પાકવા લાગે છે. આ વિધિ દ્વારા અચિત્ત કરેલું મીઠું ૨-૪ વર્ષ કે એનાથી વધારે સમય સુધી અચિત્ત રહે છે. મીઠાને અચિત્ત કરવાની આ પદ્ધતિ રાજા કુમારપાળના સમયથી લઈને પાટણ શહેરમાં આજે પણ ચાલે છે. તવા ઉપર

સેકેલું મીઠું વર્ષાઋતુમાં ૭ દિવસ, શરદ ઋતુમાં ૧૫ દિવસ તેમજ ગ્રીષ્મ ઋતુમાં ૧૦ દિવસ પછી સચિત્ત થઈ જાય છે.

**પ્ર. શેરડીનો રસ કાઢ્યા પછી એનો ઉપયોગ ક્યાં સુધી કરી શકાય ?**

જ. ઈક્ષુ રસ (શેરડીનો રસ) ૨ ઘડી પછી એટલે કે ૪૮ મિનિટ પછી અચિત્ત થઈ જાય છે. અચિત્ત થયા પછી ૨ પ્રહર એટલે કે છ કલાક પછી સચિત્ત થાય છે. માટે વર્ષીતપના પારણામાં આ બંન્ને સમયની મર્યાદાનું ધ્યાન રાખવું જોઈએ.

**પ્ર. વર્ષીતપ વગેરે ચાલુ તપસ્યામાં રેલગાડીમાં બિયાસણુ, એકાસણું વગેરે કેવી રીતે કરવું જોઈએ ?**

જ. જ્યાં મોટું સ્ટેશન હોય તેમજ રેલગાડી વધારે સમય સુધી રોકાવવાની હોય એવું સ્ટેશન આવ્યા પહેલા જ એકાસણા વગેરેની પૂર્વ તૈયારી કરી લેવી. જેમકે પાટલો ગોઠવીને થાળીમાં ખાવાનું વગેરે લઈ લેવું. જેવી ગાડી રોકાય ખાવાનું શરૂ કરવું અને ટ્રેન ચાલુ થવાના પહેલાં જ પતાવી લેવું. પરંતુ ચાલુ ગાડીમાં એકાસણું વગેરે ન કરી શકાય.

**પ્ર. જો કોઈ વ્યક્તિ આ પ્રમાણે ૧૦-૧૫ મિનિટમાં એકાસણું વગેરે ન કરી શકે તો શું કરવું ?**

જ. આવી પરિસ્થિતિમાં એકાસણાદિનું પચ્ચક્ખાણ ન લઈને માત્ર જે પચ્ચક્ખાણ હોય એની ધારણા કરવી, પછી ચાલુ ગાડીમાં એકાસણા વગેરે કરીને પ્રાયશ્ચિત લઈ લેવું જોઈએ.

**પ્ર. ગાડીમાં ગરમ પાણીની વ્યવસ્થા કેવી રીતે કરવી ?**

જ. ઉકાળેલું પાણી પીવાવાળાને પ્રવાસમાં જતા સમયે ઘરેથી તપેલી લઈને જવું અને પોતે કાચા પાણીને ગળીને કેન્ટીનમાં કે સ્ટેશન ઉપર ગરમ કરાવીને ઉપયોગમાં લઈ શકે છે. જો આ વ્યવસ્થા ન થઈ શકે તો કાચા પાણીમાં ચૂનો કે રાખ નાખીને બે ઘડી (૪૮ મિનિટ) પછી ગરમ પાણીની કાલમર્યાદાના અનુસાર ઉપયોગ કરી શકાય છે.

નોટ : કોઈપણ તપ ઉપાડેલું હોય તો એને સામાન્ય પરિસ્થિતિમાં છોડવું ન જોઈએ...જેમ કે પાંચમનો ઉપવાસ કરતા હોય, ક્યારેક એજ દિવસે સ્વામીવાત્સલ્ય અથવા ક્યાંય ગાડીમાં જવું પડે વગેરે સામાન્ય સંયોગોમાં મક્કમતા રાખવી જ ઉચિત છે. મક્કમતા ન રાખવાથી તપનો ભંગ થાય છે.

## હે મારા સર્વસ્વ પ્રભુ,

**મારા જીવનની છેલ્લી પળોમાં જે કાર્યો કરવા હું તૈયાર થાઉં નહીં એ કાર્યો હું ક્યારેય કરું નહીં અને એ પળોમાં જે કાર્યો કરવા હું તૈયાર થઈ જાઉં એ કાર્યો હું અત્યારથી જ શરૂ કરી દઉં એવું સત્વ અને સદ્બુદ્ધિ તું મને આપી ને જ રહે !**

# સમાધિ મરણની સાધના

સંસારમાં ૮૪ લાખ યોનિમાં જીવ સતત દડાની જેમ એકગતિથી બીજી ગતિમાં ફેંકાતો જાય છે. જીવના આયુષ્યનો કોઈ ભરોસો નથી. ક્યાં, કયા સમયે, કઈ અવસ્થામાં માણસની મોત આવી જાય એ કંઈ કહેવાય નહીં. અને જીવને જો મૃત્યુના સમયે સમાધિ ન રહે તો જીવની દુર્ગતિ થઈ શકે છે. કોઈએ કહ્યું પણ છે કે ''જો સવારની ચા બગડે તો દિવસ બગડે છે. અથાણું બગડે તો વર્ષ બગડે છે અને જો મૃત્યુ બગડે તો ભવોભવ બગડી જાય છે.'' કેમકે દુર્ગતિમાં ગયા પછી જીવ સતત પાપોનો જ બંધ કરે છે, જેથી એ ભવ પૂર્ણ કર્યા પછી ફરીથી ખરાબ ગતિમાં જ જાય છે. આ ચક્કર સતત ચાલુ રહે છે. બિચારો જીવ મનુષ્ય ભવ તેમજ જૈન ધર્મ પ્રાપ્ત કરવા છતાં પણ સમાધિ મરણનું જ્ઞાન ન હોવાને કારણે દુર્ગતિમાં ચાલ્યો જાય છે. માટે જીવને પોતાનું મરણ સુધારવાનું થોડું જ્ઞાન હોવું જોઈએ.

જૈનિજમ કોર્સની ત્રીજી પુસ્તકમાં ''સીમંધર સ્વામિની પાસે અમારે જાવું છે'' આ ચેપ્ટરમાં પોતાના પરભવનું લક્ષ્ય બતાવ્યું છે. એના અનુસાર જીવનભર આ લક્ષ્યને દૃઢ બનાવતાં રહેવું, જેથી અંતસમયમાં પ્રભુ યાદ આવી જાય.

પૂ.ઉપાધ્યાય વિનયવિજયજી મ.સા.રચિત 'પુણ્ય પ્રકાશ'ના સ્તવનમાં અંતિમ સમયમાં સમાધિ પ્રાપ્તિ માટે નિર્યામણાના ૧૦ અધિકાર (વાતો) બતાવ્યા છે. પ્રત્યેક વ્યક્તિએ આ ૧૦ વાતો કંઠસ્થ કરી લેવી જોઈએ. જેથી આ વાતો પોતાની તથા બીજાઓના મૃત્યુમાં સમાધિ આપવામાં ઉપયોગી બની શકે. કોઈના મૃત્યુના અવસરે ગુરુ ભગવંતનો યોગ હોય તો એમને બોલાવીને એમની પાસે નિર્યામણા કરાવવી. જો ગુરુ ભગવંતનો યોગ ન હોય તો સ્વયંને સમાધિ-મરણ સંબંધી જ્ઞાન હોવાથી બીજાઓને નિર્યામણા કરાવી શકાય છે.

## સમાધિ મરણ સંબંધી નિર્યામણાના ૧૦ અધિકાર આ પ્રમાણે છે :

### (૧) અતિચારની આલોચના :

પ્રત્યેક આત્મા અનંતકાળથી ભવ-ભ્રમણ કરી રહ્યો છે.ભવ-ભ્રમણના કારણે પાપનો બંધ પણ અનાદિકાલથી ચાલી રહ્યો છે. પાપ જ જીવને દુઃખી બનાવે છે. માટે મૃત્યુથી પહેલા આ ભવની સાથે પૂર્વ ભવના પાપોનું પણ અંતર મનથી પ્રાયશ્ચિત કરવું જોઈએ. આ ભવના પાપોની આલોચના માટે આ જ કોર્સના 'ભવ આલોચના' ચેપ્ટરમાં વિસ્તારથી બતાવ્યું છે.

### (૨) વ્રત સ્વીકાર :

વ્રત સ્વીકાર કરવાથી આત્માનું પાપથી કનેક્શન ટૂટી જાય છે. શ્રાવકે પોતાના જીવનમાં સમ્યક્ત્વ સહિત બાર વ્રતોનું અંગીકાર કરવું જોઈએ. આનું વિસ્તૃત વિવરણ આ કોર્સના ૧૨ વ્રત નામના ચેપ્ટરમાં બતાવ્યું છે. વ્રત સ્વીકાર કરી લીધા હોય, તો પણ અંતિમ સમયમાં ફરી વ્રતનો સ્વીકાર કરવો જોઈએ જેથી નિર્મલ અને નિરતિચાર વ્રતમાં મરણ થાય.

### (૩) સર્વ જીવોથી ક્ષમાપના :

જિન શાસનમાં પર્વ શિરોમણી, 'પર્યુષણ પર્વ' છે. તેમજ પર્યુષણ પર્વનો પ્રાણ છે 'ક્ષમાપના'. તથા અજાણતાં પણ કોઈનું દિલ દુભાવ્યું હોય તો એ બધાને અંતર હૃદયથી મિચ્છામિ દુક્કડમ્ આપવું. જેથી ભવોભવમાં વેરનો અનુબંધ આગળ ન ચાલે. માની લો કે કોઈએ તમારું બહુ મોટું નુકશાન કરી દીધું હોય અને એનાથી બોલ-ચાલ બંધ હોય, છતાં પણ અંત સમયમાં એમણે પોતાની નજરોની સમક્ષ લાવીને એનાથી પણ ક્ષમાપના કરી લેવી. એ સમયે તમારે એ વિચાર કરવો કે મેં જે પૂર્વભવમાં કર્મબંધ કર્યા હતા એજ ઉદયમાં આવી રહ્યા છે. દુનિયામાં કોઈની તાકાત નથી કે કોઈ મારું કંઈ બગાડી શકે. મારા પૂર્વભવનું દેવું બાકી હશે. માટે આ ભવમાં તે મારા રૂપિયા નથી આપી રહ્યો. એ તો મારો મોટો ઉપકારી છે. મને કર્મથી મુક્ત કરી રહ્યો છે. આ રીતે બધા જીવોથી ક્ષમાપના કરવી.

**આવો હવે આપણે પૂર્વભવના પાપોની ક્ષમાપના કરીએ.**

હે કરુણાસાગર પ્રભુ ! અનંતકાળથી રાગ-દ્વેષથી તેમજ શરીરના મોહથી મારી આત્માએ અનંત-અનંત પાપ કર્યા છે. અનંતકાળથી જે-જે પુદ્ગલ સામગ્રી હું છોડીને આવ્યો છું એની ઉપર રહેલા મમત્વ ભાવના કારણે આજે પણ મારે કર્મ બંધાઈ રહ્યા છે. એ પાપોથી મુક્ત થવા માટે હે પ્રભુ ! હું આપની સમક્ષ ક્ષમાપના કરવા માટે આવ્યો છું. માટે આપની શરણાગતિ સ્વીકાર કરું છું.

હે પ્રભુ ! નિગોદમાં અજ્ઞાનતાથી અનંતકાલથી ઘુમતો રહ્યો. એક દિવસ કોઈ એવી ધન્ય ઘડી આવી જેથી મારી લૉટરી લાગી. જ્યારે એક જીવે સિદ્ધગતિની રાહ ઉપર પ્રયાણ કર્યું ત્યારે હું અવ્યવહાર રાશિથી વ્યવહાર રાશિમાં આવ્યો. હે પ્રભુ ! નિગોદના અનંત ભવોના પુદ્ગલોને હું વોસિરાવું છું.

પછી ત્યાંથી પૃથ્વીકાયમાં આવ્યો. ત્યાં સોનું, ચાંદી, રત્ન બનીને ભાઈ-ભાઈની વચ્ચે ઝઘડા કરાવ્યા. એટમ-બમ બનીને બધાને બાળ્યા. ક્યારેક પાણી બનીને નદી, નાળા, તળાવમાં લોકોને ડૂબાડ્યા. પૂરના રૂપે મેં કેટલાય ગામ ડૂબાડી દીધા. પછી તેઉકાય બન્યો. ત્યાં પણ ક્યારેક ગેસ તો ક્યારેય દાવાનલની અગ્નિ બનીને આખા જંગલને જલાવી દીધું. પશુ-પક્ષીના માળાને

જલાવી દીધા. પછી વાઉકાયમાં તોફાન બનીને કેટલાય મકાન પાડી દીધા. પછી વનસ્પતિકાયમાં બટાટા, ગાજર બનીને મને ખાવાવાળાઓના પાપમાં નિમિત્ત બન્યો. મારા કારણે એ જીવ દુર્ગતિમાં ચાલ્યા ગયા. ક્યારેક ફૂલ તો ક્યારેક શૂલ બન્યો. ક્યારેક કાંટો બનીને કોઈના પગમાં ભોંકાઈ ગયો. આ પ્રમાણે હે પ્રભુ ! એકેન્દ્રિયના ભવમાં મેં અનેક જીવોને દુઃખ આપ્યું. આ પાપનું મિચ્છામિ દુક્કડમ્ માંગીને એકેન્દ્રિયના બધા પુદ્ગલ પર્યાયોને હું વોસિરાવું છું.

એના પછી બેઈન્દ્રિયમાં ઈયળ, લટ, શંખ વગેરે બનીને વાસી રોટલી, બ્રેડ વગેરેમાં ઉત્પન્ન થયો. મને ખાવાવાળાના પાપમાં નિમિત્ત બન્યો. પછી તે ઈન્દ્રિયના ભવમાં ધાન્યમાં કીડા તરીકે ઉત્પન્ન થયો. ત્યાં મને તડકામાં રાખ્યો જેનાથી મને બહુ વેદના થઈ અને હું મરી ગયો. હવે આ ભવમાં હું પ્રતિજ્ઞા કરું છું કે ક્યારેય પણ સડેલા ધાન્યને ચાળ્યા વિના આમ જ તડકામાં નહીં નાખીશ, કેમકે આ જ મારો ભૂતકાળ હતો. પછી ત્યાંથી હું ચઉરિન્દ્રિયમાં ઉત્પન્ન થયો. ક્યારેક માખી, મચ્છર બનીને ભણવાવાળાને અંતરાય આપ્યો. તો ક્યારેક વાંદો બનીને લોકોને હેરાન કર્યા. પોતાના વિકલેન્દ્રિયના ભવમાં જીવોને બહુજ દુઃખ આપ્યું. એ પાપનું મિચ્છામિ દુક્કડમ્ આપીને વિકલેન્દ્રિયના ભવના સમસ્ત પુદ્ગલ પર્યાયોને વોસિરાવું છું.

પછી હું પંચેન્દ્રિય તિર્યંચના ભવમાં ગયો. ત્યાં સિંહ, શિયાળ, કાચબો, સાપ, વગેરે બનીને પોતાના ભોજન માટે નિર્દોષ પ્રાણીઓનો સંહાર કર્યો. તિર્યંચના ભવમાં પાપ કર્મ કરી, હું નરકમાં ગયો. ત્યાં પરમાધામીનો માર સહન ન થવાના કારણે ચિલ્લાઈ-ચિલ્લાઈને ખૂબ આર્ત્તધ્યાન કર્યું અને નવા પાપ બાંધીને ફરીથી તિર્યંચ ગતિમાં ગયો. આ પ્રમાણે કેટલાક ભવ કરતાં-કરતાં કંઈક પુણ્યનો ઉદય થયો. ત્યારે હું માનવભવમાં આવ્યો. પણ ત્યાં જિનશાસન મળ્યું નહીં. ફરીથી દુર્ગતિમાં ગયો અને ફરતો-ફરતો પુણ્યોદયથી દેવલોકમાં ગયો. ત્યાં રત્નોના વિમાનો, કામિની દેવીઓ, બગીચા વગેરે ક્રીડા સ્થળો પ્રતિ ખૂબ આસક્તિ રાખી, ખૂબ મમત્વ ભાવ રાખ્યો. ત્યાંથી મનુષ્યભવમાં આવ્યો. અને મનુષ્ય ભવમાં ખૂબ પૈસા કમાવ્યા. અને એ પૈસા માટે જૂઠ, ચોરી, હિંસા વગેરે ઘણા પાપ કર્યા. ત્યાં મકાન, બંગલા, દુકાન, ફર્નીચર, ટી.વી, રેડિયો, ફોન, મોબાઈલ, કમ્પ્યુટર, પુત્ર-પુત્રી વગેરે બધી વસ્તુઓ ઉપર મમત્વભાવ રાખ્યો. પંચેન્દ્રિય ભવોના બધા પુદ્ગલોને હું વોસિરાવ્યા વિના જ મરી ગયો. આ બધી સામગ્રીઓ ઉપર પૂર્વભવોની રહેલી મમતાને કારણે મારો આત્મા આજે પણ પાપકર્મથી લિપ્ત થઈ રહ્યો છે. એથી હું અત્યંત દુઃખી થઈ રહ્યો છું. હવે હું ભવોદધિ તારક જિનેશ્વર પ્રભુ તેમજ ચતુર્વિધ સંઘની સાક્ષીમાં મન-વચન-કાયા રૂપ ત્રણે યોગોથી પૂર્વની સર્વ સામગ્રીની મમતાનો ત્યાગ કરી એ બધા પુદ્ગલોને વોસિરાવું છું.

વિશેષમાં આ ભવની પણ મારી બધી સામગ્રી પુત્ર, પત્ની, માતા-પિતા, ધન-દોલત, માલ-મિલ્કત, દુકાન-ઘર, ફર્નીચર, વાસણ વગેરે તેમજ કાયાને પણ અંતિમ શ્વાસોચ્છ્વાસ પછી વોસિરાવું છું. મૃત્યુની પછી મારો એનાથી કોઈ સંબંધ નથી. જેથી આવવાવાળા ભવમાં હું આ વ્યર્થના પાપોથી ભારે ન બનું.

અનાદિકાળથી આજ દિવસ સુધી અનંત ભવોમાં મમત્વના કારણે એનો સહર્ષ ત્યાગ ન કર્યો. જેથી મારા મર્યા પછી પણ એ શરીરથી જો કોઈ પાપકારી ક્રિયા થઈ હશે તો એનુ પણ હું મિચ્છામિ દુક્કડમ્ આપું છું. તેમજ આજે આ વર્તમાન શરીરના સિવાય પૂર્વના બધા શરીરોને હું વોસિરાવું છું.

**(૪) ચતુઃશરણ સ્વીકાર : -**

આજ સુધી અનાદિકાળથી જીવે ક્યારેક પૈસા તો ક્યારેક પત્ની, ક્યારેક પુત્ર તો ક્યારેક પુત્રીને જ શરણરૂપે સ્વીકાર કર્યો છે. મરણ અવસ્થા સમયે પણ એનું મન ડૉક્ટરની રાહ જોવામાં કે શરીરની વેદનામાં જ રહી ગયું છે. જે સ્વયં સંસારમાં ડૂબેલા છે, આજ સુધી એમનું શરણ સ્વીકારવાને કારણે આપણે સંસારમાંથી ઉંચા જ ન આવી શક્યા. માટે જે પોતે સંસાર સાગરથી તરી ગયા છે તેમજ બીજાઓને પણ તારવામાં સમર્થ છે, એવા અરિહંત, સિદ્ધ, સાધુ તથા કેવલી ભગવંતો દ્વારા પ્રરુપિત ધર્મ જ સાચું શરણ છે. માટે અંત સમયમાં આ ચાર શરણ સ્વીકાર કરવા.

**અરિહંતે સરણં પવજ્જામિ :**

જે ત્રણ લોકના નાથ છે, જેમણે પોતાના ચાર ઘાતિ કર્મોનો ક્ષય કરી દીધો છે. ૬૪ ઈન્દ્ર પણ જેમની સેવા કરે છે. જે સતત સર્વ જીવોને મોક્ષ આપે છે. આવા રાગ-દ્વેષના વિજેતા, સર્વજ્ઞ, દેવાધિદેવ શ્રી અરિહંત પ્રભુનું હું યાવજ્જીવ સુધી શરણ સ્વીકાર કરું છું.

**સિદ્ધે સરણં પવજ્જામિ :**

જે લોકના અગ્રભાગમાં બિરાજીત છે. જે સતત અક્ષય આનંદ, અનંતજ્ઞાન, અનંતદર્શનનું વેદન કરી રહ્યા છે. જે સર્વ જીવો ને મોક્ષ તરફ પ્રયાણ કરવા માટે સિદ્ધશીલાથી સિદ્ધરસ ધારા વરસાવી રહ્યા છે તેમજ જેને અવ્યાબાધ સ્થાનને પ્રાપ્ત કર્યું છે, એવા સિદ્ધ ભગવંતોનું હું યાવજ્જીવ સુધી શરણ સ્વીકાર કરું છું.

**સાહુ સરણં પવજ્જામિ :**

જેમણે અસાર સંસારને ત્યાગીને પ્રભુવીરનો પંથ અપનાવ્યો છે. અષ્ટપ્રવચન માતાનું જે સતત પાલન કરે છે. જ્ઞાન, ધ્યાન, તપ-ત્યાગ, વિનય-વૈયાવચ્ચમાં જે સદા લયલીન રહે છે એવા પંચમહાવ્રત ધારક સાધુ ભગવંતોનું હું યાવજ્જીવ સુધી શરણ સ્વીકાર કરું છું.

**કેવલિ પન્નત્તં ધમ્મં સરણં પવજ્જામિ :**

પંચમકાળમાં પ્રભુના સ્વરૂપને સમજાવવાવાળા, મિથ્યાત્વરૂપી અંધકારને દૂર કરવામાં સૂર્ય સમાન, કર્મ રૂપી વનને બાળવા માટે દાવાનલ સમાન, ભવરૂપી સમુદ્રમાં ડુબતાને તારવાવાળાં એવા કેવલી પ્રરૂપિત ધર્મનું હું યાવજ્જીવ સુધી શરણ સ્વીકાર કરું છું.

આ ચારેનું શરણું જ આપણને તારી શકે છે. માટે અંતર હૃદયથી એમનું શરણું સ્વીકારી સદ્‌ગતિ તરફ પ્રયાણ કરવો. જે આ ચારની શરણમાં રહે છે એનો કોઈ વાળ પણ વાંકો નથી કરી શકતું..

**(૫) સુકૃતની અનુમોદના :**

જીવનનાં અંતિમ સમયમાં આજ સુધી આપણે જે-જે ધર્મના સુંદર કાર્યો કર્યા છે. એને યાદ કરીને એની પણ અનુમોદના કરવી જોઈએ. જેમ આ ભવમાં મેં બાળપણથી જ નિત્ય પ્રભૂ પૂજા, નવકારશી વગેરેનું વ્રત કર્યું. રાત્રિભોજન-કંદમૂળ-ટી.વી. વગેરેનો ત્યાગ કર્યો. ગુરુ ભગવંતોની સેવા-સુશ્રુષામાં દિવસ વ્યતીત કર્યો. ગરીબોને દાન આપ્યું. સિદ્ધચક્રજી જેવા મહાપૂજન કરાવ્યા. ઉપાશ્રય, મંદિર બંધાવ્યા. જ્ઞાન-ભંડાર, પાઠશાળાનું નિર્માણ કરાવ્યું. જીવદયા તથા સાત ક્ષેત્રોમાં ધન ખર્ચ કર્યું. આ પ્રમાણે પોતાના સદ્‌કાર્યોની અનુમોદના મનમાં જ કરવી. બીજાઓની સામે બોલવાથી અહંકાર આવવાની સંભાવના રહે છે. એનાથી વિપરીત બીજાઓની અનુમોદના મનમાં તથા બીજાઓની સામે પણ કરવી. જેથી આપણી અંદર ગુણાનુરાગ વિકસિત થાય છે.

સ્વની સુકૃત અનુમોદનાની સાથે બીજાઓની પણ સુકૃતની અનુમોદના કરવી. જેમકે ધન્ય છે એ જીવોને જે મોટા-મોટા છ:રીપાલિત સંઘ કાઢી રહ્યા છે. કોઈ નવ્વાણુની યાત્રા કરી રહ્યા છે તો કોઈ કરાવીને લાભ કમાઈ રહ્યા છે. કેટલીક જગ્યાએ ઉપધાન ચાલી રહ્યા છે. કોઈ કતલખાનાઓ બંધ કરાવવાના કાર્યમાં લાગેલા છે તો કોઈ મંદિર વગેરેના જિર્ણોદ્ધારના કાર્ય કરી સુકૃત કમાઈ રહ્યા છે. સાથે જ ધન્ય છે એ મહાવિદેહ ક્ષેત્રના મુનિયોને જે કઠિન તપસ્યા કરી કર્મોને જલાવી રહ્યા છે. કોઈ પ્રભુ સીમંધર સ્વામિની વૈયાવચ્ચ કરી રહ્યા હશે, તો કોઈ ક્ષપકશ્રેણી પર આરુઢ થઈ પોતાના ઘાતિ કર્મોને જલાવી રહ્યા હશે, તો કોઈ મોક્ષની તરફ પ્રયાણ કરી, નિગોદના એક જીવને વ્યવહાર રાશિમાં લાવવાનો ઉપકાર કરી રહ્યા હશે. આ પ્રમાણે સુકૃતની અનુમોદના કરવી.

**(૬) દુષ્કૃત ગર્હા :**

આપણે પોતાના જીવનમાં જે-જે ખોટા કાર્યો કર્યા છે, એ ખોટા કાર્યોની નિંદા કરવી દુષ્કૃત ગર્હા કહેવાય છે. એનાથી આત્મા નિર્મલ બને છે. દુષ્કૃત ગર્હા આ પ્રમાણે કરવી - મિથ્યાત્વના ઉદયથી મારી આત્માએ કુદેવ-કુગુરુ-કુધર્મને જ સત્ય માન્યો. તેમજ એમના દ્વારા બતાવેલી ક્રિયાને જ સત્ય માનીને કરી. એમની પૂજા-સ્તવના કરી. મિથ્યાત્વના પર્વ મનાવ્યાં. સુદેવની પાસે ધન-દોલત, પુત્ર-પુત્રી જેવી ભૌતિક માનતાઓ કરી. પોતાના કષ્ટ નિવારણ તેમજ સુખની પ્રાપ્તિ માટે સુગુરુ પાસે યંત્ર-મંત્ર-દોરા-ધાગા કરાવ્યાં. ઉપધાન, સંઘ, નવ્વાણુ વગેરેમાં સારી સામગ્રી મળશે. આ હેતુથી ધર્મારાધના કરી. અક્રાઈ-માસક્ષમણ વગેરે તપશ્ચર્યા પ્રભાવના માટે કરી. પૈસાનો દેખાડો કરવા તેમજ નામ રોશન કરવા તથા છોકરા-છોકરીઓના મોટા ઘરમાં સંબંધ થઈ જાય એ માટે તીર્થયાત્રા સંઘ વગેરે કાઢ્યા.

વહુ બનીને, સાસુની સાથે ઝઘડા કર્યા. એમને ખરી-ખોટી સંભળાવી. જેઠાણી બનીને દેરાણી ઉપર હુકમ ચલાવ્યો. પોતાના અને એમના બાળકોની વચ્ચે ભેદભાવ રાખ્યો. ભાભી બનીને નણંદ-દીયરને પ્રેમ આપવાને બદલે હંમેશા એમની ભૂલો જ જોઈ. પોતાના પતિને વશમાં રાખવા માટે હંમેશા પરિવારની ભૂલો બતાવી. ધનના મોહમાં આવીને ધંધામાં કેટલાય લોકો સાથે જૂઠું બોલ્યા, વિશ્વાસઘાત કર્યો. કષાયોને વશીભૂત થઈને વડીલ જનોનું, સ્વજન સંબંધીઓનું અપમાન, તિરસ્કાર કર્યો. મનથી જે પણ પાપ કર્યા જો એને પ્રગટ કરી દઉં તો સમાજમાં ઉભો પણ નહીં રહી શકું. ક્યારેક કોઈને મારવાના, તો ક્યારેક માલ ચોરવાના, ક્યારેક કોઈનાથી વધારે કરોડપતિ બનવાના, તો ક્યારેક કોઈની સ્ત્રીને મેળવવાના ખરાબ ભાવ મેં મનથી કર્યા છે. વચનથી પણ જૂઠું બોલીને, કોઈની ગુપ્ત વાત ખોલીને, આઘાત લાગે એવા કઠોર શબ્દોને બોલીને કેટલાય લોકોના દિલ દુભાવ્યા. કાયાથી અભક્ષ્યનું સેવન કર્યું. ભક્ષ્ય પદાર્થ પણ બહુ જ રાગથી ખાધા. વિજાતીય પર વિકાર-દૃષ્ટિ રાખી. કોઈ જીવને માર્યો, તાડન કર્યું, ડરાવ્યા. સાધુ-સાધ્વી ભગવંતોની સેવા કરવાના બદલે એમની નિંદા કરી. આ પ્રમાણે મિથ્યાત્વ, અતિરિક્ત કષાય અને મન-વચન-કાયાના યોગથી કેટલાય જીવોના દિલને જાણતાં-અજાણતાં દુભાવ્યું. એ બધાને ત્રિવિધ ત્રિકરણથી મિચ્છામિ-દુક્કડમ્ આપું છું.

**(૭) અઢાર પાપ સ્થાનક વોસિરાવવા :**

પ્રાણાતિપાત, મૃષાવાદ વગેરે અઢાર પાપસ્થાનકોને ન કરવાનો નિયમ લેવો. હવે અંતિમ સમય નજીક આવી ગયો છે. માટે હવે આપણે પાપ કર્મ કરવું નહીં તથા કરાવવું નહીં અને મનથી એ બધાનો ત્યાગ કરી લેવો. જેથી પરિણામની શુદ્ધિ થાય છે.

## (૮) શુભભાવનાથી ભાવિત બનવું :

અનિત્ય, અશરણ, સંસાર, એકત્વ, અન્યત્વ વગેરે ૧૨ ભાવનાઓનું ચિંતન કરીને સાથે જ મૈત્રી વગેરે ચાર ભાવનાથી મનને ભાવિત કરવું.

**મૈત્રી :** સર્વ જીવાત્મા મારા સમાન જ છે. બાહ્યમાં જે કંઈ પણ ઉંચ-નીચ ભાવ દેખાઈ રહ્યા છે, તે કર્મકૃત છે. જીવ જે ભૂલ કરે છે, તે અજ્ઞાન તેમજ મોહને કારણે કરે છે. અજ્ઞાન અને મોહ એ દોષ છે. એને મહત્ત્વ ન આપીને જીવના સિદ્ધ સ્વરૂપને ધ્યાનમાં રાખીને પ્રત્યેક જીવાત્માની સાથે મૈત્રી રાખવી. બધા જીવ મારા મિત્ર છે, કોઈ મારા શત્રુ નથી. બધા જીવો સુખી બને વગેરે ભાવના વારંવાર કરવી.

**પ્રમોદ :** જે આપણાથી વધારે ગુણવાન છે એમના પ્રતિ અહોભાવ, વિનય ભાવ પ્રગટ કરવો. એમની પ્રશંસા કરવી એમને જોઈને ખુશ થવું. જેથી આપણી અંદર પણ ગુણ આવશે તેમજ દોષ ટળશે.

**કારુણ્ય :** આપણાથી નીચેની સ્થિતિવાળા વ્યક્તિને જોઈને મનમાં દયા લાવવી. તેમજ યથાશક્તિ એમના બાહ્ય તેમજ અભ્યંતર દુ:ખને દૂર કરવાની કોશિશ કરવી. યથાશક્તિ ધર્મમાં જોડવું. આ કરુણાભાવ છે.

**માધ્યસ્થ :** જેને પાપોથી બચાવવું શક્ય ન હોય તેમજ જે ક્રૂર કર્મને છોડે નહી એવી વ્યક્તિ ઉપર અંદરથી કરુણા તેમજ મૈત્રી રાખવાની સાથે બહારથી ઉપેક્ષા ભાવ રાખવો.

## (૯) અનશન :

થોડીક મર્યાદાપૂર્વક ચારે આહાર, ઉપધિ વગેરેનો ત્યાગ કરવો એ સાગારિક અનશન કહેવાય છે. જ્યારે કોઈ ડૉક્ટર વગેરે દ્વારા જીવનનો અંતિમ સમય નજીક લાગે, કોઈ દુર્ઘટના થઈ જાય, ખાવાનું બંધ થઈ ગયું હોય વગેરે અવસ્થામાં કેટલાક સમય માટે સાગારિક અનશન કરી લેવો જોઈએ. એટલે કે એ વ્યક્તિ જ્યાં સુધી ઠીક ન થાય ત્યાં સુધી કેટલાક પદાર્થ છોડીને બધા આહાર, ઘર-સામગ્રીનો ત્યાગ કરવો. જો સ્વસ્થ થઈ જાય તો ફરીથી બધી વસ્તુઓની છૂટ અને એજ અવસ્થામાં મરી જાય તો પચ્ચક્ખાણમાં મરવાથી સારી ગતિ મળે છે.

**સાગારિક પચ્ચક્ખાણ આ પ્રમાણે કરાવવો -**

'આહાર શરીરને ઉપધિ પચ્ચક્ખુ પાપ અઢાર, મરણ આવે તો વોસિરે, જીવું તો આગાર ધારણા અભિગ્રહ પચ્ચક્ખાઈ અન્નત્થણાભોગેણં સહસાગારેણં મહત્તરાગારેણં સવ્વસમાહિ-વત્તિયાગારેણં વોસિરઇ. (વોસિરામિ)

## (૧૦) નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરવું :

મંત્રોમાં શિરોમણી 'નવકાર મંત્ર'નું સતત મનમાં સ્મરણ કરવું. એના સ્મરણથી આ ભવમાં જ નહીં પરંતુ પરભવમાં પણ જીવ અનંત સુખને મેળવે છે. નવકાર મંત્રના પ્રભાવથી ભીલ-ભીલડી પરભવમાં રાજા-રાણી બન્યા. નવકારમંત્રના સ્મરણથી શ્રીમતીએ જેવો ઘડામાં હાથ નાખ્યો સાપ ફૂલની માળા બની ગયો. શિવકુમારને નવકારમંત્રથી સુવર્ણ પુરુષની પ્રાપ્તિ થઈ. અમરકુમારની મરણ-શૂલી સિંહાસન બની ગઈ. આ માટે અત્યંત અહોભાવપૂર્વક નવકારમંત્રનું સ્મરણ કરવું.

પોતાના મરણને મહોત્સવ બનાવવા માટે સમાધિ-મરણના આ દશ અધિકારોને જીવનમાં ઉતારવા તથા પોતાનું જીવન પ્રભુની આજ્ઞામય બનાવવું. જેથી અંત સમયમાં પ્રભુ યાદ આવી શકે.

ઘણા લોકો એવું વિચારે છે કે જ્યારે મરણ અવસ્થા આવશે ત્યારે સમાધિ જોઈએ, તો આજથી જ ધર્મ કેમ કરવો ? તો આનો જવાબ એ જ છે કે જેવા ભાવ આખા જીવનમાં ચાલે છે તેવા જ ભાવ અંતસમયમાં પણ આવે છે. આખી જિંદગી સંસારની સામગ્રીઓની લોલુપતા રાખી અને આપણે વિચારીએ કે અંત સમયમાં સમાધિ મરણ થઈ જશે. ભગવાન યાદ આવી જશે. આ લગભગ અશક્ય છે. માટે અત્યારથી જ પોતાના જીવનમાં ધર્મને એવો ઘૂંટી દેવો કે અંત સમયમાં ધર્મનું નાનું નિમિત્ત મળતાં જ મન ધર્મમાં સ્થિર બની જાય. આખી જિંદગી ધર્મ કરવાનો સાર એ જ છે કે અંતમાં મરણ સુધરે. ધર્મ તમને મોતથી તો નથી બચાવી શકતો પરંતુ સમાધિ આપીને તમને દુર્ગતિથી અવશ્ય બચાવી શકે છે. માટે પોતાના મરણને સમાધિમય બનાવવા માટે આજથી જ નહીં પરંતુ અત્યારથી ધર્મ કરવાનું શરૂ કરી દો. મરણના સમયે જીવનું જે ગતિમાં જવાનું નિશ્ચિત હોય છે એ ગતિની લેશ્યા લેવા આવે છે અને જીવના ભાવ પણ એ લેશ્યાના અનુરુપ બની જાય છે. જેમકે નરકગતિમાં જનારા જીવને કૃષ્ણ લેશ્યા લેવા આવે છે. માટે અંતઃ સમયમાં જીવ ક્રોધી, હિંસાળું બની જાય છે. અને એ તે સમયે ભગવાનનું નામ પણ લઈ નથી શકતો. અને જો કોઈ એને ધર્મ સંભળાવે તો એ પણ એને સારો નથી લાગતો. માટે જીવને દુર્ગતિમાં ન જવું હોય અને પોતાની મૃત્યુ સુધારવી હોય તો ધર્મમય જીવન જીવવા સિવાય કોઈ ઉપાય નથી. કેમકે આયુષ્ય બંધ ક્યારેય પણ થઈ શકે છે.

એના સિવાય અંત સમયમાં પુણ્ય પ્રકાશનું સ્તવન, નવ સ્મરણ, 'સીમંધર સ્વામીની પાસે અમારે જાવું છે' વગેરે સ્તવન, મહાપુરુષોની સજ્ઝાય વગેરે પણ સંભળાવતા રહેવું. જેથી સુંદર ભાવ ચાલ્યા કરે.

## સમાધિ-મરણના કેટલાક દૃષ્ટાંત :

એક સાધુ ભગવંતને પોતાના ગુરુ પ્રત્યે અપૂર્વ સમર્પણ હતું. આ એક ગુણના સિવાય એને કાંઈ આવડતું ન હતું. જ્યારે એમનો અંતિમ સમય આવ્યો ત્યારે બધા સાધુ એમને સમાધિ આપવા માટે એમણે નવકાર મંત્ર વગેરે સંભળાવવા લાગ્યા. પરંતુ એમનું મન નવકારમાં સ્થિર થવાને બદલે તેઓ ક્રોધિત થઈ ગયા. એટલામાં એમના ગુરુ ત્યાં આવ્યા અને કહ્યું કે "તું મનને નવકારમાં સ્થિર કર." ગુરુના પ્રત્યે સમર્પણ હોવાને કારણે એકપળનો પણ વિલંબ કર્યા વિના મુનિએ પોતાનું મન નવકારમાં સ્થિર કરી દીધું. મુનિના જીવનમાં ગુરુસમર્પણ હતું. માટે અંતિમ સમયમાં સમાધિ પ્રાપ્ત થઈ તેમજ એમની સદ્‌ગતિ થઈ.

**સુરતની એક સાચી ઘટના છે** - એક ભાઈ દરરોજ પોતાના ઘરના ગેરેજમાં સાધુ-સાધ્વી ભગવંતોને ગરમ પાણી ઉકાળીને વહોરાવતા હતા. એક રાત્રે પતિ-પત્ની બંને સૂતેલા હતા. અચાનક પતિની છાતીમાં જોરથી દર્દ થવા લાગ્યું તેમજ જોર-જોરથી શ્વાસ ચાલવા લાગી. એથી શ્રાવિકા સમજી ગઈ કે હવે એમનો અંતિમ સમય આવી ગયો છે. એણે કોઈને બોલાવ્યા વગર જોર-જોરથી નવકારમંત્ર સંભળાવવાનું શરૂ કરી દીધું. વચ્ચે-વચ્ચે તે પૂછવા લાગી કે તમે સાંભળી રહ્યા છો ? જવાબમાં હાં, મળવાથી તે વધારે તેજીથી નવકારમંત્ર સંભળાવવા લાગી. એમનો અવાજ સાંભળીને બાજુના રૂમમાં ઉંઘેલા એના પુત્ર-પુત્રવધુઓ આવ્યા. શ્રાવિકાએ બધાને નવકારમંત્ર બોલવાનું કહ્યું. અને આ પ્રમાણે ત્રણ નવકાર પૂર્ણ થતાં જ એ ભાઈના પ્રાણ પંખેરું ઉડી ગયા.

આપ જ બતાવો આ મૃત્યુને શું કહેવામાં આવે ? સમાધિ મૃત્યુ જ ને. જો શ્રાવિકાની પાસે મૃત્યુ સુધારવાની કલા ન હોત તો અહીં-તહીં બધાને બોલાવવામાં તેમજ રડવામાં જીવની દુર્ગતિ થઈ જાત.

**વિશેષ ધ્યાન આપવા યોગ્ય વાતો :**

પરિવારના લોકો એ વાતનું વિશેષ ધ્યાન રાખવું જોઈએ કે જે જીવ જઈ રહ્યો છે એની સામે ક્યારેય રડવું નહી કે એમના ગયા પછી અમારું શું થશે ? અમે કેવી રીતે રહીશું ? વગેરે કાંઈ પણ કહેવુ નહી, કેમકે જે જઈ રહ્યા છે એના પરભવની આપણે ચિંતા કરવાની છે. જો એનો પરભવ બગડી ગયો તો એના જીવનું શું થશે ? તમારે તો અહીં જ રહેવાનું છે. તમે તો ગમે તેમ કરીને તમારું જીવન ચલાવી લેશો. માટે જવાવાળા જીવની સામે રડવું નહી. પરંતુ હિંમત રાખીને એમને નવકાર મંત્ર સંભળાવવો. ચારેય આહારનો ત્યાગ કરાવવો. બધા જીવોની સાથે ક્ષમાપના કરાવવી. તમે તમારા ઘરમાં એક દર્શનીય ઓઘો જરૂર રાખવો. જેને જોઈને તમે પ્રતિદિન સંયમની ભાવના તો કરવી જ. પરંતુ સાથે જ જ્યારે કોઈ મરણ

અવસ્થામાં હોય ત્યારે એના હાથમાં ઓઘો આપીને એને ચારિત્રની ભાવના કરાવવી. જેથી આવતા ભવમાં એને મહાવિદેહ ક્ષેત્રમાં સાક્ષાત્ સીમંધર સ્વામીના હાથે સર્વવિરતિ પ્રાપ્ત થાય.

● મુંબઈના એક ભાઈને કેન્સર થયું. ઓપરેશન કરાવ્યું પરંતુ કીટાણું અંદર જ રહી ગયા. આ વાતની એને ખબર જ ન પડી. પરંતુ જ્યારે કેન્સરનો ત્રીજો સ્ટેજ આવ્યો ત્યારે એમની ડાબી આંખ અને મોંઢાની ચામડી ચાલી ગઈ અને માંસ બહાર દેખાવવા લાગ્યું. તે ભાઈ પહેલેથી જ બહુ ધાર્મિક હતા. નિત્ય પ્રભુ-ભક્તિમાં ૪-૫ કલાક વ્યતીત કરતા હતા. એમને જ્યારે અંત સમયની ખબર પડી ત્યારે એમણે પંદર દિવસના ઉપવાસ કર્યા, એમાંથી તેર ઉપવાસ પાણીસહિત અને અંતના બે ઉપવાસ ચૌવિહાર ઉપવાસ કર્યા. અંતિમ સમયમાં પરિવારજનોએ એમના હાથમાં ઓઘો આપ્યો ત્યારે એમણે એને મજબૂતીથી પકડી લીધો. એમની બહેને દીક્ષા લીધેલી હતી. એમણે અંતિમ સમયમાં એમને ભાવથી ચારિત્ર આપ્યું તેમજ પંચ મહાવ્રત સંભળાવ્યા. સમાધિપૂર્વક એ ભાઈએ પોતાનો દેહ ત્યાગ કર્યો.

**હે મારા પ્રાણ પ્રિય પ્રભુ !**

દુ:ખ નાનું પણ આવે છે, ફરિયાદ કર્યા વિના હું રહી શકતો નથી એ તો કદાચ મારી કમજોરી છે પણ સુખો ગમે તેટલા વિરાટ મળે છે, હું તને ધન્યવાદ નથી આપી શકું. તો એ તો મારી બદમાશી છે. કમજોરી તો હું દૂર કરી દઈશ પણ બદમાશી તો તારી કૃપા વિના દૂર થાય તેમ નથી. તેથી પ્રભુ ખૂબ કૃપા વરસાવો.




# સમાધિ મરણની ચાવી

## મારું અંતિમ વસિયતનામું

### પ્રેરણા : પૂ.સા.શ્રી મણિપ્રભાશ્રીજી મ.સા.

હું પોતાના પૂરા હોશ-હવાસમાં પોતાની વસિયત પોતાની ઈચ્છાથી લખી રહ્યો/રહી છું. આ વસીયત બનાવવામાં મારી ઉપર કોઈ રીતે કોઈ દબાવ નથી. મારી વસિયતના અનુસાર મારા મૃત્યુના સમયે તેમજ મારા મૃત્યુ પછી -

૧. મારી અંતિમ ઘડી હોય ત્યારે મને દવાખાને લઈને ન જવું અને ઘરમાં જ સમાધિ-મરણની અંતિમ નિર્યામણા કરાવવી. નવકારમંત્ર સંભળાવવો અને પ્રભુજીની મૂર્તિ અથવા ફોટાના દર્શન કરાવવા તથા મારા હાથમાં ઓઘો આપીને મને ચારિત્રની ભાવના કરાવવી. જેથી આવવાવાળા ભવમાં મને મહાવિદેહ ક્ષેત્રમાં સાક્ષાત્ સીમંધર સ્વામિના હાથે સર્વવિરતિ પ્રાપ્ત થાય. માટે "સીમંધર સ્વામીના...." આ સ્તવન વારંવાર સંભળાવવું.

૨. મારું ધ્યાન બીજે ક્યાંય ન જાય અને પીડાથી મને આર્ત્તધ્યાન ન થાય એ માટે તમે મને સ્તવન, સજ્ઝાય સંભળાવજો. મને ચાર શરણનો સ્વીકાર કરાવીને, સુકૃતની અનુમોદના અને દુષ્કૃતની ગર્હા કરાવજો. ચઉવિહાર, તિવિહાર, દુવિહારનું પચ્ચક્ખાણ કરાવજો. મારું શરીર, મારી દવાઓ અને મારા પહેરેલા કપડાના સિવાય બધી ચીજોના ત્યાગનું પચ્ચક્ખાણ કરાવજો. મને રાતનું પ્રતિક્રમણ અને સંથારા પોરસી સંભળાવજો.

૩. મને રાત્રિ ભોજનનો ત્યાગ અને ચઉવિહાર કરવાનું પચ્ચક્ખાણ છે. મારી ભાવના છે કે મારા અંતિમ સમયમાં મારી આ પ્રતિજ્ઞા ને તોડાવતા નહીં. મારી જીભ નીચે ગોળી ને

રાખતા નહીં. રાત્રે દવાઓ ખવડાવતા નહી. મારી બેહોશ અવસ્થામાં પણ મને દવાઓ ખવડાવતા નહીં, જો ખવડાવશો તો પાપ મને નહીં પરતું તમને જ લાગશે.

૪. મારી પાછળ રડતા નહી, શોક કરતા નહી અને કાળા, લીલા, બ્લ્યુ કપડાં પહેરવા નહીં, આપ સૌ મને આરાધના કરાવજો.

૫. સમાધિ મરણ થાય એવું વાતાવરણ મારી આસ-પાસ તૈયાર રાખજો. જીવ-રાસ સંભળાવજો, મૃત્યુને મહોત્સવ મનાવજો.

૬. મેં પરિગ્રહનો નિયમ લીધો છે. જેથી મારી માટે જે સંપત્તિ, ઘરેણા, સાધન-સામગ્રી વગેરે રાખ્યાં છે. તેમનો પણ અંતિમ સમયમાં હું ત્યાગ કરું છું. બેંકમાં મારા નામ ઉપર ઘરેણાં અને પૈસા હશે તો મારે એની ઉપર કોઈ મમત્વ નથી.

૭. મારી પાછળ શાંતિસ્નાત્ર પૂજા ભણાવજો. સિદ્ધચક્ર પૂજન ભણાવજો, પરમાત્માની આંગી રચાવજો. ગુરુ ભગવંતની વૈયાવચ્ચને માટે ધનનો ઉપયોગ કરજો. સાધર્મિકોની ભક્તિ કરજો. આયંબિલ ભવન, ધાર્મિક પાઠશાળામાં દાન આપજો, જીવદયામાં ઉદારતાથી રકમ લખાવજો. કબૂતરને જુવાર, ગાયને ઘાસ, કુતરાને રોટલી આપજો, અનુકંપાદાન કરજો.

૮. તમારા બધાનો મારા ઉપર અગણિત ઉપકાર છે, તે હું ક્યારેય પણ ભૂલું/ભુલીશ નહીં. આ વિશ્વના બધા જીવ મારા મિત્ર છે, કોઈ મારો શત્રુ નથી, પૂર્વમાં જેમનું મેં દિલ દુઃખાવ્યું હોય એ બધાથી હું ક્ષમાયાચના કરું છું.

૯. મારી મૃત્યુ પછી મારા દેહને બાળવા માટે જે લાકડાનો ઉપયોગ કરો તે પૂંજીને કરજો.

આજની તારીખ..................

સાક્ષી : હસ્તાક્ષર

(૧).......................

(૨).......................

# Art of Living

૬



## Duties towards Parents

પવિત્રતાનું રહસ્ય

# મંત્ર મહિમા



## ❋ દંત ચિકિત્સા

ય ર લ વ શ ષ સ હ

પરિણામ : દાંતોની પંક્તિમાં મંત્રની સ્થાપના ૩૦-૪૫ મિનિટ સુધી કરે. તેના દ્વારા પાયોરિયા જેવા રોગ પણ મટે છે.



## ❋ હેડકી નાશક

ૐ હ્રીઁ ઠ: ઠ: ઠ: સ્વાહા

પરિણામ : જે સમયે હેડકી આવે તે સમયે ૩૨ વખત મંત્રનો પ્રયોગ કરવો. હેડકી બંધ થઈ જશે.

## ❋ હેડકી તથા શ્વાસ ચિકિત્સા

ૐ નમો બીજ બુદ્ધીણં જિણાણં હ્રૂઁ હ્રીઁ

પરિણામ : વારંવાર હેડકી આવે કે શ્વાસ ચડે તો આ મંત્રની એક માળા ગણવી.



## ❋ ઉદર ચિકિત્સા


ૐ હ્રીઁ વૃષભાદિવીરાંતેભ્યો નમ:

પરિણામ : પેટમાં દુખાવો હોય તે સમયે ૧૦૮ વખત અથવા ૧૦૦૮ વખત જાપ કરવો, મંત્રને પેટ ઉપર સ્થાપિત કરવો. પેટ સંબંધિત રોગ શાંત થાય છે.

## ❋ પીળીયા રોગ ચિકિત્સા

ૐ રાં રીં રું રોં ર: સ્વાહા


પરિણામ : ૨૧ વખત આ મંત્રથી રોગીને ઝાડવાથી પીળીયો દૂર થાય છે



## ❋ સ્મરણ શક્તિ

ૐ હ્રીઁ શ્રીઁ ક્લીં બ્લું ઐઁ નમ:

પરિણામ : પ્રતિદિન એક માળા ગણવાથી જ્ઞાનનો વિકાસ થાય છે.



## ❋ શક્તિ વિકાસ

અનન્તવીર્યેભ્યો નમ:

પરિણામ : પ્રતિદિન ૧ માળા ગણવાથી નિરાશા સમાપ્ત થાય છે અને શક્તિનો વિકાસ થાય છે.



## ❋ વેરનું સમાપન

ૐ હ્રીઁ શ્રીઁ પાર્શ્વચંદ્રાય નમ:

પરિણામ : પ્રતિદિન ૨૧ વખત અથવા ત્રિસંધ્યામાં સાત વખત મંત્ર વાંચીને મોઢા પર હાથ ફેરવવો. તેનાથી શત્રુ પણ મિત્ર બની જાય છે.

જૈનિજમના પાછળના ખંડમાં તમે જોયું કે કઈ રીતે જયણા દ્વારા મળેલા સંસ્કારો, પરવરિશ તેમજ હિતશિક્ષાથી મોક્ષાએ પોતાના જ નહી પરંતુ વિધિના ઘરમાં પણ ખુશીઓ લાવી. જોતજોતામાં ઘરમાં ફરીથી ખુશીઓનો પ્રસંગ આવી ગયો. જ્યારે મોક્ષાના દિયર વિનયના લગ્ન એક ખાનદાની ઘરની દિકરી શ્રેયાની સાથે થયા. શ્રેયાને ઘરે આવ્યાના ૪ મહિના પછી એક સાંજે પ્રશાંતે પોતાના ઘરના બધા સદસ્યોને હૉલમાં બોલાવ્યા.

**પ્રશાંત :** વિવેક, વિનય, મોક્ષા, શ્રેયા ! સાંભળો, આજે મેં તમે બધાને બહુ જ જરૂરી વાત કહેવા માટે અહીં બોલાવ્યા છે.

**વિવેક :** પપ્પા ! તમે નિશ્ચિંત થઈને જે કહેવા માંગો છો તે કહો. તમારી અને મમ્મીની જે પણ ઈચ્છા છે. અમે એને પૂરી કરવાની અવશ્ય કોશિશ કરીશું.

**પ્રશાંત :** બેટા ! આ વિશ્વાસની સાથે જ તો આજ હું આ વાત તમે બધાને કહેવા જઈ રહ્યો છું. બેટા ! મારી અને તારી માઁ ની હવે ઉંમર થઈ ગઈ છે. ખબર નહીં ક્યારે ઉપરથી સંદેશો આવી જાય. માટે અમે હવે ઘરથી અને દુકાનથી નિવૃત્તિ લેવાનો વિચાર કર્યો છે.

**મોક્ષા :** પપ્પા ! આ આજે તમે કેવી વાતો કરી રહ્યા છો ? તમને અને મમ્મીને કંઈ નહી થાય અને જો તમે લોકો નિવૃત્તિ લઈ લેશો તો અમારું શું થશે ?

**સુશીલા :** મોક્ષા બેટા ! હોનીને કોઈ નથી ટાળી શકતું. તે જ મને શીખાવ્યું છે કે જ્યારે આયુષ્ય પૂર્ણ થાય છે ત્યારે જીવ અહીંથી મરીને બીજી ગતિમાં જાય છે. બેટા ! અમે પણ પરભવમાં સીમંધર સ્વામીની પાસે જવા માંગીએ છીએ તો હવે આરાધના તો કરવી જ પડશે. જ્યાં સુધી અમે ઘરથી બંધાયેલા રહીશું ત્યાં સુધી આરાધના કરવી મુશ્કેલ છે અને પછી અમે ક્યાંય દૂર થોડી જઈ રહ્યા છીએ. તમારે કંઈ કામ હોય, કોઈપણ વાતની સલાહ લેવી હોય તો અમે ઘરમાં જ તો છીએ. બસ અમે તો એ જ કહેવા માંગીએ છીએ કે હવે ઘર અને દુકાનની બધી જવાબદારીઓ તમે લોકો લઈ લો. જેથી અમે આત્મ-સાધનામાં લીન થઈ શકીએ.

**વિવેક :** ઠીક છે પપ્પા ! અમે લોકો તમને આરાધના કરવામાં અંતરાય નહીં કરીએ. તમને જે કાંઈ પણ વસ્તુની જરૂરત હોય કે તીર્થયાત્રા વગેરે ક્યાંય પણ જવું હોય તો અમને નિઃસંકોચ બતાવી દેજો.

**પ્રશાંત :** ઠીક છે બેટા ! મોટા હોવાને કારણે હું ઘરની અને દુકાનની બધી જવાબદારીઓ વિવેક અને મોક્ષાને આપું છું. વિનય અને શ્રેયા બેટા ! તમે હજુ નવા-નવા છો, તમે લોકો પણ એમની જવાબદારીઓને પોતાની જવાબદારી સમજીને હળીમળીને કામ કરજો.

**વિનય-શ્રેયા :** જી પપ્પા !

(આટલું કહીને પ્રશાંત અને સુશીલાએ દુકાનની ચાવી વિવેકને અને ઘરની ચાવી મોક્ષાને આપી.)

**મોક્ષા :** (પોતાના સાસુ-સસરાના ચરણ સ્પર્શ કરતાં) મમ્મી-પપ્પા તમે ભલેને અમને આપણા ઘર અને દુકાનની ચાવીઓ આપી છે. પરંતુ અમને સુધારવાની ચાવી તો આપના જ હાથમાં છે. અમારાથી કોઈપણ ભૂલ થાય તો અમને જરૂર કહેજો.

(થોડીવાર બેસીને બધાએ વાતો કરી. બહુજ હસી-ખુશીનો માહોલ બની ગયો. થોડીવાર પછી બધા પોત-પોતાના રૂમમાં સુવા માટે ચાલ્યા ગયા. કેટલાય દિવસો પછી શ્રેયા ના ઘર થી એનો ભાઈ એને લેવા માટે આવ્યો. સુશીલાએ શ્રેયાને ખુશીથી પિયર મોકલી અને સાથે જ શ્રેયાની મમ્મી કલ્પના અને બાકીના પરિવારના લોકો માટે પણ ભેંટ મોકલી. એક દિવસ -)

**કલ્પના :** બેટા ! પિયર આવ્યાને તને બે દિવસ થઈ ગયા પણ શાંતિથી તારી સાથે વાત જ ન થઈ. આવ બેસ, બતાવ સાસરે બધુ ઠીક તો છે ને ?

**શ્રેયા :** હા મૉમ ! બધુ બરાબર છે.

**કલ્પના :** સાસુ-સસરા, જેઠ-જેઠાણી બધા સારા છે ?

**શ્રેયા :** હા મૉમ ! બધા બહું સારા છે. બહુજ પ્રેમથી રાખે છે મને.

**કલ્પના :** (થોડીવાર પછી) બેટા ! વિનય અને વિવેકની એક જ દુકાન છે શું ?

**શ્રેયા :** હા મૉમ ! આટલા વર્ષોથી એક જ હતી અને હવે પણ એક જ છે. આટલા વર્ષોથી પપ્પા સંભાળતા હતા. હમણાં થોડા જ દિવસો પહેલા આરાધના કરવાની ઇચ્છાથી પપ્પા-મમ્મીએ ઘરની બધી જવાબદારીઓ ભાઈ અને ભાભીને આપી છે. બાકી અમે બધા એક જ છીએ.

**કલ્પના :** શું ? તારા સાસુ-સસરાએ ઘરની અને દુકાનની બધી ચાવીયોં તમારા જેઠ-જેઠાણીને આપી દીધી અને તમે બન્ને ચુપ રહ્યા.

**શ્રેયા :** હા મૉમ ! તે અમારાથી મોટા છે એના માટે જવાબદારી તો એમને જ મળવી જોઈએ ને.

**કલ્પના :** બેટા ! તે મોટા છે તો શું થયું ? શું તું એ ઘરની વહુ નથી ? શું વિનય એ ઘરનો છોકરો નથી? તુ પણ મોક્ષાની જેમ જ એ ઘરની વહુ છે અને વિનય પણ વિવેકના જેવો એ ઘરનો છોકરો છે. મોટો હોય કે નાનો, છોકરો તો આખરે છોકરો જ હોય છે. તમારા સાસુ-સસરાએ બધી જવાબદારીઓ વિવેક અને મોક્ષાને આપીને તમારી સાથે અન્યાય કર્યો છે.

**શ્રેયા :** હું કંઈ સમજી નહીં મૉમ ?

**કલ્પના :** બેટા ! તું બહુ ભોળી છે. એમની મીઠી વાતોમાં આવી ગઈ અને એના પરિણામ સ્વરૂપ મોક્ષા અને વિવેક ઘર અને દુકાન ઉપર આજે પોતાનો હક જમાવીને બેઠેલા છે. જો આવુ જ ચાલતું

રહેશે તો જોઈ લેજે ભવિષ્યમાં એક દિવસ વિવેક, વિનયને બોલાવીને કહેશે કે વિનય હવે તું પોતાના માટે નવું ઘર અને દુકાન શોધી લે. આ ઘર મારું છે. એ લોકો તમને બંન્નેને ધક્કા મારીને બહાર કાઢી દેશે કેમકે ઘર મોક્ષાનું અને દુકાન વિવેકની છે. પછી તમારે બહાર રસ્તા ઉપર ભટકવું પડશે. માન કે ન માન આ તમારા સાસુ-સસરાની ચાલ છે. એમને તારા જેઠ-જેઠાણી પ્રત્યે વધારે પ્રેમ છે. નહીંતર તું પણ તો એ ઘરની વહુ છે, કંઈક તો તને પણ આપ્યું હોત. બધી જ ચાવીઓ મોક્ષાને જ આપવાની શું જરૂર હતી ? ખોટું ન લગાવતી બેટા ! હું તારી માઁ છું એ માટે મને તારી અને જમાઈજીના ભવિષ્યની ચિંતા છે. હું નથી ઇચ્છતી કે ઘરેથી કાઢી લીધા પછી તુ કોઈના ઘરના કામ કરે કે બાળકોને ટ્યુશન ભણાવે અને જમાઈજી નાની-મોટી કંપનીમાં નોકર બનીને કામ કરે.

(આ પ્રમાણે કલ્પનાએ પોતાની વાતોથી શ્રેયાના કાન ભરીને એના દિલો દિમાગમાં શંકાના બીજ વાવવાની કોશિશ કરી. પોતાની માઁ ની વાતો સાંભળીને શ્રેયા થોડીવાર સુધી વિચારોમાં ખોવાઈ ગઈ. એના લગ્ન પછીથી લઈને પોતાની સાથે વીતેલી એક-એક વાત એને યાદ આવી ગઈ.એ બધી વાતોથી એનું દિમાગ પણ બદલાઈ ગયું.)

**શ્રેયા :** હા મૉમ ! તમારા કહ્યા પછી મને પણ હવે એવું મહસૂસ થઈ રહ્યું છે કે મમ્મીનું મન મોક્ષા ભાભી પર વધારે છે. મૉમ ! એકવાર મોક્ષા ભાભી બહાર ગઈ હતી. તે મોડેથી આવી તો એમને કંઈ કહ્યું નહી અને હું એકવાર મોડી આવી ગઈ તો મને બે વાર પૂછી લીધું કે બેટા ! આટલું મોડું કેમ થઈ ગયું ? અને મૉમ ! જ્યારે મોક્ષા ભાભીનો ભાઈ આવ્યો હતો. ત્યારે એમના માટે બદામનો સીરો બનાવ્યો હતો. અને બે દિવસ પહેલા જ્યારે ભાઈ મને લેવા આવ્યો ત્યારે સાદો સીરો બનાવ્યો. હા મૉમ ! હોય ન હોય, આ એ બન્નેની અમને ઘરેથી કાઢવાનું ષડ્યંત્ર છે. મૉમ ! હવે મારે શું કરવું ? બધી ચાવીઓ તો ભાભીના હાથમાં જતી રહી છે હવે હું શું કરું ?

**કલ્પના :** બેટા ! હજુ પણ સમય છે સંભાળી લો. હું એ નથી કહેતી કે બધી પ્રોપર્ટી વિનય અને તને જ મળવી જોઈએ. પણ હું તો કહું છું કે જેટલો હક ઓફિસ પર વિવેકનો છે એટલો જ વિનય નો પણ છે અને જેટલો હક ઘર પર મોક્ષાનો છે, એટલો જ તારો. માટે ઘરના ભાગ થઈ જવા જોઈએ જેથી બંન્નેને સરખી પ્રોપર્ટી મળે. અને કોઈની સાથે અન્યાય ન થાય. આ કામ તારા સાસુ-સસરા જીવતા છે ત્યાં સુધી થાય તો સારું છે. શું ખબર, તારા સાસુ-સસરાના ગયા પછી વિવેક અને મોક્ષાની નિયત જ બદલાઈ જાય ?

**શ્રેયા :** હા મૉમ ! આ બહુ જ બેસ્ટ આઈડિયા છે પણ હવે મારે એના માટે શું કરવું પડશે ?

**કલ્પના :** બતાવું છું બેટા ! સાંભળ, સહુથી પહેલા તારે વિનયના કાનોમાં આ વાત નાખવી પડશે. જ્યાં સુધી હું જાણું છું ત્યાં સુધી વિનય તો તારાથી પણ ભોળા છે. ૨૪ કલાક ભાઈ-ભાભી પાછળ

ફરતો રહે છે. તારે એના મનમાં બેસાડવું પડશે કે આજે જમાનો લક્ષ્મણનો નથી કે રામની પાછળ પોતાના બધા જ સુખ છોડી દે. આજે જમાનો ભાગલાનો છે. દરેક વ્યક્તિએ પોતાના હક માટે લડવું જોઈએ. અને વિનયને પણ પોતાના હકને માટે લડવું જ પડશે.

**શ્રેયા :** મૉમ ! તમે વિનયની ચિંતા ના કરો. વિનયને મનાવવાનું તો મારા ડાબા હાથનો ખેલ છે.

**કલ્પના :** બેટા ! તું વિનયને સમજાવ, આગળ શું કરવાનું છે એ હું તને પાછળથી સમજાવીશ.

(બે દિવસ પછી શ્રેયા પાછી પોતાના સાસરે ચાલી ગઈ. બે ચાર દિવસ તો એમ જ વીતી ગયા. એક સાંજે...)

**વિનય :** શ્રેયા ! શું વાત છે ! આજે બહુ જ ટેન્શનમાં લાગે છે ?

**શ્રેયા :** કંઈ નહીં વિનય.

**વિનય :** નહી શ્રેયા ! કંઈક વાત તો જરૂર છે. શું કોઈએ તને કાંઈ કહ્યું ?

**શ્રેયા :** જવા દો ને વિનય ! મારી વાતો ઉપર તમને વિશ્વાસ નહીં થાય.

**વિનય :** હવે તો તારે બતાવવું જ પડશે કે શું થયું ?

**શ્રેયા :** વિનય ! તમને નથી લાગતું કે આપણી સાથે અન્યાય થયો છે.

**વિનય :** અન્યાય ? કેવો અન્યાય શ્રેયા ?

**શ્રેયા :** વિનય ! તમે તો તમારી આંખો ઉપર પટ્ટી બાંધી રાખી છે. તમને કેવી રીતે દેખાશે કે તમારી સાથે શું થઈ રહ્યું છે ?

**વિનય :** ખુલાસો કરીને બતાવ શ્રેયા ! તું શું બતાવવા માંગે છે.

**શ્રેયા :** વિનય ! મમ્મી-પપ્પાએ ઘરની અને દુકાનની બધી પ્રોપર્ટી ભાઈ અને ભાભીને આપી દીધી છે. થોડા દિવસોમાં ભાઈના નામે વસિયત પણ બની જશે. તમે આપણા ભવિષ્યના વિશે કંઈ વિચાર્યું છે ? ભાઈ ઉપર આજે તમે આટલો ભરોસો તો કરી રહ્યા છો. પણ ક્યાંક એવું ન થાય કે ભવિષ્યમાં આપણને ભટકવું પડે.

**વિનય :** (થોડોક ગુસ્સામાં) શ્રેયા ! આ કેવી વાત કરે છે તું ? ભાઈ ઉપર કલંક લગાડતાં પહેલા થોડુંક તો વિચાર્યું હોત. તુ જે વિચારી રહી છે એવું કંઈ પણ નહી થાય.

**શ્રેયા :** મને ખબર જ હતી કે તમે નહી માનો, પણ ભવિષ્યમાં જોઈ લેજો, તમારો આ પ્રેમ તમને કેટલો મોટો દગો આપશે.

**વિનય :** ભૂત સવાર થઈ ગયું છે તારી ઉપર અને તારા દિમાગ ઉપર. આ તારા ફાલતુના વિચાર બંધ કરી લે સમજી. (આટલું કહીને વિનય ત્યાંથી ચાલ્યો ગયો.)

(અહીં વિવેકને બધી જવાબદારીઓ તો મળી ગઈ પણ વિવેકના મનમાં સતત એક જ વાત ખટકતી હતી કે વિનયને પણ એનો હક મળવો જોઈએ. માટે એણે ઓફિસમાં પોતાની કેબિનની પાસે વિનયની માટે પણ એક મોટું પર્સનલ કેબિન બનાવીને એને એની પહેલી લગ્નતિથિના દિવસે ભેટ આપવાનું વિચાર્યું. આ વિશે એક દિવસ એણે પોતાના પપ્પા સાથે વાત કરી. ત્યારે -)

**પ્રશાંત :** વાહ બેટા ! બહુ જ સારું વિચાર્યું છે તેં વિનય માટે.

(એટલામાં વિનય ત્યાંથી નીકળ્યો. પોતાનું નામ સાંભળીને વિનયના પગ રૂમની બહાર રોકાઈ ગયા. એ જ સમયે એને શ્રેયાની વાત યાદ આવી અને એ વિવેક અને પ્રશાંતની વાતો સાંભળવાની કોશિશ કરવા લાગ્યો.)

**વિવેક :** પપ્પા ! આ ફાઈલમાં મેં એ વિશેના બધા પેપર્સ રાખ્યા છે. પણ આ ક્યાંક વિનયનાં હાથમાં ન આવી જાય. નહીંતર આખો પ્લાન ચૌપટ થઈ જશે.

**પ્રશાંત :** બેટા ! તું આ ફાઈલને તારા કેબિનમાં સેફ રાખજે અને ધ્યાન રાખજે.

(પ્રશાંત અને વિવેકની આ વાતો વિનયે સાંભળી લીધી. પણ એને એનો ખોટો અર્થ કાઢી લીધો. જેનાથી એને શ્રેયાની વાતો ઉપર થોડો-થોડો વિશ્વાસ થવા લાગ્યો. શ્રેયાની વાતોથી વિનયનો વિચાર વધારે મજબૂત થઈ ગયો. અને એજ દિવસે સુશીલા પોતાના પાલવમાં કંઈક છુપાવીને મોક્ષાના રૂમમાં ગઈ. યોગાનુયોગ શ્રેયાએ સુશીલાને જોઈ લીધી. સુશીલાને આ રીતે કંઈક છુપાવીને મોક્ષાના રૂમમાં જતી જોઈને શ્રેયાને શંકા થઈ. એ પણ સુશીલાની પાછળ જઈને મોક્ષાના રૂમની બારીમાંથી બંનેની વાતો સાંભળવાની કોશિશ કરવા લાગી.)

**સુશીલા :** મોક્ષા ! જો હું શું લાવી છું.

(આટલું કહીને સુશીલાએ તેના પાલવમાંથી એક ડબ્બો કાઢ્યો.)

**મોક્ષા :** અરે વાહ ! મમ્મીજી આટલા સુંદર સોનાના કંગન ક્યાંથી લાવ્યા તમે ?

**સુશીલા :** અરે મોક્ષા ! જરા ધીમેથી બોલ. ક્યાંક શ્રેયાએ સાંભળી લીધું તો બધી ગડબડ થઈ જશે. મારા ભાઈના ત્યાંથી સ્પેશ્યલ ઓર્ડર આપીને બનાવડાવ્યા છે. તને પસંદ તો આવ્યાને ?

**મોક્ષા :** મમ્મીજી ! કેટલી સરસ ડિઝાઈન છે. મને તો શું શ્રેયા હોત તો એને પણ પસંદ આવી જાત.

**સુશીલા :** બસ હવે જલ્દીથી આને તારા કબાટમાં મુકી દે. ક્યાંક કોઈ જોઈ ન લે.

**મોક્ષા :** મમ્મીજી ! તમે કોઈ જાતની ચિંતા ના કરો. હું એને સંભાળીને રાખીશ.

(સાંજે ઘરેં આવતાં જ વિનય સીધો પોતાના રૂમમાં ગયો. ત્યાં આજની ઘટેલી ઘટનાથી ચિંતિત શ્રેયા પલંગ ઉપર સૂતી હતી.)

**વિનય :** શું થયું શ્રેયા ! આજે આટલી ઉદાસ કેમ દેખાય છે ?

**શ્રેયા :** મારે તમને એક વાત કહેવી છે.

**વિનય :** શ્રેયા ! મારે પણ તને એક બહુ જ જરૂરી વાત કરવી છે.

(અને આ પ્રમાણે બંને પોતાની સાથે બનેલી ઘટના એકબીજાને બતાવી.)

**શ્રેયા :** મેં તમને પહેલા જ કહ્યું હતું. પરંતુ તમે મારી વાત માનો તો ને. તે જરૂર વસીયતના પેપર્સ હશે. વિનય આપણે આપણા ભવિષ્યની તૈયારી અત્યારથી જ કરવી પડશે. કેમકે ઓફિસમાં જે રીતે ભાઈનું રાજ ચાલે છે. એ રીતે ઘરમાં ભાભીનું. મમ્મીનું મન પણ મોક્ષા ભાભી ઉપર વધારે છે. થોડા દિવસો પહેલાંની જ વાત છે. જ્યારે અમે બધા પપ્પાના ફ્રેન્ડના દિકરાના લગ્નમાં ગયા હતા. ત્યારે મમ્મીએ મોક્ષા ભાભીને પહેરવા માટે પોતાની મોંઘી સાડી આપી દીધી. અને મને તો પૂછ્યું પણ નહીં. બસ વિનય હવે હું આ રીતનો અન્યાય સહન નથી કરી શકતી.

**વિનય :** તારી વાત બિલકુલ ઠીક છે શ્રેયા ! પરંતુ આપણે આ ઘરને છોડીને જઈશું ક્યાં ? મમ્મી-પપ્પાને શું કહીશું ? ભાઈ-ભાભી પૂછશે તો શું જવાબ આપીશું ? કઈ વાતને લઈને ભાગલા કરીશું ? શ્રેયા ! અલગ થયા પછી આપણે જઈશું ક્યાં ?

**શ્રેયા :** વિનય ! આપણે કોઈને કંઈ કહેવાની કે પૂછવાની જરૂર નથી. આપણે ઘરમાં એવો માહોલ ઉભો કરી દઈશું જેનાથી એમને મજબૂર થઈને ભાગલા પાડવા જ પડશે. અને રહી વાત રહેવાની તો તમે એની ચિંતા કેમ કરો છો ? મારું ઘર છે ને ?

**વિનય :** નહી શ્રેયા ! હું મારા સાસરે કેવી રીતે રહી શકું ? આખરે મારી પણ પ્રેસ્ટીજનો સવાલ છે. (થોડો સમય વિચારીને)

**શ્રેયા :** વિનય ! મારા પપ્પાનું જૂનું કૉટેજ ખાલી જ છે. આપણે ત્યાં રોકાઈ જઈશું.

**વિનય :** ઠીક છે, પરંતુ શ્રેયા ! આ બધું આપણે કરીશું કેવી રીતે ?

**શ્રેયા :** વિનય ! ઘરમાં મોક્ષા ભાભી બધાની લાડકી છે. એમના જ કહેવાથી આપણા ઘરમાં ધાર્મિક આચરણની શરૂઆત થઈ. બસ, આપણે ધર્મના વિરુદ્ધ કાર્ય કરવાના છે. રાત્રિભોજન ત્યાગાદિ ઘરના રિવાજોને તોડવાના છે. પછી તો જોજો એ લોકો આપણને ઘરેથી બહાર કાઢવા માટે મજબૂર થઈ જશે.

**વિનય :** શ્રેયા ! હું કંઈ સમજ્યો નહીં ?

**શ્રેયા :** વિનય ! તમે એ વાતની ચિંતા ન કરો. હું જેમ કહું તેમ કરતા જાઓ.

(આ પ્રમાણે વિનય અને શ્રેયાનું મન પોતાના માતા-પિતા અને ભાઈ-ભાભી પ્રત્યે ખાટું થઈ ગયું. હવે એમનો આ સ્વભાવ એમના વર્તનમાં પણ ઝળકવા લાગ્યો. એક દિવસ વિનય પોતાની ઓફિસમાં -)

**વિનય :** ઓ.કે. મિ.ગુપ્તા ડિલ પાક્કી. આ લો આપનો ચેક.

(મિ.ગુપ્તા ચેક લઈને નીકળી ગયા અને ત્યારે પ્રશાંત અને વિવેકે કેબિનમાં પ્રવેશ કર્યો.)

**પ્રશાંત :** બેટા ! આ મિ.ગુપ્તા અહીંયા કેમ આવ્યા હતાં ?

**વિનય :** પપ્પા ! તેઓ જે પ્રોજેક્ટ લઈને આવ્યા હતા. એ મને પસંદ આવી ગયો. માટે મેં એમની સાથે દસ લાખની ડિલ ફાઈનલ કરી લીધી છે. તેઓ ચેક લેવા આવ્યા હતા.

**વિવેક :** (ચોંકીને) શું વિનય ! તે ગુપ્તાની સાથે ડિલ ફાઈનલ કરી દીધી ?

**વિનય :** હા ભાઈ ! આમાં ચોકવા જેવી શું વાત છે ?

**પ્રશાંત :** બેટા ! તને ખબર છે પાંચ વર્ષ પહેલા એમની કંપનીની સાથે ડિલ કરવાથી આપણને ૧૦ લાખનું નુકસાન થયું હતું.

**વિનય :** પપ્પા ! તે પાંચ વર્ષ પહેલાની વાત હતી. આજે એમની કંપની પ્રોગ્રેસ ઉપર છે.

**પ્રશાંત :** પણ વિનય ! એકવાર પૂછવું તો હતું.

**વિનય :** આમાં પૂછવા જેવી શું વાત હતી પપ્પા ? હું કોઈ દૂધ પીતું નાનું બાળક નથી. હવે ઓફિસનું થોડું ઘણું કામ તો હું પણ સંભાળી શકું છું.

**વિવેક :** વિનય ! તને ખબર છે તું શું બોલી રહ્યો છે ?

**વિનય :** ભાઈ ! તમે વચ્ચે ન બોલો. એક નાની ડિલ શું ફાઈનલ કરી દીધી તમે લોકો તો મારી ઉપર ટૂટી પડ્યા છો. શું આ ઓફિસમાં મારો એટલો પણ અધિકાર નથી ? શું બધા ફેસલા લેવાનો અધિકાર તમને અને ભાઈને જ છે ?

**વિવેક :** વિનય ! વાત અધિકારની નથી. વાત ભવિષ્યમાં થવાવાળા નુકસાનની છે.

**વિનય :** કેમ ભાઈ ! વાત અધિકારની કેમ નથી ? કદાચ તમે ભૂલી રહ્યા છો કે આપણે બંને એક જ બાપના સંતાન છીએ. જેટલો હક તમારો આ ઓફિસ ઉપર છે એટલો જ હક મારો પણ છે સમજ્યા તમે.

(આટલું કહીને ગુસ્સામાં આવીને વિનય ત્યાંથી જતો રહ્યો. અચાનક વિનયના આ વિપરીત વર્તનથી બંને ચિંતિત થઈ ગયા. અને એજ દિવસે ઘરમાં સવારે મોક્ષાના બન્ને બાળકો ગુરુકુલ જવા માટે તૈયાર થઈ રહ્યા હતા. મોક્ષા એ સમયે પૂજા કરવા ગઈ હતી ત્યારે-)

**સમકિત :** કાકી ! અહીં ઉપર મારી બુક પડી છે. મારો હાથ નથી પહોંચતો. તમે જરા મને કાઢીને આપી દો ને. મારી બસ આવતી હશે.

**શ્રેયા :** (ચિડતા ચિડતા) બે મિનિટ કોફી પીને આવું છું.

(સમકિતે વિચાર્યું કે કાકી આવશે ત્યાં સુધી મોડું થઈ જશે, હું પોતે જ લઈ લઉં. આવું વિચારીને સમકિત ટેબલ ઉપર ચઢ્યો. બુક લેતા-લેતા એની નજીકમાં રહેલો શ્રેયાને લગ્નમાં એના ભાઈએ આપેલો કિંમતી પૉટ નીચે પડીને તૂટી ગયો. કંઈક પડવાનો અવાજ સાંભળીને શ્રેયા ભાગીને આવી અને પોતાનો કિંમતી પૉટ તૂટેલો જોઈને સમકિતને ટેબલ ઉપરથી ઉતારીને બે થપ્પડ લગાવી. જેથી સમકિત રડવા લાગ્યો.)

**શ્રેયા :** નાલાયક, આટલી પણ શું ઉતાવળ હતી ? બે મિનિટમાં આવી તો રહી હતી. આટલો મોંઘો પૉટ તોડી દીધો. પૈસા શું ઝાડ ઉપર ઉગે છે ?

(એટલા માં સુશીલા ત્યાં આવી અને સમકિતને પોતાની તરફ ખેંચતા)

**સુશીલા :** શ્રેયા ! આ શું કરે છે ? એક નાના પૉટ માટે બાળકને માર્યો ? ખબર છે આજ સુધી અમે પણ એના ઉપર હાથ નથી ઉઠાવ્યો.

**શ્રેયા :** એટલા માટે તો આટલો બગડેલો છે. તમારા માટે આ નાનો પૉટ હશે. તમને શું ખબર મારા ભાઈએ કેટલા પ્રેમથી મને આ પૉટ આપ્યો હતો. અને હાઁ, તમે તો એનો જ સાથ આપશો ને, આખરે મોક્ષા ભાભીનો દિકરો જે છે.

(આટલું કહીને શ્રેયા ગુસ્સો થઈને ત્યાંથી ચાલી ગઈ. સુશીલા સમકિતને ચુપ કરાવીને એ બંનેને ગુરુકુલ મોકલીને પોતાના કામમાં લાગી ગઈ. બપોરે મોક્ષા સામાયિક કરવા જતી રહી. સુશીલાએ સવારની વાતનો ખુલાસો મોક્ષાને કર્યો નહી. એટલામાં મોક્ષાના બાળકો ગુરુકુલથી આવ્યા. ત્યારે -)

**સુશીલા :** શ્રેયા ! બાળકો આવી ગયા છે. જાઓ એમની માટે દૂધ બનાવી લો.

**શ્રેયા :** (ચિડાઈને) હું શું એમની નોકરાણી છું. એમની માઁ ને તો ધર્મથી ફુરસત નથી મલતી અને મારે ચોવીસે કલાક એમને સંભાળવાના. બાળકો સંભાળી નથી શકતા તો પેદા કેમ કર્યા ? અને આમ પણ મારી પાસે સમય નથી, મારે મારી સહેલીના ઘરે જવું છે. તમને એટલી ચિંતા હોય તો તમે જ દૂધ બનાવીને પીવડાવી દો. મને કહેવાની જરૂર નથી.

(આમ કહીને શ્રેયા ત્યાંથી જતી રહી. મોક્ષા જ્યારે ઘરે આવી, ત્યારે સુશીલાએ કંઈ કહ્યું નહી પણ મોક્ષાના બાળકોએ એને બધી હકીકત બતાવી દીધી કે કેવી રીતે કાકીએ એમની દાદીની સામે જવાબ આપ્યો વગેરે....શ્રેયાની આવી હરકત જોઈને મોક્ષાએ વિચાર્યું કે હું અવસર જોઈને શ્રેયાથી જરૂર વાત કરીશ. એવામાં બે ત્રણ દિવસ વીતી ગયા. અને એક દિવસ વિનય ઓફિસથી પોતાના દોસ્તોની સાથે બહાર ફરવા ગયો. વિનયના દોસ્તોની ચાલ-ચલન ઠીક નહોતી. વિવેકના કેટલીય વાર ના કહેવા છતાં પણ વિનયે એમની સાથે દોસ્તી છોડી નહીં. જ્યારે વિનય એમની સાથે

જતો હતો ત્યારે વિવેક પણ એની તપાસ કરવા માટે એમની પાછળ ગયો. ત્યાં હોટલમાં વિનયને રાત્રિભોજન કરતો જોઈને વિવેક ચોંકી ગયો. અને વિનયની પાસે આવીને-)

**વિવેક :** વિનય ! આ શું કરી રહ્યો છે ? રાત્રિભોજન.!!!

(વિનય અચાનક પોતાના ભાઈને સામે જોઈને ઘબરાઈ ગયો.)

**વિનય :** ભાઈ ! એ તો આજે મારા દોસ્તનો જન્મદિવસ છે અને તેને બહુ જ ફોર્સ કર્યો તો મેં ખાઈ લીધું.

(વિનયને જુઠું બોલતાં જોઈને વિવેકને બહુ જ ગુસ્સો આવી ગયો. અને એ વિનયનો હાથ પકડીને ઘરે લઈ આવ્યો. વિવેક દ્વારા પોતાના દોસ્તોની સામે અપમાન થવાથી વિનય પણ પોતાનું ભાન ભૂલી ગયો અને ઘરે આવતાં જ-)

**વિનય :** (જોરથી) આજ તો હદ થઈ ગઈ છે ભાઈ ! રોજ-રોજના તમારા લોકોના આ બંધનોથી મારું મન ઉબકી ગયું છે. મારે સ્વતંત્રતા જોઈએ. (ઘોંઘાટ સાંભળીને પરિવારના બધા લોકો હૉલમાં આવી ગયા.)

**વિવેક :** કયા બંધનની વાત કરી રહ્યો છે વિનય ? રાત્રિભોજન ન કરવું, આ તને બંધન લાગે છે. શરમ આવવી જોઈએ. આજે આપણા ઘરમાં વર્ષોથી રાત્રિભોજન ત્યાગ છે. ત્યાં તું છુપાઈને જૂઠું બોલીને રાત્રિભોજન કરે છે.

**વિનય :** જયારથી તમારા લગ્ન થયા છે ત્યારથી પ્રતિદિન અમારી ઉપર નવા-નવા બંધન નાંખે જાઓ છો. આખરે અમે પણ ઈંસાન છીએ, અમારી પણ જિંદગી છે. આ ઉંમર જ તો મોજ-શોખ કરવાની હોય છે. મોજ-શોખ કરવા તો દૂર ઘરમાં શાંતિથી બેસીને ટી.વી. પણ નથી જોઈ શકતા. કંટાળી ગયો છું હું આવા વાતાવરણથી અને આવા પરિવારથી.

**પ્રશાંત :** વિનય ! જીભ સંભાળીને વાત કર. તારા પગ ઉપર ઉભો શું થઈ ગયો, તારે પાંખો પણ નીકળી ગઈ છે. આ તો તારો ભાઈ છે જે તારી આટલી ચિંતા કરે છે.

(પ્રશાંતની વાત વચ્ચે જ કાપતાં...)

**વિનય :** બસ, બહુ થઈ ગઈ મારી ચિંતા. આજથી મારી ચિંતા કરવાની કોઈ આવશ્યક્તા નથી. હું મારી જિંદગી સારી રીતે જીવતા જાણું છુ. હું જ નહીં શ્રેયા પણ તંગ આવી ગઈ છે. પોતાના ઘરમાં આટલા લાડ-કોડથી ઉછરેલી આજ અહીં ઘુંટાઈ-ઘુંટાઈને જીવી રહી છે.

**મોક્ષા :** વિનય ! ઘરના મોટાઓની સામે પોતાની પત્નીનો પક્ષ લેવો સારી વાત નથી.

**શ્રેયા :** એ નહીં કહે તો કોણ કહેશે ? તમને અને મમ્મીને તો મારી ચિંતા જ ક્યાં છે ? આજે એમના જ તો ભરોસે હું અહીં આવી છું.

**સુશીલા :** શ્રેયા બેટા ! તને અહીંયા શું તકલીફ છે ? એકવાર ખુલીને કહ્યું તો હોત. ચાલ, હજુ પણ કંઈ નથી બગડ્યું...

**વિનય :** નહી મમ્મી ! હવે બગડવા લાયક કાંઈ બચ્યું જ ક્યાં છે ? આજે ફેંસલો થઈને જ રહેશે.

**પ્રશાંત :** કેવો ફેંસલો જોઈએ તારે વિનય ? ફેંસલો તો થઈ ચૂક્યો છે, હવે બાકી શું છે ?

**વિનય :** ભાગલાનો ફેંસલો.

**પ્રશાંત :** ખબરદાર, વિનય ! જો ફરીથી આ શબ્દ બોલ્યો તો. મારા જીવતા જીવ આ ઘરના ભાગલા તો થઈ નહીં શકે.

**વિનય :** કેમ નહી થઈ શકે ભાગલા ? ભાગલા તો પડશે જ. જેટલો હક ભાઈનો આ પ્રોપર્ટી ઉપર છે એટલો જ હક મારો પણ છે. જ્યારે ભાઈને એમનો હક મળી શકે છે તો પછી આ અન્યાય, આ ભેદભાવ મારી સાથે જ કેમ ? જો ભાગલા નહીં થાય તો હું આ ઘર છોડીને જતો રહીશ.

**પ્રશાંત :** વિનય ! આ ઘરના ભાગલા પડશે એ તો તું સપનામાં પણ વિચારતો નહી. તારી સાથે હું ભેદભાવ કરું છું કે નહીં એ તો તું જ જાણે. પણ તું કદાચ ભૂલી રહ્યો છે કે હજુ સુધી તારા ભાઈ વિરાંશના લગ્ન બાકી છે અને એના પહેલાં જો હું ભાગલા કરી દઉં તો આ વિરાંશની સાથે નિશ્ચિતરૂપે અન્યાય જ થશે. વિનય એક નજર પોતાના ભાઈ અને ભાભીની ઉપર પણ નાંખ. આટલા વર્ષો થઈ ગયા લગ્ન થયાને પણ આજ સુધી ક્યારેય ભાગલાની વાત નથી કરી. અરે ભાગલા તો છોડ એ બંનેએ આ ઘરના માટે એટલું બધું કર્યું છે કે આજે હું વિશ્વાસપૂર્વક વીરાંશના લગ્ન પહેલાં જ બધા કાર્યોથી નિવૃત્તિ લઈને બધી જવાબદારીઓ એમને સોંપી શક્યો છું. આવા સમયમાં એમના ખભાથી ખભો મિલાવવાના બદલે પોતાનો રસ્તો અલગ કરી તું આ ઘરની સાથે વિશ્વાસઘાત કરી રહ્યો છે.

**વિનય :** પપ્પા ! વિશ્વાસઘાત હું નથી કરી રહ્યો આપ કરી રહ્યા છો. જવા દો પપ્પા હું કોઈ ખુલાસો કરવા માંગતો નથી. મારે તો બસ અલગ જ થવું છે.

**પ્રશાંત :** જો તારે આ ઘર છોડવું છે તો ખુશીથી જઈ શકે છે. હું તને એક ફૂટી કોડી પણ આપવાનો નથી.

**વિવેક :** પપ્પા ! એક મિનિટ, વિનય તું થોડો શાંત થઈ જા.

**પ્રશાંત :** વિવેક ! હવે આને શાંત કરવાની કોઈ જરૂર નથી. એને જે કરવું છે એ કરવા દે. મેં એને મારો ફેંસલો સંભળાવી દીધો છે.

**વિનય :** આટલો અન્યાય અને અપમાન થયા પછી હું આ ઘરમાં એક મિનિટ પણ રોકાઈ નથી શકતો. શ્રેયા સામાન બાંધો. અને હાઁ, ફેંસલો તમે શું કરશો ફેંસલો તો હવે કોર્ટ કરશે.

(આ પ્રમાણે નાની વાતને પહાડ જેટલી બનાવીને વિનય અને શ્રેયા ઘરથી અલગ થઈ ગયા. પોતાના લાડલા દિકરાને આ રીતે ઘર છોડીને જતો જોઈને સુશીલા બેહોશ થઈ ગઈ. વિનય ત્યાંથી સીધો સાસરે ગયો. ત્યાં શ્રેયાની માઁ કલ્પનાને વાત બતાવી. ત્યારે-)

**કલ્પના :** બહું જ સારું કર્યું જમાઈજી તમે ! આખરે કેટલા દિવસો સુધી આ રીતે દબાઈ-દબાઈને રહેવાનું. બસ હવે તમે લોકો નિશ્ચિંત થઈને અહીં રહેજો. અને હઁા, હું હમણાં શહેરના નામી વકીલ સાથે વાત કરું છું, તેઓ તમારો કેસ હેન્ડલ કરશે. તમે બિલકુલ ટેન્શન લેતા નહીં. બધુ સેટલ થઈ જશે.)

(આ બાજુ હોશ આવતાં જ સુશીલા રડવા લાગી.)

**સુશીલા :** (રડતા રડતા) હે ભગવાન ! મારા હસતા-રમતા પરિવારને કોની નજર લાગી ગઈ? વિવેક બેટા ! હું વિનય વગર નથી રહી શકતી. તમે લોકો જાઓ અને મારા દિકરાને મનાવીને લઈ આવો.

**પ્રશાંત :** સુશીલા ! રડ નહીં, બધું ઠીક થઈ જશે. મોક્ષા ! એ કામ તું જ કરી શકીશ. તું જઈને બંનેને મનાવીને ઘરે લઈ આવ.

**મોક્ષા :** ઠીક છે પપ્પા ! હું એમને ઘરે લાવવાની પૂરે પૂરી કોશિશ કરીશ.

(વિવેકને જલ્દી જ ખબર પડી ગઈ કે વિનય ક્યાં છે ? બીજા જ દિવસે મોક્ષા, વિનય અને શ્રેયાને મળવા ગઈ. વિનય અને શ્રેયાએ મોક્ષાને કોઈ વિશેષ સન્માન આપ્યો નથી, છતાં પણ મોક્ષાએ પોતાની વાત શરૂ કરી.)

**મોક્ષા :** કેમ છે શ્રેયા ? (શ્રેયાએ કોઈ જવાબ ન આપ્યો)

**મોક્ષા :** વિનય ! શ્રેયા ! તમને બંનેને તો ખબર જ હશે કે હું આજે અહીં કેમ આવી છું ? તમે લોકો માત્ર એકવાર મારી વાત સાંભળો. પછી તમે જે કહેશો એ સાંભળવા માટે હું તૈયાર છું.

**વિનય :** ભાભી ! હવે સાંભળવા માટે બચ્યું જ શું છે ? એક જ માઁ ના પેટથી જન્મેલા બાળકોની વચ્ચે આટલો મોટો ભેદભાવ, આટલો મોટો અન્યાય, સૉરી ભાભી ! હવે સહન કરવાની અમારામાં કોઈ શક્તિ નથી.

**મોક્ષા :** વિનય ! તું કયા અન્યાયની, કયા ભેદભાવની વાત કરી રહ્યો છે ? કંઈક દિલ ખોલીને બતાવશો તો મારી સમજમાં કંઈક આવશે.

**વિનય :** છોડોને ભાભી, હું એ બધી જૂની વાતોને યાદ કરવા માંગતો નથી. પણ એટલું પાક્કું છે કે મૉમ-ડેડનું મન તમારી અને વિવેક ભાઈની ઉપર વધારે છે. એમના મનમાં ભેદભાવ છે.

**મોક્ષા :** વિનય-શ્રેયા ! શું તમને ખબર છે કે તમારા ગયા પછી ઘરની શી હાલત થઈ છે ? જે માઁ ને તું અન્યાયી માની રહ્યા છો, તમારા ગયા પછી રડી-રડીને એમની હાલત ખરાબ થઈ ગઈ છે. તમારા

જતાં જ એ બેહોશ થઈ ગઈ. અને જ્યારથી હોશ આવ્યો છે ત્યારથી તમારા નામનું રટણ કરે છે.

**વિનય :** ભાભી ! માઁ ના નાટકથી તો તમે સારી રીતે પરિચિત છો. શું તમે ભૂલી ગયા. તમારા લગ્નના શરૂઆતના દિવસોમાં માઁ એ તમને કેટલા હેરાન કર્યા હતા. આ રડવું પણ એમનું એક નાટક જ છે.

**મોક્ષા :** વિનય ! સંભાળીને બોલ ! શું તને ખબર છે કે તું કોના વિશે બોલી રહ્યો છે. એ તારી માઁ છે.

**શ્રેયા :** હાઁ, હાઁ, ભાભી ! તમે તો કહેશો જ કારણ કે એમનું મન તમારા ઉપર જે છે. અમારી સાથે શું થઈ રહ્યું છે એ તો અમે જ જાણીએ છીએ. જ્યારે અમારી આંખોની સામે આટલું બધુ થઈ રહ્યું છે તો અમારી પીઠ પાછળ તો ખબર નહીં શું-શું થતું હશે.

**મોક્ષા :** વિનય-શ્રેયા ! ચાલો, એક મિનિટ માટે હું માની પણ લઉં કે મમ્મી તમારા લોકોની સાથે અન્યાય કરી રહ્યા છે. પણ શું તમે પોતાની માઁના ઉપકારોને ભૂલી ગયા ?

**વિનય :** કયા ઉપકારોની વાત કરી રહ્યા છો તમે ભાભી ? આજ સુધી મમ્મીએ મારા માટે જે કંઈપણ કર્યું છે તે તો એમનું કર્તવ્ય જ હતું.

**મોક્ષા :** વિનય ! પત્નીના કહ્યામાં આવીને તારી ઉપર ગેરસમજનું ભૂતસવાર થઈ ગયું છે, જે માતા-પિતાના ઉપકાર પણ તને કર્તવ્યના રૂપમાં દેખાઈ રહ્યા છે.

**શ્રેયા :** એ કોઈ મારા કહ્યામાં નથી આવ્યા. મેં એમને એ જ બતાવ્યું છે જે સત્ય હતું.

**વિનય :** હાઁ ભાભી ! શ્રેયા બિલકુલ સાચું કહી રહી છે. એણે તો મારી આંખો ખોલી છે. અત્યાર સુધી હું જેને માઁ-બાપના ઉપકાર માની રહ્યો હતો, આજે મને ખબર પડી કે એ કોઈ ઉપકાર નહોતા. પરંતુ એમાં તો માત્ર સ્વાર્થ જ હતો.

**મોક્ષા :** વિનય ! તું માઁના ઉપકારોની વાત કરી રહ્યો છે ને, તો સાંભળ જન્મથી જ નહીં પરંતુ માત્ર તારા ગર્ભમાં આવતાંની સાથે જ તારી માઁએ તારી ઉપર અનેક ઉપકાર કર્યા છે. તું જ બતાવ વિનય શું તું એક નાની-સરખી પથરીને પોતાના પેટમાં નવ દિવસ કે નવ સપ્તાહ સુધી સંભાળીને રાખી શકે છે ? બિલકુલ નહીં ! પથરીની ખબર પડતાં જ તું તરત એને કઢાવવા માટે ઑપરેશનનો ઇંતજામ કરીશ. અને એ માઁ છે, જેણે તને નવ-નવ મહિના પોતાના પેટમાં સંભાળીને રાખ્યો. ગર્ભમાં કોણ જાણે તે કેટલીય વાર પોતાની માઁ ને લાત મારી હશે. છતાં પણ તારી આ હરકતોને માઁએ હસતાં-હસતાં સહન કરી લીધું. તે ઇચ્છતી તો તને બોઝ સમજીને ગર્ભપાત કરાવીને તને કચરાના ડબ્બામાં ફેંકી શકતી હતી. પરંતુ નહી, તારી માઁએ આટલા બધા કષ્ટ સહન કરીને પણ તને જન્મ આપ્યો. તો તું જ બતાવ જન્મ આપીને તારી માઁએ તારી ઉપર ઉપકાર કર્યો કે પોતાનું કર્તવ્ય નિભાવ્યું ? તને

જન્મ આપ્યા પછી તારી માઁનું કર્તવ્ય પુરું થઈ ગયું હતું. તે ઇચ્છત તો તને કોઈ અનાથાશ્રમમાં છોડીને જિંદગીની મજા લૂંટી શકતી હતી. પરંતુ નહીં, એમણે તને પાલી-પોષીને મોટો કર્યો, આટલો લાયક બનાવ્યો. આ ઉપકારોનો બદલો તું આવી રીતે ચુકવી રહ્યો છે ?

**વિનય :** ભાભી ! એક સ્ત્રી પોતાના બાળકોને જન્મ આપીને એને પાલી-પોષીને મોટો કરે છે ત્યારે એને માઁનું બિરુદ મળે છે અને મારી માઁ એ પણ પોતાના માતૃત્વને નિભાવવા માટે મને મોટો કર્યો છે. આ કાર્ય ફક્ત મારી માઁનું જ નહીં પરંતુ જગતમાં માઁ કહેવાતી દરેક સ્ત્રી કરે છે. એમાં ઉપકાર કરવાવાળી શું વાત છે ?

**મોક્ષા :** વિનય ! તમે માઁના વાત્સલ્ય અને માતૃત્વને કર્તવ્યની દૃષ્ટિથી જોઈને એમનું અપમાન કરી રહ્યા છો. તે બ્રિટેનની મહારાણી વિક્ટોરીયાનું નામ તો સાંભળ્યું હશે. એમની જ દોહિત્રી એલિસની વાત આવે છે. એલિસે યૌવનવયમાં પદાર્પણ કર્યું ત્યારે તેના વિવાહ થયા. વિવાહનાં થોડાક વર્ષો પછી એણે એક સુંદર પુત્ર રત્નને જન્મ આપ્યો. એનો દિકરો પાંચ વર્ષનો થયો અને એક દિવસ બિમાર પડ્યો. ડૉક્ટરે એની તપાસ કરી અને કહ્યું કે આને હોસ્પિટલમાં એડમિટ કરવો પડશે. આની પૂરી છાતી પીપથી ભરેલી છે. એના શ્વાસથી ખતરનાક જીવાણુ ફેલાઈ રહ્યા છે. બાળકને હોસ્પિટલમાં ભર્તી કરાવ્યો. બાળકનો આ રોગ ચેપી હતો. એટલે એલિસને પણ ડૉક્ટરે રૂમની અંદર જવાની સાફ મનાઈ કરી દીધી. હવે એલિસ રોજ પોતાના બાળકને મળવા આવતી હતી. એ પોતાના બાળકને ગળે લગાવવા માટે વિહ્વળ બની જતી. છતાં પણ પોતાની છાતી ઉપર પત્થર રાખીને એ રોજ કાચની બારીમાંથી દૂરથી જ પોતાના બાળકને દેખતી. અને હાથ હલાવીને વિદાય લેતી હતી.

એક દિવસની વાત છે. દરરોજની જેમ એલિસ હોસ્પિટલમાં આવી. બાળકના રૂમની નજીકથી એ ગુજરી રહી હતી અને એકાએક બાળકની નજર એની માઁ ઉપર પડી. પોતાની માઁને દેખતાં જ બાળક ચિલ્લાવવા લાગ્યો. ''ઓ મૉમ કમ ઑન, વ્હાઈ ડોંટ યૂ કિસ મી ?'' ''ઓ માઁ ? તું અંદર આવી જા. તું મારાથી દૂર-દૂર કેમ રહે છે ? તું મને ગોદમાં કેમ નથી લેતી ? દરરોજની જેમ તું મને પ્રેમ કેમ નથીં કરતી ? દુલાર કેમ નથી કરતી ? મને કેમ ચુમતી નથી ?'' પોતાના બાળકની પુકાર સાંભળીને એલિસનું હૃદય પીગળી ગયું. એના અંદરથી માતૃત્વનો ભાવ ઉછળી પડ્યો. એની વાત્સલ્યતાએ મર્યાદાના બંધનને તોડી દીધા. આવેશમાં આવીને એલિસે બારીના કાંચને જોરદાર મુક્કો મારીને તોડી દીધો. અને છલાંગ લગાવીને રૂમની અંદર જઈને પોતાના બાળકને બાથમાં લઈ લીધો. તથા વાત્સલ્યના વરસાદમાં એને ભીંજવી દીધો.

આ સમાચાર નર્સને મળતા જ એ ડૉક્ટરને લઈને રૂમની અંદર આવી. બહુ મુશ્કેલીથી માઁ-દિકરાને અલગ કર્યા. પરંતુ અફસોસ ! બાળકથી અલગ થયા પહેલાં જ એલિસ બાળકના રોગની શિકાર બની ગઈ. એ ખતરનાક જીવાણું શ્વાસ દ્વારા એના શરીરના અંદર પણ પ્રવેશી ગયા. પોતાના દિકરાના રૂમની બાજુમાં જ એનો ખાટલો રાખવામાં આવ્યો. એલિસ જ્યારે હોશમાં આવી, ત્યારે ડૉક્ટરે એને પૂછ્યું - 'અમારા ના પાડવા છતાં પણ તમે રૂમમાં કેમ ગયા ?' થોડીક રોકાઈને એણે ધીમા અવાજમાં કહ્યું - ''આનો કેવળ એક જ ઉત્તર છે, ડૉક્ટર ! 'Because I am a Mother' કેમકે હું એની માઁ છું. આટલું કહીને એણે પોતાની આંખો હંમેશા માટે બંધ કરી લીધી.

પોતાના સંતાનોના વિશે માઁ કઈ હદ સુધી વિચારી શકે છે એ વિષયમાં તમને એક વાત હજી બતાવવા માંગુ છું. જીવનના દુઃખ પીડા અને ખેંચતાણોથી તંગ આવીને જ્યારે કોઈ સ્ત્રી આત્મહત્યા કરે છે, તો એ એકલી નહી પરંતુ પોતાના બાળકોને લઈને જ મરે છે. સમાચાર પત્રમાં કેટલીયવાર આપણે વાંચીએ છીએ કે કોઈ મહિલા પોતાના બે નાના બાળકોની સાથે તેરમા માળેથી કૂદી પડી. એક મહિલાએ પોતાના ત્રણ બાળકોની સાથે પોતાની જાતને જલાવી દીધી. કોઈ સ્ત્રીએ પોતાના ચાર સંતાનોને ઝેર આપીને પોતે પણ ઝેર પી લીધું. આવી ઘટનાઓ જ્યારે થાય છે ત્યારે આપણા મનમાં એક પ્રશ્ન ઉઠે છે કે - માઁ એકલી આત્મહત્યા કેમ નથી કરતી ? પોતાના બાળકોને સાથે લઈને જ કેમ મરે છે ? એનો જવાબ પણ એ જ છે કે ''કેમકે એ માઁ છે. પોતાના જીવનને સમાપ્ત કરવાવાળી માઁ ને જો કોઈ ચિંતા રહે છે તો એ એજ કે એના મૃત્યુ પછી એના બાળકોને કોણ સંભાળશે ? કોણ એની દેખભાળ કરશે ? માટે એ પોતાના સંતાનોને સાથે લઈને જ પરલોકગમન કરે છે.

વિનય ! આ હોય છે માઁ નો પ્રેમ, માઁનું વાત્સલ્ય, માઁનું માતૃત્વ. આ તો મેં તને એક ઘટના બતાવી છે. આવી દુનિયામાં ઘણી માતાઓ હશે કે જેમણે પોતાના બાળકોની ખુશી માટે પોતાનું સર્વસ્વ અર્પણ કરી દીધું. આ તો થઈ માઁના માતૃત્વની વાત. જો હું પિતાના પ્રેમની વાત કરીશ તો તારી આંખોમાં આંસુ આવ્યા વિના નહીં રહે.

આપણી જ નજીકમાં રહેવાવાળા છોકરાની વાત બતાવું છું. જન્મ દેતાં જ માઁ તો પરલોક પ્રયાણ કરી ગઈ. બધી જવાબદારી પિતા ઉપર આવી ગઈ. હવે પિતાને બાપની સાથે એક માઁ નો રોલ પણ અદા કરવાનો હતો અને એના માટે એણે દિવસે બમણી અને રાત્રે ચારગણી મેહનત શરૂ કરી દીધી. એ રોજ સવારે ઉઠીને પોતાના દિકરાને તૈયાર કરતો, ઘરની બધી રસોઈ બનાવીને નોકરી કરવા જતો. સાંજે ઘરે આવીને ખાવાનું ખાઈને એ પાછો પાર્ટ ટાઈમ નોકરી કરવા જતો. જેથી દિકરાના ભણતરમાં કોઈ ઉણપ ન આવે. એટલું જ નહીં દિકરાના વ્યવહારિક શિક્ષણની સાથે એને

સંસ્કારી બનાવવાની જવાબદારી એણે ઉઠાવી લીધી. એ સમય-સમય પર એને સારી-સારી વાતો બતાવવા લાગ્યા. આ પ્રમાણે દિકરો એસ.એસ.એલ.સી. પાસ કરીને કૉલેજમાં આવ્યો. દિકરાને ડૉ. બનવાની ઇચ્છા હતી. જ્યારે એણે આ વાત પોતાના પિતાને કરી ત્યારે પિતાએ સહજતાથી અનુમતિ આપી દીધી. ત્યારે દિકરાએ કહ્યું ''પિતાજી શું તમને ખબર છે કે મેડિકલ કૉલેજની ફીસ કેટલી છે ?'' ત્યારે પિતાએ કહ્યું ''બેટા ! તારે ફીસની ચિંતા કરવાની જરૂર નથી. તું તો મન લગાવીને મેહનત કર. હું બે કલાક જલ્દી ઉઠીને અને બે કલાક રાત્રે મોડેથી સૂઈને પાર્ટ-ટાઈમ જૉબ કરી લઈશ. પરંતુ તારી દરેક ઇચ્છાને પૂરી કરીશ.'' આવું કહીને એમણે પોતાના દિકરાને મેડિકલ કૉલેજમાં પ્રવેશ કરાવ્યો. આની વચ્ચે એક દિવસ પુત્રે વર્ષીતપનો મહીમા સાંભળ્યો અને વર્ષીતપ કરવાની એની ભાવના પિતાને બતાવી. પોતાના પુત્રની તીવ્ર ઇચ્છાને જોઈને પિતાએ પણ સહર્ષ આશીર્વાદપૂર્વક હા કરી દીધી. પુત્રનો વર્ષીતપ ચાલુ થઈ ગયો. પુત્રએ માત્ર એટલો જ વિચાર કર્યો કે પિતાજી હાઁ કહેશે કે ના કહેશે. પરંતુ એણે એ પણ નહોતું વિચાર્યું કે જો પિતાજી વર્ષીતપ કરવાની હા પાડશે તો એના પાછળ પિતાજીની કેટલી જવાબદારીઓ વધી જશે. વર્ષીતપમાં એકાંતર ઉપવાસ કર્યા પછી પારણામાં બિયાસણાના દિવસે પિતાજી જલદી ઉઠીને પુત્રના બિયાસણાની બધી તૈયારી કરી એને પ્રેમપૂર્વક બેસણું કરાવતા અને પછી નોકરીએ જતાં.

પિતાજીની તકલીફો વધી ગઈ એવું લાગવાથી દિકરાએ એક દિવસ પિતાજીને કહ્યું કે, ''પિતાજી ! મારા માટે તમારે આટલું જલ્દી ઉઠવું પડે છે. આટલી તકલીફ જોવી પડે છે, માટે મેં પારણું કરવાનો વિચાર કર્યો છે.'' ત્યારે પિતાજીએ કહ્યું, ''બેટા ! મને બિલકુલ તકલીફ થતી નથી. તારી તપસ્યા શાતાપૂર્વક થઈ રહી છે. માટે તું પારણું કરવાનો વિચાર કરીશ નહી.'' અને આ પ્રમાણે પૂરા વર્ષીતપમાં એના પિતાએ એને બહુજ હિંમત આપી, બહુજ પ્રોત્સાહન આપ્યું, બહુજ સહાયતા કરી. આ વર્ષીતપમાં જ્યારે કોઈ એને શાતા પૂછે તો એ કહેતો ''દેવ-ગુરુ-પપ્પા પસાય.'' પિતાની ઉપકારધારા અને વાત્સલ્યધારાથી આખા વર્ષીતપમાં એ નહાતો રહ્યો. એણે સંકલ્પ કર્યો કે મારા વર્ષીતપનું પારણું અક્ષયતૃતીયાના દિવસે ઇક્ષુરસથી કર્યા પછી બીજા દિવસે સૌથી પહેલું પારણું પપ્પાના ચરણ ધોઈને એ અમૃતનું પાન કરીને જ પૂરો કરીશ અને એ પુત્રએ પોતાનો આ સંકલ્પ પણ પૂર્ણ કર્યો. પહેલા ઇક્ષુરસ પછી અમૃતરસ !

એ પુણ્યશાળી પુત્રએ એકવાર પોતાના જ શબ્દોમાં કહ્યું ''મારા પિતાજીએ મને ક્યારેય પણ માઁની કમી મહસૂસ થવા નથી દીધી. મારા પિતાજીના ઉપકારોનું મૂલ્યાંકન કરવું મારી સમજથી બહાર છે, કેમકે મારા પિતાજીમાં મેં જોઈ છે ધરતીની ક્ષમા, આકાશની વિશાળતા, અગ્નિની હૂંફ,

જળની શીતળતા અને વાયુનો આશ્લેષ." વિનય ! હું તને એ નથી કહેતી કે તું તારા માતા-પિતાના ચરણામૃતને પી. પરંતુ એમની પાસે રહીને એમના ચરણોની સેવા કરવાનો લાભ તો લે."

(મોક્ષાની વાતો સાંભળીને વિનય અને શ્રેયાની આંખો ભરાઈ ગઈ. ત્યારે...)

**શ્રેયા :** ભાભી ! જો માતા-પિતા આપણા માટે આટલું બલિદાન આપે તો પુત્રનું મન પોતાના માતા-પિતાની પ્રત્યે આકર્ષિત થઈ જ જાય છે. પરંતુ જ્યાં માતા-પિતા જ અન્યાય કરતા હોય ત્યાં એમના ચરણામૃત પીવાની અને સેવા કરવાની વાતો તો દૂર એવા માઁ-બાપનો ચહેરો જોવો પણ અમને સારો નથી લાગતો.

**મોક્ષા :** શ્રેયા ! કેટલા ગંદા વિચારો ચાલી રહ્યા છે તારા દિમાગમાં. તું માતા-પિતાની માટે આવા શબ્દોનો પ્રયોગ કરશે, આ મેં ક્યારેય વિચાર્યું પણ ન હતું. અને વિનય, શ્રેયાના આવું બોલ્યા પછી પણ તું ચુપ રહ્યો. શરમ આવવી જોઈએ તને. શું તું તારો ભૂતકાળ ભૂલી ગયો ? અરે ! શ્રેયા તો આ ઘરમાં હમણાં આવી છે. પરંતુ આપણા ઘરની ભૂતકાળની સ્થિતિ જો તને યાદ રહી હોય તો કદાચ આવી રીતે ઘર છોડીને જવાનો અને અન્યાય કરવાનો ખોટો આરોપ પોતાના માતા-પિતા ઉપર તું ક્યારેય ન લગાવત.

વિનય ! ભૂલી ગયો એ દિવસને જ્યારે તમે બંને ભાઈ નાના હતા. ઘરમાં ખાવા માટે એક દાણો પણ નહતો. અને એમાં પણ માઁ બિમાર હતી. ત્યારે પિતાજીએ રાત-દિવસ મેહનત કરીને પૈસા કમાયા હતા. જ્યારે તું સ્કૂલ જવાને લાયક થયો. ત્યારે તારી સ્કૂલની ફીસ ભરવા માટે પિતાજીએ પાર્ટ ટાઈમ જૉબ અને માઁએ પાપડ વણવાનું કામ શરૂ કરી દીધું. વિનય ! યાદ કર એ દિવસ, જ્યારે બાલ્કનીથી નીચે જોતાં-જોતાં તું પડવાનો જ હતો એ સમયે જો પિતાજીએ તને ના બચાવ્યો હોત તો કદાચ આજે તું અહીં ન હોત અને એ રાત તું કેવી રીતે ભૂલી ગયો વિનય ! જ્યારે તુ બિમાર હતો. ઘરની પરિસ્થિતિ ખરાબ હોવાના કારણે તારો ઇલાજ કરાવવા માટે પૈસા નહોતા. ત્યારે પિતાજીએ પોતાનું લોહી વેચીને એ પૈસાથી તારો ઇલાજ કરાવ્યો હતો. જો એ સમયે પોતાનું લોહી વેચીને તારો જીવ ન બચાવ્યો હોત તો કદાચ આજે એમનું લોહી એમની સાથે આ રીતે બેવફાઈ ન કરત. વિનય જ્યારે પરિસ્થિતિ ખરાબ હોવાને કારણે પિતાજી સ્કૂલ જવા માટે કોઈ રિક્ષાનો ઇન્તજામ ન કરી શક્યા. ત્યારે તમારા ચારેય ભાઈ-બહેનોની સ્કૂલ બેગ પિતાજી પોતે ઉપાડીને જતા. એવામાં જ્યારે તું ચાલવાનું ના પાડી દેતો ત્યારે પિતાજીએ પોતાના ખભા ઉપર બેસાડીને તને સ્કૂલ સુધી લઈ જતા અને આજે જ્યારે એમના ખભા કમજોર પડી ગયા તો તું એમને આ રીતે બેસહારા છોડીને ચાલી આવ્યો. જ્યારે તું નાનો હતો અને કોઈ ખાવાની વસ્તુની જીદ કરતો ત્યારે માઁ પોતાના મોઢાનો

કોળીયો તારા મોઢામાં નાંખતી હતી અને આજે તું એ ઘરમાં એવું વાતાવરણ ઉભું કરીને આવ્યો છે કે એમના ગળેથી એક કોળીયો પણ નથી ઉતરતો. વિનય એ દિવસ તો તને યાદ રહેવો જ જોઈએ કે જયારે તે લિફ્ટમાં હાથ નાખ્યો અને લિફ્ટ ચાલુ થઈ ગઈ ત્યારે વિવેકે પોતાના હાથની પરવા કર્યા વગર તારો હાથ બહાર કાઢ્યો. એ ઘાનું નિશાન આજે પણ એમના હાથમાં મોજૂદ છે. વિનય એ ઘા તો ભરાઈ ગયો. પરંતુ તું એમના દિલમાં જે ઘા કરીને આવ્યો છે એનું શું ? ગ્રેટ વિનય ગ્રેટ સારો બદલો ચુકાવ્યો તે એ બધાનો.

બાળપણથી લઈને આજ સુધી તારી કઈ ઇચ્છાને માતા-પિતાએ પૂરી નથી કરી વિનય ? આજે તમારી પરિસ્થિતિ સારી બની ગઈ તો એ બધા દુઃખના દિવસોને તું ભૂલી ગયો. તારા માતા-પિતાની એ બધી મેહનતને તું ભૂલી ગયો. કેટલા દુઃખોને સહન કરીને એમણે પાઈ-પાઈ જોડી હતી. હું તને પૂછું છું કે આજસુધી તું કેટલા પૈસા કમાયો છે કે તું એમની સામે ભાગલાની વાત કરી રહ્યો છે. પોતાના પપ્પાની પાસે પોતાનો ભાગ માંગતાં તને શરમ નહીં આવી ?

માતા-પિતાના ઉપકારોથી, ઋણથી મુક્ત થવું કેટલું કઠિન છે, આ જ વાતને સ્પષ્ટ કરતાં સ્થાનાંગ સૂત્રમાં લખ્યું છે કે જો પુત્ર ઉત્કૃષ્ટ રીતે માતા-પિતાની સેવા કરે. એમને બધી પ્રકારની અનુકૂળતા પ્રદાન કરે, એમને એકદમ સુખી રાખે તો પણ એ પોતાના માઁ-બાપના ઉપકારોથી ઋણમુક્ત નથી થઈ શકતો. સ્થાનાંગ સૂત્રના ત્રીજા સ્થાનકમાં લખ્યું છે કે એકવાર એક શિષ્યએ પોતાના ગુરુને પૂછ્યું ''શું કોઈ દિકરો માતા-પિતાના ઉપકારોથી ક્યારેય મુક્ત થઈ શકે છે કે નહીં ?'' ગુરુએ કહ્યું - ''હાઁ માત્ર એક કાર્ય કરવાથી એ પોતાના માતા-પિતાના ઋણોથી મુક્ત થઈ શકે છે. અને એ છે કે પોતાના માતા-પિતાને ધર્મના માર્ગે લઈ જાય. જે પુત્ર પોતાના માતા-પિતાને પરમાત્મા દ્વારા બતાવવામાં આવેલા ધર્મ પથ ઉપર લઈ જાય છે એજ એમના ઉપકારોથી મુક્ત થાય છે. નહીં તો આખી જીંદગી એ પોતાના માતા-પિતાની સેવા કરે, એમને કોઈપણ વસ્તુ માટે કોઈના મોહતાજ ન થવું પડે, એ રીતે એમની સાર-સંભાળ કરે, એમના મનની બધી ઇચ્છાઓ પૂરી કરે. આટલું જ નહીં, પોતાની ચામડી ઉતારીને એના જૂતા બનાવીને, પોતાના માતા-પિતાના પગમાં પહેરાવે, છતાં પણ એ માઁ-બાપના ઉપકારોથી મુક્ત નથી થઈ શકતો.

**વિનય :** (રડતા-રડતા) બસ ભાભી બસ ! મારાથી હવે સાંભળી શકાતું નથી. પોતાના માતા-પિતાને ઠુકરાવીને મેં બહું મોટી ભૂલ કરી છે. પરંતુ ભાભી...

**મોક્ષા :** પરંતુ શું ?

**શ્રેયા :** હું બતાવું છું તમને ભાભી. તમારી કહેલી એક-એક વાતને હું માનું પણ છું. પણ ભાભી, એ બધી વાતોનું શું જે મેં પોતાની આંખોથી જોઈ અને સાંભળી પણ છે.

**મોક્ષા :** શ્રેયા ! કઈ વાતો ? મને બતાવીશ, તો મને કંઈક ખબર પડશે. બની શકે છે કે તને કોઈ ગેરસમજ થઈ હોય.

**શ્રેયા :** ભાભી ! શું એ સાચું નથી કે મમ્મીએ મારી આંખોથી બચાવીને તમને સોનાના કંગન આપ્યા, અને ભાભી ! એ દિવસ તમને યાદ છે જ્યારે આપણે પપ્પાના ફ્રેન્ડના ત્યાં લગ્નમાં ગયા હતા ત્યારે મમ્મીએ તમને નવી સાડી આપી હતી અને મને પૂછ્યું પણ નહી. એટલું જ નહીં ભાભી, જ્યારે તમારા પિતરાઈ ભાઈ આવ્યા હતા ત્યારે મમ્મીએ બદામનો શીરો બનાવ્યો હતો અને જ્યારે મારા સગા ભાઈ આવ્યા હતા ત્યારે મમ્મીએ ખાલી સાદો શીરો બનાવ્યો. બતાવો ભાભી આ બધી વાતોનો જવાબ છે તમારી પાસે ?

(શ્રેયાની વાત સાંભળતાં જ મોક્ષાને હસવું આવી ગયું. મોક્ષાને હસતી જોઈને બંને સ્તબ્ધ રહી ગયા. એક ક્ષણ માટે રૂમમાં ખામોશી છવાઈ ગઈ. ત્યારે તે ખામોશીને તોડતાં -)

**મોક્ષા :** શ્રેયા ! જો કંગનની વાત લઈને તારા મનમાં આટલા વિકલ્પ આવી રહ્યા છે, તો લે હું એ રાજ પણ ખોલી દઉં છું. પણ એની પહેલા સાડીની વાત, શ્રેયા તેઓ પપ્પાના બેસ્ટ ફ્રેન્ડ તો હતા જ સાથે જ મારા પપ્પાના પિતરાઈ ભાઈ હતા. એટલે કે મારા પિયરથી પણ એમનો સારો સબંધ હતો. અંકલ નું મન મારા ઉપર પહેલાંથી જ વધારે હતું. એ દિવસે લગ્નમાં જવા માટે હું તૈયાર થઈ અને સમકિતે મારી સાડી ઉપર દૂધ ઢોળી દીધું. જેનાથી આખી સાડી ખરાબ થઈ ગઈ. મારી પાસે એનાથી સારી સાડી નહોતી. મેં મમ્મીને જઈને વાત કરી ત્યારે મમ્મીએ વિચાર્યું કે હું મારા અંકલ ના ત્યાં લગ્નમાં જો સારી સાડી નહીં પહેરું તો મારા સાસરીયાઓનું સારું નહીં લાગે. માટે મમ્મીએ પોતાની સાડી મને આપી દીધી. હવે શીરાની વાત શ્રેયા ! તારો ભાઈ જે દિવસે આવ્યો હતો એ દિવસની પરિસ્થિતિ તો તને પણ ખબર જ છે. બધું કેટલું ઉતાવળમાં થઈ રહ્યું હતું. આટલી ઉતાવળમાં બદામનો શીરો બનાવવા જેટલો સમય નહોતો. માટે એ દિવસે બદામના શીરાના બદલે સાદો જ શીરો બનાવ્યો. અને મારો પિતરાઈ ભાઈ તો લગ્નનું વાયણું જમવા આવ્યો હતો. માટે એ દિવસે બદામનો શીરો બનાવવાનું જરૂરી હતું. નહીંતર આપણા ઘરનું સારું ન લાગત. મારી વાત સાંભળીને કદાચ તમારા અડધા પ્રશ્ન તો ઉકલી ગયા હશે. હવે કંગનની વાત, આમ તો મારી બિલકુલ ઇચ્છા નથી તને બતાવવાની, પણ આ વાત ખોલવામાં તમારું હિત છે માટે સાંભળો, એ કંગન મમ્મીએ તારા

લગ્નની પહેલી એનીવર્સરી ઉપર તને ભેટ આપવા માટે બનાવડાવ્યા હતા. માટે મમ્મી એ કંગનોને તારી નજરથી બચાવીને રાખવા ઇચ્છતી હતી. પરંતુ થયું કંઈક ઉલ્ટું જ, તે મમ્મીને એ કંગન મને આપતા જોઈ લીધા અને એની પાછળ આટલો હંગામો થઈ ગયો.

(મોક્ષાની આ વાત સાંભળતાં જ શ્રેયાની આંખોમાં આંસુ આવી ગયા. અને એ રડતી રડતી મોક્ષાના પગમાં પડી ગઈ. મોક્ષાએ એને ઊભી કરી અને એના આંસુ લૂછ્યાં.)

**શ્રેયા :** (રડતા રડતા) ભાભી ! મને માફ કરી દો. મેં તમારી ઉપર અને સાસુમાઁની ઉપર ખોટા આરોપ લગાવ્યા. પોતાની ગેરસમજને કારણે અને પોતાની મમ્મીની વાતોમાં આવીને મેં સાસુમાઁ માં ક્યારેય માઁના દર્શન જ ન કર્યા. સાસુમાઁ શબ્દમાંથી માઁ શબ્દને કાઢીને હંમેશા એમનામાં સાસુંનું જ રૂપ જોયું છે. મોટી બહેન જેવી ભાભી મળવા છતાં પણ મેં તમારા પ્રત્યે ઈર્ષ્યા કરી. મેં એક દિકરાને એની માઁથી અલગ કરવાનો ગુનો કર્યો છે. મને માફ કરી દો ભાભી, મને માફ કરી દો.

**મોક્ષા :** શ્રેયા ! હજુ પણ કંઈ નથી બગડ્યું. સવારનો ભૂલ્યો જે સાંજે ઘરે આવે તો તે ભૂલ્યો ન કહેવાય. ચાલ, હવે આપણા ઘરે જઈએ. મમ્મી-પપ્પા તમને જોઈને બહુ જ ખુશ થઈ જશે.

**વિનય :** ભાભી ! તમે શ્રેયાની બધી ગેરસમજને તો દૂર કરી. પરંતુ મારી શંકાનું તો કોઈ સમાધાન મને મળ્યું જ નહી.

**મોક્ષા :** કઈ શંકા વિનય ?

**વિનય :** મેં પપ્પાને વસીયતના પેપર્સ ભાઈને આપતાં જોયા છે. સાથે જ વિવેકભાઈ એ પણ કહેતા હતા કે જો આ પેપર વિનયના હાથમાં આવી જશે તો બધો પ્લાન ચૌપટ થઈ જશે. જો ભાઈ અને પપ્પાના મનમાં ભેદભાવ ન હોત તો શું તેઓ મારાથી પેપર્સ છુપાવત ?

(વિનયની વાત સાંભળીને મોક્ષા વિચારમાં પડી ગઈ.)

**મોક્ષા :** વિનય ! આ વાતના વિષયમાં તો મને પણ કંઈ ખબર નથી. વિવેક અને પપ્પાએ પણ ઘરે કોઈ વાત નથી કરી. માટે તારી આ શંકાનું સમાધાન તો હું નહીં આપી શકું. એક કામ કરીએ આપણે પહેલા અહીંથી સીધા ઑફિસ પહોંચી જઈએ. ત્યાં જઈને વિવેકને બધી વાતો કરી લઈશું. મને પૂરો વિશ્વાસ છે કે આમાં પણ તને થોડીક ગેરસમજ થઈ હશે.

(મોક્ષા પાસેથી આટલા બધા સમાધાન મેળવીને વિનયનું મન મોક્ષાની સાથે ઓફિસ જવા માટે તૈયાર થઈ ગયું. મોક્ષા, વિનયની સાથે ઓફિસ પહોંચી ગઈ. એ જ સમયે વિવેકના ઘર છોડ્યાની વાત વિધિને ખબર પડતાં જ એ વિવેક સાથે વાત કરવા ઓફિસ પહોંચી ગઈ. વિધિ-વિવેક અને પ્રશાંત ત્રણેય અંદર વાતો કરી રહ્યા હતા, ત્યારે મોક્ષા, વિનય અને શ્રેયા ત્યાં પહોંચી ગયા. પરંતુ

વિધિ, વિવેક અને પ્રશાંતનો અવાજ સાંભળીને વિનય, મોક્ષા અને શ્રેયા ત્રણેય બહાર જ રોકાઈ ગયા અને અંદર-)

**વિધિ :** પણ ભાઈ ! આખરે વાત શું થઈ કે વિનય અને શ્રેયા ઘર છોડીને ચાલ્યા ગયા ?

**વિવેક :** એ જ તો ખબર નથી પડતી વિધિ કે આખરે વિનય કયા અન્યાયની વાત કરી રહ્યો હતો ? એકવાર મારી સાથે ખુલીને વાત કરે તો મને પણ કંઈક ખબર પડત. સાચે જ વિનયના ગયા પછી ઘરે કે ઓફિસ ક્યાંય પણ મન નથી લાગતું. રડી-રડીને મમ્મીની હાલત ખરાબ થઈ ગઈ છે. મોક્ષા ગઈ છે બંનેને મનાવવા માટે. જો સાચ્ચે જ મારી કોઈ ભૂલ હશે તો હું પોતે જઈને વિનય પાસે માફી માંગીને એને ઘરે લઈ આવીશ. એકવાર મોક્ષા આવી જાય તો બધી ખબર પડી જાય. વિનય વગર તો બધુ જ સુનું-સુનું થઈ ગયું છે.

**વિધિ :** ભાઈ ! તમે બિલકુલ ચિંતા કરશો નહી. વિનય હજુ નાનો છે. આપણાથી નારાજ થઈ ગયો છે. પણ એના મનમાં અમારા માટે બહુ જ પ્રેમ છે. એ પોતે જ આપણા વિના રહી નહી શકે અને મોક્ષા ભાભી એમને સમજાવીને લાવતી જ હશે.

**પ્રશાંત :** વિનય ભલેને આપણાથી નારાજ થઈ ગયો છે પણ એ મોક્ષાની વાત ક્યારેય નહીં ટાળે. એ એટલા કઠોર દિલનો નથી કે પોતાના માઁ-બાપને રડતાં છોડીને ચાલ્યો જશે. ભૂલ તો મારાથી થઈ છે. હું જ પોતાના દિકરાને પ્રેમથી સમજાવવાને બદલે એને ધુત્કારીને ઘરેથી બહાર કાઢવા માટે તૈયાર થઈ ગયો. કાશ એકવાર મેં એના માથા ઉપર હાથ ફેરવીને પ્રેમથી એને પૂછ્યું હોત તો આજ આ નોબત ન આવત.

(આટલું કહેતાં જ પ્રશાંતની આંખો ભરાઈ ગઈ.)

**પ્રશાંત :** શું શું સપના જોયા હતા વિનયના લગ્નની પહેલી એનીવર્સરી માટે. વિચાર્યું હતું કે એને એક સરપ્રાઈઝ કેબિન ગિફ્ટ કરીશ. એટલા માટે વિવેકે વિનયથી છુપાવીને બધા પેપર્સ પણ તૈયાર કરી દીધા. આટલા વર્ષો થઈ ગયા વિવેકના લગ્નને પરંતુ હજુ સુધી અમે એની એનીવર્સરી માટે ક્યારેક કોઈ પાર્ટી નથી રાખી. પરંતુ વિનય તો આ ઘરનો લાડકો દિકરો છે. માટે વિનયથી છુપાવીને મોટી પાર્ટી પણ રાખી છે. બધાને નિમંત્રણ પણ આપી દીધું છે, હવે ભગવાન જાણે શું થશે ?

(પોતાના પિતાની બધી વાતો સાંભળીને વિનયની આંખોમાંથી આંસૂ વહેવા લાગ્યા. એની બધી શંકાઓનું સમાધાન પણ થઈ ગયું હતું. એ મનમાં ને મનમાં પોતાની જાતને ધિક્કારવા લાગ્યો કે એણે વગર વિચાર્યે પોતાના ઘરથી અલગ થવાનો ફેંસલો કેવી રીતે કરી લીધો ? હવે આગળ શું થયું એ તો તમે પોતે જ સમજી ગયા હશો. વિનય દોડતો દોડતો પોતાના પિતાના પગે પડી ગયો. અને....)

**વિનય :** પપ્પા ! મને માફ કરી દો. ગલતફેમિયોએ મારા દિલ-દિમાગ પર એવો કબજો જમાવી લીધો હતો કે હું તમારા પ્રેમને સમજી ના શક્યો. હું તમારો ગુનેગાર છું. તમે મને જે ચાહો તે સજા આપી શકો છો. મેં તમારા બધાનું દિલ દુઃખાવ્યું છે. ભગવાન પણ મને માફ નહીં કરે.

(વિનયને આ રીતે અચાનક જોઈને અને માફી માંગતો જોઈને બધા આશ્ચર્યચકિત થઈ ગયા ત્યારે મોક્ષા અને શ્રેયા પણ અંદર આવ્યા. શ્રેયાએ પણ પોતાના સસરાજીના ચરણોમાં પડીને માફી માંગી. વિનયે વિવેક પાસે પણ પોતાની ભૂલની ક્ષમા માંગી. આ રીતે બધાના મનમાં રહેલી ગેરસમજ દૂર થઈ ગઈ, અને બધા ભેગા થઈને ઘરે આવ્યા. ઘરે પહોંચતાં જ)

**સુશીલા :** અરે બેટા વિનય ! તું આવી ગયો ! મને વિશ્વાસ હતો કે તું જરૂર આવશે. મને ખબર છે તું મારા વગર જીવી નહી શકે. બેટા ! શું થઈ ગયું હતું તને ? કેમ મારાથી નારાજ થઈને જતો રહ્યો હતો ?

(આટલું કહીને સુશીલા રડતા રડતા વિનયના માથા ઉપર હાથ ફેરવવા લાગી.)

**વિનય :** (રડતા રડતા) મને માફ કરી દો મમ્મી ! મેં પોતાની માઁ ઉપર જ ખોટા આરોપ લગાવ્યા. હું તો દિકરો કહેવાના લાયક પણ નથી. હું તમારા પ્રેમને ન ઓળખી શક્યો. મમ્મી, મને માફ કરી દો. હું આપના ચરણ ધોઈને આ ચરણામૃતને પીવાનું તો દૂર પણ તમારા ચરણોની સેવા પણ ન કરી શક્યો.

**શ્રેયા :** મમ્મી ! મેં તમારામાં હંમેશા સાસુના દર્શન કર્યા છે. તમે મને સાચી માઁનો પ્રેમ આપ્યો. પણ મેં ક્યારેય મારા દિલમાં તમને માઁનું સ્થાન આપ્યું નહીં. તમે હંમેશા મને દિકરીની જેમ રાખી. ભાભીએ મને હંમેશા નાની બેનના જેવો પ્રેમ આપ્યો. અને મારી દરેક ભૂલોને માફ કરી. મેં તમારા પ્રેમ ઉપર શંકા કરી. તમને તમારા દિકરાથી અલગ કરવાનો બહુ મોટો અપરાધ કર્યો છે. મમ્મી મને માફ કરી દો.

(વિનય અને શ્રેયા બંને સુશીલાના પગે પડ્યા. અને પોતાના અશ્રુ જલથી એમના પગનો પક્ષાલ કરવા લાગ્યા. સુશીલા પોતાનો વાત્સલ્ય ભરેલો હાથ બંનેની ઉપર ફેરવતી રહી.)

**સુશીલા :** બેટા ! માઁ ના દિલમાં ક્યારેય પણ પોતાના બાળકો માટે ભેદભાવ નથી હોતો. માઁ તો પોતાના દરેક દિકરાઓના પ્રગતિની જ ઇચ્છુક હોય છે. માઁના મનમાં એક જ ઇચ્છા હોય છે કે એનો દિકરો, એનો પરિવાર સુખી-સંપન્ન રહે.

આ વાતાવરણ, આ દશ્ય જોઈને બધાની આંખોમાં આંસુ આવી ગયા. સાચે જ સાગરનું ઉંડાણ માપવું સરળ છે પરંતુ માઁના દિલના ઉંડાણને માપવું બહુ જ મુશ્કેલ છે. દિકરો કેટલી પણ મોટી ભૂલ કરી દે પરંતુ માઁનું દિલ તો હંમેશા એના ભલાની જ કામના કરે છે. થોડાક જ દિવસો પછી એ

પરિવારમાં ફરીથી એક અલગ જ રોશની ઝગમગી ઉઠી. પ્રસંગ હતો વિનય અને શ્રેયાના લગ્નની પહેલી સાલગિરાનો. બહુ જ ધૂમધામથી વિનય અને શ્રેયાની પહેલી સાલગીરા મનાવવામાં આવી. સુશીલાએ પોતાના હાથે શ્રેયાને કંગન પહેરાવ્યા. ઓફિસમાં પણ વિવેકે વિનયને એક આલીશાન પર્સનલ કેબિન ગિફ્ટ કર્યુ. આ પ્રમાણે મોક્ષાની સમજણથી ઘરમાં ફરીથી એક દુઃખદ ઘટના ઘટવાથી બચી ગઈ.

આ પ્રમાણે મોક્ષાના ઘર ઉપર તો ખુશીઓનો માનો વરસાદ થઈ રહ્યો હતો. એક બાજુ વિનય પાછો આવી ગયો હતો અને બીજી બાજુ વર્ષોથી વિદેશમાં ભણી રહેલો ઘરનો સહુથી નાનો ચિરાગ વીરાંશ પોતાનું ભણતર પૂરું કરીને ઘરે પાછો આવી ગયો. પરંતુ દુઃખ એ વાતનું હતું કે વીરાંશ એકલો નથી આવ્યો, પરંતુ પોતાની સાથે ત્યાંની આધુનિકતા અને કુવ્યસનો સાથે લઈને આવ્યો હતો. શું શરાબની બોટલોના કારણે બહેકેલા વીરાંશના કદમોને મોક્ષા સાચા રસ્તે લાવી શકે છે ? સિગરેટના ધુમાડામાં ઉડી રહેલી વીરાંશ અને એની જેમ કેટલાય યુવાનોની યુવાશક્તિને એ બચાવી શકશે ? જોઈએ જૈનિજમના આગળના ખંડમાં - "Message for Youth" માં

## પવિત્રતાનું રહસ્ય

જૈનિજમના પાછળના ખંડમાં તમે જોયું કે ડૉલીને એકલી જોઈ જૉન ખોટા ઈરાદાથી એને પકડવાની કોશિશ કરવા લાગ્યો. અને આ બાજુ ડૉલીના ઘરમાં ખુશબૂ અને સુષમાની વચ્ચે ઉઠેલા તૂફાનને જયણાએ પોતાની સૂઝબૂઝથી શાન્ત કર્યું. આવી રીતે સુષમા અને ખુશબૂની વચ્ચે પણ માઁ-બેટીના સંબંધ થઈ ગયા.

ડૉલીના ગયા પછી સુષમાના જીવનમાં દીકરીની ઉણપ હવે ખુશબૂએ પૂરી કરી લીધી હતી. આટલું જ નહીં જયણા અને દિવ્યાના ભેગા થયા પછી સુષમાનો પરિવાર હવે ધર્મના માર્ગમાં પણ જોડાઈ ગયો હતો. સુષમાના જીવનમાં તથા એના પરિવારમાં આવેલા પરિવર્તનથી જયણા ખુશ હતી. પરંતુ જયણાને એકવાત બહુ જ ખટકતી હતી. ધર્મના માર્ગમાં વધારે આગળ વધવા માટે જે પવિત્રતાની આવશ્યકતા હતી. એની સુષમાના પરિવારમાં બહુ જ ઉણપ હતી. એટલે કે મોડર્નિટીના રંગમાં રંગાયેલી સુષમા જરૂર બદલાઈ ગઈ હતી પરંતુ એમ.સી.પાલનના વિષયમાં હજુ સુધી એ સાવધાન ન હતી. સુષમાને જોઈને ખુશબૂમાં પણ આવા જ સંસ્કારોનું રોપણ થયું અને એ પણ એમ.સી.પાલનમાં અનુકુલતા અનુસાર છૂટ-છાટ લેતી હતી. જયણા એ બંનેને એમ.સી.પાલનના ફાયદાઓથી અવગત કરાવવા માંગતી હતી. અને એના માટે તે યોગ્ય મોકાની તલાશમાં હતી.

એ જ સમયે ત્યાં બિરાજીત વિદુષી સાધ્વીજી દ્વારા 'દરેક ઘર પવિત્ર બને' આ શિબિરનું આયોજન કર્યું હતું. અહી દિવ્યા પણ દિકરીના જન્મના બે મહિના પછી પાછી સાસરે આવી ગઈ હતી. તથા એને મળવા કેટલાક દિવસો માટે મોક્ષા પણ પિયર આવી ગઈ. દિવ્યાના ઘરે આવ્યા પછી જયણાને ઓછો સમય મળતો હતો. પરંતુ મોક્ષા પણ ઘરે આવેલી હતી. માટે એ દિવસે ઘરનું બધું કામ દિવ્યા અને મોક્ષાને સોંપીને જયણા શિબિરમાં ગઈ. બીજા દિવસે અનાયાસ જ જયણાની કેટલીક સહેલીઓ દિવ્યા અને એની દિકરીને મળવા આવી. એજ સમયે સુષમા અને ખુશબૂ પણ મોક્ષા અને દિવ્યાને મળવા જયણાને ત્યાં આવ્યા. હોલમાં બધા એકસાથે બેઠા હતા ત્યારે વાતો વાતોમાં જ -

**જયણા :** શું વાત છે કાલે તમે લોકો 'દરેક ઘર પવિત્ર બનેં' આ શિબિરમાં ન આવ્યા ?

**નિર્મલા :** અરે ! અમારી સોસાયટીમાં તો આ શિબિરના વિષયમાં કંઈ ખબર જ નહોતી.

**પૂજા :** જયણા ! તું જ બતાવી દે કે કાલે શિબિરમાં શું શીખવાડ્યું ? નામથી તો એવું લાગે છે કે શિબિર બહુજ સારી હશે.

(તક સારી છે એવું જાણીને જયણાએ મોક્ષા અને દિવ્યાને પણ ત્યાં બોલાવી.)

**મોક્ષા :** પ્રણામ, આન્ટી

**સુષમા :** કેમ છે મોક્ષા ? સાસરે બધું બરાબર તો છે ને ?

**મોક્ષા :** હાં આન્ટી, બધું એકદમ બરાબર છે. કેમ છે ખુશબૂ ?

**ખુશબૂ :** એકદમ ઠીક છું.

**જયણા :** આવો મોક્ષા, દિવ્યા ! તમે પણ બેસી જાઓ. હું આમને કાલની શિબિરના વિષયમાં બતાવી રહી હતી, આ વાતો તમારા જીવન માટે બહુ જ ઉપયોગી થશે. પૂજા ! આપણા પૂર્વજ સુખી હતા કેમકે તેઓ આદર્શ પરંપરાના અનુસારે પવિત્ર આચારોના માધ્યમથી સદાચારની મર્યાદા સુરક્ષિત રાખતા હતા. આ તથ્ય કદાપિ ન ભૂલતા કે ભારતીય સંસ્કૃતિના કેટલા રૂઢ આચાર, રીત-રિવાજ આપણી પવિત્રતાને સુરક્ષિત રાખવામાં સહાયક સિદ્ધ થાય છે. એમાંથી જ એક છે એમ.સી. પાલનની પવિત્ર પરંપરા. પરંતુ વર્તમાનયુગમાં પાશ્ચાત્ય સંસ્કૃતિના વિષમય વાતાવરણથી આપણી એવી ભદ્દી (બેઢંગી) સ્થિતિ થઈ ગઈ છે કે સભ્યતાના નામ પર આચારશુદ્ધિનો પાયો દિવસે દિવસે ખોખલો (કમજોર) થતો જાય છે. અને પવિત્રતાની મૂર્તિ ક્ષત-વિક્ષત હોવા લાગી છે. એનાથી બચવા માટે જ કાંલની શિબિરમાં એમ.સી.પાલનની મહત્તા પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો.

**ખુશબૂ :** પરંતુ આન્ટી, એમ.સી. સ્ત્રીના શરીરમાં થવાવાળી એક સામાન્ય પ્રક્રિયા છે. એમાં આટલી સાવધાની રાખવાની શી આવશ્યક્તા છે ? એની જાણકારી આટલી જરૂરી કેમ ? જેના કારણે જગ્યા-

જગ્યાએ આ સંબંધી શિબિરો કરવામાં આવે છે ? અને જોવા જઈએ તો આ બધી વાતો ૯૦% જૈન જ માને છે. આજના અન્યધર્મી લોકો આ ચીજને એક જુની રીતિની દૃષ્ટિથી જુએ છે અને એનું પાલન કરવાવાળાને જુના વિચારોવાળા સમજે છે. કેમકે આજે વિજ્ઞાનનો યુગ છે. આપણે ધાર્મિક દૃષ્ટિથી કોઈને સમજાવવાની કોશિશ કરીશું તો કદાચ જ કોઈ સમજશે. આપણને કોઈ વૈજ્ઞાનિક પ્રમાણ જોઈએ જેથી આપણને ખબર પડે કે સાચે જ એમ.સી.નું પાલન ન કરવું એ બહુ જ નુકસાનકારક છે.

**જયણા :** તારો પ્રશ્ન બિલકુલ બરાબર છે ખુશબૂ ! કાલે શિબિરમાં પણ આવો જ પ્રશ્ન ઉઠાવવામાં આવ્યો હતો. આજે ધાર્મિક જ નહીં પરંતુ વૈજ્ઞાનિક દૃષ્ટિથી પણ એમ.સી.પાલન બહુ જરૂરી માનવામાં આવ્યું છે. આમ તો પ્રભુએ એમ.સી. પાલનની આવશ્યક્તા જોઈને આપણને એમ.સી.ના પાલનની આજ્ઞા ફરમાવી જ છે, પરંતુ વર્તમાનમાં વિજ્ઞાને પણ એમ.સી.પાલનની સચોટતા ઉપર પોતાની છાપ લગાવી દીધી છે. સન્ ૧૮૨૦માં પ્રો. ડૉ. બી.સી.ના દ્વારા ઋતુસ્ત્રાવના ઝેરીલા તેમજ જાલિમ અસરના સંબંધમાં કરવામાં આવેલા વૈજ્ઞાનિક અનુસંધાનમાં જે પરિણામ પ્રાપ્ત થયા છે, એનાથી એ સ્પષ્ટ થાય છે કે એમ.સી. કાલમાં સ્ત્રીની ચામડીમાંથી એક પ્રકારનું ઝેર સતત પ્રવાહિત થતું રહે છે તથા એના સ્પર્શથી બીજાઓના શરીરમાં અનેક રોગ ઉત્પન્ન થાય છે.

અમેરિકાના પ્રસિદ્ધ હોપકિન્સ વિશ્વ વિદ્યાલયની લેબોરેટરીમાં બે મહિલા ડૉક્ટર માર્કેટ લોબી અને ડૉ. બી.સી. દ્વારા કરવામાં આવેલા પ્રયોગનું અનુકરણ કરતાં વિવિધ ઝાડ-પાન તેમજ વનસ્પતિ ઉપર પ્રયોગ કર્યો તો એમને ખબર પડી કે માસિક ધર્મની અવધિમાં સ્ત્રીના શરીરમાં મીનોટૉક્સીન નામનું ઝેર ઉત્પન્ન થાય છે, જે રાસાયણિક ફૉર્મ્યુલાને અનુસાર કાલસ્ટ્રીન નામના પદાર્થથી મળતું આવે છે.

પ્રો. શિકે માસિક ધર્મવાળી સ્ત્રીને ફૂલનો ગુચ્છો ભેંટ આપ્યો. એ તરત જ મુરઝાઈ ગયો. આથી એમને આશ્ચર્ય થયું. પછી ખબર પડી કે ગુચ્છો લેવાવાળી સ્ત્રી માસિક ધર્મવાળી હતી. એક પ્રેક્ટીકલ માટે તેઓ બે સ્ત્રીઓને બગીચામાં લઈ ગયા. જેમાંથી એક માસિક ધર્મવાળી હતી. બંનેને એક જ વૃક્ષનું એક-એક ફૂલ આપવામાં આવ્યું. માસિક ધર્મવાળી સ્ત્રીના હાથમાં રહેલું ફૂલ ચાર કલાકમાં જ મુરઝાઈ ગયું. જ્યારે અન્ય સ્ત્રીના હાથમાં રહેલું ફૂલ અડતાલીસ કલાકમાં મુરજાયું.

એમ.સી.માં ઉપરોક્ત મીનોટૉક્સીન ઝેરને કારણે જ સ્ત્રીને એક પ્રકારની બિમારી મહસૂસ થાય છે. જેમ શીતજ્વર જેવું લાગવું, જીવ ઘભરાવવો, ઉબકા આવવા, માનસિક ઉદાસી, બાળક દૂધ પીતું હોય ત્યારે લાગતી હોય તેવી અસ્વસ્થતા, તેમજ શરીરમાં એક વિચિત્ર વાસનો અહેસાસ થાય છે.

આ ઝેરને કારણે એમ.સી.વાળી સ્ત્રીનો સ્પર્શ કરવાથી, એની સાથે વાર્તાલાપ કરવાથી, એના દ્વારા તૈયાર કરવામાં આવેલી વસ્તુઓનો ઉપયોગ કરવાથી તથા એના હાથથી ખાવાથી આપના

શરીરમાં એ ઝેર જાણે-અજાણ્યે પ્રવેશ કરી લે છે. અને અનાયાસે જ અસંખ્ય રોગોને ઉત્પન્ન કરે છે. માટે આને Slow Poison પણ કહી શકાય છે.

**સુરેખા :** વૈજ્ઞાનિક દષ્ટિથી તે જે બતાવ્યું એ વાત તો બિલકુલ સાચી છે. પરંતુ શું એમ.સી. પાલનને માત્ર જૈન ધર્મવાળા જ માને છે કે અન્ય કોઈ ધર્મ પણ માને છે ?

**જયણા :** સુરેખા ! જૈન ધર્મની સાથે-સાથે અન્ય ધર્મોમાં પણ એમ.સી. પાલનની સખત હિમાયત આપવામાં આવી છે. જેમકે -

**જૈન ધર્મ :** ઠાણાંગ સૂત્રમાં એમ.સી.વાળી સ્ત્રી માટે રજસ્વલા શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે. તેમજ એમાં સ્પષ્ટ નિર્દેશ કરવામાં આવ્યો છે કે એમ.સી.વાળી સ્ત્રી ઘરનું કોઈ કામ ન કરે. દેવમંદિર વગેરે પવિત્ર સ્થાનોમાં ભૂલથી પણ ન જાય. ત્રણ દિવસ સુધી એકાંતમાં બેસીને મૌન સાધના કરે. તેમજ કોઈ વ્યક્તિ કે પદાર્થનો બિલકુલ સ્પર્શ ન કરે. શાસ્ત્રકારોએ એમ.સી.વાળી સ્ત્રીથી વાર્તાલાપ કરવાથી ૫ આયંબિલનું પ્રાયશ્ચિત ફરમાવ્યું છે.

જૈન આગમ શાસ્ત્ર તેમજ અન્ય શાસ્ત્રોમાં ઋતુધર્મ (એમ.સી.)ની અવધિમાં રજસ્વલા સ્ત્રીની તુલના પ્રથમ દિવસે ચંડાલિની, બીજા દિવસે બ્રહ્મઘાતિની તેમજ તૃતીય દિવસે ધોબણની સાથે કરી છે.

**વૈદિક ધર્મ :** આ ધર્મમાં પવિત્રતાની સુરક્ષા માટે ઋતુધર્મના સમય એમ.સી.વાળી સ્ત્રીને ત્રણ દિવસ એકાંતમાં રહીને ઘાસ-ફૂસ અથવા જૂટના કોથળા ઉપર જ શયન કરવાનું વિધાન કરવામાં આવ્યું છે. તેમજ પોતાના પતિની સાથે પણ વાત કરવાનો સર્વથા નિષેધ કર્યો છે.

**ઈસાઈ ધર્મ :** બાઈબલમાં ઉલ્લેખ કર્યો છે કે જ્યારે કોઈ સ્ત્રી રજસ્વલા હોય છે ત્યારે સાત દિવસ સુધી અશુદ્ધ કહેવાય છે માટે અને જે એનો સ્પર્શ કરે છે તે પણ સૂર્યાસ્ત સુધી અશુદ્ધ મનાય છે. રજસ્વલા સ્ત્રી તરફથી સ્પર્શ કરેલી બધી વસ્તુઓ પણ અશુદ્ધ માની જાય છે.

**મુસ્લિમ ધર્મ :** આ ધર્મ કહે છે કે ''પવિત્રતા છોડી દેશો તો પસ્તાવવું પડશે.'' મુસ્લિમ ધર્મના ધર્મગ્રંથ કુરાન શરીફમાં ઉલ્લેખિત આદેશાનુસાર એમ.સી.વાળી મુસ્લિમ સ્ત્રીને નમાજ પઢવાની સખત મનાઈ છે. પ્રાયઃઆવી સ્ત્રીને છ દિવસ સુધી અલગ રહેવું પડે છે અને જે એનો સ્પર્શ કરે છે એને લગભગ ૪૦-૫૦ દિવસ સુધી નિયમિતરૂપથી પશ્ચાતાપ કરવાનો હોય છે.

અરે સુરેખા ! એટલું જ નહીં નવનીત ગુજરાતી ડાયજેસ્ટ ૧૯૯૨ના સપ્ટેમ્બર અંકમાં લખ્યું છે કે ''મુસલમાનોના પવિત્ર મક્કામાં રાખેલો 'અખંડ' નામનો પત્થર, જે મુસ્લિમોને માટે અત્યંત પૂજનીય છે, માસિક ધર્મવાળી સ્ત્રીના સ્પર્શથી કાળો પડી ગયો છે જે હજુ સુધી કાળો જ છે.''

**નિર્મળા :** જયણા માન્યું કે અન્ય ધર્મમાં પણ એમ.સી. પાલનની મહત્તા બતાવવામાં આવી છે. પણ શું એમ.સી.નું પાલન ભારતમાં જ થાય છે કે વિદેશોમાં પણ એનું પાલન થાય છે ?

**જયણા :** આપણા દેશમાં જ નહીં પણ વિદેશોમાં પણ એનું પાલન ચાલુ જ છે.

**આફ્રિકા (Africa) :** અહીંની સ્ત્રીઓ જ્યારે એમ.સી.માં હોય છે ત્યારે પોતાના નિવાસ સ્થાનનો ત્યાગ કરીને એકાંતમાં બ્લડબૂથ (રક્ત સ્થાન)માં રહે છે અને એમ.સી.ની ઓળખરુપે છાતી ઉપર ત્રિકોણીયો સ્કાર્ફ લગાવે છે. અને કોઈપણ ચીજનો સ્પર્શ કરતી નથી.

**લેબલોન (Lebolon) :** અહીંની સ્ત્રીઓ એમ.સી.માં હોય છે તે સમયે વાહનોમાં ક્યારેય નથી બેસતી તેમજ ખેતી કરવા પણ નથી જતી.

એના સિવાય યુરોપમાં પૉવ, દૂધ વગેરે ખાદ્ય પદાર્થ, ફ્રાંસમાં સાકર, જર્મનીમાં શરાબ વગેરે ઉપર એમ.સી.વાળી સ્ત્રીઓની છાયા પડવાથી ઉપરોક્ત પદાર્થ ખરાબ થઈ જાય છે. માટે ત્યાં એમ.સી.વાળી સ્ત્રીઓ આ પદાર્થોથી દૂર રહે છે એટલે કે એમ.સી.નું કડકાઈથી પાલન કરે છે.

**નાઈસર** માં એમ.સી.વાળી સ્ત્રીઓનો મંદિર પ્રવેશ ઉપર પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે. તથા વિદેશમાં ડૉક્ટર ઑપરેશન થિયેટરમાં એમ.સી.વાળી સ્ત્રીના પ્રવેશને બહુ મોટો ખતરો માને છે.

**મોક્ષા :** મમ્મી ! જ્યારે વિદેશોમાં એમ.સી.નું પાલન થઈ રહ્યું છે તો ભારતમાં તો થવું જ જોઈએ. પણ શું આપણા પૂર્વજ પણ એમ.સી.નું પાલન આવી રીતે કરતા હતા ? પ્રાચીનકાલમાં એમ.સી.ના પાલનના વિષયમાં લોકોની કેવી ધારણાઓ હતી ?

**જયણા :** પ્રાચીનકાળમાં ભારતના પ્રત્યેક પરિવાર તેમજ ઘરમાં એમ.સી.ને લઈને દઢ ધારણાઓ અને માન્યતાઓ હતી, મર્યાદા તેમજ બંધન હતા, કેમકે એ કાળમાં પ્રત્યેક ઘર-પરિવારમાં પૂજા-પાઠ, ગીતા-પાઠ, ભક્તિ-મહોત્સવ અને વિવિધ પ્રકારના ધર્માનુષ્ઠાનોની ધૂમ મચી રહેતી હતી, પ્રત્યેક ઘરમાં દેવસ્થાન તેમજ તુલસી-વૃંદાવન રહેતા હતા, દરેક પનસાલ (પણીયારા) ઉપર દીવા કરવામાં આવતા હતા અને જગ્યાએ-જગ્યાએ પવિત્રતાના મહેકથી વાતાવરણ પ્રમુદિત રહેતું હતું. તેથી એમ.સી.ને લઈને નાનીથી નાની ભૂલને ચલાવવામાં નહોતી આવતી. એટલે કે કડકાઈથી (દઢતા) એમ.સી.નું પાલન કરવામાં આવતું હતું.

ત્યાં સુધી કે પુત્રીને એમ.સી.માં થતાં જ એની સ્કૂલ છોડાવી દેવામાં આવતી હતી. એ જ પ્રમાણે નવ પરિણિત વહુને પણ એમ.સી.કાલમાં ચાર દિવસ સુધી સતત અલગ રૂમમાં રાખવામાં આવતી હતી. ચાર દિવસ સુધી સળંગ સ્થિરવાસ, મૌન તેમજ એકાંતની આરાધના કરવાની પ્રથા હતી. પરંતુ અફસોસની વાત છે કે વર્તમાનમાં પ્રત્યેક પરિવાર તેમજ ઘરોમાં ઋતુધર્મના નિયમોના પાલનમાં શિથિલતા આવી ગઈ છે.

**પૂજા :** જયણા ઋતુધર્મ પાલનમાં શિથિલતા આવવાનું મુખ્ય કારણ શું છે ?

**જયણા :** આનું મૂળ કારણ છે વિભક્ત પરિવાર. પ્રાચીનકાળમાં દરેક જગ્યાએ સંયુક્ત પરિવાર હતા. પરિવારના બધા જ કાર્યોની જવાબદારી નણંદ, સાસુ તેમજ દેરાણી-જેઠાણી અંદર-અંદર વહેંચી લેતી હતી. એવા સમયે પડોસણો પણ સહાયક બનીને પરસ્પરના કાર્યમાં સહાયક બનતી હતી. એક-બીજાની સુવિધાઓનું ધ્યાન રાખી નારી જાતિ ઋતુધર્મના નિયમોનું કડકપણે પાલન કરતી હતી.

વર્તમાનની આ વિડંબણા છે કે આધુનિક નારીને સંયુક્ત પરિવારમાં રહેવું પસંદ નથી. અરે, મહેંદીનો રંગ ઉતર્યા પહેલા જ પારિવારિક સુખ-શાંતિના રંગમાં ભંગ પડી જાય છે અને જોરુનો ગુલામ પતિદેવ હંમેશા માટે માતા-પિતાને અકેલા, નિરાધાર છોડીને શ્રીમતીજીના ઈશારા ઉપર ચાલીને અલગ ફ્લેટમાં રહેવા જતા રહે છે. હાય રે કિસ્મત ! કોને શું કહેવું ?

પછી મિયાઁ-બીબીનાં સ્વતંત્ર જીવનની શરૂઆત થાય છે. હસી-ખુશીમાં એક મહિનો કેવી રીતે વીતી જાય છે કોઈને ખબર જ નથી પડતી. પછી આવે છે - ''ઋતુધર્મનો સમય'' અને જોત-જોતામાં જ ઋતુધર્મનો ગઢ તૂટીને ટૂકડે-ટૂકડા થઈ જાય છે. બીબી બધી મર્યાદાઓને તોડીને રસોઈ બનાવે છે અને પતિદેવ બહુ શોખથી એના બનાવેલા દરેક વ્યંજનનો સ્વાદ લેતાં લેતાં ભોજન કરે છે. પરંતુ એ બિચારાને ક્યાં ખબર છે કે આ પાપનું પરિણામ કેવું ભયંકર અને અકલ્પિત હશે ?

જે રાષ્ટ્રની નારી-સમુદાય ઋતુધર્મના નિયમોનું સાચા દિલથી પાલન કરતી હતી એ જ રાષ્ટ્રની સ્વચ્છંદનારીઓ આજે એમ.સી.માં હોવા છતાં પણ સર્વિસ કરવા જાય છે, કૉલેજ જાય છે, રસોઈ ઘરમાં આઝાદ બનીને રસોઈ બનાવે છે અને વગર કોઈ જાતની શરમ-હયા અને હિચકિચાહટે જ્યાં ઇચ્છે ત્યાં ખુલ્લેઆમ મટર ગશ્તી કરતી ફરે છે.

**દિવ્યા :** મમ્મીજી ! હવે જો વર્તમાનમાં એમ.સી.નું પાલન પૂર્ણપણે કરવું હોય તો આપણે શું કરવું જોઈએ ?

**જયણા :** દિવ્યા ! તમે બધા સર્વપ્રથમ -

- જો તમે સંયુક્ત પરિવારના અવિભાજ્ય અંગ છો તો પરસ્પર સહાયક બનીને એમ.સી.કાલમાં હોય ત્યારે આશાતના ટાળવાની કોશિશ કરો અને ઋતુધર્મનું દૃઢતાપૂર્વક પાલન કરવાનો નિશ્ચય કરો.
- જો તમે તમારા પરિવારથી વિભક્ત થઈ ગયા છો તો પડોસીની-સંબંધીઓની સહાયતાથી એમ.સી.ના ત્રણ દિવસ ગમે તેમ કરીને પણ ચલાવી લો. નાની-મોટી કઠિણાઈઓ થવા છતાં પણ એમ.સી.નું પાલન ન કરવાથી થવાવાળી બિમારી અને ઉત્પાતથી ઘર પરિવારને બચાવી લો.

- જો કોઈ પ્રકારની કોઈ વ્યવસ્થા ન હોય તો આવી સ્થિતિમાં પુરુષે ઘરના બધા કામ કરવા માટે તત્પરતા રાખવી જોઈએ. આમાં કોઈ જાતની શરમ કે સંકોચ રાખવાની આવશ્યકતા નથી.
- જો પુરુષ રસોઈ ન બનાવી શકે તો એવી હાલતમાં ઘરમાં રાખેલા ખાખરા વગેરે સૂકા પદાર્થોથી અથવા ખીચડી બનાવીને આપણું કામ ચલાવી લેવું.
- ભોજનશાળામાંથી ચાર દિવસ સુધી ટિફિન મંગાવી દો.
- ગુરુદેવની સમક્ષ ઉપસ્થિત થઈને આજ સુધી થયેલી ત્રુટિઓ, ભૂલોનું પ્રાયશ્ચિત કરો.
- પોતાની પુત્રીને વિદાય કરતાં પહેલા અને પુત્રવધૂને ઘરમાં લાવતા પહેલા એમ.સી.પાલન સંબંધિત નિયમ બતાવીને જ આગળ વધો. જેથી ભવિષ્યમાં કોઈ પ્રકારની સમસ્યા ઊભી નં થાય.

**ખુશબૂ :** આંટી ! આ તો તમે એમ.સી.માં થયા પહેલાંની પૂર્વ તૈયારીઓ બતાવી. પરંતુ જ્યારે એમ.સી.માં થઈ જઈએ ત્યારે આપણે શું કરવું જોઈએ ?

**જયણા :** કોઈપણ સ્ત્રી જે સમયે એમ.સી.માં બેસે તરત જ તે સમયે ઘડીયાળ જોઈ લે, ત્રણ દિવસ તેમજ ત્રણ રાત પૂર્ણ અર્થાત્ ૭૨ કલાક પૂર્ણ થયા પછી ફરીથી એ જ સમયે સ્નાન કરીને અંદર આવે. ત્રીજા જ દિવસે સ્નાન કરીને અંદર ન આવી શકાય તથા ચોથા દિવસે પણ ૨ કલાક, ૧ કલાક અથવા ૩૦ મિનિટ તો શું ? એક મિનિટ પહેલા પણ અંદર આવી શકાય નહીં. જો સૂર્યાસ્ત પછી એમ.સી.માં થયા હોય તો ચોથા દિવસે રાત્રે સ્નાન ન કરીને, એના પછીના દિવસે સવારે સૂર્યોદયથી સ્નાન કરીને અંદર આવવું જોઈએ.

એમ.સી.માં થવાવાળી સ્ત્રી પાસે રેશમી દોરાથી સીવેલા રેશમી કપડાની એક જોડી હોવી જરૂરી છે. વુલન શૉલ, બ્લેંકેટ અને ફૉલ કાઢેલી સિંથેટિક સાડી પણ ચાલી શકે છે. પુરુષોના જૂના રેશમી પૂજાના કપડામાંથી પણ પેટીકોટ, નાઈટી વગેરે રેશમી દોરાથી સીવડાવી શકાય છે.

**સુષમા :** ચલો, તે એ બતાવ્યું કે ચોથા દિવસે આપણે સ્નાન કરીને અંદર આવવું જોઈએ. પરંતુ ચોથા દિવસે અંદર આવવા સમયે આપણે કઈ વાતોનું ધ્યાન રાખવું જોઈએ ?

**જયણા :** એમ.સી.માં થવાવાળી સ્ત્રીએ તેલવાળા કેશને ત્રીજા દિવસે અથવા તો ચોથા દિવસે ઉઠ્યા પહેલા સારી રીતે એકદમ સૂકાઈ જાય એ રીતે ધોવા. એમ.સી.નો સમય પૂર્ણ થવા પહેલા પહેરેલા કપડા પણ રેશમી કપડા પહેરીને ધોઈને સૂકવી દેવા. બાથરૂમ પણ એકદમ સૂકું કરી લેવા. પલળેલા હાથ, પગ વગેરે પણ સુકાવી દેવા. પછી ત્રણ દિવસ પહેલા જે સમય જોયો હતો. ઠીક એજ સમયે સોનપાણી (છાંટ) લઈને નવકાર ગણતા અંદર આવવું અને હા સુષમા એક ખાસ વાત એમ.સી.માં ત્રણ દિવસ પહેરવાના કપડા (સાડી વગેરે) અલગ રાખવા.

**નિર્મલા :** જયણા આના સિવાય એમ.સી. દરમ્યાન ધ્યાન રાખવા યોગ્ય કોઈ બીજી વાત હોય તો બતાવ.

**જયણા :** પોતાની ભલાઈ તેમજ હિત માટે એમ.સી. કાલમાં નીચેની વાતો અવશ્ય ધ્યાનમાં રાખવી જોઈએ.

- ધર્મચર્યા અને પ્રભુદર્શનથી દૂર રહેવું. ગુરુવંદન ન કરવું. પરમાત્મા અને ગુરુનું નામ મુખથી ન બોલવું. સામાયિક, વ્યાખ્યાન, પ્રતિક્રમણ વગેરે ધાર્મિક ક્રિયાઓ ન કરવી. પ્રભાવના ન લેવી.
- ક્યાંય યાત્રા સંઘ વગેરેમાં ન જવું. જો એમ.સી.માં બેસવાવાળા હોય, તો પણ ન જવું. કેમકે કહેવામાં આવ્યું છે કે ''તીર્થ આશાતના કરતા પડે નરકમાં''
- પેન, પેન્સિલ, પુસ્તક, પર્સ, પૈસા તથા બાળકોની સ્કૂલબેગ વગેરે કોઈપણ જ્ઞાનના ઉપકરણોનો સ્પર્શ ન કરવો. પઠન-પાઠન તેમજ લેખન-વાંચન ન કરવું. પત્ર-પત્રિકાઓ, નૉવેલ્સ, મેગેઝીન, કૉમિક્સ વગેરે ન વાંચવા. બાળકોને પણ ન ભણાવવા.
- બૉમની બોટલ, કૉટનના દોરાની કોકડી વગેરેનો સ્પર્શ ન કરવો, ન ચાલે એવું હોય તો જેટલી આવશ્યક્તા છે, એટલું માંગીને ગ્રહણ કરવું.
- વસ્ત્રો જ્યાં ટીંગાળેલા હોય એવા દરવાજા, માટલા, પણીયારું, બેસિન વગેરે ઘરની કોઈપણ વસ્તુનો સ્પર્શ ન થઈ જાય એની પૂરી સાવધાની રાખવી.
- બાળક એકદમ નાનું હોય તો એને પોતાની પાસે જ રાખવું, થોડા મોટા થઈ જાય તો એમને એવી સમજ આપવી, જેથી તે સ્પર્શ ન કરે. છતાં પણ જો ન માને તો બાળકને રેશમી કપડાં જ પહેરાવવા. એમનાં વાળોમાં તેલ ન નાખવું.
- સંડાસ-બાથરૂમ વગેરેના નળ તેમજ ઘરના કોઈપણ નળનો સ્પર્શ ન કરવો, જેટલું પાણી જોઈએ એને સૂકી બાલ્ટીમાં લઈને અલગ રાખવું.
- બની શકે તો ત્રણ દિવસ (૭૨ કલાક) સુધી ઘરના એક જ સ્થાનમાં બેસવું, પરંતુ જ્યાં-ત્યાં ધુમવું નહીં.
- વગર કારણે ઉઠ-બેઠ ન કરવું. કોઈ કારણથી ઉઠવું કે ચાલવું પડે તો કોઈ વસ્તુ કે વ્યક્તિનો સ્પર્શ ન થઈ જાય એ વાતને ધ્યાનમાં રાખીને પોતાના કપડા સંભાળીને ચાલવું.
- ત્રીજા દિવસે વાળ ધોવા માટે સ્નાન કરવું પડે તો છૂટ બાકી બની શકે તો વાળ જ ધોવા, સ્નાન કરવું નહી. માથામાં તેલ ન નાખવું. કેશ-રચના ન કરવી. કોઈપણ પ્રકારનો શ્રૃંગાર ન કરવો. બ્યૂટી-પાર્લર વગેરેમાં પણ ન જવું.

● નાવ, જહાજ, બસ, ટ્રેન તેમજ પ્લેન વગેરે કોઈપણ વાહનમાં ના બેસવું. અને ના તો નદીમાં સ્નાન કરવું અને ના કપડાં ધોવા.

● ટી.વી. વિડીયો તેમજ સિનેમા ન જોવું. વીડિયો ગેમ, શતરંજ, પત્તા વગેરે કોઈપણ પ્રકારની રમત ન રમવી. હિંચકામાં ન બેસવું.

● બજારમાં ખરીદી કરવા અથવા બાગ-બગીચામાં હરવા-ફરવા ન જવું. ઘરે-ઘરે મળવા પણ ન જવું. કોઈના ઘરે ગીત ગાવા પણ ન જવું.

● આમ તો પશુ-પક્ષીના ચિત્ર તેમજ અક્ષરવાળા કપડાં ક્યારેય ન પહેરવા જોઈએ. પરંતુ એમ.સી.માં તો વિશેષ રૂપથી ધ્યાન રાખીને આવા કપડાં ન પહેરવાં.

**ખુશબૂ :** આન્ટીજી ! માની લો કે કોઈ એમ.સી.નું પાલન ન કરે તો શું એને કંઈક નુકશાન થાય છે શું ?

**જયણા :** બેટા ! એમ.સી.નહી પાળવાથી થવાવાળા ભયંકર નુકસાનથી જો બધા વાકેફ થઈ જશે તો મને નથી લાગતું કે કોઈ એમ.સી. પાલન કરવામાં કોઈ પ્રકારની વાર કરશે. જાણે છે.....

● એમ.સી.વાળી સ્ત્રીઓમાં ઉત્પન્ન થવાવાળું ઝેર સંક્રામક રોગની જેમ હોવાથી એમ.સી.વાળી સ્ત્રીના સ્પર્શથી દરેક પદાર્થ ઉપર ખરાબ અસર પડે છે. સ્પર્શ તો શું - એની છાયાથી પણ પદાર્થ ઉપર ખરાબ અસર થાય છે. જેમકે પાપડ, વડી, અચાર ઉપર એમ.સી.વાળી સ્ત્રીની છાયા પડવાથી તે બગડી જાય છે.

● એમ.સી.માં જો પુરુષ સાથે સંયોગ થઈ જાય તો એના ભયંકર પરિણામ સ્વરૂપ એવી સ્ત્રી-પુરુષની સંતાન લૂલી-લંગડી, આંધળી તેમજ વિકલાંગ થાય છે. સાથે જ મોતને ઘાટ ઉતારવાવાળી ભયાનક બિમારીઓ ઘરમાં પેદા થાય છે.

● એમ.સી.વાળી સ્ત્રી જો મંદિરમાં જાય તો એને સમકિતની પ્રાપ્તિ થતી નથી ઉલ્ટું નરકમાં જવું પડે છે. ઋતુધર્મી કમલા રાણીએ પ્રભુ વંદન કરીને પુષ્પ પૂજા કરી. ફલસ્વરૂપ એને એક લાખ ભવ સુધી ભટકવું પડ્યું.

● એમ.સી.વાળી સ્ત્રીનો એંઠવાડ પશુઓને નાખવામાં આવે તો એને બાર ભવ સુધી ભટકવું પડે છે.

● રજસ્વલા સ્ત્રી જો પોતાના હાથથી સાધુ મહાત્માઓને ભિક્ષા પ્રદાન કરે તો એક લાખ ભવ સુધી એને ભટકવું પડે છે.

● એમ.સી.વાળી સ્ત્રી જો ભોગોપભોગ કરે તો એને નવલાખ ભવ સુધી સંસારનું ચક્કર લગાવવું પડે છે.

- એમ.સી.વાળી સ્ત્રી જો ત્રીજા દિવસે ઉઠી જાય છતાં પણ એ ટાઈમમાં જ ગણાય છે. માટે એમ.સી. નહીં પાળવાના બધા નુકસાન એને ભોગવવા જ પડે છે. આ ભ્રષ્ટાચારના પાપના પ્રભાવથી જો ઘરમાં કોઈ દેવતત્ત્વ હશે તો એ તરત જ પલાયન થઈ જશે. માં સરસ્વતી હંમેશા માટે મોંઢું ફેરવી લેશે. પછી એમની આવવાવાળી સંતાન મૂર્ખ બનીને રહી જશે.
- ધન ત્રયોદશીના દિવસે કુંકુમ-કેસરથી પૂજેલી માઁ લક્ષ્મી ઉપરોક્ત પાપારંભની સાથે હમેશાંને માટે જતી રહેશે અને બીજીવાર એના ઉંબરા ઉપર આવવાનું નામ પણ નહીં લે.
- પાપ વધતા જશે અને ધર્મની ધ્વજા ધ્વસ્ત થઈને રહી જશે.
- સુખી થવા છતાં પણ ચિત્તને શાંતિ નહીં મલે.

અર્થાત્ એમ.સી.નું બરાબર પાલન ન કરવાથી ઈહલોકમાં અશાંતિ તેમજ પરલોકમાં મૂંગા, બહેરા, બોબડા બનવું પડે છે.

**ખુશબૂ :** આટલા બધા નિયમોનું પાલન કરવું વર્તમાનમાં કેવી રીતે સંભવ છે ?

**જયણા :** જેને પાપ નથી બાંધવું તેમજ દુઃખ નથી જોઈતું. એવા સજગ વ્યક્તિ માટે આ નિયમોનું પાલન કરવું બિલકુલ કઠિન નથી. કેમકે દરેક સ્ત્રીને એ તો ખબર હોવી જ જોઈએ કે પૂર્વભવમાં માયા કરવાથી સ્ત્રીનો અવતાર મલે છે તેમજ પૂર્વકૃત્ અંતરાય કર્મના ઉદયથી એમ.સી.આવે છે. જો આ ઉદિત કર્મને ખપાવવું છે તો એમ.સી.નું વિધિવત્ પાલન કર્યા સિવાય બીજો કોઈ ઉપાય નથી. નહીંતર જેને પાપનો ભય નથી એને દુઃખથી પણ ડરવું જોઈએ નહીં. અસાવધાની તેમજ લાપરવાહ બનીને જેટલા વધારે નિયમોને તોડશો એટલું જ ઘર ભ્રષ્ટ થતું જશે. ઘરમાં અશાંતિ તેમજ બિમારી વધતી જશે. પછી ચાહે તમે કેટલાય ઉપાય કરશો પરંતુ કંઈપણ હાથમાં આવવાનું નથી. માટે પહેલાથી જ ઉપરોક્ત નિયમોનું દઢતાપૂર્વક પાલન કરવામાં જ બુદ્ધિમત્તા છે.

**સુરેખા :** શ્રૃંગાર કરવો, ટી.વી.જોવું, હંસી-મજાક કરવી, આમાં તો કોઈ છૂઆ-છૂત નથી થતી તો આનો નિષેધ કેમ ?

**જયણા :** સુરેખા ! એમ.સી.માં શરીરથી ઝેર પ્રવાહિત થાય છે. માટે એ સમયે આંખોમાં અંજન કરવાથી આંખો કમજોર થઈ જાય છે. પાવડર, ક્રીમથી ચામડી ખરાબ થાય છે. તેમજ ટી.વી. જોવાથી આંખોને વધારે નુકસાન થાય છે. આમોદ-પ્રમોદથી મનની ચિંતા વધે છે.

**સુષમા :** આજકાલ ઘણી મહિલાઓ રાત્રે એમ.સી.માં થઈ હોય તો એને પહેલો દિવસ ગણીને બીજા દિવસે બેસીને ત્રીજા દિવસે તો સવારે જલ્દી સ્નાન કરીને અંદર આવી જાય છે. શું આ ઉચિત છે ?

**જયણા :** આ તો સર્વથા અનુચિત છે. જૈનોના ઘરોમાં આ હદ સુધી તો ભ્રષ્ટાચારની કલ્પના પણ ન કરી શકાય. આ પ્રમાણે ૭૨ કલાકના બદલે માત્ર ૩૦-૩૫ કલાક અલગ બેસીને ત્રીજા દિવસે અંદર આવવાથી એના ચૌવીસ પ્રહર (૭૨ કલાક) બેસવાનો સંસ્કાર જ ખતમ થઈ જશે.

આ પ્રમાણે ત્રીજા દિવસે ઉઠીને રસોઈઘર વગેરેમાં બધી જગ્યાનો સ્પર્શ કરી, રસોઈ બનાવી તેમજ સાધુ સંત આવી જાય તો તે એ પણ ભૂલી જાય કે આજે મારો ત્રીજો દિવસ છે અને એમને પણ ગોચરી વહોરાવી દે છે.

અરે...રે...રે...! કેટલી હદ સુધીનું ઘોર પાપ ! પછી તો માનો સકારણ કે નિષ્કારણ આ એક પરંપરા જ બની જશે. આજે આવું ઘણી જગ્યાએ જોવા પણ મળે છે. પરંતુ સુષમા ! પોતાના જીવનમાં આવા નિકૃષ્ટ પાપ કર્યા પહેલા હજાર વખત વિચાર કરવો કે જો હું એમ.સી.ના વિધિવત્ પાલનમાં દૃઢ રહીશ તો બીજાઓને પણ એમ.સી.પાલનમાં દૃઢ બનવાની પ્રેરણા આપવામાં ઉત્તમ નિમિત્ત બનીશ. તારે બીજાઓને માટે કુનિમિત્ત બનીને પાપોનું પોટલું બાંધવું છે કે સુનિમિત્ત બનીને પુણ્યનું ખાતું ખોલવું છે. આ તું પોતે જ વિચારજે. બાજી તારા હાથમાં છે.

**ખુશબૂ :** આંટી એમ.સી.માં સારા કપડાં પહેરવામાં, બની-ઠનીને લગ્નમાં માત્ર ભોજન કરવામાં કે ગીત ગાવા જવામાં શું પાપ છે ?

**જયણા :** બેટા ! એમ.સી.માં પહેરેલા કપડાં અશુદ્ધ થઈ જાય છે. તેમજ ભારે-ભારે કપડાં ધોઈ શકાતા પણ નથી, તથા લગ્ન વગેરેમાં એમ.સી.ના બીજા કે ત્રીજા દિવસે unwashable ભારે-ભારે સાડી કે વેશ પહેરીએ તો એને ફરીથી ધોયા વિના અંદર ન મૂકી શકાય. કપડા બગડી જવાના લોભથી કેટલાક લોકો એને સોનપાણીની છાંટ આપીને અંદર મૂકી દે છે. આ તો પૂરા ઘરને ભ્રષ્ટ કરવાની વાત થઈ ગઈ. પહેરવાની શોભાની અપેક્ષાએ જીવનમાં બહુજ ભયંકર નુકસાન થઈ જવાની સંભાવના ઉભી થઈ જાય છે. આનાથી કેટલાક એવા કર્મબંધન થઈ શકે છે જેનાથી ભવિષ્યમાં સારા કપડાં પહેરવામાં જ ભારે અંતરાય થઈ જાય. લગ્ન તેમજ ગીત વગેરે માંગલિક કાર્ય હોવાથી માત્ર ભોજન અથવા ગીતની Item લેવાના લોભમાં ત્યાં જઈને મંગલમય કાર્યક્રમોમાં વિઘ્ન ઉત્પન્ન કરવાનું પાપ ક્યારેય ન કરવું. ત્યાં હળવું-મળવું હંસી-મજાક વગેરે હોવાથી છૂઆ-છૂતની ખૂબ સંભાવના રહે છે. માટે આ કાર્યક્રમોમાં પણ પોતાની ઉપસ્થિતિ પ્રદાન કરીને વ્યર્થ જ પાપ વહોરી લેવું નહીં.

**પૂજા :** ચાલો માન્યું કે આપણે બની-ઠનીને લગ્ન વગેરે કાર્યક્રમોમાં ન જવું જોઈએ, તો શું આપણે સ્વામિવાત્સલ્ય, પારણા, વગેરેમાં ભોજન કરવા તેમજ ઓળીમાં આયંબિલ કરવા તો જઈ શકીએ છીએ ને ?

**જયણા :** પૂજા ! સ્વામિવાત્સલ્યમાં તો જવું બિલકુલ ઉચિત નથી. સુજ્ઞ વ્યક્તિને આ સમજવું કઠિન નથી કે આટલી ભીડમાં છૂઆ-છૂત કરીને ધર્મસ્થાનોને ભ્રષ્ટ કરવાનું પાપ કરી એક સમયનું ભોજન કરવું કેટલું મોંઘુ પડશે ?

સંઘ યાત્રાદિમાં, વિશિષ્ટ તપસ્યાના પારણામાં તથા ઓળીમાં સંઘવાળાએ કોઈ પણ મોટા કાર્યક્રમોમાં એમ.સી.વાળી બહેનો માટે સામૂહિક ભોજન વ્યવસ્થામાં મંડપાદિથી અલગ જ જગ્યાએ ભોજનની વ્યવસ્થા કરવી જોઈએ. ત્યાં શ્રાવિકાઓને કે યુવતી મંડળની બહેનોને જ પુરસ્કારી માટે નિયુક્ત કરવામાં આવે કે જેથી કોઈ પ્રકારની છૂઆ-છૂત અથવા મર્યાદા ભંગ ન થાય. સાથે જ એ પણ કડક નિયમ હોવો જોઈએ કે એમ.સી.વાળી બહેનોએ જ્યાં બેસીને ભોજન કર્યું હોય એ પૂરી જગ્યાને એમ.સી.વાળી બહેનો પોતાના હાથે જ પૂર્ણતયા ઝાડુ-પોતાથી સાફ કરે તેમજ પોતાના વાસણ પણ એકદમ સૂકા કરીને જ જાય નોકરોના ભરોસે ન છોડવું.

જ્યાં આવી વ્યવસ્થા ન હોય ત્યાં પેઢીમાં સુજાવ આપીને આવી વ્યવસ્થા કરાવવી. આવી વ્યવસ્થાનું જ્યાં કડકપણે પાલન ન થતું હોય તો ત્યાં મોક્ષાર્થી જીવને જવું બિલકુલ ઉચિત નથી. આ વાત છઃરીપાલિત સંઘ તેમજ બસ કે ટ્રેનના સંઘ વિષયમાં પણ સમજી લેવી.

**દિવ્યા :** મમ્મીજી ! એમ.સી.માં લગ્નમાં, ગીત ગાવા કે કોઈ ધર્મસ્થાનોમાં નથી જઈ શકતા પરંતુ શોપિંગ કરવા તેમજ કોઈને મળવા તો જઈ શકાય ?

**જયણા :** બેટા ! જ્યારે ઘરમાં જ અહીં-તહીં ફરવાની સખત મનાઈ છે તો શોપિંગ કરવા જવાની તો કલ્પના પણ નથી કરી શકતા. માની લો કે તમે શોપિંગ કરવા માટે દુકાનમાં અલગ જ બેસવાના છો પરંતુ તમે ચાહે કેટલા પણ અલગ બેસો, છતાં પણ છૂઆછૂતની બહુજ સંભાવના રહે છે. જેમકે તમે સાડી ખરીદવા ગયા. જો શોપિંગ સેન્ટર દૂર છે તો ગાડીમાં બેસવાનું પાપ, રસ્તામાં કેટલાય લોકોનો સ્પર્શ થવાનું પાપ, શોપિંગ સેન્ટરમાં દુકાનમાં કાર્પેટ ઉપર કે ગાદી ઉપર બેસવાનું પાપ. પછી દુકાનદાર એક-એક સાડી ખોલી-ખોલીને બતાવે છે અને શ્રીમતીજી દિલચસ્પીથી એક-એક સાડીને જુએ છે. જોતાં-જોતાં કેટલીય વાર સાડીનો સ્પર્શ પણ થાય છે.

એટલું જ નહીં આનાથી આગળ પાપની હદ ત્યારે થાય છે જ્યારે આપણી આજકાલની મોર્ડન બહેનો સિન્થેટિક સાડીઓ વગર આંચકે હાથમાં લઈને જુએ છે. પરંતુ એમને ખબર નથી કે બીજા ખરીદવાવાળા આ સાડીથી પૂજા કરશે તો એ પાપનો ભાગીદાર કોણ બનશે ?

આજકાલની ભણેલી-ગણેલી બહેનો એમ.સી.ને કોઈના ઘર મળવા જવાનો સુઅવસર માને છે. પરંતુ આ બહુ જ મોટી ભૂલ છે. એમ.સી.માં બહાર જવું જ પાપ છે પછી બની-ઠનીને

મળવા જવાની તો વાત જ નથી. અને એમ.સી.માં મળવા જવાનો સુઅવસર માની લે તો એકાંત મૌન સાધનાનો કયો અવસર હશે ?

**પૂજા :** એમ.સી.મા ધાર્મિક તેમજ સાંસારિક બધા જ કાર્યોની સાથે ટી.વી. પણ ન જોવું, બહાર ફરવા જવાનું પણ પ્રતિબંધ લગાવી દીધો છે, તો ત્રણ દિવસ બેસી-બેસીને કરીશું શું ? Time pass કેવી રીતે કરવો ?

**જયણા :** સંસારી જીવનમાં શાંતિથી આત્માની તરફ જોવાનો સમય જ નથી મલતો. પરંતુ એમ.સી.ના ત્રણ દિવસ બહેનો માટે વરદાન સ્વરૂપ બની જાય છે જો એ આ છુટ્ટીનો સદુપયોગ કરી પૂર્ણ મૌન કરે તો. જ્યારે વ્યક્તિને પૂર્ણ મૌનની સાથે એકાંતતા તેમજ કામથી નિશ્ચિંતતા મળે છે, ત્યારે એને પોતાની આત્મામાં જોવાનો સોનેરી અવસર પ્રાપ્ત થાય છે. એમ.સી.માં મૌન, એકાંતતા, નિશ્ચિંતતા બધું જ છે. માટે શાંતિથી બેઠા-બેઠા આખા મહિનામાં કઈ-કઈ વ્યક્તિના પ્રત્યે દ્વેષ-દુર્ભાવ કર્યો ? પતિની સાથે, સાસુની સાથે, દેરાણી-જેઠાણીની સાથે, વહુ-દિકરાની સાથે અથવા બાળકોના પ્રત્યે મેં કયું કર્તવ્ય નથી નિભાવ્યું ? એમની કઈ ઇચ્છાને પૂર્ણ ન કરીને હું એમને ખુશ ન કરી શકી ? વગેરે જે-જે ભૂલ થઈ હોય. એના માટે મનથી જ પ્રભુ-સાક્ષીએ મિચ્છામિ દુક્કડમ્ આપવો. દેવ-ગુરુની કેવી-કેવી આશાતનાઓ કરી એમને પણ યાદ કરીને મિચ્છામિ-દુક્કડમ્ આપવો. સાથે જ ભવિષ્યમાં ભૂલોને સુધારીને સારું વર્તન કરવાનો સ્વભાવ બનાવવાનો નિર્ણય કરવો.

ત્રણ દિવસ બેઠા-બેઠા સુકૃત-અનુમોદના પણ કરી શકાય છે. જેમ કે આ સમયે કોઈ નવ્વાણુ યાત્રા કરી રહ્યાં હશે. કોઈ પરમાત્માની અહોભાવથી ભક્તિ કરી રહ્યા હશે, કોઈ પ્રભુની આંગી રચાવી રહ્યા હશે, કોઈ ભાવ-પૂર્વક પ્રભુની સ્તવના કરી રહ્યા હશે. કોઈ ઉપધાનમાં વિરતિ ધર્મની સાથે નવકાર-મંત્રની આરાધના કરી રહ્યા હશે. કોઈ તપસ્યા કરી રહ્યાં હશે, કોઈ નાના-મોટા છ:રી પાલિત સંઘ કાઢી રહ્યા હશે, કોઈ સાધર્મિક ભક્તિનો અપૂર્વ લાભ લઈ રહ્યા હશે, કોઈ મહાત્મા ઈર્યાસમિતિપૂર્વક ચાલી રહ્યા હશે. કોઈ મહાત્મા ઠંડી-ગરમી સહન કરી રહ્યા હશે, કોઈ મારા પ્રભુની આજ્ઞાનુસાર અતિશુદ્ધ ચારિત્ર-ધર્મનું પાલન કરી રહ્યા હશે. કોઈ મહાવિદેહના સાધુ પરિષહો-ઉપસર્ગોને સમભાવથી સહન કરી ઘાતિ-અઘાતિ કર્મોનો ક્ષય કરી મોક્ષમાં જઈ રહ્યા હશે.

આ પ્રમાણે પ્રત્યેક અનુષ્ઠાનોને પોતાના કલ્પનાપટ ઉપર લાવીને અત્યંત અહોભાવથી નમસ્કાર કરીને તે વખતે મનમાં ને મનમાં એ સુકૃતોની અનુમોદના કરવી. આ પ્રમાણે ત્રણ દિવસ સુધી જો ચિંતન કરવામાં આવે તો એ ચિંતનના માધ્યમથી આખા પરિવારમાં એક નવી બહાર આવી શકે છે. તેમજ બધા પાપોથી બચી શકાય છે. પરંતુ એના માટે મનમાં દૃઢતાપૂર્વક નિર્ણય કરવો પડશે કે હું

એમ.સી.માં ઘરનું કે બહારનું કોઈપણ કામ નહીં કરીશ, બધા નિયમોને સુચારુરૂપે પાલન કરીશ. તેમજ હરવા-ફરવા કે મળવા પણ નહીં જ જાઉં.

**મોક્ષા :** મમ્મી ! તમે બતાવ્યું ત્રીજા દિવસે તો શું ચોથા દિવસે પણ એક કલાક નહીં પણ એક મિનિટ પહેલા પણ અંદર નથી આવી શકતા. તો ક્યાંક બહાર લગ્નમાં જવાનું હોય કે ઘરમાં જ આવું આવશ્યક કામ આવી જાય તો શું કરવું ?

**જયણા :** બેટા ! તારી વાત સાચી છે પરંતુ જેટલું અન્ય કાર્ય આવશ્યક છે એટલુ જ આવશ્યક છે સુખી બનવું. જો આપણે સંસારના કાર્યોને આત્માથી પણ વધારે મહત્ત્વ આપતા રહીશું તો આપણે ક્યારેય સુખી બની શકીશું નહીં. આખરે સંસારના કાર્ય પણ તો વ્યક્તિ સુખી બનવાની અપેક્ષાથી જ કરે છે. બેટા ! તમે ક્યારેય પણ એ ના ભૂલો કે એમ.સી.ના નિયમોનો ભંગ કરીને સુખી બનવાનો કરવામાં આવેલો પ્રયાસ નિશ્ચિત રૂપથી તમારા માટે દુઃખમાં જ પરિવર્તિત થવાનું છે. બીજાઓના લગ્નની તો શું વાત કરવી, જો પોતાના જ લગ્નમાં પણ એમ.સી.આવી જાય તેમજ લગ્નના દિવસે એમ.સી.નો પહેલો, બીજો અને ત્રીજો દિવસ હોય તો ત્યારે શરમને છોડીને એમ.સી.માં લગ્ન નહીં કરવા માટે દઢ બનવું અતિ આવશ્યક છે. જેમ દીક્ષા એમ.સી.ના ત્રીજા દિવસે તો શું ચોથા દિવસે પણ એક મિનિટ પહેલા પણ નથી થઈ શકતી. તેવી જ રીતે લગ્ન પણ મંગલમય દામ્પત્ય જીવનનો શુભારંભ હોવાથી એક અપેક્ષાએ એટલું જ મહત્ત્વપૂર્ણ કાર્ય માનવામાં આવ્યું છે. એથી આપ સમજી ગયા હશો કે બાકીના કાર્યોમાં તો કોઈપણ સંજોગોમાં ત્રીજા દિવસે સ્નાન કરી જ ન શકાય.

**સુરેખા :** ઘરમાં કોઈ એમ.સી. પાલન ન કરે અથવા ત્રીજા દિવસે સ્નાન ન કરે તો અન્ય વ્યક્તિ ધર્મ ક્રિયા કેવી રીતે કરે ?

**જયણા :** સુરેખા ! સૌ પ્રથમ તો ઘરની વ્યવસ્થા જ એવી હોવી જોઈએ કે એમાં કોઈ પણ વ્યક્તિ પોતાની ઈચ્છાનુસાર એમ.સી.ના નિયમોને તોડી જ ન શકે. બની શકે ત્યાં સુધી એમ.સી.પાલન ન કરતા હોય એમને એમ.સી.પાલનના લાભ તેમજ પાલન ન કરવાથી થવાવાળા નુકસાન સમજાવીને એમ.સી.પાલન કરવા માટે તૈયાર કરવા. છતાં પણ જો ન માને તો જબરદસ્તીથી પણ એમની પાસે એમ.સી.નું પાલન કરાવવું. છતાં પણ ન માને તો જે ઘરમાં આવી મર્યાદાઓનું પાલન ન થતું હોય એવા મર્યાદા હીન ઘરમાં બધાની સાથે રહેવાનો કોઈ અર્થ જ નથી કાં તો જે એમ.સી.ન પાળે એને અલગ કરી દેવા અથવા એવુ ન બને તો પોતે જ અલગ થઈ જાવું. પરંતુ આવી ગડબડ તો ચાલવા જ ન દેવી. આ ગડબડથી ન તો પારિવારિક રીતે ભલું થવાનું છે અને ન તો આધ્યાત્મિક રીતે.

(નોટ : અહીં આ વાત ઉપર વિશેષ ધ્યાન આપવો કે ઉત્સર્ગમાર્ગથી તો આખા પરિવારને હળી-મળીને સંયુક્ત કુટુંબમાં જ રહેવું જોઈએ. કેમકે સંયુક્ત કુટુંબમાં જ પવિત્રતા તેમજ મર્યાદાઓનું

પાલન શક્ય બને છે. પરંતુ જ્યારે સંયુક્ત પરિવારમાં આ મર્યાદા તેમજ પવિત્રતાનું ભંગ થઈ જાય તો પવિત્રતાની સુરક્ષા માટે અલગ થવું પણ હિતાવહ જ છે.)

**પૂજા :** ઘરમાં કામ કરવાવાળા કોઈ ન હોવાથી વાસણ ધોવા, કપડા ધોવા તેમજ છત વગેરેમાં ઝાડુ લગાવવું અથવા એવા કેટલાય કાર્ય હોય છે જે એમ.સી.માં કરવા જ પડે છે તો અમારે શું કરવું ?

**જયણા :** વર્તમાનયુગની સૌથી મોટી બિમારી છે વિભક્ત પરિવારનું હોવું. માટે એમ.સી.માં બધા કામ કરવાની નોબત આવે છે. છતાં પણ અતિ આવશ્યક કાર્યને છોડીને બીજું નવું કામ તો એમ.સી.માં કરવું જ ન જોઈએ. જે પણ કામ કરે એમાં છૂઆ-છૂત ન થાય અથવા વાસણ કે કોઈ જગ્યા ભીની ન રહી જાય એની પૂરી સાવધાની રાખવી. તેમજ આ વાતનું હંમેશા ધ્યાન રાખવું કે જેટલું પણ કામ કરી રહ્યા છીએ અપવાદ માર્ગથી જ કરી રહ્યા છીએ.

**ખુશબૂ :** માનો કે એવું કોઈ કામ આવી પડે, જેનાથી વાહનમાં બેસીને જવું પડે ત્યારે એક ઓટો કે ટેક્સીમાં જરા દૂર બેસીને જઈએ તો શું તકલીફ છે ?

**જયણા :** વાસ્તવમાં આજના લોકોને દરેક કામ આવશ્યક જ લાગે છે અને નાની-નાની વાતોમાં એમ.સી.ના આવા નિયમોનું ઉલ્લંઘન કરીને જેમકે ડૉ.ની પાસે જવાનું છે, કોઈના ઘરમાં લગ્નમાં ભોજન માટે જવાનું છે આવા કારણોને આગળ કરી પતિની સાથે અથવા અન્ય વ્યક્તિની સાથે એક ઓટો કે ટેક્સીમાં બેસી જાય છે. વારંવાર આવું કરવાથી ઓટોમાં બેસવું સહજ થઈ જાય છે. પછી તો બહાર ફરવા જવું, હોટલ, પિક્ચર, કિટી-પાર્ટી વગેરે બધી જગ્યા પર નિઃસંકોચ ગાડીમાં બેસીને જવાનું શરૂ થઈ જાય છે. ક્યારેક તો ત્રીજો દિવસ હોય તો તીર્થયાત્રા માટે પણ અલગ બેસીને બધાની સાથે નીકળી પડે છે. આ પ્રમાણે એકવાર વ્યક્તિ સકારણ કે નિષ્કારણ ઓટો, રિક્ષા, ટેક્સી, કે ટ્રેનમાં બેસવાનું શરૂ કરે તો પછી એના અંતરાત્મામાં એમ.સી.પાલનની જે થોડી પણ દઢતા હોય છે તે ત્યાં જ ચૂર-ચૂર થઈ જાય છે. ભ્રષ્ટાચાર વધતો જાય છે. અને પછી તો દુઃખોના મેળા ઘરમાં લાગે છે. માટે કોઈ પણ સંયોગોમાં ગાડી, સ્કૂટર વગેરેમાં ન બેસવું જ હિતાવહ છે.

ડૉ.ની પાસે જવું જ પડે તો ચાલીને જ જવું, નહીંતર ત્રણ દિવસ પછી જ જવું અથવા ડૉ. ને ઘરે જ બોલાવી લેવા. પણ કોઈ કારણને આગળ કરીને વાહનોમાં બેસવું તો સર્વથા અનુચિત છે. ઘરની ગાડી હોય તો એકલા પણ એમ.સી.માં એમાં બેસીને ન જવું. કેમકે પછી પણ ગાડીમાં બેસીને મંદિર, યાત્રાર્થ વગેરે કરવા જવાથી ભયંકર પાપના ભાગીદાર બને છે.

**દિવ્યા :** કોઈ તીર્થ ઉપર ગયા હોય ત્યાં અચાનક એમ.સી. આવી જાએ તો ઘરે આવવા માટે તો વાહનમાં બેસવું જ પડશે ને ?

**જયણા :** બેટા ! સૌથી પહેલા તો એમ.સી.માં થવાવાળા હોય તો યાત્રાર્થ જવું જ નહીં. છતાં પણ માની લો કે અચાનક એમ.સી.માં થઈ ગયા તો ત્રણ દિવસ એ તીર્થમાં જ રોકાઈ જાવું. જો આવું સંભવ ન હોય તો એક જ કાર અથવા જીપમાં આગળ પાછળ તો બેસવું જ નહી. સાથે વધારે વ્યક્તિ હોય તો એમ.સી.વાળી મહિલાની સાથે એક વ્યક્તિ અલગ ગાડી કરી એને ઘરે લઈ જાય. પછી સાથે આવવાવાળી વ્યક્તિ સ્નાનાદિ કર્યા વિના ક્યાંય પણ અડે નહીં. બાકી બધો સામાન તેમજ બીજા લોકો અલગ ગાડીમાં આવે. જેનાથી પૂજાના કપડા વગેરેની છૂઆ-છૂત ન થાય. બે ગાડીનાં પૈસા ખર્ચ થવાની અપેક્ષાએ એમ.સી. પાલનનો લાભ વધારે છે.

**સુરેખા :** જયણા તે બતાવ્યું કે એમ.સી.માં કોઈ ભોજન બનાવાવાળું ન હોય તો ભોજનશાળામાંથી મંગાવીને ખાઈ લેવું. પરંતુ જ્યાં ભોજનશાળા ન હોય તો ત્યાં ત્રણ દિવસ હોટલથી મંગાવીને કે ત્રીજા દિવસ ઉઠીને રસોઈ બનાવવી આ બંનેમાંથી શું ઉચિત છે ?

**જયણા :** સુરેખા ! જ્યાં ભોજનશાળા ન હોય ત્યાં પણ શ્રાવક હોટલનું તો અભક્ષ્ય હોવાથી સર્વથા નથી ખાઈ શકતા. જૈન શ્રાવકના ઘરે આવું અભક્ષ્ય ભોજન લાવવું યોગ્ય નથી. અને ત્રીજા દિવસે અંદર આવવું સર્વથા અનુચિત છે. પરંતુ આનો પણ ઉપાય છે. આવામાં પતિ કે બાળકો પાસેથી જ કામ લેવું તથા પહેલેથી જ ઘરમાં સૂકો નાસ્તો તૈયાર કરીને રાખી લેવો જોઈએ. આના સિવાય આજે શ્રીસંઘમાં એવા કેટલાય પરિવાર છે જેમના ઘરનો નિર્વાહ પરિસ્થિતિવશ બહુ જ મુશ્કિલથી થાય છે. આવામાં જો આપણે ઉચિત મૂલ્ય આપીને એમના ઘરેથી ટિફીન મંગાવીએ તો એનાથી ઘણો લાભ થઈ શકે છે. એક તો જૈન શ્રાવકના ઘરનું સર્વથા ભક્ષ્ય ભોજન સુલભ થઈ જશે. એથી એમ.સી.પાલનમાં કોઈ તકલીફ નહીં થાય. એ ઉપરાંત આપણને સાધર્મિક ભક્તિનો લાભ પણ મળી જશે. સાથે જ એ સાધર્મિક પરિવારના નિર્વાહમાં પણ આપણે પોતાનું યોગદાન આપી શકીશું. બોલ સુરેખા એક નાની સરખી વ્યવસ્થા અને આટલા બધા ફાયદા.

**પૂજા :** સાચ્ચે જ જયણા ! આજે તારી પાસેથી અમને ઘણું બધું જાણવા મળ્યું. મનની કમજોરીના કારણે આજસુધી એમ.સી.પાલનના વિષયમાં અમે કેટલાય બહાના બનાવ્યા છે. પરંતુ આજે અમને વાસ્તવિકતાનું જ્ઞાન થયું.

**સુરેખા :** જયણા ! અમે પૂરી કોશિશ કરીશું કે તારી બતાવેલી દરેક વાતોનું પાલન થાય.

(થોડીવાર પછી બધી સહેલીઓ ચાલી ગઈ ત્યારે -)

**સુષમા :** જયણા ! આજસુધી મેં એમ.સી.પાલનના વિષયમાં દરેક પ્રકારની છૂટ લીધી. તે બધું જાણતા હોવા છતાં પણ મને કંઈ ન કહ્યું. પર આજે તો તમે મારી આંખો ખોલી દીધી. તમે મને આજે ઘોર પાપ કર્મનો બંધ કરવાથી બચાવી છે. સાચ્ચે જ મારા ભવોભવની ચિંતા કરવાવાળી તું મારી કલ્યાણમિત્ર છે. જયણા હું વાયદો કરું છું કે આજથી હું પૂર્ણપણે એમ.સી.નું પાલન કરીશ.

**ખુશબૂ :** હાં, આંટીજી ! મમ્મીજી બિલકુલ ઠીક કહી રહ્યા છે. આજકાલ દરેક ભણેલી-ગણેલી યુવતીની જેમ મારા મનમાં પણ એમ.સી.પાલનના વિષયમાં ખોટી ધારણા બેસી ગઈ હતી. પણ આજે તમે એ બધી ધારણાઓને તોડી દીધી છે. હું તો મમ્મીજીના ભાગ્યની સરાહના કરું છું કે એમને તમારા જેવી હિતચિંતક સહેલી મળી છે. આંટીજી હું પણ આજથી એમ.સી.ને પૂર્ણપણે પાળવાની કોશિશ કરીશ. સાથે જ તમને કંઈ પણ ઉણપ લાગે તો મને તમારી દિકરી સમજીને જરૂર બતાવજો.

**જયણા :** બેટા મારે તને દિકરી સમજવાની જરૂર નથી, તું તો મારી દિકરી જ છે અને રહી કલ્યાણમિત્ર બનવાની વાત તો મારી દરેક વાતોનો સહર્ષ સ્વીકાર કરીને વાસ્તવિક મિત્રતા તો સુષમાએ નિભાવી છે.

**દિવ્યા અને મોક્ષા :** મમ્મી ! અમે પણ એમ.સી.નું પાલન તો કરતા જ હતા. પરંતુ આજે આપે મારી શંકાઓનું સમાધાન કરીને અમને વધારે દૃઢ બનાવ્યા છે.

આ પ્રમાણે એક નાના-સરખા નિમિત્તથી જયણાએ સુષમા અને ખુશબૂના વિચારને પૂર્ણપણે બદલી લીધા. હવે તે બંને પણ સાવધાનીપૂર્વક એમ.સી.નું પાલન કરવા લાગી. મોક્ષા અને દિવ્યા પણ આ વિષયમાં વધારે જાગૃત થઈ ગઈ. આ બધી વાતો મોક્ષાએ વિધિ અને શ્રેયાને પણ બતાવી. એમ.સી.પાલનના મહત્ત્વને સમજીને વિધિ અને શ્રેયાએ પણ એમ.સી.નું પાલન કરવાનું શરૂ કરી દીધું. આ પ્રમાણે જયણાના સંસ્કારોની ખુશબૂથી ત્રણેય પરિવારનું વાતાવરણ પવિત્રતાની સુગંધથી મહેકી ઊઠ્યું.

આ બાજુ જ્યાં સુષમાના ઘરે ખુશિઓનું વાતાવરણ હતું ત્યાં ડૉલીની કંઈક બીજી જ સ્થિતિ હતી. સમીર દ્વારા આપવામાં આવેલા દુ:ખોથી છુટકારો મેળવવા માટે ડૉલીએ ઓફિસ જોઈન્ટ કરી. પરંતુ અહીંયા પણ એના દુ:ખોનો અંત ન આવ્યો. શું ડૉલી જૉનના ચુંગલમાંથી બચી શકશે કે મોક્ષા દ્વારા બતાવવામાં આવેલા અખબારની હેડલાઈનવાળી વાત સત્ય થઈ જશે. ડૉલીના જીવનમાં માત્ર Fear (ડર) અને Tear (આસું) લાવવાવાળું એક ખોટું પગલું 'Affair' હવે એની જિંદગીને કયા ચૌરાયા ઉપર લઈને જાય છે. જોઈએ છીએ જૈનિજમના આગળના ખંડ "Affair-Only fear & Tear"માં

**હે કરુણા સાગર પ્રભુ !**

**લાભ-હાનિનો, જય-પરાજયનો અને સુખ-દુ:ખનો 'સમ' માનવાની સદ્બુદ્ધિ તું મને જરૂર આપજે. પરંતુ પતન અને ઉત્થાનને સમ માની લેવાની દુર્બુદ્ધિનો શિકાર હું ન બની જાઉં એનું તો તું ખાસ ધ્યાન રાખજે.**

**સૂત્ર** (મને યાદ કરવાથી આપને શિવ સુખ મળશે)

**અર્થ** (મારો બરાબર ઉપયોગ કરો)

**કાવ્ય વિભાગ** (મને યાદ કરી ભૂલી ન જતા)












# વાતો નાની પણ મોટા કામની...

## એસીડીટી :



- એક કપ કાચા દૂધમાં સરખી માત્રામાં પાની મલાવીને જરૂર પ્રમાણે સાકર મેળવીને લસ્સીની જેમ ૧૫-૨૦ વખત ઉપર-નીચે હલાવીને પીવાથી એસીડીટીમાં રાહત મળે છે.
- અડધા લીટર પાણીમાં એક લીંબુનો રસ, અડધી ચમચી ખાંડ નાખીને બપોરે ખાવાના એક કલાક પહેલા લેવાથી એસીડીટી દૂર થાય છે.
- ધાણા અને જીરાનો પાઉડર ખાંડ સાથે લેવાથી એસીડીટી દૂર થાય છે. જમ્યા પછી છાતીમાં બળતરા થતા હોય તો તે પણ દૂર થાય છે.
- ધાણા અને સૂંઠના પાઉડરને પાણી સાથે લેવાથી એસીડીટી દૂર થાય છે.
- જમ્યા પછી બંને સમય એક-એક લવિંગ ચૂસવાથી એસીડીટી દૂર થાય છે.



## અશક્તિ (કમજોરી) :

- જમ્યા પછી ૩-૪ પાકા કેળા ખાવાથી અશક્તિ દૂર થાય છે.
- દૂધમાં બદામ, પિસ્તા, ઈલાયચી, કેસર અને ખાંડ નાખીને ગરમ કરી પીવાથી કમજોરી દૂર થાય છે.
- બાફેલા ચણા રોજ સવારે સારી રીતે ચાવીને ખાવાથી શરીર બળવાન તથા પુષ્ટ બને છે. પણ ચણા પચે તેટલાજ ખાવા જોઈએ.

## અજીર્ણ (ભૂખ નહી લાગવી) :

- ભૂખ ન લાગતી હોય તો દિવસમાં બે વખત અડધી ચમચ અજમો ચાવીને ખાવાથી ભૂખ લાગે છે.
- ચણા જેટલા પ્રમાણમાં હિંગને ઘી સાથે લેવાથી અજીર્ણ દૂર થાય છે.
- કોકમનો ઉકાળો બનાવીને ઘી નાંખીને પીવાથી અજીર્ણ દૂર થાય છે.

## ગેસ :

- પેટમાં ગેસ બનવાની અવસ્થામાં જમ્યા પછી ૧૨૫ ગ્રામ દહીના મઠમાં બે ગ્રામ અજમો અને અડધો ગ્રામ કાળુમીઠુ મેળવીને ખાવાથી ગેસ મટે છે.



# સૂત્ર-અર્થ વિભાગ

## ભરહેસર સૂત્ર

**ભાવાર્થ :** પ્રાતઃ સ્મરણીય મહાપુરુષો અને મહાસતિઓનું સ્મરણ કરવા માટે આ સજ્ઝાય પ્રાતઃ કાલે રાઈઅ પ્રતિક્રમણમાં બોલાય છે.

| | |
|---|---|
| **[1]ભરહેસર [2]બાહુબલી,** | [1]ભરત, [2]બાહુબલી, |
| **[3]અભયકુમારો અ [4]ઢંઢણકુમારો ।** | [3]અભયકુમાર, [4]ઢંઢણકુમાર, |
| **[5]સિરિઓ [6]અણિઆઉત્તો,** | [5]શ્રીયક, [6]અર્ણિકાપુત્ર, |
| **[7]અઈમુત્તો [8]નાગદત્તો અ ॥૧॥** | [7]અતિમુક્તક અને [8]નાગદત્ત ॥૧॥ |
| **[1]મેઅજ્જ [2]થૂલિભદ્દો,** | [1]મેતારજમુનિ, [2]સ્થૂલભદ્ર, |
| **[3]વયરરિસી [4]નંદિસેણ [5]સીંહગિરી ।** | [3]વજ્રઋષિ, [4]નંદિષેણ, [5]સિંહગિરી, |
| **[6]કયવન્નો અ [7]સુકોસલ,** | [6]કૃતપુણ્ય, [7]સુકોશલમુનિ, |
| **[8]પુંડરિઓ [9]કેસિ [10]કરકંડૂ ॥૨॥** | [8]પુણ્ડરીક, [9]કેશી અને [10]કરકણ્ડૂ ॥૨॥ |
| **[1]હલ્લ [2]વિહલ્લ [3]સુદંસણ,** | [1]હલ્લ, [2]વિહલ્લ, [3]સુદર્શન શેઠ, |
| **[4]સાલ [5]મહાસાલ [6]સાલિભદ્દો અ ।** | [4]શાલ, [5]મહાશાલમુનિ [6]શાલિભદ્ર, |
| **[7]ભદ્દો [8]દસન્નભદ્દો,** | [7]ભદ્રબાહુસ્વામી, [8]દશાર્ણભદ્ર, |
| **[9]પસન્નચંદો અ [10]જસભદ્દો ॥૩॥** | [9]પ્રસન્નચન્દ્ર રાજર્ષિ અને [10]યશોભદ્રસૂરિ ॥૩॥ |
| **[1]જંબૂપહુ [2]વંકચૂલો,** | [1]જમ્બૂસ્વામિ, [2]વંકચૂલ, |
| **[3]ગયસુકુમાલો [4]અવંતિસુકુમાલો ।** | [3]ગજસુકુમાલ, [4]અવન્તિસુકુમાલ, |
| **[5]ધન્નો [6]ઈલાઇપુત્તો,** | [5]ધન્યકુમાર, [6]ઇલાચીપુત્ર, |
| **[7]ચિલાઈપુત્તો અ [8]બાહુમુણી ॥૪॥** | [7]ચિલાતીપુત્ર, અને [8]બાહુમુનિ ॥૪॥ |

| | |
|---|---|
| [1]અજ્જગિરી [2]અજ્જરક્ખિઅ | [1]આર્યમહાગિરી, [2]આર્યરક્ષિત, |
| [3]અજ્જસુહત્થી [4]ઉદાયગો [5]મણગો। | [3]આર્ય સુહસ્તિસૂરિ, [4]ઉદાયનરાજર્ષિ, [5]મનકકુમાર |
| [6]કાલયસૂરી [7]સંબો, | [6]કાલિકાચાર્ય, [7]શામ્બ, |
| [8]પજ્જુન્નો [9]મૂલદેવો અ ॥૫॥ | [8]પ્રદ્યુમ્ન અને [9]મૂલદેવ (રાજા) ॥૫॥ |
| [1]પભવો [2]વિણ્હુકુમારો, | [1]પ્રભવસ્વામી, [2]વિષ્ણુકુમાર |
| [3]અદ્દકુમારો [4]દઢપ્પહારી અ | [3]આર્દ્ર કુમાર, [4]દઢપ્રહારી, |
| [5]સિજ્જંસ [6]કૂરગડૂ અ | [5]શ્રેયાંસ, [6]કુરગડૂસાધુ, |
| [7]સિજ્જંભવ [8]મેહકુમારો અ ॥૬॥ | [7]શય્યમ્ભવ સ્વામી તેમજ, [8]મેઘકુમાર ॥૬॥ |
| [1]એમાઈ [2]મહાસત્તા, | [1]ઇત્યાદિ [2]જે મહાપુરુષો, |
| [6]દિંતુ [5]સુહં [3]ગુણગણેહિં [4]સંજુત્તા | [3]અનેક ગુણોથી [4]યુક્ત છે તેઓ [5]સુખ [6]પ્રદાન કરે. |
| [7]જેસિં [8]નામગ્ગહણે, | [7]જેમનું [8]નામ લેવાથી |
| [9]પાવપ્પબંધા [10]વિલયં [11]જંતિ ॥૭॥ | [9]પાપના દઢબન્ધન [10]નષ્ટ [11]થાય છે ॥૭॥ |
| [1]સુલસા [2]ચંદનબાળા, | [1]સુલસા, [2]ચંદનબાળા, |
| [3]મણોરમા, [4]મયણરેહા [5]દમયંતી। | [3]મનોરમા, [4]મદનરેખા, [5]દમયન્તી |
| [6]નમયા [7]સુંદરી [8]સીયા, | [6]નર્મદા [7]સુન્દરી, [8]સીતા |
| [9]નંદા, [10]ભદ્દા [11]સુભદ્દા ય ॥૮॥ | [9]નન્દા, [10]ભદ્રા અને [11]સુભદ્રા ॥૮॥ |
| [1]રાઈમઈ [2]રિસિદત્તા, | [1]રાજીમતી, [2]ઋષિદત્તા, |
| [3]પઉમાવઈ [4]અંજણા [5]સિરીદેવી। | [3]પદ્માવતી [4]અંજનાસુંદરી, [5]શ્રીદેવી |
| [6]જિટ્ઠ [7]સુજિટ્ઠ [8]મિગાવઈ, | [6]જ્યેષ્ઠા, [7]સુજ્યેષ્ઠા, [8]મૃગાવતી |
| [9]પભાવઈ [10]ચિલ્લણા દેવી ॥૯॥ | [9]પ્રભાવતી, [10]ચેલણા રાણી ॥૯॥ |
| [1]બંભી [2]સુંદરી [3]રુપ્પિણી, | [1]બ્રાહ્મી, [2]સુન્દરી, [3]રુક્મિણી |
| [4]રેવઈ [5]કુંતી [6]સિવા [7]જયંતી ય, | [4]રેવતી, [5]કુન્તી, [6]શિવા, [7]જયન્તી, |
| [8]દેવઈ [9]દોવઈ [10]ધારણી, | [8]દેવકી, [9]દ્રૌપદી, [10]ધારિણી |

| | |
|---|---|
| [૧૧]કલાવઈ [૧૨]પુષ્ફચૂલા ય ॥૧૦॥ | [૧૧]કલાવતી અને [૧૨]પુષ્પચૂલા ॥૧૦॥ |
| [૧]પઉમાવઈ ય [૨]ગોરી, | તથા [૧]પદ્માવતી, [૨]ગૌરી |
| [૩]ગંધારી [૪]લક્ખમણા [૫]સુસીમા ય | [૩]ગાન્ધારી, [૪]લક્ષ્મણા, [૫]સુસીમા |
| [૬]જંબૂવઈ [૭]સચ્ચભામા, | [૬]જમ્બૂવતી [૭]સત્યભામા |
| [૮]રુપ્પિણી [૯]કણ્હટ્ઠ [૧૦]મહિસીઓ ॥૧૧॥ | [૮]રુક્મિણી આ [૯]આઠ કૃષ્ણની [૧૦]પટરાણીઓ છે. ॥૧૧॥ |
| [૧]જક્ખા ય [૨]જક્ખદિન્ના | [૧]યક્ષા, [૨]યક્ષદત્તા, |
| [૩]ભૂઆ તહ ચેવ [૪]ભૂઅદિન્ના ય । | [૩]ભૂતા, [૪]ભૂતદત્તા, |
| [૫]સેણા [૬]વેણા [૭]રેણા, | [૫]સેણા, [૬]વેણા અને [૭]રેણા |
| [૯]ભઈણીઓ [૮]થૂલિભદ્દસ્સ ॥૧૨॥ | આ સાત [૮]સ્થૂલિભદ્રની [૯]બહેનો છે. ॥૧૨॥ |
| [૧]ઇચ્ચાઈ [૫]મહાસઈઓ, | [૧]ઇત્યાદિ [૨]નિષ્કલંક [૩]શીલને [૪]ધારણ કરવાવાળી |
| [૬]જયંતિ [૨]અકલંક [૩]સીલ [૪]કલિઆઓ । | [૫]મહાસતિઓની [૬]જય હો. |
| [૧૦]અજ્જવિ [૧૩]વજ્જઈ [૭]જાસિં, | [૭]જેમના [૮]યશનો [૯]ડંકો [૧૦]આજે પણ |
| [૮]જસ [૯]પડહો [૧૨]તિહુઅણે [૧૧]સયલે॥૧૩॥ | [૧૧]સમગ્ર [૧૨]ત્રિભુવનમાં [૧૩]વાગી રહ્યો છે.॥૧૩॥ |

## સકલ તીર્થ વંદના

ભાવાર્થ : આ સૂત્રમાં શાશ્વત-અશાશ્વત બધા તીર્થોને વંદના કરવામાં આવી છે.

| | |
|---|---|
| [૧]સકલતીર્થ [૪]વંદુ [૨]કર [૩]જોડ, | [૧]બધા તીર્થોને હું [૨]હાથ [૩]જોડીને [૪]વંદન કરું છું. |
| [૫]જિનવર [૬]નામે [૮]મંગલ [૭]કોડ । | [૫]શ્રી જિનેશ્વર પ્રભુના [૬]નામથી [૭]કરોડો [૮]મંગલ પ્રવૃત્ત થાય છે. |
| [૯]પહેલે [૧૦]સ્વર્ગે [૧૨]લાખ [૧૧]બત્રીશ, | [૯]પહેલા [૧૦]સ્વર્ગમાં સ્થિત [૧૧]બત્રીસ [૧૨]લાખ |
| [૧૩]જિનવર [૧૪]ચૈત્ય [૧૬]નમું [૧૫]નિશ-દિશ ॥૧॥ | [૧૩]જિનેશ્વરના [૧૪]ચૈત્યોને [૧૫]નિત્ય [૧૬]હું વંદન કરું છું. ॥૧॥ |
| [૧]બીજે [૩]લાખ [૨]અટ્ઠાવીસ કહ્યાં, | [૧]બીજા દેવલોકમાં [૨]અટ્ઠાવીસ [૩]લાખ, |
| [૪]ત્રીજે [૫]બાર [૬]લાખ સદહ્યાં । | [૪]ત્રીજા દેવલોકમાં [૫]બાર [૬]લાખ, |
| [૭]ચોથે [૮]સ્વર્ગે [૯]અડ [૧૦]લક્ખધાર, | [૭]ચોથા [૮]દેવલોકમાં [૯]આઠ [૧૦]લાખ અને [૧૧]પાંચમા દેવલોકમાં |
| [૧૧]પાંચમે [૧૪]વંદું [૧૩]લાખ જ [૧૨]ચાર ॥૨॥ | [૧૨]ચાર [૧૩]લાખ જિન-ચૈત્યોને [૧૪]હું વંદન કરું છું ॥૨॥ |

| | |
|---|---|
| [1]છટ્ઠે [2]સ્વર્ગે [4]સહસ [3]પચાસ, | [1]છઠ્ઠા [2]દેવલોકમાં [3]પચાસ [4]હજાર, |
| [5]સાતમે [6]ચાલીસ [7]સહસ [11]પ્રાસાદ। | [5]સાતમાં દેવલોકમાં [6]ચાલીસ [7]હજાર, [8]આઠમાં [9]દેવલોકમાં |
| [8]આઠમે [9]સ્વર્ગે [10]છ [11]હજાર | [10]છ : [11]હજાર, [12]નવમાં અને [13]દશમાં દેવલોકમાં |
| [12]નવ [13]દશમે [17]વંદું [15]શત [14]ચાર ॥૩॥ | સ્થિત [14]ચાર [15]સો [16]જિન-ચૈત્યોને [17]હું વંદન કરું છું ॥૩॥ |
| [1]અગ્યાર [2]બારમે [3]ત્રણશેં સાર, | [1]અગિયારમાં અને [2]બારમાં દેવલોકના મળીને [3]ત્રણસો, |
| [4]નવ [5]ગ્રૈવેયકે [6]ત્રણશેં [7]અઢાર। | [4]નવ [5]ગ્રૈવેયકમાં [6]ત્રણસો [7]અઢાર તથા |
| [8]પાંચ [9]અનુત્તર [10]સર્વે [11]મળી, | [8]પાંચ [9]અનુત્તર વિમાનમાં પાંચ જિન ચૈત્ય છે [10]બધાને |
| [13]લાખ [12]ચોરાસી [14]અધિકાં વલી॥૪॥ | [11]મેળવીને [12]ચૌરાશી [13]લાખથી [14]અધિક ॥૪॥ |
| [2]સહસ [1]સત્તાણું [3]ત્રેવીશ સાર, | [1]સત્તાણું [2]હજાર અને [3]ત્રેવીસ (૮૪,૯૭૦,૨૩) જિનમંદિર છે. (એમને હું વંદન કરું છું.) |
| [6]જિનવર [7]ભવન [4]તણો [5]અધિકાર। | [4]જેમનો [5]અધિકાર શાસ્ત્રોમાં વર્ણિત છે એવા |
| [10]લાંબા [8]સો [9]જોજન [12]વિસ્તાર | આ [6]જિન [7]મંદિર [8]સો [9]યોજન [10]લાંબા, |
| [11]પચાસ [14]ઉંચા [13]બહોંતેર ધાર ॥૫॥ | [11]પચાસયોજન [12]પહોળા અને [13]બહોત્તેર યોજન [14]ઉંચા છે. ॥૫॥ |
| [5]એકસો [6]એંશી [7]બિંબ [8]પ્રમાણ, | આ [1]પ્રત્યેક [2]જિન ચૈત્યોમાં [3]સભા [4]સહિત |
| [3]સભા [4]સહિત [1]એક [2]ચૈત્યે જાણ। | [5]એકસો [6]એંસી [7]જિનબિંબોનું [8]પ્રમાણ છે. |
| [9]સો ક્રોડ [10]બાવન [11]ક્રોડ સંભાલ, | આ બધાને મેળવીને [9]એકસો [10]બાવન [11]ક્રોડ, |
| [13]લાખ [12]ચોરાણુ [15]સહસ [14]ચૌંઆલ ॥૬॥ | [12]ચોરાણું [13]લાખ, [14]ચુમ્માલીસ [15]હજાર ॥૬॥ |
| [1]સાતસે ઉપર [2]સાઠ [3]વિશાલ, | [1]સાતસો [2]સાઠ [3]વિશાલ (૧,૫૨,૯૪,૪૪,૭૬૦) |
| [4]સવિ [5]બિંબ [8]પ્રણમું [6]ત્રણ [7]કાલ। | [4]બધી [5]પ્રતિમાઓનું સ્મરણ કરી [6]ત્રણેય [7]કાળમાં [8]હું પ્રણામ |
| [9]સાત [10]ક્રોડને [11]બહોંતેર [12]લાખ, | કરું છું. [9]સાત [10]ક્રોડ અને [11]બહોંત્તેર [12]લાખ |
| [13]ભવનપતિમાં [14]દેવલ [15]ભાખ ॥૭॥ | (૭,૭૨,૦૦,૦૦૦)[13]ભવનપતિના આવાસોમાં [14]જિન-મંદિર [15]કહેલા છે. ॥૭॥ (એમને હું વંદન કરું છું.) |
| [3]એકસો [4]એંશી [5]બિંબ પ્રમાણ, | [1]આ પ્રત્યેક જિન [2]ચૈત્યો (મંદિરો)માં |

| | |
|---|---|
| [1]એક-એક [2]ચૈત્યે સંખ્યા જાણ । | [3]એકસો [4]એંસી [5]જિન-બિંબ (પ્રતિમા) છે. |
| [6]તેરસેં ક્રોડ [7]નેવ્યાશી [8]ક્રોડ, | બધું મળીને [6]તેરસો [7]નેવ્યાસી [8]ક્રોડ અને |
| [9]સાઠ લાખ [12]વંદું [10]કર [11]જોડ ॥૮॥ | [9]સાઠ લાખ (૧૩,૮૯,૬૦,૦૦,૦૦૦) જિન બિંબ છે. જેમને હું [10]હાથ [11]જોડીને [12]વંદન કરું છું. ॥૮॥ |
| [2]બત્રીસે ને [3]ઓગણસાઠ, | [1]તિર્ચ્છાલોકમાં અર્થાત્ મનુષ્યલોકમાં [2]બત્રીસો [3]ઓગણસાઠ |
| [1]તિર્ચ્છાલોકમાં [4]ચૈત્યનો [5]પાઠ । | (૩૨૫૯) [4]શાશ્વત ચૈત્યોનું [5]વર્ણન આવે છે. |
| [6]ત્રણ લાખ [7]એકાણું હજાર, | જેમાં [6]ત્રણ લાખ, [7]એકાણું હજાર, (૩,૯૧,૩૨૦) |
| [8]ત્રણસેં વીશ તે [9]બિંબ જુહાર ॥૯॥ | [8]ત્રણસો વીસ [9]જિન પ્રતિમાઓ છે જેમને હું વંદન કરું છું. ॥૯॥ |
| [1]વ્યંતર [2]જ્યોતિષીમાં વલી [3]જેહ, | એના સિવાય [1]વ્યંતર અને [2]જ્યોતિષી દેવોના નિવાસમાં |
| [4]શાશ્વતા જિન [6]વંદું [5]તેહ । | [3]જે-જે [4]શાશ્વત જિન-બિમ્બ છે [5]એમને [6]હું વંદન કરું છું. |
| [9]ઋષભ [10]ચન્દ્રાનન [11]વારિષેણ, | [7]ગુણશ્રેણીથી પરિપૂર્ણ ચાર શાશ્વત જિન-બિંબોના [8]શુભનામ |
| [12]વર્ધમાન [8]નામે [7]ગુણ-સેણ ॥૧૦॥ | શ્રી [9]ઋષભ, [10]ચન્દ્રાનન, [11]વારિષેણ અને [12]વર્ધમાન છે. ॥૧૦॥ |
| [1]સમ્મેતશિખર [10]વંદું [3]જિન [2]વીશ, | [1]સમ્મેતશિખર પર [2]વીસ [3]તીર્થંકરોની પ્રતિમાઓ છે, |
| [4]અષ્ટાપદ વંદું [5]ચોવીશ । | [4]અષ્ટાપદ પર [5]ચોવીશ તીર્થંકરોની પ્રતિમાઓ છે. |
| [6]વિમલાચલને ગઢ [7]ગિરનાર, | તથા [6]શત્રુંજય [7]ગિરનાર અને [8]આબુ ઉપર પણ |
| [8]આબુ ઉપર [9]જિનવર જુહાર ॥૧૧॥ | [9]જિન પ્રતિમાઓ છે એ બધાને [10]હું વંદન કરું છું.॥૧૧॥ |
| [1]શંખેશ્વર [2]કેસરિયો સાર, | [1]શંખેશ્વર, [2]કેસરિયાજીમાં તીર્થંકરોની સુંદર પ્રતિમાઓ છે, |
| [3]તારંગે શ્રી [4]અજિત જુહાર | તેમજ [3]તારંગા ઉપર [4]અજિતનાથની પ્રતિમા છે. |
| [5]અંતરિક્ખ [6]વરકાણો [7]પાસ, | એ રીતે [5]અંતરિક્ષ પાર્શ્વનાથ, [6]વરકાણા [7]પાર્શ્વનાથ, |
| [8]જિરાઉલો ને [9]થંભણપાસ ॥૧૨॥ | [8]જીરાવલા પાર્શ્વનાથ, [9]સ્તંભન પાર્શ્વનાથ એ બધાને હું વંદન કરું છું. ॥૧૨॥ |
| [1]ગામ [2]નગર [3]પુર [4]પાટણ [6]જેહ, | અલગ-અલગ [1]ગામોમાં, [2]નગરોમાં, [3]પુરોમાં અને [4]મોટા |
| [7]જિનવર-ચૈત્ય [8]નમું [5]ગુણગેહ । | શહેરોમાં, [5]ગુણોના ગૃહરૂપ [6]જે [7]જિન-મંદિર છે એમને [8]હું વંદન કરું છું |

| | |
|---|---|
| [૧૦]વિહરમાન વંદું [૧૧]જિન [૯]વીશ, | [૯]વીસ [૧૦]વિહરમાન [૧૧]જિનેશ્વર તેમજ [૧૨]આજ સુધી થયેલા |
| [૧૩]સિદ્ધ [૧૨]અનંત [૧૫]નમું [૧૪]નિશ-દિન ॥૧૩॥ | અનંત [૧૩]સિદ્ધો ને હું [૧૪]પ્રતિદિન [૧૫]નમસ્કાર કરું છું. ॥૧૩॥ |
| [૧]અઢી દ્વીપમાં [૨]જે [૩]અણગાર | [૧]અઢીદ્વીપમાં [૨]જે [૩]સાધુ [૪]અઢાર [૫]હજાર |
| [૪]અઢાર [૫]સહસ [૬]શીલાંગના [૭]ધાર | [૬]શીલાંગ-રથને [૭]ધારણ કરવાવાળા છે, [૮]પાંચ મહાવ્રત |
| [૮]પંચ મહાવ્રત [૯]સમિતિ સાર, | [૯]પાંચ સમિતિ તથા [૧૦]પાંચ આચારનું, [૧૧]સ્વયં પાલન |
| [૧૧]પાલે [૧૨]પલાવે [૧૦]પંચાચાર ॥૧૪॥ | કરવાવાળા છે. [૧૨]બીજાઓને પણ પાલન કરાવનારા છે. ॥૧૪॥ |
| [૧]બાહ્ય [૨]અભ્યંતર [૩]તપ [૪]ઉજમાલ, | [૧]બાહ્ય અને [૨]અભ્યંતર [૩]તપ કરવામાં [૪]ઉદ્યત, [૫]ગુણરૂપી |
| [૭]તે મુનિ [૮]વંદું [૫]ગુણ [૬]મણિમાલ । | [૬]રત્નોની માળા ધારણ કરવાવાળા [૭]મુનિઓને [૮]હું વંદન કરું છું. |
| [૧૧]નિત નિત [૧૨]ઉઠી [૧૩]કીર્તિ [૧૪]કરું | [૯]જીવવિજયજી મહારાજ [૧૦]કહે છે કે [૧૧]નિત્ય પ્રાતઃકાળમાં |
| [૯]જીવ [૧૦]કહે [૧૫]ભવસાયર [૧૬]તરું ॥૧૫॥ | [૧૨]ઉઠીને આ બધાનું હું [૧૩]કીર્તન [૧૪]કરીને [૧૫]ભવસાગરથી [૧૬]પાર ઉતરું. ॥૧૫॥ |

## મન્નહ જિણાણં સજ્ઝાય

ભાવાર્થ : આ સજ્ઝાયમાં શ્રાવકના કરવા યોગ્ય છત્રીસ કર્તવ્યો (જે ૩૬ નંબર દ્વારા બતાવ્યા છે)નું વર્ણન છે. આ માંગલિક પ્રતિક્રમણ તેમજ દેવવંદનમાં સજ્ઝાય રુપે બોલાય છે.

| | |
|---|---|
| **મન્નહ [૧]જિણાણમાણં,** | [૧]જિનેશ્વર ભગવંતોની આજ્ઞા માનો, |
| **[૨]મિચ્છં પરિહરહ [૩]ધરહ સમ્મત્તં ।** | [૨]મિથ્યાત્વનો ત્યાગ કરીને [૩]સમ્યક્ત્વને ધારણ કરો, |
| **[૪-૯]છ-વ્વિહ - આવસ્સયમ્મિ,** | [૪-૯]છઃ પ્રકારની આવશ્યક ક્રિયા કરવા માટે |
| **ઉજ્જુત્તો હોઈ પઈ દિવસં ॥૧॥** | પ્રતિદિન પ્રયત્નશીલ બનો ॥૧॥ |
| **[૧૦]પવ્વેસુ પોસહવયં,** | [૧૦]પર્વતિથિયોમાં પૌષધ કરો, [૧૧]સુપાત્રદાન, |
| **[૧૧]દાણં [૧૨]સીલં [૧૩]તવોઅ [૧૪]ભાવોઅ,** | [૧૨]બ્રહ્મચર્યનું પાલન, [૧૩]તપ-અનુષ્ઠાન અને [૧૪]મૈત્ર્યાદિ |
| **[૧૫]સજ્ઝાય [૧૬]નમુક્કારો,** | ભાવના કરો, [૧૫]સ્વાધ્યાયમાં મગ્ન બનો, [૧૬]નવકારનો જાપ કરો, |
| **[૧૭]પરોવયારો અ [૧૮]જયણા અ ॥૨॥** | [૧૭]પરોપકાર કરો અને [૧૮]આવવા-જવાની ક્રિયામાં જયણા રાખો. ॥૨॥ |
| **[૧૯]જિણપૂઆ, [૨૦]જિણથુણણં,** | [૧૯]જિનેશ્વર પ્રભુની પૂજા કરો, [૨૦]એમની સ્તુતિ કરો |

| | |
|---|---|
| **[૨૧]ગુરુથુઅ, [૨૨]સાહમ્મિઆણ વચ્છલં ।** | [૨૧]ગુરુદેવની પ્રશંસા કરો, [૨૨]સાધર્મિકોની ભક્તિ સેવા કરો, |
| **[૨૩]વવહારસ્સ ય સુદ્ધિ,** | [૨૩]શુદ્ધ વ્યવહારનું આચરણ કરો, |
| **[૨૪]રહ-જત્તા [૨૫]તિત્થજત્તા ય ॥૩॥** | [૨૪]રથયાત્રા તેમજ [૨૫]તીર્થોની યાત્રા કરો ॥૩॥ |
| **[૨૬]ઉવસમ [૨૭]વિવેગ [૨૮]સંવર** | [૨૬]કષાયોને શાંત કરો, [૨૭]સત્યાસત્યની પરીક્ષા કરો, [૨૮]નવા કર્મ બંધાય નહી એવી પ્રવૃત્તિ કરો. |
| **[૨૯]ભાસા-સમિઈ, [૩૦]છ-જીવ-કરુણાય ।** | [૨૯]બોલવામાં વિવેક અને [૩૦]ષટ્જીવનિકાય ઉપર દયા કરો. |
| **[૩૧]ધમ્મિઅ-જણ-સંસગ્ગો,** | [૩૧]ધાર્મિક જનોનું સંસર્ગ રાખો, [૩૨]ઇન્દ્રિયોનું દમન કરો, |
| **[૩૨]કરણ-દમો, [૩૩]ચરણ-પરિણામો ॥૪॥** | [૩૩]ચારિત્ર ગ્રહણની ભાવના રાખો. ॥૪॥ |
| **[૩૪]સંઘોવરિ બહુ-માણો,** | [૩૪]ચતુર્વિધ સંઘનું બહુમાન કરો. |
| **[૩૫]પુત્થય-લિહણં, [૩૬]પભાવણા તિત્થે ।** | [૩૫]શાસ્ત્ર લખો, લખાવો અને [૩૬]જૈનશાસનની પ્રભાવના કરો |
| **સઢ્ઢાણં કિચ્ચમેઅં,** | શ્રાવકોના આ ધાર્મિક શુભ નિત્ય કૃત્ય છે. |
| **નિચ્ચં સુ-ગુરુવએસેણં ॥૫॥** | જે સદ્ગુરુના ઉપદેશથી જાણવા જોઈએ. ॥૫॥ |

## લઘુ શાંતિ સ્તવ


**ભાવાર્થ :** આ શ્રી શાંતિનાથ પ્રભુનો સ્તોત્ર છે. નાડોલ નગરમાં ફેલેલી બીમારીને દૂર કરવા માટે આચાર્ય શ્રી માનદેવસૂરિજીએ આ સ્તોત્ર રચ્યું. એને ભણવાથી અને સાંભળવાથી તેમજ એનો મંત્રિત જલને છિડકવાથી બધા રોગ દૂર થાય છે અને શાંતિ થાય છે.

| | |
|---|---|
| **[૫]શાન્તિ [૧]શાન્તિ [૨]નિશાન્તં,** | [૧]શાંતિના [૨]સ્થાનરૂપ, [૩]રાગ-દ્વેષ વિનાના અને જેમના |
| **[૩]શાન્તં [૪]શાન્તાઽશિવં [૬]નમસ્કૃત્ય;** | [૪]અશિવ ઉપદ્રવ શાંત થઈ ગયા છે [૫]એવા શ્રી શાંતિનાથને [૬]નમસ્કાર કરીને |
| **[૭]સ્તોતુઃ [૮]શાન્તિ [૯]નિમિત્તં,** | [૭]સ્તુતિ કરનારની [૮]શાંતિના [૯]હેતુરુપ હોવાથી |
| **[૧૧]મન્ત્રપદૈઃ [૧૦]શાન્તયે [૧૨]સ્તૌમિ ॥૧॥** | [૧૦]શાંતિના અર્થે [૧૧]મંત્રોના પદ વડે [૧૨]હું સ્તુતિ કરું છું ॥૧॥ |
| **[૧]ઓમિતિ [૨]નિશ્ચિત [૩]વચસે** | [૧]ૐ એવું [૨]નિશ્ચયાત્મક [૩]વાચક પદ છે જેમનું એવા |
| **[૧૨]નમો નમો [૪]ભગવતેઽર્હતે[૬] [૫]પૂજામ્;** | [૪]સમગ્ર ઐશ્વર્યવાલા [૫]પૂજા ને [૬]યોગ્ય |

| | |
|---|---|
| [11]શાન્તિ જિનાય [7]જયવતે, | [7]રાગાદિ ને જિતનાર [8]યશવાલા અને [9]ઇંદ્રિયોને દમન કરનારા, |
| [8]યશસ્વિને [10]સ્વામિને [9]દમિનામ્ ॥૨॥ | મુનિરાજના [10]સ્વામી એવા [11]શાંતિનાથ ને [12]વારંવાર નમસ્કાર થાઓ. ॥૨॥ |
| [1]સકલાતિશેષકમહા, | [1]સમસ્ત ચોત્રીશ અતિશયરૂપ મહાન |
| [2]સંપત્તિ [3]સમન્વિતાય [4]શસ્યાય; | [2]સંપત્તિ થી [3]યુક્ત [4]પ્રશંસા કરવા યોગ્ય |
| [5]ત્રૈલોક્ય [6]પૂજિતાય ચ, | [5]ત્રણ લોકના જીવોથી [6]પૂજિત |
| [8]નમો નમઃ [7]શાન્તિદેવાય ॥૩॥ | [7]એવા શ્રી શાંતિનાથ ને [8]વારંવાર નમસ્કાર થાઓ.॥૩॥ |
| [1]સર્વામર [2]સુસમૂહ, | [1]સમસ્ત દેવતાઓના [2]સુંદર સમૂહના |
| [3]સ્વામિક [4]સંપૂજિતાય [5]ન જિતાય; | [3]સ્વામિ ચૌસઠ ઈન્દ્રોથી [4]પૂજિત [5]અપરાજિત |
| [6]ભુવનજન [7]પાલનોદ્યત, | [6]ત્રણ લોકનાં જીવોનું [7]પાલન કરવામાં અતિશય તત્પર |
| [8]તમાય [9]સતતં [10]નમસ્તસ્મૈ ॥૪॥ | એવા [8]શ્રી શાંતિનાથ પ્રભુને મારા [9]હમેશા [10]નમસ્કાર થાઓ.॥૪॥ |
| [1]સર્વ [2]દુરિતૌઘ [3]નાશન, | [1]સર્વ [2]પાપના સમૂહનો [3]નાશ [4]કરનારા |
| [4]કરાય [5]સર્વાશિવ [6]પ્રશમનાય; | [5]સર્વ ઉપદ્રવને [6]સમૂલ ઉપશમ કરનારા |
| [7]દુષ્ટ [8]ગ્રહ [9]ભૂત [10]પિશાચ, | [7]દુષ્ટ [8]ગ્રહ [9]ભૂત [10]પિશાચ અને [11]શાકિનીના ઉપદ્રવને |
| [11]શાકિનીનાં [12]પ્રમથનાય ॥૫॥ | [12]નાશ કરનારા એવા શાંતિનાથ પ્રભુને નમસ્કાર થાઓ.॥૫॥ |
| [1]યસ્યેતિ [2]નામ [3]મન્ત્ર, | [1]જે શાંતિનાથ પ્રભુનો પૂર્વોક્ત [2]નામરૂપ [3]મંત્રથી |
| [4]પ્રધાન [5]વાક્યોપયોગ [6]કૃત તોષા; | [4]સર્વોત્તમ પવિત્ર એવા [5]વચન ના પ્રયોગથી [6]સંતુષ્ટ ચિત્ત વાલી |
| [7]વિજયા [10]કુરુતે [8]જન [9]હિત, | [7]વિજયા દેવી [8]જે મનુષ્યો ના [9]હિત [10]કરે છે [11]અને આગળ |
| [11]મિતિચ [12]નુતા [14]નમત [13]તં શાંતિમ્ ॥૬॥ | જેની [12]સ્તુતિ કરાશે [13]એવા શ્રી શાંતિનાથ પ્રભુને [14]હે ભવ્ય જનો તમે નમસ્કાર કરો ॥૬॥ |
| [11]ભવતુ [10]નમસ્તે [1]ભગવતિ ! | [1]હે ભગવતિ ! [2]વિજયા દેવી ! જયવાલી [3]સુજયા દેવી |
| [2]વિજયે ! [3]સુજયે ! [4]પરાપરૈરજિતે ! | [4]બીજા દેવોથી નહિ જિતાયેલી એવી અજિતા દેવી ! |
| [5]અપરાજિતે ! [7]જગત્યાં, | [5]અપરાજિતા દેવી [6]આપ [7]વિશ્વમાં |
| [8]જયતીતિ [9]જયાવહે ! [6]ભવતિ ॥૭॥ | [8]જયવંતા વર્તો, આ પ્રમાણે સ્તુતિ કરનારને [9]વિજયી બનાવનારી એવી હે સર્વ દેવિયો ! [10]તમને નમસ્કાર [11]થાઓ ॥૭॥ |

| | |
|---|---|
| [1]સર્વસ્યાપિ ચ [2]સંઘસ્ય, | [1]ચતુર્વિધ [2]સર્વ સંઘમાં |
| [3]ભદ્ર [4]કલ્યાણ [5]મંગલ [6]પ્રદદે । | [3]સુખ [4]કલ્યાણ અને [5]મંગલ ને [6]કરનારી દેવી |
| [7]સાધૂનાં ચ [8]સદા [9]શિવ | [7]મોક્ષ ને સાધનાર મુનિઓને [8]નિરંતર [9]નિરુપદ્રવ કરનારી |
| [10]સુતુષ્ટિ [11]પુષ્ટિપ્રદે ! [12]જીયાઃ ॥૮॥ | [10]ચિત્તની પ્રસન્નતા [11]ધર્મની પુષ્ટિ કરનારી [12]હે દેવી ! તમે જયવંતી હો ॥૮॥ |
| [1]ભવ્યાનાં [2]કૃત સિદ્ધે ! | [1]ભવ્ય જીવોને [2]સિદ્ધિ આપનારી |
| [4]નિર્વૃતિ [5]નિર્વાણજનનિ ! [3]સત્ત્વાનામ્; | [3]પ્રાણીઓને [4]ચિત્તની સમાધિ અને [5]મોક્ષમાં સહાયક |
| [6]અભય [7]પ્રદાન [8]નિરતે ! | [6]નિર્ભયતા [7]દેવામાં [8]તત્પર અને |
| [12]નમોઽસ્તુ [9]સ્વસ્તિ [10]પ્રદે [11]તુભ્યમ્ ॥૯॥ | [9]કલ્યાણને [10]આપનારી હે દેવી! [11]તમને [12]નમસ્કાર હો. ॥૯॥ |
| [1]ભક્તાનાં [2]જન્તૂનાં, | [1]ભક્ત [2]જીવોનો |
| [3]શુભા વહે ! [11]નિત્યમુદ્યતે ! [10]દેવિ ! | [3]કલ્યાણ કરનારી |
| [4]સમ્યગ્ દૃષ્ટિનાં [5]ધૃતિ | [4]સમ્યગ્ દૃષ્ટિ જીવોને [5]ધૈર્ય |
| [6]રતિ [7]મતિ [8]બુદ્ધિ [9]પ્રદાનાય ॥૧૦॥ | [6]પ્રીતિ, [7]મતિ અને [8]બુદ્ધિને [9]આપવાને [10]હે દેવી તમે [11]નિરંતર સાવધાન હો. ॥૧૦॥ |
| [1]જિનશાસન [2]નિરતાનાં, | [1]જિન શાસન પ્રતિ [2]રાગવાલા અને |
| [3]શાંતિ [4]નતાનાં ચ [5]જગતિ [6]જનતાનામ્; | [3]શાંતિનાથ પ્રભુને [4]નમસ્કાર કરનારા [5]જગતના [6]જીવોની |
| [7]શ્રી [8]સંપત્કીર્તિ [9]યશોવર્દ્ધનિ ! | [7]લક્ષ્મી [8]સંપત્તિ, કીર્તિ અને [9]યશ ને વધારનારી |
| [10]જયદેવિ ! [11]વિજયસ્વ ॥૧૧॥ | [10]હે જયા દેવી ! [11]તમે જય પામો ॥૧૧॥ |
| [1]સલિલાનલ [2]વિષ [3]વિષધર | [1]પાણી, અગ્નિ [2]ઝેર [3]સર્પ |
| [4]દુષ્ટગ્રહ [5]રાજ [6]રોગ [7]રણ [8]ભયતઃ | [4]માઠાગ્રહ [5]રાજા [6]રોગ [7]યુદ્ધના [8]ભયથી |
| [9]રાક્ષસ [10]રિપુ [11]ગણ [12]મારિ | [9]રાક્ષસ [10]શત્રુઓનો [11]સમૂહ [12]મરકી [13]ચોર આ સાત, |
| [13]ચૌરેતિ [14]શ્વાપદાદિભ્યઃ ॥૧૨॥ | ઇતિ(ભય) અને [14]જંગલી જાનવરોના ભયથી ॥૧૨॥ |
| [15]અથ [16]રક્ષ [17]રક્ષ [18]સુશિવં, | [15]હવે [16]રક્ષણ કરો [17]રક્ષણ કરો [18]અતિશય નિરુપદ્રવ [19]કરો |

| | |
|---|---|
| [૧૯]કુરુ [૨૧]કુરુ [૨૦]શાંતિં ચ [૨૩]કુરુ કુરુ [૨૨]સદેતિ; | [૨૦]અતિશય શાંતિ [૨૧]કરો [૨૨]નિરંતર [૨૩]શાંતિ કરો |
| [૨૪]તુષ્ટિં [૨૫]કુરુ [૨૭]કુરુ [૨૬]પુષ્ટિં, | [૨૪]તુષ્ટિ [૨૫]કરો [૨૬]પુષ્ટિ [૨૭]કરો અને |
| [૨૯]કુરુકુરુ [૨૮]સ્વસ્તિં ચ [૩૧]કુરુકુરુ [૩૦]ત્વમ્ ॥૧૩॥ | [૨૮]કલ્યાણ [૨૯]કરો નિરંતર [૩૦]તમે આ [૩૧]કાર્ય કરો ॥૧૩॥ |
| [૧]ભગવતિ ! [૨]ગુણવતિ ! [૫]શિવ [૬]શાન્તિ, | [૧]હે ભગવતિ ! [૨]હે ગુણવતિ ! [૩]આ લોકમાં [૪]મનુષ્યોનુ |
| [૭]તુષ્ટિ [૮]પુષ્ટિ [૯]સ્વસ્તીહ [૧૦]કુરુકુરુ [૪]જનાનામ્; | [૫]કલ્યાણ [૬]શાંતિ [૭]તુષ્ટિ [૮]પુષ્ટિ [૯]મંગલ [૧૦]કરો [૧૧]જ્યોતિ સ્વરૂપી દેવી |
| [૧૧]ઓમિતિ [૧૨]નમો નમો [૧૩]હ્રાઁ હ્રીઁ હ્રૂઁ હ્રઃ | [૧૨]તમને નમસ્કાર થાઓ [૧૩]હ્રાઁ થી હ્રીઁ સુધીના સાત શાંતિ |
| યઃ ક્ષઃ હ્રીઁ [૧૪]ફટ્ ફટ્ સ્વાહા ॥૧૪॥ | મંત્રના બીજ છે. ॥૧૪॥ [૧૪]ફટ્ ફટ્ સ્વાહા વિઘ્ન નાશક મંત્રબીજ છે. |
| [૧]એવં [૨]યન્નામાક્ષર | [૧]એ પ્રમાણે [૨]જે શાંતિનાથના નામઅક્ષર રૂપ |
| [૩]પુરસ્સરં [૪]સંસ્તુતા [૫]જયાદેવી; | [૩]મંત્રપૂર્વક [૪]સ્તુતિ કરાયેલી એવી [૫]જયાદેવી |
| [૮]કુરુતે [૬]શાન્તિં [૭]નમતાં, | [૬]શ્રી શાંતિનાથ પ્રભુને [૭]નમસ્કાર [૮]કરનારાઓને [૯]શાંતિ કરે છે |
| [૧૧]નમોનમઃ [૯]શાંતયે [૧૦]તસ્મૈ ॥૧૫॥ | [૧૦]એવા શાંતિનાથ પ્રભુને [૧૧]વારંવાર નમસ્કાર થાઓ. ॥૧૫॥ |
| [૧]ઇતિ [૨]પૂર્વ સૂરિ [૩]દર્શિત, | [૧]આ પ્રમાણે [૨]પૂર્વાચાર્યોએ [૩]બતાવેલા એના |
| [૪]મન્ત્રપદ [૫]વિદર્ભિતઃ [૭]સ્તવઃ [૬]શાન્તેઃ । | [૪]મન્ત્રના પદથી [૫]ગર્ભિત એવું [૬]શાંતિનાથ પ્રભુનો [૭]સ્તવન જે |
| [૮]સલિલાદિ [૯]ભય [૧૦]વિનાશી, | [૮]જલ વગેરેના [૯]ભયોનો [૧૦]નાશ કરનાર છે અને [૧૧]ભક્તિ |
| [૧૨]શાન્ત્યાદિ [૧૩]કરશ્ચ [૧૧]ભક્તિમતામ્ ॥૧૬॥ | કરનારા મનુષ્યોને [૧૨]શાંતિ આદિ સુખ ને [૧૩]કરનાર છે ॥૧૬॥ |
| [૧]યશ્ચૈનં [૩]પઠતિ [૨]સદા, | [૧]જે માણસ [૨]નિરંતર આ પાઠને [૩]ભણે છે |
| [૫]શૃણોતિ [૭]ભાવયતિ [૬]વા [૪]યથાયોગમ્; | [૪]એકાગ્ર ચિત્તથી [૫]જે સાંભળે છે [૬]અથવા [૭]મનમાં ભાવિત કરે છે |
| [૮]સ [૯]હિ [૧૦]શાન્તિપદં [૧૧]યાયાત્, | [૮]તે માણસ [૯]અવશ્ય [૧૦]શાંતિપદ (મોક્ષ) ને [૧૧]પામે છે |
| [૧૨]સૂરિઃ શ્રીમાનદેવશ્ચ ॥૧૭॥ | અને શ્રી [૧૨]માનદેવ સૂરિ પણ મોક્ષ ને પામે છે ॥૧૭॥ |
| [૩]ઉપસર્ગાઃ [૪]ક્ષયં યાન્તિ, | [૧]શ્રી જિનેશ્વર ભગવાનની [૨]પૂજા થી |
| [૭]છિદ્યન્તે [૫]વિઘ્ન [૬]વલ્લયઃ | [૩]ઉપસર્ગો [૪]નાશ પામે છે |
| [૮]મનઃ [૯]પ્રસન્નતામેતિ, | [૫]વિઘ્નરૂપી [૬]વેલડીયોં [૭]છેદાય છે |
| [૨]પૂજ્યમાને [૧]જિનેશ્વરે ॥૧૮॥ | અને [૮]મન [૯]પ્રસન્નતાને પામે છે ॥૧૮॥ |


સકલ તીર્થ વંદના
સિદ્ધ અનંત
નમું નિશદિસ
વૈમાનિક દેવલોક મેં
કુલ જિનમંદિર-૮૪,૯૭,૦૨૩
કુલ જિનબિંબ-૧,૫૨,૯૪,૪૪,૭૬૦
પાંચ (ચૈત્ય)
અનુત્તરે
નવગ્રૈવેયકે
ત્રણસેં અઢાર (૩૧૮)
(૧૧-૧૨ મેં ૩૦૦)
(૯-૧૦ મેં ૪૦૦)
૮ મેં સ્વર્ગ
૬ 000
૭મેં સ્વર્ગ
૪૦, ૦૦૦
૬ ઠ્ઠે સ્વર્ગ
૫૦, ૦૦૦
૫મે વંદુ
૪ લાખ
ત્રીજે ૧૨ લાખ
ચોથે ૮ લાખ
પહેલે સ્વર્ગે લાખ ૩૨
બીજે લાખ ૨૮
જ્યોતિષી
અસંખ્ય
મંદિર
બિંબ

# આત્મરક્ષા વજ્ર પંજર સ્તોત્ર



| | |
|---|---|
| **[૧]સર્વ [૨]મંગલ [૩]માંગલ્યં,** | [૧]સર્વ [૨]મંગલોમાં [૩]માંગલિક |
| **[૪]સર્વ [૫]કલ્યાણ [૬]કારણમ્;** | [૪]સર્વ [૫]કલ્યાણનું [૬]કારણ |
| **[૭]પ્રધાનં [૮]સર્વ [૯]ધર્માણાં,** | [૮]સર્વ [૯]ધર્મમાં [૭]મુખ્ય એવું |
| **[૧૦]જૈનં [૧૨]જયતિ [૧૧]શાસનમ્ ॥૧૯॥** | [૧૦]જૈન [૧૧]શાસન [૧૨]જયવંતુ વર્તે છે. |

**નોટ :** ત્રણ થોયવાળાઓને પ્રતિક્રમણમાં લઘુશાંતિ નહીં હોવાના કારણે ત્રણ થોયવાળા વિદ્યાર્થીઓએ શાંતિના બદલે આત્મરક્ષા સ્તોત્ર અને ગૌતમ સ્વામીનો છંદ આ બે સૂત્ર યાદ કરવા. પરીક્ષામાં ત્રણ થોયવાળા વિદ્યાર્થીઓને લઘુ શાંતિની જગ્યાએ આ બે સૂત્ર પૂછવામાં આવશે.

## આત્મરક્ષા વજ્ર પંજર સ્તોત્ર

**ભાવાર્થ :** જેમ પક્ષી પાંજરામાં સુરક્ષિત હોય છે તેમ આ નમસ્કારના વજ્ર જેવા અભેદ્ય પાંજરામા આત્મા સુરક્ષિત રહે છે. જેથી બહારની કોઈ આપત્તિ આવી ન શકે.

| | |
|---|---|
| **[૧]ૐ [૩]પરમેષ્ઠિ [૪]નમસ્કારં સારં [૨]નવપદાત્મકં** | [૧]ૐ યુક્ત [૨]નવપદ સ્વરૂપ [૩]પંચ પરમેષ્ઠિ [૪]નમસ્કારને |
| **[૫]આત્મમરક્ષાકરં [૬]વજ્ર,** | [૫]મારી પોતાની રક્ષા માટે [૬]વજ્રના [૭]પાંજરાની જેમ [૮]હું |
| **[૭]પંજરાભં [૮]સ્મરામ્યહં ॥૧॥** | સ્મરણ કરું છું. અર્થાત્ પરમેષ્ઠી નમસ્કારથી મારા શરીર પર કવચ બનાવું છું ॥૧॥ |
| **[૧]ૐ નમો અરિહંતાણં [૨]શિરસ્કં [૩]શિરસિ [૪]સ્થિતં** | [૧]ૐ નમો અરિહંતાણં પદનું [૨]શિર છત્ર [૩]મારા માથે [૪]છે. |
| **[૫]ૐ નમો સિદ્ધાણં, [૬]મુખે [૮]મુખપટં [૭]વરં ॥૨॥** | [૫]ૐ નમો સિદ્ધાણં આ પદથી [૬]મારા મુખ પર [૭]શ્રેષ્ઠ [૮]કવચ કરાય છે. |
| **[૧]ૐ નમો આયરિયાણં, [૨]અંગરક્ષાતિશાયિનિ,** | [૧]ૐ નમો આયરિયાણં પદથી [૨]અંગની ઉત્કૃષ્ટ રક્ષા થાય છે |
| **[૩]ૐ નમો ઉવજ્ઝાયાણં, [૫]આયુધ [૪]હસ્તયોર્દ્ઢમ્॥૩॥** | [૩]ૐ નમો ઉવજ્ઝાયાણં [૪]આ પદ બે હાથમાં મજબૂત [૫]શસ્ત્ર રૂપ છે ॥૩॥ |
| **[૧]ૐ નમો લોએ સવ્વ સાહૂણં, [૩]મોચકે [૨]પાદયોઃ [૪]શુભે** | [૧]ૐ નમો લોએ સવ્વ સાહૂણં આ [૨]પદ બે પગમાં [૩]મોજડી [૪]જેવા છે. |
| **[૫]એસો પંચ નમુક્કારો, [૮]શિલા [૭]વજ્રમયી [૬]તલે ॥૪॥** | [૫]એસો પંચ નમુક્કારો આ પદ [૬]જમીન પર [૭]વજ્રમયી [૮]શિલા જેવો છે (જેના પર હું બેઠી છું) ॥૪॥ |

[1]સવ્વ પાવ-પ્પણાસણો
[4]વપ્રો [3]વજ્જમયો [2]બહિ
[5]મંગલાણં ચ સવ્વેસિં,
[7]ખાદિ [8]રાંગાર [6]ખાતિકા ॥૫॥

[1]સવ્વ પાવ-પ્પણાસણો આ પદ [2]મારા ચારે તરફ [3]વજ્જમય [4]કિલા જેવો છે. [5]મંગલાણં ચ સવ્વેસિં આ કિલાની બહાર [6]ખાઈમાં [7]ખદિરના [8]અંગારા રુપ છે. ॥૫॥

[1]સ્વાહાંતં ચ [3]પદં જ્ઞેયં, [2]પઢમં હવઈ મંગલમ્ ।
[6]વપ્રોપરિ [7]વજ્રમયં, [8]પિધાનં [4]દેહ [5]રક્ષણે ॥૬॥

[1]સ્વાહા છે અંતમાં જેને એવું [2]પઢમં હવઈ મંગલમ્ [3]પદ [4]દેહની [5]રક્ષા માટે [6]કિલા ઉપર [7]વજ્રમય [8]ઢાકણાં સ્વરૂપ છે. ॥૬॥

[6]મહાપ્રભાવા [5]રક્ષેયં, [7]ક્ષુદ્રોપદ્રવ [8]નાશિની,
[3]પરમેષ્ઠિ [4]પદોદ્ભૂતા,
[2]કથિતા [1]પૂર્વ સૂરિભિઃ ॥૭॥

[1]પૂર્વાચાર્યો વડે [2]કહેવાયેલી [3]પરમેષ્ઠિ [4]પદથી બનેલી [5]આ [5]રક્ષા (કવચ) [6]મહાપ્રભાવશાળી તેમજ [7]ક્ષુદ્ર ઉપદ્રવોને [8]નાશ કરનારી છે ॥૭॥

[1]યશ્ચૈનં [6]કુરુતે [4]રક્ષાં, [2]પરમેષ્ઠિ [3]પદૈઃ [5]સદા,
[7]તસ્ય [13]ન [12]સ્યાદ્ [9]ભયં,
[10]વ્યાધિ, [11]શાધિશ્ચાપિ [8]કદાચન ॥૮॥

[1]જે વ્યક્તિ [2]પરમેષ્ઠિ [3]પદો વડે [4]આ રક્ષાને [5]હંમેશા [6]કરે છે [7]તેને [8]ક્યારેય પણ [9]ભય, [10]વ્યાધિ, કે [11]આધિ (માનસિક પીડા) હોતી નથી.

## ગૌતમસ્વામી છંદ

વીર જિનેશ્વર કેરો શિષ્ય, ગૌતમ નામ જપો નિશદિશ,
જો કીજે ગૌતમનું ધ્યાન, તો ઘર વિલસે નવે નિધાન ॥૧॥
ગૌતમ નામે ગયવર ચઢે, મનવાંછિત હેલા સંપજે,
ગૌતમ નામે નાવે રોગ, ગૌતમ નામે સર્વ સંયોગ ॥૨॥
જે વૈરી વિરુઆ વંકડા, તસ નામે નાવે ઢુકડા,
ભૂત પ્રેત નવિ છંડે પ્રાણ, તે ગૌતમના કરું વખાણ ॥૩॥
ગૌતમ નામે નિર્મલ કાય, ગૌતમ નામે વાધે આય,
ગૌતમ જિન-શાસન શણગાર, ગૌતમ નામે જય-જયકાર ॥૪॥
સાલ દાલ સુરહા ઘૃત ઘોલ, મનવાંછિત કાપડ તંબોલ,
ઘર સુગૃહિણી નિર્મલ ચિત્ત, ગૌતમ નામે પુત્ર વિનીત ॥૫॥

ઘર મહિગલ ઘોડાની જોડ, વારુ પહોંચે વાંછિત કોડ,
મહિયલ માંહે મોટા રાય, જો તુટે ગૌતમના પાય ॥૬॥
ગૌતમ ઉદયો અવિચલ ભાણ, ગૌતમ નામ જપો જગભાણ,
મોટા મંદિર મેરુ સમાન, ગૌતમ નામે સફલ વિહાણ ॥૭॥
ગૌતમ પ્રણમ્યા પાતિક ટલે, ઉત્તમ નરની સંગતિ મલે,
ગૌતમ નામે નિર્મલ જ્ઞાન, ગૌતમ નામે વાધે વાન ॥૮॥
પુણ્યવંત અવધારો સહુ, ગુરુ ગૌતમના ગુણ છે બહુ,
કહે લાવણ્ય સમય કરજોડ, ગૌતમ તૂઠે સંપત્તિ કોડ ॥૯॥

## સ્નાતસ્યા - સ્તુતિ

**ભાવાર્થ :** પ્રભુ મહાવીરના જન્માભિષેકના મનમોહક દૃશ્યને આબેહુબ ઉલ્લેખિત કરતી આ સ્તુતિઓ પક્ખી, ચૌમાસી તેમજ સંવત્સરી પ્રતિક્રમણમાં સ્તુતિરૂપે બોલાય છે.

| | |
|---|---|
| **[૩]સ્નાતસ્યાપ્રતિમસ્ય [૨]મેરુશિખરે** | [૧]બાલ્યાવસ્થામાં [૨]મેરુપર્વત ઉપર [૩]અભિષેક કરાયેલા |
| **[૧૦]શચ્યા [૪]વિભોઃ [૧]શૈશવે,** | નિરૂપમ [૪]પ્રભુના [૫]રૂપના અવલોકનથી |
| **[૫]રુપાલોકન [૬]વિસ્મયાહૃત [૭]રસ** | [૬]ઉત્પન્ન થયેલી વિસ્મય [૭]રસની |
| **[૮]ભ્રાન્ત્યા [૯]ભ્રમચ્ચક્ષુસા।** | [૮]ભ્રાંતિથી [૯]ચંચલ બનેલા નેત્રોવાળી [૧૦]ઇન્દ્રાણીને |
| **[૧૯]ઉન્મૃષ્ટં [૧૩]નયન [૧૪]પ્રભા [૧૫]ધવલિતં** | [૧૧]ક્ષીર સમુદ્રનું જળ રહી તો નથી ગયું એવી |
| **[૧૧]ક્ષીરોદકા[૧૨]શઙ્કયા,** | [૧૨]શંકાથી પોતાની [૧૩]નેત્ર [૧૪]કાંતિથી [૧૫]ઉજ્જવલ બનેલા |
| **[૧૭]વક્ત્રં [૧૬]યસ્ય [૧૮]પુનઃ પુનઃ [૨૦]સ [૨૩]જયતિ** | [૧૬]જેમના [૧૭]મુખને [૧૮]વારંવાર [૧૯]લૂછ્યું [૨૦]એવા તે |
| **[૨૧]શ્રી વર્ધમાનો [૨૨]જિનઃ ॥૧॥** | [૨૧]વર્ધમાન [૨૨]પ્રભુ [૨૩]જયને પ્રાપ્ત હો ॥૧॥ |
| **[૧]હંસાંસાહત [૨]પદ્મરેણુ [૩]કપિશ** | [૧]હંસના પાંખોથી ઉડેલા [૨]કમલ પરાગથી [૩]પીત |
| **[૪]ક્ષીરાર્ણવામ્ભોભૃતૈઃ,** | એવા [૪]ક્ષીર સમુદ્રના જળથી ભરેલા અને |
| **[૧૦]કુમ્ભૈરપ્સરસાં[૫] [૬]પયોધર [૭]ભર** | [૫]અપ્સરાઓના [૬]સ્તન [૭]સમૂહની |
| **[૮]પ્રસ્પર્દ્ધિભિઃ [૯]કાઞ્ચનૈઃ।** | [૮]સ્પર્ધા કરવાવાળા [૯]સુવર્ણના [૧૦]ઘડાથી |
| **[૧૬]યેષાં [૧૧]મન્દર [૧૨]રત્નશૈલ [૧૩]શિખરે** | [૧૧]મેરુપર્વતના [૧૨]રત્નશૈલ નામના [૧૩]શિખર ઉપર |

| | |
|---|---|
| | આવેલા,[15]મોક્ષના દ્વાર સમાન, [16]વ્રત અન |
| [15]મોક્ષાગ્રદ્વારભૂતં [16]વ્રત[17]ચરણ [18]ફલં | [17]ચારિત્રરૂપી [18]ફળ આપવાવાળા, |
| [19]જ્ઞેય [20]ભાવ[21]પ્રદીપં, | [19]જાણવાયોગ્ય [20]પદાર્થો માટે [21]દીપકસમાન, |
| [25]ભક્ત્યા[24]નિત્યં[26]પ્રપદ્યે[23]શ્રુતમહમખિલં | [22]સમસ્ત વિશ્વમાં અદ્વિતીય એવા [23]સમસ્ત શ્રુત |
| [22]સર્વલોકૈકસારમ્ ॥૩॥ | ને હું [24]હંમેશા માટે [25]ભક્તિપૂર્વક [26]સ્વીકાર કરું છું. ॥૩॥ |

(આ ચતુર્થ સ્તુતિ ચાર થોય કરવાવાળાની અપેક્ષાએ લખવામાં આવી છે.)

| | |
|---|---|
| [1]નિષ્પઙ્ક [2]વ્યોમ [3]નીલ [4]દ્યુતિ[5]મલસદૃશં | [1]વાદળારહિત સ્વચ્છ [2]આકાશની [3]નીલ [4]પ્રભાવાળા, |
| [6]બાલચન્દ્રાભદંષ્ટ્રં | [5]આલસ્યથી મંદ દૃષ્ટિવાળા, [6]બીજના ચંદ્રની જેમ વક્ર |
| [8]મત્તં [7]ઘંટારવેણ [9]પ્રસૃત [10]મદજલં | દાઢોવાળા, [7]ગળામાં બાંધેલી ઘંટડિઓના નાદથી [8]મત્ત [9]ઝરતા |
| [12]પૂરયન્તં [11]સમન્તાત્ । | [10]મદજલ ને [11]ચારેબાજુ [12]ફેલાવેલા |
| [14]આરૂઢો[13]દિવ્યનાગં [16]વિચરતિ[15]ગગને | [13]એવા દિવ્ય હાથી ઉપર [14]વિરાજિત, [15]આકાશમાં, |
| [17]કામદઃ [18]કામરુપી | [16]વિચરવાવાળા [17]ઇચ્છિતને આપવાવાળા તેમજ [18]ઇચ્છિતરુપ |
| [20]યક્ષઃ[19]સર્વાનુભૂતિર્દિશતુ[25] [21]મમ[22]સદા | બનાવવાવાળા,[19]સર્વાનુભૂતિ [20]યક્ષ [21]મને [22]હંમેશા |
| [23]સર્વકાર્યેષુ [24]સિદ્ધિમ્ ॥૪॥ | [23]સર્વકાર્યોમાં [24]સિદ્ધિ [25]પ્રદાન કરો. ॥૪॥ |




| | |
|---|---|
| [14]આરૂઢો[13]દિવ્યનાગં [16]વિચરતિ[15]ગગને | [13]એવા દિવ્ય હાથી ઉપર [14]વિરાજિત, [15]આકાશમાં, |
| [17]કામદઃ [18]કામરુપી | [16]વિચરવાવાળા [17]ઇચ્છિતને આપવાવાળા તેમજ [18]ઇચ્છિતરુપ |
| [20]યક્ષઃ[19]સર્વાનુભૂતિર્દિશતુ[25] [21]મમ[22]સદા | બનાવવાવાળા,[19]સર્વાનુભૂતિ [20]યક્ષ [21]મને [22]હંમેશા |
| [23]સર્વકાર્યેષુ [24]સિદ્ધિમ્ ॥૪॥ | [23]સર્વકાર્યોમાં [24]સિદ્ધિ [25]પ્રદાન કરો. ॥૪॥ |


122

# તપ ચિંતવણી કાઉસ્સગ્ગની વિધિ

કાઉસ્સગ્ગ મુદ્રામાં ઉભા રહીને આ પ્રમાણે ચિંતન કરવું - હે જીવ વીર પ્રભુએ છઃમાસી તપ કર્યું છે. ગુરુઆજ્ઞામાં બાધા ન હોય તો તું કરીશ ? શક્તિ પણ નથી પરિણામ પણ નથી.

૫ દિવસ ઓછું છઃમાસી તપ કરીશ ? શક્તિ પણ નથી. પરિણામપણ નથી.

૧૦ દિવસ ઓછું કરીશ ? શક્તિ પણ નથી. પરિણામ પણ નથી.
૨૦ દિવસ ઓછું કરીશ ? શક્તિ પણ નથી. પરિણામ પણ નથી.
૫ માસી તપ કરીશ ? શક્તિ પણ નથી. પરિણામ પણ નથી.
૩ માસી તપ કરીશ ? શક્તિ પણ નથી. પરિણામ પણ નથી.
૧ માસી તપ કરીશ ? શક્તિ પણ નથી. પરિણામ પણ નથી.
૨૮ ઉપ. કરીશ ? શક્તિ પણ નથી. પરિણામ પણ નથી.
૨૬ ઉપ. કરીશ ? શક્તિ પણ નથી. પરિણામ પણ નથી.
૨૪ ઉપ. કરીશ ? શક્તિ પણ નથી. પરિણામ પણ નથી.
૨૨ ઉપ. કરીશ ? શક્તિ પણ નથી. પરિણામ પણ નથી.
૨૦ ઉપ. કરીશ ? શક્તિ પણ નથી. પરિણામ પણ નથી.
૧૮ ઉપ. કરીશ ? શક્તિ પણ નથી. પરિણામ પણ નથી.
૩૪ ભક્ત કરીશ ? શક્તિ પણ નથી. પરિણામ પણ નથી.
૩૦ ભક્ત કરીશ ? શક્તિ પણ નથી. પરિણામ પણ નથી.
૨૬ ભક્ત કરીશ ? શક્તિ પણ નથી. પરિણામ પણ નથી.
૨૨ ભક્ત કરીશ ? શક્તિ પણ નથી. પરિણામ પણ નથી.
૧૮ ભક્ત કરીશ ? શક્તિ છે. પરિણામ નથી.
૧૪ ભક્ત કરીશ ? શક્તિ છે. પરિણામ નથી.
૧૦ ભક્ત કરીશ ? શક્તિ છે. પરિણામ નથી.
૬ ભક્ત કરીશ ? શક્તિ છે. પરિણામ નથી.

૧૫ દિવસ ઓછું કરીશ ? શક્તિ પણ નથી. પરિણામ પણ નથી.
૨૫ દિવસ ઓછું કરીશ ? શક્તિ પણ નથી. પરિણામ પણ નથી.
૪ માસી તપ કરીશ ? શક્તિ પણ નથી. પરિણામ પણ નથી.
૨ માસી તપ કરીશ ? શક્તિ પણ નથી. પરિણામ પણ નથી.
૨૯ ઉપવાસ કરીશ ? શક્તિ પણ નથી. પરિણામ પણ નથી.
૨૭ ઉપ. કરીશ ? શક્તિ પણ નથી. પરિણામ પણ નથી.
૨૫ ઉપ. કરીશ ? શક્તિ પણ નથી. પરિણામ પણ નથી.
૨૩ ઉપ. કરીશ ? શક્તિ પણ નથી. પરિણામ પણ નથી.
૨૧ ઉપ. કરીશ ? શક્તિ પણ નથી. પરિણામ પણ નથી.
૧૯ ઉપ. કરીશ ? શક્તિ પણ નથી. પરિણામ પણ નથી.
૧૭ ઉપ. કરીશ ? શક્તિ પણ નથી. પરિણામ પણ નથી.
૩૨ ભક્ત કરીશ ? શક્તિ પણ નથી. પરિણામ પણ નથી.
૨૮ ભક્ત કરીશ ? શક્તિ પણ નથી. પરિણામ પણ નથી.
૨૪ ભક્ત કરીશ ? શક્તિ પણ નથી. પરિણામ પણ નથી.
૨૦ ભક્ત કરીશ ? શક્તિ પણ નથી. પરિણામ પણ નથી.
૧૬ ભક્ત કરીશ ? શક્તિ છે. પરિણામ નથી.
૧૨ ભક્ત કરીશ ? શક્તિ છે. પરિણામ નથી.
૮ ભક્ત કરીશ ? શક્તિ છે. પરિણામ નથી.
૪ ભક્ત કરીશ ? શક્તિ છે. પરિણામ નથી.

અબ્ભત્તટ્ઠં (ઉપવાસ) કરીશ ? શક્તિ છે. પરિણામ નથી.

આયંબિલ કરીશ ? શક્તિ છે, પરિણામ નથી. એકાસણું કરીશ ? શક્તિ છે. પરિણામ નથી. બિયાસણું કરીશ ? શક્તિ છે પરિણામ નથી. પુરિમુઙ્ઢ કરીશ ? શક્તિ છે. પરિણામ નથી. સાઢ્ઢ પોરસી કરીશ ? શક્તિ છે પરિણામ નથી. પોરસી કરીશ ? શક્તિ છે. પરિણામ નથી. નવકારસી કરીશ ? શક્તિ પણ છે. પરિણામ પણ છે. એવું ચિંતન કરીને કાઉસ્સગ્ગ પારવો.

**નોટ :** પહેલાં જેણે અટ્ઠાઈનું તપ કર્યું હોય તેમજ વર્તમાનમાં જેમને નવકારસી કરવાની ભાવના હોય, એની અપેક્ષાએ આ વિધિ લખી છે...બાકી જેને જીવનમાં જેટલા ઉપવાસ કર્યા હોય ત્યાંથી એ વ્યક્તિએ 'શક્તિ છે પરિણામ નથી.' એવું કહેવાનું શરુ કરવું. તેમજ જે તપ આજે કરવાની ભાવના હોય ત્યાં સુધી પહોંચીને ''શક્તિ પણ છે, પરિણામ પણ છે.'' કહીને કાઉસ્સગ્ગ પારી લેવો. જેમ કે આજે આપને ઉપવાસ કરવો હોય તો ''ઉપ. કરીશ ? શક્તિ પણ છે પરિણામ પણ છે.'' આવું ચિંતન કરી કાઉસ્સગ્ગ પારી લેવો. પરંતુ એના આગળ આયંબિલ કરીશ ? વગેરે જીવને પૂછવાની જરુર નથી.

વિશેષ ધ્યાન રાખવો કે જો તમે ૧૬ ઉપવાસથી ઉપરની તપસ્યા કરી હોય ત્યારે તો સીધા જ જેટલા ઉપવાસ કર્યા હોય ત્યાંથી આગળ બધી જગ્યાએ શક્તિ છે, પરિણામ નથી. કહેવાનું શરું કરવું. પરંતુ ૧૭થી નીચેના તપની ગણતરી 'ભક્ત'થી કરવામાં આવે છે. અર્થાત્ જો તમે ૧૬ ઉપ. કર્યા હોય તો એને ભક્ત બનાવવા માટે ૧૬ ને ડબલ કરીને ૨ પ્લસ કરવાથી ૩૪ ભક્ત થાય છે. આ પ્રમાણે જો અટ્ઠાઈ કરી હોય તો ૮+૮ = ૧૬ + ૨ = ૧૮ ભક્ત થાય છે તો અટ્ઠાઈવાળાને ૧૮ ભક્તથી ''શક્તિ છે, પરિણામ નથી.'' એમ કહેવાનું શરુ કરી લેવું જોઈએ. આ પ્રમાણે બધી તપસ્યામાં સમજી લેવું.

જોકે શરૂઆતમાં આ તપ ચિંતવણીના કાઉસ્સગ્ગમાં ૧૬ નવકારની અપેક્ષાએ થોડો વધારે સમય લાગી શકે છે. પરંતુ પછી અભ્યાસ થઈ જવાથી સરળતાથી થઈ શકવાથી આ ચિંતનમાં વિશેષ લાભ મળે છે તો સમજદાર વ્યક્તિએ આ શીખી લેવું હિતાવહ છે.

## રાઈઅ પ્રતિક્રમણની વિધિ

- પ્રથમ સામાયિક લઈને ઇચ્છા. કુસુમિણ દુસુમિણ ઓહડાવણિયં રાઈઅ પાયચ્છિત્ત વિસોહણત્થં કાઉસ્સગ્ગ કરું ? ઈચ્છં ? ઇચ્છા. કુસુમિણ દુસુમિણ... વિસોહણત્થં કરેમિ કાઉસ્સગ્ગં અન્નત્થ. ૪ લોગ્ગસ નો કાઉ. પ્રગટ લોગસ્સ.
- ખમા. જગચિંતામણિનુ ચૈત્યવંદન, જંકિંચિથી જયવીયરાય, એક એક ખમા. આપતાં આપતાં ભગવાનહં, આચાર્યહં, ઉપાધ્યાયહં, સર્વસાધુહં બોલવું, ખમા,ઇચ્છા. સજ્ઝાય સંદિસાહું ? ઇચ્છં. એક ખમા. ઈચ્છા. સજ્ઝાય કરું? ઈચ્છં. એક નવકાર, ભરહેસર સજ્ઝાય, એક નવકાર, ઇચ્છકાર, ચરવળા ઉપર હાથ રાખીને ઇચ્છા. રાઇઅ પડિક્કમણે ઠાઉં ? ઇચ્છં 'સવ્વસ્સવિ રાઈઅ' નમુત્થુણં.

- કરેમિ ભંતે, ઇચ્છામિ ઠામિ. તસ્સ. અન્નત્થ. એક લોગસ્સનો કાઉ. પ્રગટ લોગસ્સ. સવ્વલોએ અરિહંત ચેઇયાણં કરેમિ કાઉ. અન્નત્થ એક લોગસ્સનો કાઉ. પુક્ખરવર, સુઅસ્સ ભગવઓ. કરેમિ કાઉસ્સગ્ગં. અન્નત્થ. નાણંમિ કે આઠ નવકારનો કાઉ. સિદ્ધાણં-બુદ્ધાણં, મુઁહપત્તિ પડિલેહન. બે વાંદણા.
- ઇચ્છા. રાઇઅં આલોઉં ? ઇચ્છં. સાત લાખ, પહેલે પ્રાણાતિપાત, સવ્વસ્સવિ.
- જમણો ઘૂંટણ ઊભો કરીને એક નવકાર, કરેમિ ભંતે, ઇચ્છામિ પડિક્કમિઉં. વંદિત્તુ, બે વાંદણા, અબ્ભુટ્ઠિઓ, બે વાંદણા.
- આયરિય ઉવજ્ઝાય. કરેમિ ભંતે. ઇચ્છામિ ઠામિ. તસ્સ. અન્નત્થ. તપ ચિંતવણી નો કાઉ અથવા ૧૬ નવકારનો કાઉસ્સગ્ગ, પ્રગટ લોગસ્સ.
- મુઁહપત્તિ પડિલેહણ બે વાંદણા. સકલ-તીર્થ. પચ્ચક્ખાણ. સામાયિક-ચઉવિસત્થો-વંદણ પડિક્કમણ-કાઉસ્સગ્ગ-પચ્ચક્ખાણ કર્યું છે જી ઇચ્છામો અણુસટ્ઠિં નમો ખમાસમણાણં તહત્તિ. પુરુષોએ વિશાલલોચન તેમજ સ્ત્રીઓએ સંસાર દાવાનલ, નમુત્થુણં.
- અરિહંત ચેઇયાણં. કરેમિ કાઉ. અન્નત્થ. એક નવકારનો કાઉ. કલ્લાણકંદની પ્રથમ સ્તુતિ, લોગસ્સ સવ્વલોએ અરિહંત ચેઇયાણં. અન્નત્થ. એક નવકારનો કાઉ. બીજી સ્તુતિ, પુક્ખરવર. સુઅસ્સ ભગવઓ કરેમિ કાઉ. અન્નત્થ. એક નવકારનો કાઉ. ત્રીજી સ્તુતિ, સિદ્ધાણં-બુદ્ધાણં. (ચારથોયવાળા વૈયાવચ્ચગરાણં, અન્નત્થ, એક નવકારનો કાઉ. ચોથી સ્તુતિ.)
- નમુત્થુણં થી જયવીયરાય, એક એક ખમા. આપતાં આપતાં ભગવાનહં, આચાર્યહં, ઉપાધ્યાયહં, સર્વસાધુહં, બોલીને ચરવળા ઉપર હાથ રાખીને અઢ્ઢાઇજ્જેસુ (ચાર થોયમાં માત્ર નમુત્થુણં છે.)
- સીમંધર સ્વામી અને શત્રુંજયનું ચૈત્યવંદન કરી સામાયિક પારવી.

## એકાસણા, બિયાસણા, નીવિ, આયંબિલનું પચ્ચકખાણ

ઉગ્ગએ સૂરે નમુક્કાર સહિઅં, પોરિસીં, સાઢપોરિસીં (સૂરે ઉગ્ગએ પુરિમુઢ્ઢ) મુટ્ઠિસહિઅં પચ્ચક્ખાઈ ઉગ્ગએ સૂરે (સૂરે ઉગ્ગએ) ચઉવ્વિહંપિ આહારં, અસણં, પાણં, ખાઈમં, સાઈમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, પચ્છન્નકાલેણં, દિસામોહેણં, સાહુવયણેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, આયંબિલં નીવિ વિગઈઓ પચ્ચકખાઈ અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, લેવાલેવેણં ગિહત્થસંસટ્ઠેણં, ઉક્ખિત્તવિવેગેણં, પડુચ્ચમક્ખિએણં, પારિટ્ઠાવણિયાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, એગાસણં બિઆસણં પચ્ચકખાઈ, તિવિહંપિ આહારં, અસણં, ખાઈમં, સાઈમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, સાગારિયાગારેણં, આઉટણપસારેણં,

ગુરુઅબ્ભુટ્ઠાણેણં, પારિટ્ઠાવણિયાગારેણં મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, પાણસ્સ લેવેણ વા, અલેવેણ વા, અચ્છેણ વા, બહુલેવેણ વા, સસિત્થેણ વા, અસિત્થેણ વા વોસિરઈ (વોસિરામિ)

**નોટ :** એકાસણા, બિયાસણા, એકલઠાણા, નીવિ વગેરેનું પચ્ચક્ખાણ લેતા સમયે આપને જે પચ્ચક્ખાણ લેવાનું હોય એ પચ્ચક્ખાણની મનમાં ધારણા કરવી. આયંબિલનું પચ્ચક્ખાણ લેતા સમયે 'પડુચ્ચમક્ખિએણં' એ પદ બોલવું નહીં.

**પાણાહારનું પચ્ચક્ખાણ**

પાણહાર, દિવસચરિમં, પચ્ચક્ખાઈ, (પચ્ચક્ખામિ) અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, વોસિરઈ (વોસિરામિ) ।

# ત્રણ થોયનો કાવ્ય - વિભાગ

**નોટ :- ત્રણ થોય વાળાઓએ આ કાવ્ય - વિભાગ કંઠસ્થ કરવો.**

## પ્રભુ સન્મુખ બોલવાની સ્તુતિ

શાસન મલ્યુ જિન તાહરું ને, ભાવ તારા ચાહતો,
અજ્ઞાન ના પડળ હટાવી, સ્વરુપ તુમ સમ યાચતો ।
આત્માતણાં શુદ્ધ સ્વરુપની, સમઝ સાચી આપજો,
સ્વામી સીમંધર અરજ માહરી, મને વીતરાગી બનાવજો ॥

જ્યાં પાપ જ્યારે એક પણ, તજવુ અતિ મુશ્કેલ છે,
તે ધન્ય છે જેઓ અઢારે, પાપથી વિરમેલ છે ।
ક્યા પાપમય મુજ જિંદગી, ક્યા પાપ શૂન્ય મુનિ જીવન,
જો તુમ સમો પ્રભુ હીર આપો તો કરું મુક્તિ ગમન ॥

હું કદી ભૂલી જાઉં તો, પ્રભુ તું મને સંભાળજે,
હું કદી ડુબી જાઉ તો, પ્રભુ તુ મને ઉગારજે ।
હું વસ્યો છું રાગમાં ને, તું વસે વૈરાગ્યમાં,
આ રાગમાં ડુબેલ ને, ભવપાર તું ઉતારજે ॥

## આદિનાથ જિન

વરનાભિસુતં પ્રણમામિ મુદા, વૃષભેસર નામ જપો સુખદા
દુઃખ દોહગ રોગ મિટે સઘળા, જગ કીર્તિ કરે સુખ લહે વિમળા...(૧)
નવિ ડાયણ સાયણ ચોટ કરે, અહિ ચોર ચરડ ન ખોભ કરે,
રણ રાવલ મા જશ જીત ભલી, કરિનો અરિનો ભય જાય ટળી...(૨)
શુભ દર્શ લહો ઈહ રાજપુરે, ભલી ભાગ જગે ભગિ દિન્ન બુરે,
કરિ વંદન સૂરિ રાજેન્દ્ર ધણી, સુખ સંપત્તિ લીલ લહો સુઘણી...(૩)

## નેમિનાથ જિન ચૈત્યવંદન

ગઢ ગીરનારે વંદીયે, નેમીસર ભગવાન,
જિહાઁ ચૈત્ય જિનરાજના, વંદુ થિર કરી ધ્યાન ॥૧॥
બાલ બ્રહ્મચારી પ્રભુ, ત્યાગી રાજુલ નાર,
પશુઓ પર પ્રીતિ ધરી, આપ ભયે અણગાર ॥૨॥
ભવિ પંકજ પ્રતિબોધને, પામ્યા કેવલનાણ,
ઉપગારી ઉજ્જિંત પે, લીનો પદ નિર્વાણ ॥૩॥
સૂરીશ્વર રાજેન્દ્રજી, બાવીસમા મહારાજ,
પ્રમોદરુચિ મોય દીજિએ સંજમ ગરીબનિવાજ ॥૪॥

## મહાવીર જિન ચૈત્યવંદન

વીર જિનેસર સાહિબા, વળી દરિસણ મહારાય
વિરહો ખિણ ખિણ મે હુએ, રોમ રોમ દુઃખ થાય ...॥૧॥
મુદ્રામોહની સોહની, જે દિન દેખસુ નેન,
તે દિન સફલો તે સહી, ચેતન પાવે ચેન...॥૨॥
આજ સલૂણા સાહિબા, ધરજ્યો મહિર સુધ્યાન
સૂરિ રાજેન્દ્ર નયણે વસ્યા, પ્રમોદ રુચિ દિલ જાણ...॥૩॥

## આદિનાથ સ્તુતિ

જય નાભિનંદન ત્રિજગ વંદન તીર્થ અર્બુદ મંડણમ્,
પરભાવ રોધન તત્ત્વ શોધન, કર્મ અરિદલ ખણ્ડણમ્,
કલયંતિ કમલા કેલિ જસધર, ધ્યેય ધ્યાતા વંદનમ્,
જગ જંતુ તારણ દુઃખ વારણ, મોહ મલ્લ વિહંડનમ્,...॥૧॥

સકલ સમ્પતિ દાન સમરથ, સિદ્ધિ સાધન જિનવરા,
તીર્થ સઘલા જેહ જગમાં, સકલ કલિમલ દુઃખહરા।
જસુ સેવ સારે પ્રવર સુરવર, પ્રેમ પ્રીતિ મનધરા,
તિહું લોકમાંહિ જૈન તીરથ, વંદો પૂજો ભવિવરા...॥૨॥

આમુલ ચૂલા અર્થ બહુલા, વિવિધ રચના લયકરી,
વિરુદ્ધ રચના વિચાર વર્જિત, સમય સિંધુમાં ભરી।
જસુમાંહિ પભને સૂરિ રાજેન્દ્ર, જૈન ઠવણા જયકરી,
ભજ વરજ શંકા નહિ ય કરવા, ધનમુનિ મન આદરી...॥૩॥

## પાર્શ્વનાથ જિન સ્તુતિ

અરિહંત મુદ્રા નિર્વિકારી, કર્મ રાશિ વિગાલિતા,
યોગી રટે કર ધ્યાન લીલા, લલિત ગુણ સે લાલિતા।
મદ મદન મર્દિત માન મોડી, સ્વાત્મ ધ્યાની જિનવરા,
નાગેન્દ્ર પૂજિત પાર્શ્વ પ્રતિમા, તીર્થ શ્રી શંખેશ્વરા...॥૧॥

સમ્મેત શિખરે આત્મ ગુણકી, રમણતા મેં લીનતા,
અવિચલ અનૂઠી મુક્તિ રમણી, અજબ પાઈ લીનતા,
સર્વજ્ઞ સૌખ્યાનંત પાયે, જન્મ મરણ નિવારિતા,
સિદ્ધાત્મલય કી જ્યોત્સના મેં રાજિતા સુખકારિતા...॥૨॥

મધુરાતિ મધુરી દેશના દી, સંઘ સ્થાપ્યા બોધ સે,
રચિ દ્વાદશાંગી ગણધરોને, જીતિ રે પ્રતિબોધ સે।
રાજેન્દ્ર સૂરિ યતીન્દ્ર વિદ્યાચંદ્ર, ભાવ પ્રકાશ મેં,
વિષ વિષય ત્યાગી સર્વ વિરતિ, પ્રાપ્ત આત્મ નિવાસ મેં...॥૩॥

## મહાવીર જિન સ્તુતિ

વડનગરે મહાવીર કી પ્રતિમા, અનુપમ ગુણમણિ છાજેજી,
દર્શ નિહાલે પાપ પખાલે, અતિશયવંત વિરાજેજી;
જે નર શુભ મન ભેટે જિનવર, વાંછિત ફલ સહુ પાવેજી,
ભાવે જે જિન પૂજા વિરચે, ભવ-ભવ સુખીયા થાવેજી...॥૧॥

સિદ્ધારથ ત્રિશલાના જાયા, જગ જન નાથ કહાયાજી,
ક્ષત્રિયકુંડે જન્મ્યા જિનજી, સુરપતિ મિલ તિહાં આયાજી;
સ્નાત્ર મહોત્સવ મેરુગિરિ પર, પાંડુકવન સુર ઠાયાજી,
વિવિધ પ્રકારે ભક્તિ કરકે, માતા પાસે લાયાજી....॥૨॥

તીસ વર્ષ ગૃહવાસે રહીને, સંજમ લિયો સુખકારીજી,
વિવિધ સહ્યા ઉપસર્ગ પ્રભુજી, પાયો કેવલ ભારીજી;
પાવાપુરી મેં મુક્તિ પામી, સુર દિવાળી કરતાજી,
સૂરિ રાજેન્દ્ર ની ભક્તિ કરતા, યતીન્દ્ર મુનિ ભવ તરતાજી...॥૩॥

## આદિનાથ જિન સ્તવન

સાથૂ પુરે ઋષભ જિણંદ, અલબેલો અલબેલો રે,
મેં તો પાયો શિવ બીજ પેલો, અલબેલો અલબેલો રે,....

તીન ભુવન મેં પૂજા સાધે, દેવ દાનવ સહુ જાઁકી,
ચૌસઠ ઈંદ્ર નરેન્દ્ર સેવે, ભામણે જાઉ વાઁકી રે...॥૧॥ અલબેલો[૨]....

ષટ્ દરશન જન એહને માને, નિજ-નિજ મત મેં બોલી રે,
યવન કહે મુઝ આદિમ બાબા, તત્ત્વ ગહે બુધ તોલી રે,...॥૨॥અલબેલો[૨]....

હંસ હોય સો દૂધ જ પીવે, નીર કું અલગો છંડે રે,
પંડિત જ્ઞાની તિમ તત્ત્વ ખેંચે, ઝુઠ સું પ્રેમ ન માંડે રે...॥૩॥અલબેલો[૨]....

કલ્પવૃક્ષ અરુ ચિત્રાવેલી, સુરમણિ ગ્રહિ કુણ છોડે રે,
તીન ભુવમ કો નાથ જ પાઈ, તેહસુ દિલ કુણ તોડે રે...॥૪॥અલબેલો[૨]....

સંવત નવ રસ નિધિ ઈક માસે, ભાદ્ર સુદિ ચોથ દિનમેં રે,
આદિમ સૂરિ રાજેન્દ્રકું વંદે, ગુલાબ વિજય મન લિન મેં રે...॥૫॥અલબેલો[૨]..

## વાસુપૂજ્યસ્વામી સ્તવન

(રાગઃ-સત્યં શીવં સુંદરમ્)

મુજ પાપીને તાર, સેવકના દુઃખ ટાળ, પ્રેમ દૃષ્ટિ કરી ભાળ,
તારક છે તુમ નામ હો હો...મુજ પાપીને તાર ઓ પ્રભુજી[૨].....
વાસુપૂજય પ્રભુ વિનવુ રે, મુજ પાપીને તાર;
અષ્ટ કરમ લારે પડ્યા રે-[૨] નહીં કોઈનો આધાર...॥૧॥ તારક છે તુમ નામ...
હું તો ભવોભવ માં ફર્યો રે, સૂક્ષ્મ નિગોદ મઝાર;
પરમાધામિ વેદના રે-[૨], ભોગવી બરીછી ની માર...॥૨॥તારક છે તુમ નામ...
ત્રસ બાદર વહ્નિ વાયુ મેં ,ઉપન્યો અનંતી વાર,
કૂડ કપટ મેં કેલવી રે-[૨] દુહવ્યા કરી ખાર ...॥૩॥તારક છે તુમ નામ...
વ્રત પચ્ચક્ખાણ તો ભાંગીયા રે, માની નહીં તુમ આણ,
ભીમ ભવોદધિ માહિ ને રે-[૨], વેષકર્યા બહુ જાણ, ...॥૪॥ તારક છે તુમ નામ...
પૂરવ પુણ્ય ના જોરથી, આવ્યો પ્રભુ તુમ પાસ
મહેર કરીને તારજો રે-[૨], મેં ચરણો કા દાસ...॥૫॥તારક છે તુમ નામ...
સૂરીશ્વર રાજેન્દ્રની રે, મેટો ભવ દુઃખ સંજ,
વાચક યતીન્દ્ર મુનિશના રે-[૨], વિદ્યા નમે પયકંજ...॥૬॥...તારક છે તુમ નામ...

## નેમિનાથ જિન સ્તવન

(રાગઃ-મેરા જુતા હૈ)

સખિ નેમિ પ્રભુ ને મનાવજો રે, પિઉ મંદિર વેલા આવજો રે...
શ્યામ સલુણા કામણગારા, નયનો ના પ્યાલા પ્રાણ થી પ્યારા;
પિયા રાજુલ આવિ સંભાળજો રે...॥૧॥પિઉ મંદિર વેલા આવજો રે...
બ્યાહ મંડૈયા, જાન રચૈયા, પશુ છોડૈયા, રથ ફેરૈયા;
કાલા વાના કરીને મનાવજો રે...॥૨॥પિઉ મંદિર વેલા આવજો રે...
તોરણ આઈ, ચિત્ત લુભાઈ, ભૂપ મુરારી સાથે તો લાઈ;
કોટી છપ્પન યાદવ લાવજો રે...॥૩॥પિઉ મંદિર વેલા આવજો રે...

કેમ કરીને પ્રીતમ પ્યારા, અરજી ન માની નેમી દુલારા;
નવ ભવની તો પ્રીત વિચારજો રે...॥૪॥પિઉ મંદિર વેલા આવજો રે...
સહસ મુનિ સહસંયમ ભિનો, સહસાવન મેં કેવલ લિનો;
બોધિદાન ભવિને અપાવજો રે...॥૫॥પિઉ મંદિર વેલા આવજો રે..
હું તો આવુંગી સંગ તુમ્હારી, પ્રીતિ તજુ ન પ્રેમ ની ક્યારી;
પ્રભુ સંયમ હોલી ખેલાવજો રે...॥૬॥પિઉ મંદિર વેલા આવજો રે...
રાજુલ કન્યા સતી કહાવી, દીક્ષા લઈને મોક્ષ સિધાવી;
શીવ નારીને સંગ રમાવજો રે...॥૭॥પિઉ મંદિર વેલા આવજો રે...
મોક્ષ સિધાયે નેમી જિણંદા, સૂરિ રાજેન્દ્ર ના મુનિ યતીન્દા
મુનિ વિદ્યાની હુઁસ પુરાવજો રે...॥૮॥પિઉ મંદિર વેલા આવજો રે...

## બાહુબલીજી ની સજ્ઝાય

(રાગઃ-જબ પ્યાર કિયા તો ડરના ક્યા....)

બાહુબલી કાઉસ્સગ્ગ ધ્યાન મેં રે, માન ધરી મન માય રે;
અનુજબન્ધુ વંદન કરે, તો જાવે મુઝ લાજ રે ।
માન તજો મુનિ બાહુબલી રે ॥૧॥
ઋષભ જિનેશ્વર મોકલી રે, દેવા તુમ ઉપદેશ રે;
તજ પરિવાર અને રાજને રે, ધરિયો સાધુવેશ રે ॥૨॥ માન તજો૦
ઘણા દિન તક તુમ રહ્યા રે, કાઉસ્સગ્ગ ધ્યાન મઝાર રે;
થિર રાખી મન દેહને રે,ડગિયા ન રચ્ચ ન લગાર રે,॥૩॥ માન તજો૦
શીત તાપ મેહ સહ્યા ઘણા રે, સૂખ્યો સારો શરીર રે;
વેલડિયા છાંઈ ઘણી રે, તો પણ તજિયો નહીં ધીર રે॥૪॥ માન તજો૦
અબ અવસર આવ્યો ભલો રે, ચૂકો મત મુનિરાજ રે;
છાંડો કૂડ વિચારને રે, થિર રહી કરો શુભ ધ્યાન રે;
બ્રાહ્મી સુંદરી ઈમ વિનવે રે લો..
વચન સુણી સતિયા તણાં રે, ચમક્યા મુનિ ચિત્ત માંય રે;

હાય! હાય! ખોટો કર્યો રે, હૈ મુજને ધિક્કાર રે ॥૬॥ બ્રાહ્મી સુંદરી૦
કર્મ કાટવા કારણે રે, છોડ્યા સબ પરિવાર રે;
રાજપાટ સબ ધન તજી રે, લીનો સંજમભાર રે ॥૭॥ બ્રાહ્મી સુંદરી૦
મેં નહીં તજીયો માનને રે, દુર્ગતિનો દાતાર રે;
વંદન કરવા ડગ ભર્યો રે, કેવલ પામ્યો શ્રીકાર રે ॥૮॥ બ્રાહ્મી સુંદરી૦
બાહુબલી રાજેન્દ્ર પદ તજી રે, યતીન્દ્ર બન્યા ભૂપેન્દ્ર રે;
હર્ષવિજય ચરણા પડી રે, સઘલા કટે ભવફન્દ રે ॥૯॥ બ્રાહ્મી સુંદરી૦

# ચાર થોયનો કાવ્ય – વિભાગ

**નોટ :- ચાર થોય વાળાઓએ આ કાવ્ય - વિભાગ કંઠસ્થ કરવો.**

## પ્રભુ સન્મુખ બોલવાની સ્તુતિ

શાસન મલ્યુ જિન તાહરું ને, ભાવ તારા ચાહતો,
અજ્ઞાન ના પડળ હટાવી, સ્વરુપ તુમ સમ યાચતો ।
આત્માતણાં શુદ્ધ સ્વરુપની, સમઝ સાચી આપજો,
સ્વામી સીમંધર અરજ માહરી, મને વીતરાગી બનાવજો ॥

જ્યાં પાપ જ્યારે એક પણ, તજવુ અતિ મુશ્કેલ છે,
તે ધન્ય છે જેઓ અઢારે, પાપથી વિરમેલ છે ।
ક્યા પાપમય મુજ જિંદગી, ક્યા પાપ શૂન્ય મુનિ જીવન,
જો તુમ સમો પ્રભુ હીર આપો તો કરું મુક્તિ ગમન ॥

હું કદી ભૂલી જાઉં તો, પ્રભુ તું મને સંભાળજે,
હું કદી ડુબી જાઉ તો, પ્રભુ તુ મને ઉગારજે ।
હું વસ્યો છું રાગમાં ને, તું વસે વૈરાગ્યમાં,
આ રાગમાં ડુબેલ ને, ભવપાર તું ઉતારજે ॥

## નેમિનાથ જિન ચૈત્યવંદન

જયવંત મહંત નિરંજન છો, ભવના દુઃખ દોહગ ભંજન છો;
ભવિનેત્ર વિકાસજ અંજન છો, પ્રભુ કામ વિકાર વિગંજન છો...॥૧॥
જગનાથ અનાથ સનાથ કરો, મમ પાપ અમાપ સમૂલ હરો;
અરજી ઉર નેમિ જિણંદ ધરો, તુમ સેવક છુ પ્રભુના વિસરો...॥૨॥
સુર અર્ચિત વાંછિત દાયક છો, સહુ સંઘ તણા પ્રભુ નાયક છો;
ગિરનાર તણા ગુણ ગાયક છો, કલ હંસ તણી ગતિ લાયક છો...॥૩॥

## શાંતિનાથ ચૈત્યવંદન

શાંતિ જિનેશ્વર સોલમા, ચક્રી પાંચમ જાણુ;
કામકુંભ અધિકથી , જસ મહિમા વખાણુ...॥૧॥
ત્રિગડે બેસી દેશના, દેતા ભવિ ઉપગાર;
ભવિક કમલ પ્રતિબોધતા, ભાવ ધરમ દાતાર...॥૨॥
કેવલજ્ઞાન દિવાકરુ, કેવલ કમલા કંત;
ક્ષાયિક ચારિત્ર અનુભવિ, લીધો ભવોદધિ અંત ...॥૩॥
અનંતવીર્ય અલવેસરુ, પરમાનંદ જે પામ્યા;
આતમ સુખ રુચિ થઈ, ચઉ ગતિના દુઃખ વામ્યા...॥૪॥
ત્રિકરણ યોગે તાહરુ, ધ્યાન ધર્યું જિનરાજ;
ભોલે ભક્તે તાહરી, સારૂ વાંછિત કાજ...॥૫॥
જગ ચિંતામણિ સરિખો, જગવલ્લભ જગનાથ;
જિન ઉત્તમ પદ સેવતા, રત્ન થાએ સનાથ...॥૬॥

## સામાન્ય ચૈત્યવંદન

જય જય તુ જિનરાજ આજ, મલિયો મુજ સ્વામી, અવિનાશી અકલંક રુપ, જગ અંતરજામી.॥૧॥
રુપારુપી ધર્મ દેવ, આતમ આરામી, ચિદાનંદ ચેતન અચિંત્ય, શિવ લીલા પામી ॥૨॥
સિદ્ધ બુદ્ધ તુજ વંદતાએ, સકલ સિદ્ધિ વર બુદ્ધ, રામ પ્રભુ ધ્યાને કરી, પ્રગટે આતમ રિદ્ધ ॥૩॥
કાલે બહુ સ્થાવર ગયો, ભમિયો ભવમાંહિ, વિકલેન્દ્રિય માંહિ વસ્યો, સ્થિરતા નહીં ક્યાહી ॥૪॥

તિર્યંચ પંચેન્દ્રિયમાંહિ દેવ, કર્મે હું આણ્યો, કરી કુકર્મ નરકે ગયો, તુમ દરિશન નહીં પાયો ।।૫।।
એમ અનંત કાલે કરી ને, પામ્યો નર અવતાર, હવે જગતારક તુ મલ્યો, ભવજલ પાર ઉતાર ।।૬।।

## આદિનાથ જિન સ્તુતિ

શ્રી આદેશ્વર તુ પરમેશ્વર , અલવેસર અરિહંતાજી;
નાભિરાયા માતા મરુદેવી, નંદન શ્રી ભગવંતાજી ।
વૃષભ લંછન પૂરવ ચોરાશી, લાખ વરસનુ આયજી;
વડનગરે શ્રી જિનવર સોહે, વિમલાચલ ગિરિરાયાજી...।।૧।।

ઋષભ અજિત સંભવ અભિનંદન, સુમતિ પદ્મપ્રભ વંદોજી;
સુપાસને ચંદ્રપ્રભ સુવિધિ, શીતલ શ્રેયાંસ નંદોજી ।
વાસુપૂજય વિમલ અનંત ધર્મ, શાંતિ કુંથુ અરનાથજી;
મલ્લિ મુનિસુવ્રત નમિ નેમિ, પાસ વીર શિવસાથજી...।।૨।।

ભરતાદિક શુભ પર્ષદા બેઠી, શ્રી આદેશ્વર આગેજી;
ઈંદ્રાદિક સુરનર બહુ મલિયા, શ્રીજિનને પાયે લાગેજી ।
ભવિયણ ને ગુણખાણી વાણી, ગાજે ગુહિર ગંભીરજી;
શિવપટરાણી માને નિસુણિ, શાસન નાયક ધીરજી...।।૩।।

શાસન દેવી તુ ચક્કેશ્વરી, તુ ત્રિપુરા સુખદાતાજી;
ષટ્ દરશન માને જે તેહના, વાંછિત પુરે માતાજી ।
શ્રી વડનગરે ચઉવિહ સંઘના, સંકટ સઘલા ચુરેજી;
વાચક દેવવિજય મન, સમરી, સુખ સંપત્તિ ભરપુરેજી...।।૪।।

## શાંતિજિન સ્તુતિ

શાંતિકરણ શ્રી શાંતિજિનેસર, સોલમા જિનવર રાયાજી;
વિશ્વસેન અચિરાસુત સુંદર, સુરકુમરી ગુણ ગાયાજી ।
મૃગલંછન પ્રણમે સુરરાયા, કંચન વરણી કાયાજી;
વિવિધ પ્રકારે પૂજા રચતા, મનવાંછિત ફલ પાયાજી...।।૧।।

ઋષભ અજિત સંભવ, અભિનંદન, સુમતિ પદ્મપ્રભદેવોજી;
સુપાસને ચંદ્રપ્રભ સુવિધિ, શીતલ, શ્રેયાંસ, વાસુપૂજ્ય સેવોજી ।
વિમલ અનંત ધર્મ શાંતિસર કુંથુ અર મન આણુજી;
મલ્લિ મુનિસુવ્રત નમિ નેમિ, પાસ વીર વખાણુજી...॥૨॥

સમોસરણ સિંહાસન બેઠા, છત્રત્રય સિર સોહેજી;
યોજન વાણી વખાણ કરતા, રુપે ત્રિભુવન મોહેજી ।
સરસ સુધારસ થી અતિ મીઠી, શ્રી જિનવરની વાણીજી;
શ્રવણે સુણતા ભાવે ભણતા, લહીયે શિવપદ રાણીજી...॥૩॥

પાયે નેઉર રમઝમ કરતી, ઘુઘરડી વાચાલીજી;
પંચાનન જીત્યો કટિ લંકઈ, ચાલે રાજમરાલીજી ।
શાંતિનાથ ચરણાંબુજ સેવી, નિર્વાણી મનોહારીજી;
વિબુધ શિરોમણિ મુક્તિવિજય શિષ્ય, રામવિજય જયકારીજી...॥૪॥

## મહાવીરસ્વામી સ્તુતિ

વીર શું મોરા મેરુ ધીરા, મેરુ ધ્રુજાવ્યા ધૂરે,
પગ અંગૂઠે શંકા ઉઠે, જ્યારે હરિ ને ઉરે ।
દેખી ભારે વખતે ત્યારે, નમી નમી ને સ્તવે,
શિવસુખ આપો, દુઃખડા કાપો, વીર પ્રભુ તે હવે ..॥૧॥

દોય પ્રભુ રાતા જગ ના ભ્રાતા, વાસુપૂજ્ય પદ્મજી,
દોય પ્રભુ કાલા વયણ રસાલા, સુવ્રત શ્રી નેમજી ।
ગુણગણનિધિ ચંદ સુવિધિ અંગે ઉજજવલ કહ્યા,
પાસ ને મલ્લિ નીલા વરણ, કંચન સમા રહ્યા..॥૨॥

ઉપન્નેઈવા વળી વિગઈમેવા, ધ્રુવેઈવા ત્રિપદી,
મુખે વાણી સંક્ષેપાણી, વાદાઈ શ્રી સંસદી ।
પ્રભુ થી પામી ગૌતમસ્વામી બારાંગી રચે તદા,
સેવો પ્રીતે શ્રદ્ધા થી તે, ગુરુગમ થી તદા...॥૩॥

શ્રદ્ધા વાણી ભવ્ય પ્રાણી, વિઘ્ન તણી છેદિકા,
વિકસિત નયના સુંદર વયણા પ્રકાશિત ચંદ્રિકા।
જિનવર ભક્તા શાસન રક્તા, સક્તા જિનશાસને,
વરદાયિકા સિદ્ધાયિકા, આપો સુખ તેમને..॥૪॥

## સુપાર્શ્વનાથ ભગવાન નું સ્તવન

**(રાગ :-નજર કે સામને)**

મુજ મન ભ્રમરે, પ્રભુ ગુણ ફૂલડે, અરજ કરું દિન-રાત;
સુણજો સાહિબ સુપાર્શ્વ સોહામણા, કર જોડી કરું વાત ..॥૧॥ સુણજો સાહિબ ...
મનડું તો ચાહે મલવા ભલેજી, પણ દીસે અંતરાલ;
જીવ પ્રમાદી કર્મ તણી વશે, તો કિમ મલવું થાય...॥૨॥ સુણજો સાહિબ ...
લાખ ચોરાશી જીવયોનિમાંહિ, ભવ અટવી ગતિ ચાર;
કાલ અનાદિ અનંતા ભમતા, કિમહી ન આવ્યો પાર...॥૩॥ સુણજો સાહિબ ...
માર્ગ બતાવો સ્વામી મારા, કિમ આવુ તુમ પાસ;
લાજ વધારો સેવક જાણી, દો દરિસન મહારાજ...॥૪॥ સુણજો સાહિબ ...
મૂર્તિ તારી રુપે રુડી, અનુભવ પદ દાતાર;
નિત્યલાલ પ્રભુ પ્રેમ શું વિનવે, તુમ થી બહુ સુખ ખાસ...॥૫॥ સુણજો સાહિબ ...

## વિમલનાથ ભગવાન

**(રાગ :-મારી આંખોમાં શંખેશ્વર આવજો)**

મારા મન વસી દિલવસી ચિત્તવસી રે, મારા પ્રભુની મૂરતિ માહરે મનવસી રે...॥૧॥
જિમ હંસા મન વાહલી ગંગ, જિમ ચતુર મન ચતુરનો સંગ;
જિમ બાલક ને માત ઉછંગ, તિમ મુજને પ્રભુ સાથે રે રંગ...મારા મન...॥૨॥
મુખ સોહે પૂનમનો ચંદ, નયન કમલ દલ મોહે રે ઈંદ;
અધર જિસ્યા પરવાલા લાલ, અર્ધ શશિ સમ દીપે રે ભાલ...મારા મન...॥૩॥
બાહુડી જાણે નાલ મૃણાલ, પ્રભુજી મેરો પરમ કૃપાલ;
જોતા કો નહીં પ્રભુની જોડ, પૂરે ત્રિભુવન કેરા રે કોડ...મારા મન...॥૪॥

સાગરથી અધિકો ગંભીર, સેવ્યો આપે ભવનો રે તીર;
સેવે સુરનર કોડા-કોડ,કરમ તણો મદ નાખે રે તોડ...મારા મન...॥૫॥
ભેટ્યો ભાવે વિમલ જિણંદ, મુઝ મન વાધ્યો પરમાનંદ;
વિમલ વિજય વાચક નો શિષ્ય, રામ કહે મુઝ પૂરો જગીશ...મારા મન...॥૬॥

## સુવિધિનાથ સ્તવન

(રાગ :-તેરા મેરા પ્યાર અમર...)

સુવિધિ જિણંદ મેરે મન વસ્યો, જૈસે ચંદ ચકોર રે;
જેમ ભ્રમર શું કેતકી જૈસે મેઘ શું મોર રે,
ઓ દાદા ઓ વ્હાલા સુવિધિ જિણંદ ..જૈસે મેઘ ને મોર રે ॥૧॥
એસે પ્રભુ કી આશ કી, જેમ કમલ પતંગ;
ચરણે ચિત્ત લાગી રહ્યું, મૃગરાજ તરંગ,
ઓ ત્યાગી, વૈરાગી, વીતરાગી ..જૈસે મેઘ ને મોર રે ॥૨॥
ત્રિવિધ તન-મન-વચન સે મેં સેવક તેરા રે;
તીન ભુવન મેં તુમ વિના, ટાલે કૌન ભવ ફેરા રે,
ઓ તરણ, ઓ તારણ, ઓ તારણહાર, ..જૈસે મેઘ ને મોર રે ॥૩॥
ચિત્ત ચાહે તુજ ચાકરી, રુપ ચાહે નયના;
મન ચાહે તુજ મિલન કુ, શ્રવણ ચાહે વયણા,
ઓ અરિહંત, ઓ અરહંત, ઓ અર્હત્. ..જૈસે મેઘ ને મોર રે ॥૪॥
મુનિજન જાકે નામ સે, આનંદ પદ પાવે રે;
ઉદય સદા સુખ હોત હૈ, પ્રભુ નામ પ્રભાવ સે,
ઓ ભગવાન, ઓ ભગવન, ઓ ભગવંત ..જૈસે મેઘ ને મોર રે ॥૫॥

## સંસાર-અસારની સજ્ઝાય

(રાગ :-ઈતની શક્તિ હમે દેના...)

એક માસ ઉપર માસ જાય, ત્યારે માતા ને હરખ ન માય
પુત્ર ઉંધે મસ્તકે પોખ્યા ત્યારે, માતા ના હૃદય શોસ્યા...॥૧॥
પુત્ર ઉદરે રહ્યા નવ માસ, ત્યારે માતા ની પૂરી આશ;
પુત્ર જન્મ વેલા માઁ નું મરણ, ત્યારે માંગે પ્રભુ નું શરણ...॥૨॥

પુત્ર મુખ જોઈને મન મોહ્યા, ત્યારે હરખે મલ-મૂત્ર ધોયા;
પુત્ર શરીર ની વેદના જાણી, ત્યારે માતા પીએ મગનું પાણી...॥૩॥
પુત્ર રોગની વેદના સહેતા, ત્યારે માતાજી લુખુ જમતા;
જ્યારે પુત્ર જ હતુ નાનુ, ત્યારે માતાને ચઢ્યો પાનો...॥૪॥
પુત્ર થયા જોવન મદ માતા, ત્યારે માતાના અવગુણ જ્ઞાતા;
સ્વામી પુત્ર પરણાવું તો સારું, વહુ વિના તો ઘરમાં અંધારુ...॥૫॥
એનો વાલમ હઁસી-હઁસી બોલે, તારી બુદ્ધિ બાલક તોલે;
સ્વામી પુત્ર પરણાવી ને લાવ્યા, વહુવર દોય ઘરમાં આવ્યા...॥૬॥
સાસુ ને પગ ચાંપ્યાની ઘણી હેવા, વહુ આવે તો કરે મારી સેવા;
વહુ ને બાઈજી નુ બોલ્યું ન સહાય, આ અન્યાય કેમ સહાય...॥૭॥
બાઈજી જુદું કરી દો તો રહીયે, નહીંતર અમારે પીયર જઈએ;
માતા બોલ-બોલ નવિ કરજો, માન તમારું નવિ ગુમાવજો...॥૮॥
જ્યારે પુત્ર ને આવી મુઁછ, ત્યારે માઁ-બાપ ને નવિ પૂંછ્યુ;
જ્યારે પુત્રને આવી દાઢી, ત્યારે માઁ-બાપ ને મેલ્યા કાઢી...॥૯॥
હવે બુઢાપામાં શું કરશુ, હવે પેટ શી રીતે ભરશુ;
માતા ખંભે રાખોને ધરણુ, તમે ઘેર-ઘેર માંગો દલણુ...॥૧૦॥
માતા ખંભે રાખોને રાશ, તમે ઘેર-ઘેર માંગોને છાશ;
માતા ઘર વચ્ચે મેલો ને દીવો, તમે કાંતી પીસીને જીવો...॥૧૧॥
પુત્ર આવુ ન હતુ જાણ્યુ, નહીંતર ગાંઠે રાખત નાનું,
એવી વીર વિજયની વાણી, તમે સાંભળજો નરનારી...॥૧૨॥

# આચાર્ય શ્રી શય્યંભવસૂરિ

શાસનનાયક પ્રભુવીરના તૃતીય પટ્ટધર શ્રી જમ્બૂસ્વામિ પછી શ્રી પ્રભવસૂરિ થયા. જૈનધર્મની પ્રભાવના કરતા જ્યારે તેઓ જીવનની અંતિમ અવસ્થામાં પહોંચ્યા ત્યારે એમને શ્રી સંઘની ચિંતા સતાવવા લાગી. એમના ગયા પછી શાસનનું ઉત્તરદાયિત્વ કોઈ નિષ્ઠાપૂર્વક સંભાળી શકે એવા યોગ્ય વ્યક્તિની એમને તલાશ હતી. એ જ તલાશમાં એમને સહુથી પહેલા પોતાના શિષ્ય પરિવાર ઉપર નજર ઘૂમાવી. પરંતુ એમને નિરાશા જ હાથ લાગી. ત્યાર પછી એમણે પૂરા જૈન સંઘ ઉપર ઉપયોગ મૂક્યો. પરંતુ શાસનનો ભાર સંભાળી શકે એવો યોગ્ય વ્યક્તિ એમણે ક્યાંય નજર ન આવ્યો. પાટ પરંપરાની અખંડિતતાને બનાવી રાખવા માટે એમણે જૈનેતરોમાં શ્રુત દૃષ્ટિનો ઉપયોગ કર્યો. ત્યારે બ્રાહ્મણ સમાજમાં રાજગૃહી નિવાસી શય્યંભવ બ્રાહ્મણમાં એમને એ પાત્રતા દેખાણી. તે હેતુથી શ્રી પ્રભવસૂરિજી રાજગૃહી પધાર્યા.

આ શય્યંભવ બ્રાહ્મણ વૈદિક ગ્રંથોના પ્રકાંડ વિદ્વાન હતા. તથા યજ્ઞાદિ ક્રિયાકાણ્ડોમાં પણ એમની બહુ જ નિષ્ઠા હતી. સાથે જ તેઓ જૈનધર્મના દ્વેષી, કઠોર તેમજ અહંકારી સ્વભાવના પણ હતા. માટે એમને આ માર્ગે લાવવા અત્યંત જ કઠીન કાર્ય હતું. શ્રી પ્રભવસૂરિજીએ ચાલાકીથી કામ લેવાનું નક્કી કર્યું. એક દિવસ એમણે શય્યંભવ બ્રાહ્મણ દ્વારા થઈ રહેલા યજ્ઞ સ્થાનમાં પોતાના બે શિષ્યોને પૂરી યોજના સમજાવીને મોકલ્યા. જૈનમુનિને જોઈને શય્યંભવ બ્રાહ્મણે એમને અપમાનિત કરીને બહાર કાઢવાનો આદેશ આપ્યો. ત્યારે તે બંને મુનિ બોલ્યા ''અહો કષ્ટં અહો કષ્ટં તત્ત્વં ન જ્ઞાયતે પરં'' અર્થાત્ આ કેટલા ખેદની વાત છે કે તત્ત્વ કોઈ જાણતું નથી. આટલું કહીને એ બંને મુનિ ત્યાંથી ચાલ્યા ગયા.

મુનિની આ વાત સાંભળીને શય્યંભવ વિચારમાં પડી ગયા ''આ મુનિ કયા તત્ત્વની વાત કરી રહ્યા છે ? વેદ જ તો પ્રામાણિક તત્ત્વ છે. પરંતુ જૈનમુનિ ક્યારેય જુઠ્ઠુ નથી બોલતા તો એ કયું તત્ત્વ છે કે જેને હું નથી જાણતો ?'' પોતાના પ્રશ્નોના સમાધાન માટે તેઓએ યજ્ઞાચાર્યની પાસે જઈને પુછ્યું ''તત્ત્વ શું છે ? તે મને બતાવો'' ત્યારે યજ્ઞાચાર્યે કહ્યું ''આ યજ્ઞ જ વાસ્તવિક તત્ત્વ છે.'' આ સાંભળી ક્રોધિત થઈને હાથમાં ખડ્ગ લઈને તેમણે પૂછ્યું ''તત્ત્વ શું છે ? બતાવો નહીંતર આ તલવારથી આપનું શિરચ્છેદ કરી દઈશ.'' એથી ડરીને યજ્ઞાચાર્યે પરમ સત્ય તત્ત્વના રૂપે યજ્ઞના સ્તંભની નીચે રહેલ શ્રી શાંતિનાથ પ્રભુની પ્રતિમાને બહાર નિકાળી. ને કહ્યુ ''આ વાસ્તવિક તત્વ છે.'' સમરસમાં લીન પ્રભુની પ્રતિમા જોઈને શય્યંભવ પ્રતિમાને નિહારવામાં લીન થઈ ગયા. ત્યારપછી તેઓ પ્રભવસૂરિજી પાસે પહોંચ્યા અને એમને તત્ત્વ બતાવવાની પ્રાર્થના કરી. એમની પાસેથી તત્ત્વબોધ પ્રાપ્ત કરીને તેઓ દીક્ષિત થયા તેમજ અધ્યયન કરી દ્વિતીય શ્રુત કેવલી થયા.

જ્યારે શય્યંભવે દીક્ષા લીધી ત્યારે એમની પત્ની સગર્ભા હતી. કાલાનુક્રમે એણે એક પુત્રને જન્મ આપ્યો. એનું નામ મનક રાખવામાં આવ્યું. થોડાક વર્ષો બાદ મનક મોટો થયો. એકવાર મનક બાળકોની સાથે રમી રહ્યો હતો. બાળકો તો મનનાં ચંચળ હોય છે. એક પલમાં લડી પડે છે અને બીજી જ પળે પાછા મિત્ર બની જાય છે. રમતાં-રમતાં મનકનો કોઈ છોકરા સાથે ઝઘડો થઈ ગયો. એ છોકરાએ મનકને વ્યંગપૂર્વક કહ્યું "તું તો વગર બાપનો દિકરો છે તો આટલી હોશિયારી કેમ બતાવે છે ?" આ સાંભળતાં જ મનકને બહુ દુઃખ થયું અને પોતાની માઁ ની પાસે જઈને એણે પૂછ્યું "માઁ ! મારા પિતાજી ક્યાં છે ?" અચાનક પૂછવામાં આવેલા આ પ્રશ્નને સાંભળીને સુનંદા પણ ઉલઝનમાં પડી ગઈ. તરત જ મનને પુનઃ સ્વસ્થ કરીને એણે પોતાના પિતાની તરફ ઇશારો કરતાં કહ્યું "આ રહ્યા તારા પિતાજી" પરંતુ મનક હોશિયાર હતો. એ આવી વાતોમાં આવવાવાળો ન હતો. એણે કહ્યું "માઁ તું જુઠ્ઠુ બોલે છે. આ તો તમારા પિતાજી છે, પરંતુ મારા પિતાજી ક્યાં છે ?" સુનંદા જવાબ ન આપી શકી. મનક જિદ કરવા લાગ્યો. છેવટે પોતાના દિકરાની જિદની આગળ હારીને રડતી સુનંદાએ મનકને બધી હકીકત બતાવી. ત્યારે મનકે માઁ ને કહ્યું "માઁ હું મારા પિતાજીને લઈ આવીશ. તું મને બતાવ કે તેઓ ક્યાં છે ?" સુનંદાએ કહ્યું "બેટા લોકો કહે છે કે તેઓ અત્યારે પાટલીપુત્રમાં બિરાજમાન છે."

મનક તરત જ પોતાના પિતાને મળવા નિકળી પડ્યો. પાટલીપુત્ર પહોંચતા જ યોગાનુયોગ શય્યંભવસૂરિજી સ્વયં સ્થંડિલભૂમિથી પાછા આવી રહ્યા હતા. એમણે જોતાં જ મનક એમની પાસે પહોંચ્યો અને પૂછ્યું. "શું આપ શય્યંભવ સૂરિને જાણો છો ?" સૂરિજીએ એને આશ્ચર્યથી પૂછ્યું "શું તારે એમનું કંઈ કામ છે ?" મનકે કહ્યું, "તે મારા પિતાજી છે, હું એમને લેવા આવ્યો છું ?" આ સાંભળતાં જ એમણે પોતાના પુત્ર મનકને ઓળખી લીધો. પોતાના પુત્રના ઉદ્ધારના ઉદેશ્યથી એમણે કહ્યું "અરે, હું એમને જાણું છું. એ તો મારા મિત્ર છે કે પછી હું અને એ એક જ છીએ, એમ કહેવું પણ ઉચિત છે. હું તને એમની સાથે મિલન કરાવી શકું છું પરંતુ એના માટે તારે પણ મુનિ બનવું પડશે." આચાર્યશ્રીએ પુત્રનું કલ્યાણ કરવા માટે ધર્મનો સાર બતાવ્યો અને એના બાળમનમાં વૈરાગ્યનું બીજારોપણ કરી મુનિ દીક્ષા પ્રદાન કરી. મનકે પણ પોતાના પિતાને મળવાની ઇચ્છાથી દીક્ષા ગ્રહણ કરી.

આચાર્યશ્રી ચૌદ પૂર્વધર હતા. એમણે જ્ઞાનના આધારે મનક મુનિના અલ્પ આયુષ્યને જાણી લીધું હતું અને વિચાર્યું કે આ સંપૂર્ણ શ્રુતનું અધ્યયન નહીં કરી શકે. માટે પૂર્વોમાંથી સાર કાઢીને એમણે દશવૈકાલિક સૂત્રની રચના કરી. જેથી મનક મુનિ મુનિચર્યાને પૂર્ણરૂપે જાણી શકે. ત્યારપછી એમણે મનકને વિધિવત્ અધ્યયન કરાવ્યું. દીક્ષા પર્યાયના છ માસમાં જ મનક મુનિનું દેવલોક ગમન થઈ ગયુ. જો કે શય્યંભવ સૂરિ સંસારનું સ્વરૂપ જાણતા હતા છતાં પણ છદ્મસ્થ અવસ્થાને કારણે

# જૈન ઈતિહાસ


૯



અહંકારી રાજપુરોહિત હરિભદ્ર હંમેશા
પોતાની સાથે કોદાળી, સીડી અને જાંબુ વૃક્ષની ડાળી
રાખતા હતા પરંતુ યાકિની સાધ્વીના મોઢેથી
ચક્કી દુગં વાળો શ્લોક સાંભળી તે વિચારમગ્ન થઈ ગયા





# આપના સંતાનને આપો, પણ શું ?

- ટી.વી. આપવા પહેલા — આપનો સમય આપો
- સંપત્તિ આપવા પહેલા — સન્મતિ આપો
- સ્વતંત્રતા આપવા પહેલા — સંસ્કાર આપો
- શિક્ષા આપવા પહેલા — સંસ્કૃતિ આપો
- વ્યાપાર આપવા પહેલા — વ્યવહાર આપો
- કાર આપવા પહેલા — નવકાર આપો
- કોલેજ પહેલા — કર્મની ફિલોસોફી આપો
- મિત્રો પહેલા — દાદા-દાદીનો દુલાર આપો
- પરિવર્તન પહેલા — પ્રેમ આપો

**જમાનાની હવા લાગવા પહેલા જૈન ધર્મની ઓળખ આપો.**



એમની આંખોમાં આસું આવી ગયા. એથી આશ્ચર્યચકિત થયેલા શિષ્યોએ એમની ઉદાસીનું કારણ પૂછ્યું. ત્યારે રહસ્ય પ્રગટ કરતાં એમણે કહ્યું "આ મારો સાંસારિક પુત્ર હતો. અલ્પ આયુષ્યમાં પણ ચારિત્રધર્મની સુંદર આરાધના કરીને એ સ્વર્ગમાં ગયો છે. આ ખુશીથી આજે મારી આંખમાં આંસુ છે. પરંતુ સાથે જ જો આનું આયુષ્ય લાંબુ હોત તો આ અધિક આરાધના કરીને સ્વર્ગથી પણ અતિ મહત્ત્વપૂર્ણ પદ પ્રાપ્ત કરી શકતો હતો. આ દુઃખના પણ આંસુ છે." ત્યારે શિષ્યોએ વિસ્મિત થઈને કહ્યું. "ગુરુદેવ જો એ આપનો પુત્ર હતો તો અમને પહેલાથી જ બતાવી દેવું હતું. જેથી અમે એની સેવા કરત તથા એની પાસે કોઈ કામ નહીં કરાવત." ત્યારે નિઃસ્પૃહી તથા નિર્મોહી એવા શય્યંભવ સૂરિએ કહ્યું "જો મેં તમને પહેલા જ બતાવ્યું હોત તો એની આત્મસાધના અટકી જાત અને એનાથી કર્મ નિર્જરામાં અંતરાય થાત."

આ રીતે પોતાના જીવનકાલમાં આચાર્યશ્રીએ અત્યંત શાસન પ્રભાવક કાર્ય કર્યા. જીવનના સંધ્યાકાળમાં મુનિ યશોભદ્રસૂરિને ગણભાર સોંપીને ૮૨ વર્ષની અવસ્થામાં સ્વર્ગવાસી બન્યા.

## નંદીષેણ મુનિ

શાસન નાયક પ્રભુ વીરના કાળમાં એમના પરમભક્ત, રાજગૃહી નગરીના રાજા શ્રેણિકના પુત્ર નંદીષેણ કુમાર હતા. એક વખત વિચરણ કરતા પરમાત્માનું રાજગૃહી નગરીમાં પદાર્પણ થયું. દેવોએ સમવસરણની રચના કરી. મહારાજા શ્રેણિક પણ પરિવાર સહિત, રાજઋદ્ધિ સાથે પ્રભુને વંદન કરવા અને દેશના શ્રવણ કરવા આવ્યા. પરમાત્માની ભાવ-વાહી દેશના સાંભળીને નંદીષેણ કુમારને વૈરાગ્ય ઉત્પન્ન થયું. ઘરે આવીને પોતાના માતા-પિતાની આજ્ઞા લઈને તેઓ આ મહાભિનિષ્ક્રમણ માટે ચાલી નિકળ્યા. ત્યારે રસ્તામાં આકાશવાણી થઈ કે "હે કુમાર ! હજુ સુધી તમારા ભોગાવલી કર્મ બાકી છે. માટે થોડો સમય સંસારમાં રોકાઈને પછી સંયમ ગ્રહણ કરજો." પરંતુ પરમ વૈરાગી બનેલા કુમારે એ શબ્દો ઉપર ધ્યાન ન આપ્યું. કેમકે એમને સ્વયં પર એટલો વિશ્વાસ હતો કે "હું ઉદયમાં આવવાવાળા કર્મોને વૈરાગ્યરૂપી ઇંધણથી જલાવીને રહીશ." આ ભાવોથી સમવસરણમાં પહોંચીને પ્રભુ પાસે દીક્ષા પ્રદાન કરવાનું નિવેદન કર્યું. ત્યારે ભવિતવ્યતાને જોઈને પરમાત્માએ પણ એમને દીક્ષા આપી.

ચારિત્ર લીધા પછી નંદીષેણ મુનિ સંયમ સાધનામાં લીન થઈ ગયા. ઘણા વર્ષો સુધી એમણે ઉત્કૃષ્ટ ચારિત્રનું પાલન કર્યું. પરંતુ કર્મોની આગળ કોનું ચાલે છે ? જ્યારે નિકાચિત ભોગાવલી કર્મ બાકી હોય છે ત્યારે સંસારના આકર્ષણ ઉભા થાય છે. જ્યારે મન ખાલી હોય છે ત્યારે વાસનાનો

વિચાર આવવો સ્વાભાવિક છે. માટે પોતાના મનને સ્થિર કરવા માટે એમણે ઉત્કૃષ્ટ સ્વાધ્યાયનું આલંબન લીધું. પરંતુ એમને એમા નિરાશા જ મળી. વિગઈના આહારથી વિકાર પેદા થાય છે. આવું વિચારીને એમણે છઠ્ઠના પારણે છઠ્ઠ વગેરે ઉત્કૃષ્ટ તપના સહારે પોતાના વિકારી વિચારોને જીતવાની કોશિશ કરી. તપના બળે ઘણી બધી લબ્ધિઓ પ્રાપ્ત કરી પરંતુ સંસારનો વિચાર ન ઘટ્યો. ત્યારપછી એ બિમાર સાધુની સેવામાં લાગી ગયા. પરંતુ અસફળતા જ હાથ લાગી. આ રીતે ઉત્કૃષ્ટ પ્રભુભક્તિ વગેરે અનેક શુભ ક્રિયાઓમાં પોતાનું મન લગાવવાની કોશિશ કરી. પરંતુ તેઓ મનને એકાગ્ર કરવાના જેટલા પ્રયાસ કરતા ભોગ-વિલાસના વિચાર એમનો એટલો જ પીછો કરતા. અંતમાં વ્રતભંગના મહાપાપથી બચવા માટે એમણે આત્મહત્યા કરવાનો નિર્ણય કર્યો. પરંતુ એમનું આયુષ્ય બળવાન હતું. માટે મોતે પણ એમને સાથ ન આપ્યો. મરવા માટે તેઓ પહાડથી કૂદી પડ્યા, પરંતુ દેવોએ એમને અદ્ધર પકડી લીધા. એમણે અગ્નિની ચિતામાં કૂદવાની તૈયારી કરી, ત્યારે દેવોએ અગ્નિને જળ બનાવી દીધું. પછી એમણે ફાંસી ઉપર લટકવાની કોશિશ કરી તો દેવોએ ફાંસો જ કાપી નાખ્યો. મરવા માટે ઝેર પીધું પરંતુ એ પણ અમૃત બની ગયું. આ પ્રમાણે આત્મહત્યાના બધા પુરુષાર્થ નિષ્ફળ થતા જોઈને તેઓ મન મનાવીને સંયમ જીવન વ્યતીત કરવા લાગ્યા.

એક દિવસ તેઓ ગોચરી માટે નિકળ્યા. એક અજાણ આવાસમાં પહોંચીને ધર્મલાભ બોલીને ગોચરીની જિજ્ઞાસા વ્યક્ત કરી. સંજોગવશ એ કોઈ સજ્જનનું નહીં પરંતુ વેશ્યાનું ઘર હતું. મુનિની મજાક ઉડાવતાં વેશ્યાએ કહ્યું ''મુનિવર આપ કદાચ માર્ગ ભટકી ગયા છો. અહીં ધર્મલાભનું નહીં પરંતુ અર્થલાભનું કામ છે.'' આ સાંભળતાં જ નંદીષેણ મુનિ અહંકારમાં આવીને પોતાનું બળ બતાવવા માટે જેવું જ એ ઘરના છતનું એક તણખલું ખેંચ્યું તેવું જ ત્યાં સાડાબાર કરોડ સોનામહોરોની વર્ષા થઈ. આ લબ્ધિ જોઈને વેશ્યા એમની ઉપર મોહિત થઈ ગઈ. એણે પોતાના હાવ-ભાવ, ચંચળતાથી મુનિને લોભાવ્યા. અને એ જ સમયે નંદીષેણ મુનિના ભોગાવલી કર્મ ઉદયમાં આવ્યા. એથી નંદીષેણ મુનિએ સંયમ વેશ ત્યાં જ ખૂંટી ઉપર ટાંગીને વેશ્યાની સાથે ભોગ-વિલાસ કરતા રહેવા લાગ્યા. આટલું થયા પછી પણ પરમાત્માના શાસનનો રાગ તો હજુ પણ એમના હૃદયમાં, રગ-રગમાં વસેલો હતો. માટે એમણે દરરોજ ૧૦ વ્યક્તિઓને પ્રતિબોધિત કરી, પરમાત્માની પાસે દીક્ષા લેવા માટે મોકલ્યા વિના ભોજન ગ્રહણ નહીં કરવાની પ્રતિજ્ઞા લીધી.

કેવું હશે એમનો વૈરાગ્ય ? એમનો ચારિત્ર પ્રેમ ? જો કે સ્વયં સંસારી વેશમાં હતા તો પણ પ્રતિદિન ૧૦-૧૦ વ્યક્તિઓને પ્રતિબોધ કરતા રહ્યા. અને એ પણ સામાન્ય વ્યક્તિઓને નહી પણ

વેશ્યાના ઉંબરે આવવાવાળા વ્યક્તિઓને સમજાવતા હતા. વેશ્યાના ઉંબરે કોણ પગ મૂકે એ તો બધાને ખબર જ છે. રખડતા, સ્ત્રીલંપટી, પૈસાના નશામાં ચકચુર હોય એવા લોકોને સાચો રસ્તો બતાવવો કેટલું કઠીન હતું. આમ કરતાં ૧૨ વર્ષ વીતી ગયા.

એક દિવસ નવ વ્યક્તિઓને પ્રતિબોધ કરીને એમને પ્રભુ પાસે મોકલ્યા પરંતુ દસમો વ્યક્તિ પ્રતિબોધિત થતો નહતો. નંદીષેણે એને દરેક પ્રકારે સમજાવવાની કોશિશ કરી. પરંતુ એ તો માનવા જ તૈયાર ન હતો. આમ સમજાવવામાં મધ્યાહ્ન થઈ ગઈ. અહીં વેશ્યા ભોજન માટે ક્યારનીય એમની રાહ જોઈ રહી હતી. ઘણીવાર થવાથી એ નંદીષેણને બોલાવવા આવી ત્યારે "હમણાં આવું છું" એમ કહીને એને પાછી મોકલી દીધી. આ ક્રમ બે-ત્રણ વાર ચાલ્યો. ત્યારે અંતમાં થાકીને વેશ્યાએ વ્યંગાત્મક શબ્દમાં કહ્યું કે "અરે નવ થઈ ગયા છે તો દસમા સ્વયં આપ." આ મર્મવચન એમને લાગી ગયું. એમણે વિચાર કર્યો "હાં એકદમ સાચી વાત છે દસમો હું સ્વયં કેમ ન હોઈ શકું ?" એ સમયે ભોગાવલી કર્મનો પણ ક્ષય થઈ જવાથી તરત જ તેઓ સાધુવેશ ધારણ કરવા લાગ્યા. આ જોઈને વેશ્યાએ પોતે કહેલા શબ્દોની માફી માંગી અને એમને રોકવાની બહુ કોશિશ કરી. પરંતુ નંદીષેણમુનિ એમના નિર્ણય ઉપર અડિગ રહ્યા, આ રીતે ૧૨ વર્ષ સુધી વેશ્યાના ઘરે રહીને નિત્ય ૧૦ લોકોને પ્રતિબોધ આપીને લગભગ ૪૩,૨૦૦ લોકોને સંયમ માર્ગમાં જોડ્યા. વ્રત ભંગ કરીને પુનઃ વ્રત ગ્રહણ કરવાવાળા વિરલ વિભૂતિઓની જેમ નંદીષેણ મુનિ પરમાત્માની પાસે આવ્યા. ત્યાં પરમાત્માની સમક્ષ એમણે પોતાના પાપોની આલોચના કરી તથા પુનઃ સંયમ અંગીકાર કર્યો.

ત્યારપછી શુદ્ધ ચારિત્ર પાળીને, તપ, જપ, સંયમ ક્રિયા સાધીને અનેક જીવોને પ્રતિબોધ આપ્યો, અંતે સમાધિપૂર્વક દેહ ત્યાગીને દેવલોકમાં ગયા. પ્રભુ મહાવીરના શાસનમાં ૮ પ્રભાવક થયા. એમાં નંદીષેણ મુનિ પ્રવચન પ્રભાવક બન્યા. ધન્ય છે આવા મુનિવરને.... ધન્ય છે તેઓ પણ જેમણે એમને જોયા હશે...

## યાકિની મહત્તરાસૂનુ હરિભદ્ર સૂરિજી મ.સા.

આચાર્ય હરિભદ્ર સૂરિજી મ.સા.નો જન્મ બ્રાહ્મણકુળમાં થયો હતો. તેઓ ચિત્તૌડના રાજપુરોહિત હતા. એમની સ્મરણશક્તિ અત્યંત જ સૂક્ષ્મ હતી. વેદશાસ્ત્રના પ્રકાંડ વિદ્વાન અને પ્રતિભા સંપન્ન હોવાથી એમની પ્રસિદ્ધિ દૂર-દૂર સુધી ફેલાયેલી હતી. બચપનથી જ એમને જૈનધર્મથી બહુ દ્વેષ હતો.

એક દિવસ અજાણતાં જ તેઓ કોઈ જૈન મંદિરમાં જતા રહ્યા. મંદિરમાં પ્રભુની ભવ્ય પ્રતિમા જોઈને એમના હૃદયમાં ઈર્ષ્યા અને દ્વેષની આગ પ્રજ્વલિત થઈ ગઈ. એમને એ પ્રતિમામાં

વીતરાગતા, સમતા, પ્રસન્નતા વગેરે ગુણોના બદલે અનેકાનેક દોષો દેખાવા લાગ્યા. અને તેઓ પ્રભુ પ્રતિમાની મજાક ઉડાવતા બોલી ઉઠ્યા.

**વપુરેવ તવાચષ્ટે સ્પષ્ટં મિષ્ટાન્નભોજનમ્ ।**

"વાહ રે તારી વીતરાગતા ! તારુ હૃષ્ટ-પુષ્ટ શરીર જ સૂચિત કરે છે કે તુ મિષ્ટાન્નનું ભોજન કરતો હશે, કેમકે તપસ્યા અને પુષ્ટ દેહનો ક્યારેય સમાગમ નથી હોતો."

એમને પોતાના પાંડિત્યપણાનું અભિમાન હતું. એ કારણે તેઓ પોતાના પેટ ઉપર મજબૂત પટ્ટો બાંધીને ફરતા હતા. જો કોઈ આ સંદર્ભમાં પ્રશ્ન પૂછે તો તેઓ એ જ કહેતા કે "મારું જ્ઞાન દિન-પ્રતિદિન વધતું જાય છે, એ પેટ ફાડીને બહાર ન નીકળી જાય, માટે આ પાટો બાંધી રાખ્યો છે." તેઓ પોતાની સાથે એક સીઢી એક જાળ તથા એક કોદાળી પણ રાખતા હતા. એ બતાવવા માટે કે જો કોઈ વાદી મારા ભયથી ભૂમિમાં ઘુસી જાય, તો એને આ કોદાળીથી ખોદીને હું બહાર કાઢી દઉં. જો જલમાં છુપાઈ જાય તો એને આ જાળમાં ફસાવી દઉં. અને કોઈ આકાશમાં ચઢી જાય તો એને આ સીઢીથી નીચે ઉતારી દઉં. અર્થાત્ એમને પોતાના જ્ઞાનનું અત્યધિક અજીર્ણ થઈ ચૂક્યું હતું. તેઓ પોતાની જાતને 'સર્વજ્ઞપુત્ર' માનતા હતા. આ આધારે એમણે એક પ્રતિજ્ઞા કરી હતી કે "જો હું કોઈ શાસ્ત્રનું રહસ્ય ન સમજી શકું અને એ રહસ્ય મને કોઈ સમજાવી દે, તો હું એનો આજીવન શિષ્ય બની જઈશ."

એક દિવસ એક એવી આશ્ચર્યજનક ઘટના ઘટિત થઈ, જેથી હરિભદ્રનું અભિમાન ચૂર-ચૂર થઈ ગયું અને એમના જીવનમાં ભારે પરિવર્તન આવી ગયું. એક દિવસ તેઓ એક જૈન ઉપાશ્રયની નજીકથી ગુજરી રહ્યા હતા. એ ઉપાશ્રયમાં એક સાધ્વીજી મ.સા. 'ક્ષેત્રસમાસ' ગ્રંથનું સ્વાધ્યાય કરી રહ્યા હતા. એક જ ગાથાનું પુનરાવર્તન ચાલી રહ્યું હતું. પુરોહિત હરિભદ્રે એ ગાથાને ધ્યાનપૂર્વક સાંભળી અને તેઓ ચિંતનની ઉંડી ખાઈમાં ખોવાઈ ગયા. એ ગાથા આ પ્રમાણે હતી.

**ચક્કી દુગં હરિ પણગં, પણગં, ચક્કીણં કેસવો ચક્કી ।**
**કેસવ ચક્કી કેસવ દુ, ચક્કી કેસી ચ ચક્કી ય ।**

પં. હરિભદ્ર આ ગાથાના અર્થના વિષયમાં વિચારતા રહ્યા કે આ ચક્કી-ચક્કી શું છે ? મારા વેદશાસ્ત્રમાં તો હજુ સુધી આવો કોઈ શબ્દ આવ્યો નથી ? એમને આ ગાથાના અર્થની સમજણ ન પડી. વારંવાર વિચારવા છતાં પણ એમને નિરાશા જ હાથ લાગી. એમને પોતાની પ્રતિજ્ઞા યાદ આવી અને એ ગાથાના રહસ્યને જાણવા માટે તેઓ સાધ્વીજી મ.સા.ની પાસે ગયા.

એમણે નમ્રતાપૂર્વક હાથ જોડીને સાધ્વીજી મ.સા.ને નિવેદન કર્યું કે ''આપ જે ગાથાનું વારંવાર પુનરાવર્તન કરી રહ્યા છો, હું એનો અર્થ જાણવા માંગું છું, કૃપયા તમે એનો અર્થ મને સમજાવો, તો હું આપનો જીવનભર આભારી રહીશ.''

ઉમરમાં કંઈક પ્રૌઢ એવા યાકિની મહત્તરા સાધ્વીજી મ.સાહેબે જવાબ આપ્યો કે, ''અમે રાત્રિના સમયમાં કોઈપણ પુરુષની સાથે વાતો નથી કરતા. આ અમારી મર્યાદા છે. ઉપદેશ આપવાનું કામ અમારા આચાર્ય મહારાજનું છે. તેઓ આપને આ ગાથાનું મહત્ત્વ સમજાવશે.'' સાધ્વીજી મ.સા.ની આચાર સંહિતા અને મર્યાદા પાલનથી પં.હરિભદ્રના દિલ ઉપર બહુ જ ઉંડો પ્રભાવ પડ્યો. સાધ્વીજી મ.સા.ના ઉપાશ્રયથી નીકળીને તેઓ પોતાના ઘરે ગયા અને એમણે પૂરી રાત આચાર્યશ્રીને મલવાની ઉત્સુકતામાં પસાર કરી. કલ્પનાની આંખોથી તેઓ આચાર્યશ્રીની છબીને નિહાળી રહ્યા હતા કે કેવા હશે તે આચાર્યદેવ ? શું કરતા હશે ? કેવી રીતે બોલતા હશે ? વગેરે વિચારોમાં ડૂબેલા પં. હરિભદ્ર બીજા દિવસે સવારે આચાર્યશ્રીના વંદનાર્થે નીકળી પડ્યા.

અત્યંત ઉત્સાહ અને આનંદની સાથે પં.હરિભદ્રએ ઉપાશ્રયમાં પ્રવેશ કર્યો. ઉપાશ્રયમાં પ્રવેશ થતાં જ એમને એક નવા વાતાવરણની અનુભૂતિ થઈ ઉપાશ્રયના એક ખંડમાં પોત-પોતાના સ્થાન ઉપર સાધુ મહાત્મા બેઠેલા હતા. કેટલાક સ્વાધ્યાયમાં લીન હતા, તો કેટલાક જાપ કરી રહ્યા હતા. તો કેટલાક વૈયાવચ્ચમાં તલ્લીન હતા. મહાત્માઓની જ્ઞાન-સાધના અને ધ્યાન-મગ્નતાને જોઈને પં. હરિભદ્ર અત્યંત પ્રભાવિત થયા. એમણે એક મહાત્માજીની પાસે જઈને પૂછ્યું કે, ''આચાર્ય ભગવંત ક્યાં છે ?'' ઉત્તરમાં મહાત્માજીએ આચાર્ય ભગવંતના આસનની તરફ સંકેત કર્યો. પં. હરિભદ્રએ આચાર્ય ભગવંતની તરફ જોયું. આચાર્ય ભગવંતનો તેજસ્વી ચહેરો, નયનોમાંથી વહતી વાત્સલ્યની અમીધારા, ભાલ ઉપર બ્રહ્મચર્યનું દિવ્ય તેજ આ બધું જોઈને હરિભદ્રની આંખો આશ્ચર્યચકિત થઈ ગઈ.

એમને જોઈને આચાર્ય ભગવંતે કહ્યું, ''બુદ્ધિનિધાન ! કુશલ છો ને ? અહીં કેમ આગમન થયું ?'' આચાર્યદેવની વાત્સલ્યપૂર્ણ વાણીથી પં. હરિભદ્ર આનંદિત થઈ ઉઠ્યા. પં.હરિભદ્રએ અત્યંત નમ્રતાથી કહ્યું - ''ગુરુદેવ ! હું 'ચક્કી દુગં' ગાથાનાં રહસ્યને સમજવા માટે આપની પાસે આવ્યો છું, કૃપા કરીને મને એનું રહસ્ય સમજાવો.'' જવાબમાં આચાર્ય મહારાજે જૈનશાસ્ત્ર અનુસાર કાળનું અવસર્પિણી - ઉત્સર્પિણી વગેરે સ્વરૂપ વિસ્તારપૂર્વક હરિભદ્રને સમજાવતા કહ્યું - ''આ અવસર્પિણીમાં ક્રમાનુસાર બે ચક્રવર્તી, પાંચ વાસુદેવ, પાંચ ચક્રવર્તી, એક વાસુદેવ, એક ચક્રવર્તી, એક વાસુદેવ, એક ચક્રવર્તી, એક વાસુદેવ, બે ચક્રવર્તી, એક વાસુદેવ, એક ચક્રવર્તી આ પ્રમાણે બાર ચક્રવર્તી અને નવ વાસુદેવ હોય છે.'' જૈન સિદ્ધાંતોમાં રહેલા કાલ વગેરેના એવા સુસંવાદી સ્વરૂપ સાંભળ્યા સમજ્યા પછી હરિભદ્રને પોતાનાં જ્ઞાનનું ગર્વ ઉતરી ગયું.

પં. હરિભદ્ર ઉપાશ્રયની પાસે જ ભવ્ય જિનમંદિરમાં રહેલા જિનેશ્વરદેવની પ્રતિમાના દર્શન કરવા ગયા. પ્રભુદર્શનની સાથે જ એમનો મનમયૂર નાચી ઉઠ્યો. અને તે પ્રભુની સ્તુતિ કરતા કહેવા લાગ્યા કે -

**વપુરેવ તવાચષ્ટે ભગવન્ ! વીતરાગતામ્ ।**
**ન હિ કોટરસંસ્થેઽગ્નૌ, તરુર્ભવતિ શાડ્વલઃ ।**

''હે પ્રભો ! આપની મૂર્તિ જ વીતરાગતાનું સૂચક છે, કેમકે જે વૃક્ષની કોટરમાં અગ્નિ લાગી હોય, એ વૃક્ષ લીલું-છમ કેવી રીતે રહી શકે છે ?'' ત્યાર પછી એમણે એમની પ્રતિજ્ઞાનું પાલન કર્યું અને આચાર્ય ભગવંતની પાસે દીક્ષા ગ્રહણ કરી. પ્રવ્રજ્યાગ્રહણ કર્યા પછી મિથ્યાભિમાની હરિભદ્રનું જીવન જ પરિવર્તિત થઈ ગયું. જૈનાગમની વિશાળતા અને વિરાટતાનો અનુભવ કરી તેઓ બોલી ઊઠ્યા.

**હા અણાહા કહં હુંતો, જઈ ન હુંતો જિણાગમો ?**

''હા ! આપણે અનાથ થઈ જાત, જો આપણને જિનાગમની પ્રાપ્તિ ન થઈ હોત.'' એમની યોગ્યતા જોઈને ગુરુદેવશ્રીએ એમને 'આચાર્યપદ'થી વિભૂષિત કર્યા. અને હવે મુનિ હરિભદ્ર 'આચાર્ય હરિભદ્રસૂરિ'ના રૂપમાં ઓળખાવવા લાગ્યા.

હરિભદ્રસૂરિજીના બે ભાણીયા હંસ અને પરમહંસે એમની પાસે દીક્ષા લીધી. એકવાર એમણે હરિભદ્રસૂરિજીને કહ્યું ''ગુરુદેવ જૈનદર્શનના અધ્યયન પછી અમને બૌદ્ધ દર્શનના અધ્યયનની તીવ્ર ઇચ્છા છે. કાશીના બૌદ્ધમઠમાં બૌદ્ધ-ધર્મનું એક મહાવિદ્યાલય છે. કૃપા કરીને અમને ત્યાં જવાની અનુમતિ આપો.'' ગુરુદેવે કહ્યું ''હે વત્સ ! હું તમારી જિજ્ઞાસાથી અતિ પ્રસન્ન છું, પરંતુ તમારું બૌદ્ધમઠમાં જવું, હિતકર નથી.'' શિષ્યોએ કહ્યું ''ગુરુદેવ ! ત્યાં ગયા વિના બૌદ્ધ-દર્શનની રહસ્યપૂર્ણ વાતોનો અને જૈનદર્શનની વાસ્તવિકતાનું જ્ઞાન કેવી રીતે થશે ? માટે આપ અમને ત્યાં જવાની અનુમતિ પ્રદાન કરો.'' ગુરુદેવે એ બંનેની ભાવનાઓને જાણી લીધી, પરંતુ બૌદ્ધમઠમાં વિદ્યાધ્યયનાર્થે જવામાં એમને કાંઈ હિત લાગ્યું નહીં. પરંતુ શિષ્યોના અત્યંત આગ્રહ આગળ આચાર્ય હરિભદ્રસૂરિજી મૌન રહ્યા. એમના મૌનને સંમતિ માનીને બંને મુનિ છદ્મ વેશમાં ત્યાંથી રવાના થઈ ગયા. હંસ અને પરમહંસ બંને મુનિ બૌદ્ધમઠમાં પહોંચી ગયા. એ બૌદ્ધમઠમાં હજારો વિદ્યાર્થી વિદ્યાધ્યયન કરતા હતા, જેમને ભણાવવા માટે બૌદ્ધદર્શનના ૧૫૦૦ પ્રકાણ્ડ પંડિત હતા.

હંસ અને પરમહંસ બંનેએ વિદ્યાલયમાં પ્રવેશ લઈ લીધો. અને તેઓ ઉત્સાહપૂર્વક બૌદ્ધદર્શનનું સૂક્ષ્મ દૃષ્ટિથી અધ્યયન કરવા લાગ્યા બન્ને જૈનદર્શનના પ્રકાણ્ડ વિદ્વાન તો હતા જ, માટે એમણે બૌદ્ધદર્શનના જૂઠા આરોપોને પણ સમજવાનો પ્રયત્ન કર્યો. કેટલાક દિવસ ત્યાં રહ્યા પછી એક દિવસ હંસ અને પરમહંસના કમરામાંથી બૌદ્ધમતના ખંડનના કેટલાક પોઈન્ટ લખેલા કાગળ ઉડતાં-ઉડતાં મૈદાનમાં પહોંચી ગયા, એ કાગળને જોઈને બૌદ્ધોને શંકા થવા લાગી કે કોઈ જૈનધર્મી અહીં

વેશ પરિવર્તન કરીને શિક્ષા ગ્રહણ કરી રહ્યો છે. એને શોધી કાઢવો પડશે. આમ વિચારીને બૌદ્ધોના ધર્મગુરુએ પોતાના એક શિષ્ય પાસે ભોજનશાળાની નીચે ઉતરતી સીઢી ઉપર અરિહંતદેવનું ચિત્ર (આકૃતિ) કરાવ્યુ.

જયારે બધા વિદ્યાર્થીઓ ભોજન લઈ તે સીઢી પર થી ઉતરતા હતા ત્યારે એમણે અરિહંત દેવનું ચિત્ર જોયું. બૌદ્ધવિદ્યાર્થી અરિહંત દેવના ચિત્ર ઉપર પગ રાખીને જવા લાગ્યા. પરંતુ હંસ અને પરમહંસ અરિહંત પ્રભુના ચિત્રને જોતાં જ ચૌકી ગયા. એમણે વિચાર્યું, ''હોય ન હોય, આજે આપણો ભેદ ખૂલી ગયો છે એવું પ્રતીત થાય છે. હવે શું કરવું જોઈએ ?'' બંને ભાઈ ચિંતાતુર થઈ ગયા. અરિહંત દેવના ચિત્ર ઉપર પગ રાખવો તો જિનેશ્વરદેવની ઘોર આશાતના છે. અરિહંત દેવનો આપણી ઉપર અસીમ ઉપકાર છે. જાન આપી દઈશું, પરંતુ અરિહંત પ્રભુની આશાતના નહીં કરીએ.

આમ વિચારતાં-વિચારતાં એમને એક વિચાર સૂઝ્યો. હંસે એ ચિત્રના ગળા ઉપર ત્રણ રેખાઓ અંકિત કરી દીધી. આવું કરવાથી ચિત્રનું રૂપ બદલાઈ ગયું. હવે તે ચિત્ર અરિહંતદેવના બદલે મહાત્મા બુદ્ધનું થઈ ગયું અને બન્ને તે ચિત્ર ઉપર પગ મુકીને નીચે ઉતરી ગયા. આ ઘટનાની તપાસ માટે બે બૌદ્ધ ભિક્ષુ ગુપ્તરૂપે બેઠેલા હતા. એમણે આ દશ્ય જોયું, તો તેઓ ગુસ્સાથી લાલ-પીળા થઈ ગયા. તેઓ તરત જ પોતાના ધર્માચાર્યની પાસે ગયા અને પૂરી ઘટના સંભળાવી. એમણે કહ્યું ''જો તમારી આજ્ઞા હોય તો, અમે એમને જાનથી મારી નાંખીએ.''

બૌદ્ધાચાર્યએ કહ્યું ''આટલી ઉતાવળ ન કરો, આ તો અધૂરી પરીક્ષા છે. આજે તમે મધ્યરાત્રિએ છત ઉપર જોર-જોરથી ઘડા ફોડજો. ઘડા ફૂટવાની અવાજથી બધા ભયભીત થઈ જશે અને પોતાના ઇષ્ટદેવનું સ્મરણ કરવા લાગશે. તથા એમના જૈન હોવાની સાચી ખબર પણ પડી જશે.''

બીજી રાત્રે આ બીજો પ્રયોગ કરવામાં આવ્યો. ઘડા ફૂટવાથી બધા વિદ્યાર્થી ગભરાઈને ઉઠી ગયા. અને કોઈ ભયંકર ઘટનાની આશંકાથી પોતાના ઇષ્ટદેવ 'બુદ્ધં શરણં ગચ્છામિ.'નો જાપ કરવા લાગ્યા. પરંતુ હંસ અને પરમહંસ જોરથી નવકારમંત્રનો જાપ કરવા લાગ્યા. 'નમો અરિહંતાણં'નો અવાજ સાંભળતાં જ બૌદ્ધ ભિક્ષુઓને વિશ્વાસ થઈ ગયો કે આ બંને જૈન જ છે. અને બૌદ્ધોનું ખંડન કરવા માટે જ ગુપ્ત રૂપે અહીં વિદ્યાધ્યયન કરી રહ્યા છે. એમણે તરત જ આ સમાચાર પોતાના ધર્માચાર્યને જઈને સંભળાવ્યા.

હંસ અને પરમહંસને આ ષડ્યંત્રની ગંધ આવી ગઈ હતી. તેઓ ત્યાંથી બહાર નીકળવાનો ઉપાય વિચારીને ભાગી ગયા. બૌદ્ધ ભિક્ષુઓને આ વાતની ખબર પડી ગઈ. અને એમણે એમનો પીછો કર્યો. આ દરમ્યાન શસ્ત્રધારી સન્યાસી ત્યાં આવી પહોંચ્યા. એમણે હંસ અને પરમહંસ ઉપર બાણોનો વરસાદ આરંભ કરી દીધો. સતત બાણ-વૃષ્ટિથી હંસ ઘાયલ થઈને પૃથ્વી ઉપર પડી ગયો અને મરી ગયો. ભાઈના મૃત્યુથી પરમહંસને બહુ જ દુઃખ થયું. કોઈને કોઈ રીતે પોતાની જાતને

શત્રુઓથી બચાવતો એ ગુરુચરણોમાં પહોંચી ગયો. પરમહંસે ગુરુચરણોમાં નમસ્કાર કર્યા અને ગુરુઅવજ્ઞાની ક્ષમાયાચના કરી. ગુરુદેવે એને આશ્વાસન આપ્યું અને પૂછ્યું ''વત્સ ! હંસ ક્યાં છે ?'' પરમહંસે બૌદ્ધોની ક્રૂરતા અને નિર્દયતાના વિષયમાં વિસ્તારથી વર્ણન કર્યું. એમનું મૃત્યુનું વર્ણન એટલું હૃદયવિદારક હતું કે વર્ણન કરતાં-કરતાં પરમહંસનું પણ પ્રાણપંખેરું ઉડી ગયું.

હંસ અને પરમહંસના મૃત્યુથી આચાર્યશ્રી હરિભદ્રસૂરિ કમ્પિત થઈ ગયા. એમનું દિલ દ્રવી ગયું. તેઓ પોતાના સુયોગ્ય શિષ્યોની વિરહ-વેદનાને સહન ન કરી શક્યા. એમણે પોતાના શિષ્યોની સાથે થયેલા દુર્વ્યવહારનો બદલો લેવા માટે પોતાની મંત્રશક્તિથી બૌદ્ધધર્મના ૧૪૪૪ શિષ્યોને આકાશ માર્ગે બોલાવી લીધા. તથા એમની સાથે શાસ્ત્રાર્થ કરવા માટે તૈયાર થઈ ગયા. એમાં કડી શરત એ રાખવામાં આવી કે હારવા વાળાને તેલની ગરમ કડાઈમાં કુદવું પડશે. શાસ્ત્રાર્થમાં બૌદ્ધ હારી ગયા. બધાને ગરમ તેલની કડાઈમાં નાંખવાની તૈયારી હતી. જ્યારે યાકિની મહત્તરાને આ વાતની ખબર પડી ત્યારે તે આલોચના લેવાના બહાને સૂરિજીની પાસે આવી અને કહ્યું - ''ગુરુદેવ ! કાલે મારા પગથી એક દેડકાની હત્યા થઈ ગઈ, માટે પ્રાયશ્ચિત લેવા આવી છું.'' ત્યારે ગુરુદેવે કહ્યું ''સાવધાની રાખવી જોઈએ, આ પાપનું આપને એક અઠ્ઠમનું દંડ આવશે.'' યાકિની મહત્તરાએ પણ સહી સમયે ચેતાવણી આપતાં કહ્યું ''ગુરુદેવ પછી આ ૧૪૪૪ પંચેન્દ્રિય મનુષ્યની હત્યાના આપને કેટલા અઠ્ઠમ આવશે ?'' આ સાંભળતાં જ આચાર્યશ્રી ચિંતનમાં ડૂબી ગયા. એમના વિચાર બદલાઈ ગયા. અને એમણે બધા બૌદ્ધ શિષ્યોને એ જ માર્ગથી પાછા મોકલી દીધા. પોતાની ભૂલ સ્વીકાર કરતાં એમણે પોતાના ગુરુદેવ પાસે આ પાપનું પ્રાયશ્ચિત માંગ્યું. પ્રાયશ્ચિતમાં ગુરુદેવે એમને ૧૪૪૪ ગ્રંથ રચવાનું કહ્યું. પ્રાયશ્ચિત લઈને હરિભદ્રસૂરિજી રાત-દિવસ સાહિત્ય સર્જનમાં લાગી ગયા. એમણે આવશ્યક સૂત્ર, નન્દીસૂત્ર, દશવૈકાલિક, અનુયોગદ્વાર વગેરે આગમો ઉપર ટીકાઓ રચી. મહાનિશીથ ગ્રંથનું પુનરુદ્ધાર કર્યું. એના સિવાય અનેકાન્ત-જયપતાકા, યોગદષ્ટિ-સમુચ્ચય, ષડ્દર્શન, યોગશતક, યોગબિન્દુ, અષ્ટક પ્રકરણ, પંચાશક વગેરે ઘણા ગ્રંથો રચ્યા. લગભગ વિ.સં.૭૮૫ માં હરિભદ્રસૂરિજી કાલધર્મ પામ્યા. ધન્ય છે આવા મહાવિદ્વાન ગુરુભગવંતને જેમણે પ્રાયશ્ચિત રૂપમાં આટલા મહાન ગ્રંથની રચના કરી અને જિનશાસનની પ્રભાવના કરી... ધન્ય જિનશાસન ધન્ય મુનિવરા...

## જગદ્ગુરુ હીરસૂરીશ્વરજી મ.સા.

ગુજરાત પ્રાંતના પાલનપુર નગરમાં કુરાંશાહ શ્રેષ્ઠી પોતાની પત્ની નાથીબાઈ તેમજ ત્રણ પુત્રોની સાથે રહેતા હતા. વિ.સં. ૧૫૮૩ માં નાથીબાઈએ એક પુત્રને જન્મ આપ્યો. પુત્રનું નામ રાખવામાં આવ્યું 'હીર'. હીર જ્યારે ૧૨ વર્ષના થયા ત્યારે એમના માતા-પિતાની અકાળ મૃત્યુ થઈ

જવાથી એમનું મન ખિન્ન થઈ ગયું; એ સમયે દાનસૂરીશ્વરજી મ.સા.થી વૈરાગ્ય વાસિત ધર્મોપદેશ સાંભળીને એમણે દીક્ષા લઈ લીધી. વિ.સં. ૧૬૧૦માં એમને આચાર્યપદ પ્રદાન કરવામાં આવ્યું. ત્યાર પછી તેઓ આચાર્ય હીરસૂરીશ્વરજીના નામથી પ્રખ્યાત થયા.

સમય પોતાની ગતિથી વહી રહ્યો હતો. એ સમયે દિલ્લીમાં અત્યંત ક્રૂર, કામી તેમજ હિંસક સમ્રાટ અકબરનું સામ્રાજ્ય ચાલી રહ્યું હતું. એકવાર ચંપા નામની શ્રાવિકાએ છઃ માસની દીર્ઘ તપસ્યા કરી. જૈનસંઘ તરફથી તપસ્વીની ચંપાબાઈના તપધર્મની અનુમોદના હેતુ ભવ્ય શોભા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું. એ શોભાયાત્રા અકબરના મહેલની નજીકથી નીકળી. આ જોઈને એણે પોતાના સેવકને પૂછ્યું ''આ કોની શોભાયાત્રા છે ?''

પરિચારકે કહ્યું ''જહાઁપનાહ ! એક જૈન સ્ત્રીએ છ માસના ઉપવાસ કર્યા છે. એની આ શોભાયાત્રા છે.'' આ સાંભળીને અકબર દંગ રહી ગયા. એને આ વાત ઉપર વિશ્વાસ ન થયો. એણે વિચાર્યું કે અમે ''રોજા'' કરીએ છીએ. દિવસે ભૂખ્યા રહીને રાત્રે જમીએ છીએ. છતાં પણ ભૂખથી દિવસે તારા દેખાવવા લાગે છે. તો આ સ્ત્રી છ મહિના સુધી માત્ર ગરમ પાણી પીને કેવી રીતે રહી શકે છે ? અકબરે કહ્યુ - ''મારે એની પરીક્ષા કરવી છે'' એવું વિચારીને એણે પોતાના મહેલના એક કક્ષમાં એને રાખી. અને એની ઉપર પૂરી પહેરેદારી કરી. એના તપને અને મુખમંડલના અપૂર્વ તેજને જોઈને અકબર પ્રભાવિત થઈ ગયા. એમણે ચંપા શ્રાવિકાને પૂછ્યું ''તું આટલા ઉપવાસ કેવી રીતે કરી શકે છે ? ત્યારે ચંપા શ્રાવિકાએ કહ્યું - ''દેવ-ગુરુની કૃપાથી'' અકબરે પૂછ્યું ''કોણ છે તારા દેવ-ગુરુ ?'' ચંપા શ્રાવિકાએ કહ્યું ''વીતરાગ અરિહંત પરમાત્મા મારા દેવ છે અને ગંધારમાં બિરાજમાન પૂજ્ય હીરસૂરીશ્વરજી મ.સા. મારા ગુરુ છે. એમની જ અસીમ કૃપાથી હું આટલો દીર્ઘ તપ નિર્વિઘ્નરૂપે પૂર્ણ કરી શકી છું.'' આ વાત સાંભળીને અકબરને હીરસૂરીશ્વરજીને મળવાની ઇચ્છા થઈ. એમણે આચાર્યશ્રીને દિલ્લી પધારવાનું આમંત્રણ મોકલ્યું. અકબર દ્વારા જૈનશાસનની પ્રભાવના થઈ શકે છે એવું વિચારીને આચાર્યશ્રીએ દિલ્લી તરફ વિહાર કર્યો.

વિ.સં. ૧૬૩૯ જેઠ વદ ૧૩ ના શુભદિવસે આચાર્યશ્રી હીરસૂરીશ્વરજીનો અન્ય ૬૭ સાધુઓની સાથે ફતેહપુર સિકરીમાં પ્રવેશ થયો. એ પ્રવેશમાં ૬ લાખ લોકો હતાં. પ્રવેશ પછી અકબર, હીરસૂરીશ્વરજીને મલવા આવ્યા. આ એમની પહેલી મુલાકાત હતી. કેવો સંયોગ બન્યો ? કામીની સામે બ્રહ્મચારી, ક્રોધીની સામે ક્ષમાવીર, ક્રૂરની સામે અહિંસકનું આજે મિલન થયું.

ત્યાર પછી અકબરે આચાર્યશ્રીને રાજમહેલમાં પધારવાનું આમંત્રણ આપ્યું. ત્યાં ગલીચો બિછાવેલો હતો. આ જોઈ આચાર્ય ભગવંત એની ઉપર ચાલવા માટે તૈયાર થયા નહી. અકબરે આનું કારણ પૂછ્યું. ત્યારે આચાર્યશ્રીએ કહ્યું ''જયાં ચક્ષુથી પ્રતિલેખન (જોવાનું) ન થતું હોય એવી

જગ્યાએ અમે પગ નથી રાખતા કેમકે ત્યાં જીવ-જંતુ હોવાની સંભાવના રહે છે.'' અકબરે સેવકો દ્વારા જેવો જ ગલીચો ઉઠાવ્યો એની નીચે કીડીઓની લાઈન જોવામાં આવી. આ દશ્ય જોઈ અકબરના આશ્ચર્યનો પાર ન રહ્યો. એ વિચારવા લાગ્યો - ''આટલા નાના પ્રાણીઓના પ્રત્યે પણ એમના દિલમાં આટલો સ્નેહ છે તો એમનું જીવન કેટલું મહાન હશે ?'' આ મુલાકાત પછી પ્રતિદિન અકબર આચાર્યશ્રીને મળતા રહ્યા અને જ્ઞાનગોષ્ઠી ચાલતી રહી. એકવાર અકબરે પોતાના ઘરમાં ચાલી રહેલી શનિની ગ્રહદશાના નિવારણનો ઉપાય પૂછ્યો. ત્યારે આચાર્યશ્રીએ સરળતા અને નિર્ભયતાથી કહ્યું ''મારો વિષય ધર્મ ઉપદેશ આપવાનો છે, જ્યોતિષનું ફલાદેશ બતાવવાનું અમારું કર્તવ્ય નથી.'' આચાર્ય ભગવંતની આચાર દઢતા જોઈને અકબર ખૂબ જ ખુશ થયા.

એક દિવસ અકબરે આચાર્યશ્રીને કહ્યુ ''અહી તપાગચ્છના પદ્મસુંદર નામના જૈનસાધુનો અલભ્ય જ્ઞાનભંડાર છે. એમના દેવલોકગમન પછી એ ભંડાર હું સંભાળી રહ્યો છું. હવે આપ એ ભંડારને સ્વીકારવાની કૃપા કરો.'' ત્યારે આચાર્યશ્રીએ કહ્યું ''અમે આ સંગ્રહને રાખીને શું કરશું ? અમને જ્યારે કોઈ ગ્રંથની આવશ્યકતા હશે, ત્યારે તે મંગાવીને એને વાંચ્યા પછી પાછુ આપી દઈશું.'' આચાર્ય ભગવંતની આ નિઃસ્પૃહ વૃત્તિથી અકબર અત્યંત પ્રભાવિત થયા.

ત્યાંથી ચાતુર્માસ કરીને આચાર્યશ્રી આગરા પધાર્યા. આચાર્યના ધર્મોપદેશથી પ્રભાવિત થઈને અકબરે કંઈક માંગવાનું કહ્યું. ત્યારે આચાર્ય ભગવંતે કહ્યુ - ''મારે બીજું તો કંઈ નથી જોઈતું પરંતુ જૈનોના મહાપર્વ પર્યુષણના દિવસો આવી રહ્યા છે. માટે એ દિવસોમાં હિંસા ન થવી જોઈએ.'' આચાર્ય ભગવંતની વાત સાંભળીને અકબરે કહ્યું ''ગુરુદેવ ! આઠ દિવસ આપના અને આગળ પાછળના બે-બે દિવસ મારા તરફથી'' આ રીતે ૧૨ દિવસ સુધી ગુજરાત-સૌરાષ્ટ્ર, દિલ્લી, ફતેહપુર, અજમેર, નાગપુર, માલવા-દક્ષિણ પ્રાંત, લાહોર-મુલ્તાન વગેરે રાજ્યોમાં ક્યાંય પણ કોઈપણ પ્રકારની હિંસા નહીં થાય.'' એવું ફરમાન અકબરે કઢાવ્યું. આચાર્યશ્રી અકબરને અહિંસા માટે અનેક રીતે સમજાવતા રહેતા હતા. એની ઉંડી અસર અકબરના દિલ ઉપર થઈ. એક દિવસ અકબર આચાર્યશ્રીની સાથે ડાબર સરોવરના તટ ઉપર ગયા ત્યાં હજારો પંખીઓ પિંજરામાં બંધ હતા. જીવદયાના ઉપદેશથી પ્રભાવિત થયેલા અકબરે એ બધા પંખીઓને છોડી દીધા.

જે અકબરે એક વખત લાહોરના આસપાસના જંગલના ૧૦ માઈલના ક્ષેત્રને પશુઓથી ભરી દીધા હતા. પછી ૫૦,૦૦૦ લોકો દ્વારા સતત પાંચ દિવસો સુધી કતલ કરાવ્યા હતા. સાથે જ જેણે ૩૬,૦૦૦ શેખ પરિવારોને ૧-૧ હરણનું ચામડુ, બે-બે શીંગડા અને એક સોનામહોર ભેટ આપી હતી. જેણે આગરાથી દિલ્લીના રસ્તા ઉપર હરણના મસ્તકોના તોરણો બંધાવ્યા હતા. જે પ્રતિદિન ૫૦૦ ચકલીઓના જીભની ચટણી બનાવીને ખાતો હતો. આવા ભયંકર હિંસક રાજાને પ્રતિબોધિત કરવાનું ઉત્તમ કાર્ય આચાર્યશ્રીએ કર્યું.

પૂ. આચાર્ય ભગવંતથી પ્રભાવિત થઈને અકબરે દિલ્લીમાં હીરસૂરિજીને જગદ્‌ગુરૂની પદવી પ્રદાન કરી. હવે ધીરે-ધીરે અકબરે માંસાહારનો પણ ત્યાગ કરી દીધો. એકવાર બધા મુસલમાનોએ ભેગા થઈને અકબરને કહ્યું કે ''આપણી વંશપરંપરામાં બધા માંસ ખાય છે તો આપ કેમ નથી ખાતા ?'' આ વાત ઉપર અકબરે કહ્યું ''બધા આંધળા કુવામાં પડી રહ્યા હોય અને એમાં એક વ્યક્તિની આંખ ખુલ્લી હોય તો એ વ્યક્તિ શું કુવામાં પડશે ?'' ''નહીં'' ''બસ એવી જ રીતે ગુરુદેવે મારી આંખ ખોલી છે, તો હું માંસ કેમ ખાઉં ?'' આ રીતે અકબરને પ્રતિબોધિત કરીને હીરસૂરિજી ગામોગામ વિચરણ કરવા લાગ્યા.

એક દિવસ એમની ગોચરીમાં ખિચડી આવી. ભૂલથી એમાં બે વાર મીઠું નાંખવાથી તે ખારી બની ગઈ હતી. છતાં પણ આચાર્યશ્રીએ સમભાવપૂર્વક એને વાપરી લીધી. એકવાર આચાર્યના પગમાં ફોલરો થઈ ગયો હતો. એની અત્યંત વેદનાને તેઓ સમભાવપૂર્વક સહન કરી રહ્યા હતા. એ રાત્રે પ્રતિક્રમણ પછી શ્રાવક આચાર્યશ્રીના પગ દબાવવા લાગ્યા. અંધારામાં કંઈ ખ્યાલ ન રહ્યો અને શ્રાવકે એ ફોલરાને પણ દબાવી દીધો. છતાં પણ આચાર્યશ્રી કંઈ પણ ન બોલ્યા. આ રીતે આવવાવાળા દરેક ઉપસર્ગ પરિષહોને સમતાપૂર્વક સહન કરતા હતા.

વિ.સં. ૧૬૫૨ના અંતિમ ચોમાસામાં તેઓ ઉનમાં બિરાજમાન હતા. વૃદ્ધાવસ્થાથી દેહ જર્જરીત તેમજ વ્યાધિગ્રસ્ત બની ગયું હતું. વૈદ્યોએ દવા આપી. પરંતુ આચાર્યશ્રીએ ઔષધ લેવા માટે ઈન્કાર કરી દીધો. અન્ય સાધુભગવંતોએ આચાર્યશ્રીને સમજાવવાની બહુ કોશિશ કરી, પરંતુ આચાર્યશ્રીએ કહ્યુ - ''હસતા-હસતા બાંધેલા કર્મની સજા સ્વીકાર્યા વગર છૂટકો નથી. સનતકુમાર મહામુનિને ભયંકર રોગ આવ્યા હતા છતાં પણ એમણે કોઈ બાહ્ય ઉપચાર ન કર્યા. મને મારા કર્મોને ખપાવવાનો અણમોલ અવસર મળ્યો છે. માટે હું ઔષધિ નહીં લઉં.'' આચાર્યશ્રીની વાત સાંભળીને શિષ્ય વિચારમાં પડી ગયા. જ્યારે શ્રાવક-શ્રાવિકાઓને આ વાતની ખબર પડી ત્યારે એમણે પણ ગુરુદેવને સમજાવ્યા. પરંતુ આચાર્યશ્રી માન્યા નહીં. બીજા દિવસે બધા સાધુ સ્વાધ્યાય બંધ કરીને માળા ગણવા બેસી ગયા. ત્યારે આચાર્યશ્રીએ કહ્યું ''આજે સ્વાધ્યાય કેમ નથી કરી રહ્યા ?'' સાધુઓએ કહ્યું ''અસજ્ઝાય હોવાથી'' આચાર્યશ્રીએ કહ્યું ''આજે અસજ્ઝાય કેવી રીતે ?'' સાધુઓએ કહ્યું ''નગરમાં ચારેબાજુ નાના-નાના બાળકો રડી રહ્યા છે કેમકે એમની માતાઓએ એમને સ્તનપાન કરાવવાનું બંધ કરી દીધું છે.'' આચાર્યશ્રીએ કારણ પૂછ્યું. ત્યારે એમણે કહ્યું ''ગુરુદેવ બધા શ્રાવક-શ્રાવિકાઓએ ખાવાનું બંધ કરી દીધું છે.'' આ સાંભળીને આચાર્યશ્રીએ તત્કાલ શ્રાવકોને બોલાવ્યા. આચાર્યશ્રીએ ઉપવાસ કરવાનું કારણ પૂછ્યું. ત્યારે શ્રીસંઘે કહ્યું ''આપે શરીરની મમતા છોડીને

ઔષધિ બંધ કરી લીધી છે તો અમે કેવી રીતે ખાઈ-પી શકીએ. શ્રીસંઘની આવી વાત સાંભળીને આચાર્યશ્રી દંગ રહી ગયા. એમણે વિચાર્યું કે મારી સાધનાને કારણે જો આટલા બધા લોકોને પીડા થાય છે તો મારે એવી સાધના નથી કરવી. માત્ર સંઘની સમાધિ માટે એમણે ઔષધિ લેવાનો સ્વીકાર કર્યો. પોતાના જીવનમાં આચાર્યશ્રીને પાઁચ વિગઈનો ત્યાગ હતો. એમણે પોતાના જીવનકાળમાં ક્યારેય એકાસણાથી ન્યૂન તપ નથી કર્યો. પોતાના જીવનમાં કુલ ૩,૬૦૦ ઉપવાસ, ૨૨૫ છઠ્ઠ, ૭૨ અઠ્ઠમ, ૨૦૦૦ આયંબિલ, ૨૦૦૦ નીવિ તથા પોતાના ગુરુદેવના કાળધર્મ પછી તેર માસ સુધી નિરંતર ક્રમશ; ઉપવાસ, આયંબિલ અને એકાસણાનું તપ કર્યું હતું. આચાર્યશ્રીના સાનિધ્યમાં ૨૦૦૦ સાધુ તેમજ ૩૦૦૦ સાધ્વીજી ભગવંતોએ સંયમધર્મની નિર્મળ સાધના અંગીકાર કરી હતી.

કેટલાક દિવસો પછી આચાર્યશ્રીનું સ્વાસ્થ બગડતું ગયું. ભાદરવા સુદ ૧૧ના દિવસે એમને આભાસ થઈ ગયો કે હવે આ દેહ વધારે સાથ આપવાનો નથી. એમણે ચાર શરણ સ્વીકાર કર્યા, દુષ્કૃત ગર્હા વગેરે કરી. શિષ્ય પરિવારથી ક્ષમાયાચના કરી. પછી નમસ્કાર મહામંત્રનું શ્રવણ કરતાં-કરતાં અત્યંત જ સમાધિપૂર્વક કાળધર્મને પ્રાપ્ત થયા.

## અભિધાન રાજેન્દ્ર કોષ રચયિતા પૂ. રાજેન્દ્રસૂરીશ્વરજી મ.સા.

કલિકાલમાં કલ્પતરુ, ભક્તોના હૃદયના નાથ એવા પૂજ્ય ગુરુદેવશ્રી રાજેન્દ્રસૂરીશ્વરજી મ.સા.નો જન્મ ભરતપુરી નગરીમાં પારેખ ગોત્રીય શ્રેષ્ઠીવર્ય ઋષભદાસજીના ઘરે થયો. કેસરબાઈની કુક્ષિથી વિક્રમ સંવત ૧૮૮૩ પોષ સુદ સાતમના ગુરુવારના શુભ દિવસે ગુરુદેવ આ ધરતીને પાવન કરવા માટે રત્નરાજના રૂપમાં અવતરિત થયા. માતા-પિતાના સુસંસ્કારોમાં ઉછરેલા રત્નરાજે માત્ર ૧૦-૧૨ વર્ષની વયમાં વ્યાપારિક શિક્ષાની સાથે-સાથે જીવ-વિચાર, નવતત્ત્વ, દંડક, લઘુસંગ્રહણી, બૃહત્સંગ્રહણી વગેરે ધાર્મિક ગ્રંથોનું અધ્યયન કર્યું હતું. પોતાના મોટાભાઈ માણિકચન્દજીની સાથે તેઓ કેશરીયાજીની યાત્રા કરવા ગયા. ત્યાં એમણે સૌભાગ્યમલજીની પુત્રી રમાને ડાકિનીના વળગાડથી બચાવીને નવકારમંત્ર ઉપર પોતાની અટૂટ શ્રદ્ધાનો પરિચય આપ્યો. તીર્થયાત્રા પછી તેઓ વંશ પરંપરાગત ઝવેરાતનો વ્યાપારમાં જોડાઈ ગયા. કેટલાક સમય પછી પોતાના ભાઈની સાથે સિલોન (શ્રીલંકા) વ્યાપાર માટે ગયા. ત્યાં ધન ઉપાર્જન કરીને વૃદ્ધાવસ્થાને પ્રાપ્ત થયેલા પોતાના માતા-પિતાની સેવા કરવાની ઇચ્છાથી પોતાની જન્મભૂમિમાં પધાર્યા. થોડાં જ સમયમાં આયુષ્ય પૂર્ણ થતાં

એમના માતા-પિતા પરલોક પ્રયાણ કરી ગયા. માતા-પિતાના અકસ્માત્ નિધનથી રત્નરાજનું મન સંસારથી વિરક્ત થઈ ગયું.

સંયોગવશ એજ વર્ષે પ્રમોદસૂરીશ્વરજી મ.સા.નું ચાતુર્માસ ભરતપુરમાં થયું. એમના ભાવવાહી પ્રવચનોથી રત્નરાજે જાણ્યું કે "જો વ્યક્તિ મનુષ્યભવમાં સ્વ-પર કલ્યાણ ન કરે તો એનું જીવન નિષ્ફળ થઈ જાય છે." માટે "જ્ઞાનસ્ય સારં વિરતિ:" આ સૂત્રના અનુસારે રત્નરાજે પણ સંયમ ગ્રહણ કરવાનો નિર્ણય કર્યો. પોતાના ભાઈ-ભાભી પાસે સંયમની આજ્ઞા ગ્રહણ કરીને ઉદયપુરમાં ૧૯૦૪ વૈશાખ સુદ પાંચમ, શુક્રવારના શુભ દિવસે એમણે ચારિત્ર ગ્રહણ કર્યું. એમનું નામ 'રત્નવિજયજી' આપવામાં આવ્યું. દીક્ષા પછી ખરત્તરગચ્છીય સાગરચન્દ્રજી મહારાજની પાસે પાંચ વર્ષના અલ્પકાળમાં જ એમણે ન્યાય સિદ્ધાંત મુક્તાવલી, વ્યાકરણ, કાવ્ય, કોષ, અલંકાર, જ્યોતિષ શાસ્ત્રાદિ ગ્રંથોનું જ્ઞાન પ્રાપ્ત કર્યું. તથા શ્રીપૂજ્ય દેવેન્દ્રસૂરિજીની પાસે ૩ વર્ષ સુધી શંકા-સમાધાન સહિત સુચારુ રૂપથી ૪૫ આગમોનો પણ અભ્યાસ કર્યો. શ્રીપૂજ્યજીએ રત્નવિજયજીને વિનય-વિવેકાદિ ઉત્તમ ગુણોથી સુશોભિત જોઈ તથા એમને યોગ્ય પાત્ર જાણીને પરંપરાથી ચાલી આવતી કેટલીય અલભ્ય વિદ્યાઓ પ્રદાન કરી. ત્યારપછી રાધનપુરમાં શ્રી દેવેન્દ્રસૂરિજીએ પોતાનો અંતિમ સમય જાણીને શ્રી ધીરવિજયજીને શ્રી પૂજ્યપદ આપીને ધરણેન્દ્રસૂરિ બનાવ્યા.

પરંતુ હજુ તેઓ આના લાયક ન હોવાને કારણે તપાગચ્છને સંભાળવાનો ભાર પન્યાસ રત્નવિજયજીને સોંપ્યો. અને શ્રીપૂજ્ય બનેલ ધરણેન્દ્રસૂરિજીને કહ્યું "ધરણેન્દ્રસૂરિ આપ પણ રત્નવિજયજીની પાસે રહીને જ્ઞાનાર્જન કરજો, એમની આજ્ઞાને શિરોધાર્ય કરજો તથા તેઓ જે મર્યાદાઓ બતાવે તેનું ઉલ્લંઘન કરશો નહીં." પં. રત્નવિજયજીએ પણ નિષ્ઠાપૂર્વક પોતાની જવાબદારીને નિભાવતાં અલ્પ આયુમાં ધરણેન્દ્રસૂરિ વગેરે ૫૦ યતિઓને આગમોનું અધ્યયન કરાવ્યું અને બીકાનેર તથા જોધપુરનાં નરેશને પોતાના વિદ્યાબળથી ખુશ કરીને ધરણેન્દ્રસૂરિજીને છડી-ચામર વગેરે રાજ સન્માન અપાવ્યા. ધરણેન્દ્રસૂરિજીએ વિક્રમ સંવત ૧૯૨૩માં પં.રત્નવિજયજીને દફતરી પદથી સન્માનિત કર્યા. પૂરા ગચ્છમાં પં.રત્નવિજયજીનું બહુ જ માન-સન્માન હતુ. પરંતુ એમની અલિપ્ત આત્મામાં સદૈવ શુદ્ધ સાધ્વાચારની જ ઝંખના હતી. અને બીજી બાજુ ગચ્છની વધતી જતી શિથિલતાથી એમનું મન હંમેશા ચિંતિત રહેતું હતું.

૧૯૨૩માં ઘાણેરાવમાં રત્નવિજયજીના મેઘ સમાન ગંભીરવાણીમાં ચાલી રહેલા ભાવવાહી પ્રવચનોની સર્વત્ર પ્રશંસા થવા લાગી. નાડોલ, સાદડી, વગેરે આસ-પાસના ગામના નિવાસી પણ વ્યાખ્યાન શ્રવણ માટે આવતા હતા. તથા વ્યાખ્યાન સાંભળીને મુક્ત કંઠે રત્નવિજયજીની પ્રશંસા કરતા હતા. પન્યાસજીની વધતી કીર્તિ તથા વધતા ભક્તોને જોઈ પૂજ્યશ્રી મનમાં ને મનમાં એમની ઈર્ષ્યા

કરવા લાગ્યા. અહીં પન્યાસજીને પણ યતિગણોમાં વ્યાપ્ત શિથિલાચાર બહુ જ ખટકતો હતો. પરંતુ તેઓ કોઈ સારા મોકાની તલાશમાં હતા. થોડા જ સમયમાં એમને સામેથી જ આ મોકો મળી ગયો.

એક દિવસ ધરણેન્દ્રસૂરિજીએ અત્તરની કેટલીક બૂંદો રત્નવિજયજી પર છાંટતા કહ્યું ''લો આ અત્તરની પરીક્ષા કરો. મને તો બહું સારું લાગ્યું. તમને કેવું લાગ્યું ?'' પર્યુષણ પર્વના આરાધનાના દિવસોમાં ચાલી રહેલી આ વિષય પોષણથી રત્નવિજયજીનું મન ખળભળી ઉઠ્યું. તથા ઉચિત અવસર જાણીને ગંભીરતાપૂર્વક કહ્યું - ''પૂજયશ્રી ! ગૃહસ્થને માટે આ શોભાસ્પદ હોઈ શકે છે પરંતુ સાધુને માટે તો આ અત્તર ગધેડાના મૂત્રથી અધિક નથી. વળી તમે પોતે ગચ્છનાયક થઈ આ ઈન્દ્રિયોના વિષય પોષણમાં આસક્ત બનશો તો પૂરો ગચ્છ શિથિલાચારની ખાઈમાં ફેંકાઈ જશે એનું જવાબદાર કોણ ? પન્યાસજીના મુખેથી આવા શબ્દ સાંભળીને શ્રી પૂજયજી ગુસ્સામાં લાલચોળ થઈને બોલ્યા, ''પન્યાસજી એ તો આપ અહીં છો. માટે આપને આટલું માન-સન્માન મળી રહ્યું છે. ક્યાંક બીજે હોત તો દફતરી પદ પણ મળવું અસંભવ હોત. શ્રી પૂજય પદ તો સપનું છે સપનું. કથની અને કરણીમાં મોટું અંતર હોય છે. શ્રી પૂજય બનીને જો આપ ચારિત્ર પાલન કરીને બતાવો તો અમે માનીએ. આ તો અમે છીએ કે આપને નિભાવી રહ્યા છીએ કોઈ બીજા હોત તો ખબર પડી જાત.'' ધરણેન્દ્રસૂરિજીને એ વાતનો અંદાજો નહતો કે એમના આ શબ્દો જ એમની શિથિલતાની જડોને હલાવી દેશે.

પન્યાસજીએ ગંભીર અને શાંત પ્રકૃતિથી વિચાર કર્યો કે વાસ્તવમાં સત્તાના નશાએ એમને આંધળા કરી લીધા છે. જેમ શરીરના કોઈ અંગમાં કોઈ રોગ આવી જાય તો એનું નિવારણ અતિ આવશ્યક હોય છે, અન્યથા રોગ પૂરા શરીર માટે નુકસાનકારી સિદ્ધ થઈ શકે છે. તેમ શિથિલતારૂપી આ રોગનું નિવારણ પણ અતિ આવશ્યક છે. નહીંતર આખા સંઘને ભવિષ્યમાં ભારે નુકસાન ઉઠાવવું પડશે. મારા વચન અત્યારે એમની ઉપર કોઈ અસર નહીં કરે, પરંતુ એમને સાચા રસ્તે લાવવા માટે કેટલાક વિશિષ્ટ પંગલા મારે ભરવાં જ પડશે. આ રીતે વિચાર કરીને રત્નવિજયજી બોલ્યા - ''શ્રીમાન્, જોતાં જાઓ હવા કઈ બાજુ જાય છે. આ ઉન્માદ અને શિથિલાચારરૂપી રોગનું નિવારણ અતિ આવશ્યક છે. માટે ઔષધિના કડવા ઘૂંટ પીવા માટે આપ તૈયાર રહેજો. હું જલ્દી ઔષધિ મોકલીશ.'' સાચે જ ધન્ય છે ગુરુદેવના ભાવોને સ્વયંને સત્તાનો કોઈ લોભ નથી પરંતુ માત્ર શ્રી સંઘ માટે તેઓ કેટલી મુશ્કેલીઓનો સામનો કરવા તૈયાર થઈ ગયા.

આ વિવાદ પછી એજ સમયે શ્રીપૂજયજીનો સાથ છોડીને પન્યાસજી કેટલાક યોગ્ય મુનિઓની સાથે નાડોલમાં ચોમાસુ પૂર્ણ કરીને પોતાના ગુરુદેવની પાસે આહોર પહોંચ્યા. એમણે બધી જ હકીકત પોતાના ગુરુદેવને કહી સંભળાવી. યથાયોગ્ય સમય જાણીને વિ.સં. ૧૯૨૪ વૈશાખ સુદ ૫ ના દિવસે પ્રમોદસૂરિજીએ રત્નવિજયજીને આહોરમાં આચાર્યપદ પ્રદાન કરીને એમણે રત્નરાજ થી રાજેન્દ્રસૂરિ

બનાવ્યા. આહોરના ઠાકુર યશવંતસિંહે છડી, છત્ર, ચામર વગેરે આપીને ગુરુદેવશ્રીને સન્માનિત કર્યા. ક્રમશઃ ગુરુદેવશ્રી શંભુગઢ પધાર્યા ત્યાં યતિ ફતેહસાગરની પ્રેરણાથી શ્રીસંઘે ગુરુદેવશ્રીનો પાટ મહોત્સવ મનાવ્યો. તેમજ ઉદયપુર નરેશે પણ છડી - ચામર વગેરે આપીને ગુરુદેવશ્રીને સન્માનિત કર્યા. ગુરુદેવશ્રી સર્વ બાહ્ય પ્રવૃત્તિઓથી એકદમ અલિપ્ત હતા. એમને આ બધા માન-સન્માનની કોઈ આવશ્યક્તા ન હતી. છતાં પણ શિથિલાચાર નિવારણને માટે તથા શ્રી પૂજ્ય ધરણેન્દ્રસૂરિજીને સાચા માર્ગે લાવવા માટે આ મુદ્દો બહુ જ જરૂરી હતો. માટે એમણે આ બધા માન-સન્માનોનો તાત્કાલિક કોઈ વિરોધ ન કર્યો. શ્રી પૂજ્યની પદવી પછી તો ગુરુદેવશ્રીના પુણ્ય તથા ચારિત્રના પ્રતાપથી ગામે-ગામ, નગરે-નગરમાં ગુરુદેવશ્રીની મહિમા, માન-સન્માન, કીર્તિ દિવસે દિવસે વધવા લાગી. બુદ્ધિ વિચક્ષણ ગુરુદેવશ્રીએ માલવદેશમાં વિચરીને પોતાની જ્ઞાનાદિ ક્રિયાઓથી શ્રીસંઘને ખૂબ ખુશ કરી દીધા. ચારે દિશાઓમાં ગુરુદેવશ્રીની યશ કીર્તિ નું સામ્રાજ્ય ફેલાઈ ગયું. તેઓ જન-જનની આસ્થાના કેન્દ્ર તેમજ બધાને માટે પૂજ્ય બની ગયા.

આ રીતે ફેલાયેલી ગુરુદેવશ્રીની કીર્તિની ગંધ, ધરણેન્દ્રસૂરિ સુધી પહોંચી. એમને પોતાની સત્તાનો મહેલ લડખડાતો દેખાવા લાગ્યો. એમણે વિચાર્યું કે જો આ રીતે ચાલતું રહ્યું તો ભવિષ્યમાં પણ શ્રી પૂજ્યના રૂપમાં મારુ નામ વિલિન થઈ જશે. કેમકે એક ગુફામાં બે સિંહ રહી શકતા નથી. બધી સત્તા, બધા ઐશ્વર્યના એકમાત્ર અધિકારી શ્રી પૂજ્ય રાજેન્દ્રસૂરિજી બની જશે. માટે પોતાની સુરક્ષા માટે એમણે કંઈક સમાધાન કરવાનો ફેસલો કર્યો. એ માટે એમણે સિદ્ધિકુશલવિજયજી અને મોતીવિજયજીને ગુરુદેવની પાસે મોકલ્યા. ત્યાં જઈને સિદ્ધિકુશલ વિજયજીએ ગુરુદેવશ્રીને કહ્યું - ''હે પૂજ્યશ્રી ! આપ મહાન, જ્ઞાની તેમજ ગીતાર્થ છો. હે ગુરુદેવ ! જે રીતે પુત્ર ખોટા રસ્તે જઈ રહ્યો હોય તો પિતાનું કર્તવ્ય છે કે પોતાના પુત્રને સાચો રસ્તો બતાવે. એવી રીતે આપ પણ અમારા વિદ્યાગુરુ છો. તો શું આપનું એ કર્તવ્ય નથી કે આપ અમને સાચો માર્ગ બતાવો. ગચ્છના શુભાશુભનો ભાર આપશ્રીની ઉપર છે. આપે આ બગીચો પ્રફુલ્લિત કર્યો છે તો આપ એનો નાશ કેવી રીતે કરી શકો છો ? માટે હે પ્રભુ અમારી વિનંતી છે કે આપ અમારી ભૂલોને માફ કરી, પુનઃ ગચ્છમાં પધારો. આ રીતે શ્રી પૂજ્ય બનીને અલગ વિચરણ ન કરો.'' ત્યારે ગુરુદેવે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું ''હે મહાભાગ ! મને યશકીર્તિની કોઈ આકાંક્ષા નથી અને નથી કોઈ પદનો લોભ. હું તો ક્રિયોદ્ધાર કરવા તથા શિથિલાચાર અટકાવવાની કોશિશ કરું છું. જો ધરણેન્દ્રસૂરિજી સાધ્વાચાર તથા નવ કલમોની મર્યાદામાં રહેવા માટે તૈયાર હોય, તો હું બીજી જ પળે શ્રીપૂજ્ય પદવી છોડવા માટે તૈયાર છું. મને કોઈનાથી દ્વેષ નથી. મને તો માત્ર જિનશાસનની ચિંતા છે.''

નવ કલમો લઈને સિદ્ધિકુશલવિજયજી શ્રી પૂજ્ય ધરણેન્દ્રસૂરિજીની પાસે આવ્યા. શ્રી પૂજયજી તેમજ યતિઓ માટે નવ કલમોનું પાલન દુષ્કર હતું. પરંતુ યતિઓએ જ્યારે બધા રસ્તા બંધ જોયા ત્યારે સુધરવાના રસ્તે ચાલવામાં જ પોતાનું હિત લાગ્યું. શ્રી પૂજ્ય ધરણેન્દ્રસૂરિજીને આ નવ કલમો અનુકૂળ લાગી. એમને લાગ્યું કે જો સત્તાનું નુકસાન થઈ રહ્યું હોય તો આ નવ કલમોનું પાલન કરવું જ હિતાવહ છે. નહીતર અમારું અસ્તિત્વ જ ખતમ થઈ જશે. આ રીતે વિચાર-વિમર્શ કરીને યતિ પૂજ્યશ્રી ધરણેન્દ્રસૂરિજીએ શ્રી રાજેન્દ્રસૂરિજીની આચાર્ય પદવીને પણ માન્ય કરી અને નવ કલમો ઉપર વિ.સં. ૧૯૨૫ની મહા સુદ સાતમે પોતાની સ્વીકૃતિના રૂપે હસ્તાક્ષર કરી આપ્યા.

**એ નવ કલમો આ પ્રકારે છે -**

**પહેલી :** બંને સમય પ્રતિક્રમણ કરવું. શ્રાવક હોય તો એમની સાથે કરવું, નિત્ય યથાશક્તિ પચ્ચક્ખાણ લેવું, વ્યાખ્યાન આપવું તેમજ સ્થાપનાચાર્યજીનું પ્રતિલેખન કરવું, સાધુના ઉપયોગી ૧૪ ઉપકરણોના સિવાય ઘરેણા અથવા મંત્ર-તંત્રાદિ કોઈપણ સામગ્રી પોતાની પાસે ન રાખવી. નિત્ય મંદિર જવું.

**બીજી :** ઘોડા-ગાડી વગેરે કોઈપણ પ્રકારની સવારીનો ઉપયોગ ન કરવો તેમજ સવારીનો ખર્ચ પણ પોતાની પાસે ન રાખવો.

**ત્રીજી :** કોઈપણ પ્રકારના અસ્ત્ર, શસ્ત્ર ન રાખવા. ગૃહસ્થની પાસે રહેલા ઘરેણા, શસ્ત્ર, રૂપિયા, પૈસાનો સ્પર્શ નહીં કરવો. આ બધી વસ્તુઓ પોતાની પાસે ન રાખવી.

**ચોથી :** એકાંતમાં સ્ત્રીઓની પાસે નહીં બેસવું, વેશ્યા તથા નપુંસક જાતિના વ્યક્તિઓને પોતાની પાસે ન બેસાડવા.

**પાંચમી :** જે સાધુ (યતિ) તંમાકુ, ગાંજા વગેરેનું સેવન કરતા હોય, રાત્રિભોજન કરતા હોય, કાંદા, લસણ તથા અભક્ષ્યનું ભક્ષણ કરતા હોય અને સ્ત્રીલંપટી તેમજ અપચ્ચક્ખાણી એવા શિથિલાચારી હોય એવા સાધુને ગુણીયલ ચારિત્રવાન સાધુ પોતાની પાસે ન રાખે.

**છઠ્ઠી :** સચિત્ત, લીલોતરી, વનસ્પતિ, કાચા પાણીની કોઈપણ પ્રકારે હિંસા કરવી નહીં, લીલોતરીને કાપવી નહીં, મંજન કરવું નહીં, તેલથી માલિશ ન કરવી, બાવડી, તળાવ, કુવાના સચિત્ત જળથી હાથપગ ધોવા નહીં.

**સાતમી :** થઈ શકે તો ઓછી સંખ્યામાં નોકર રાખવા, જીવહિંસા કરે એવા નોકર નહી રાખવા.

**આઠમી :** ગૃહસ્થને ડરાવી - ધમકાવીને એમની પાસેથી પૈસા ન લેવા.

**નવમી :** એવી પ્રરુપણા, એવો ઉપદેશ આપવો જેથી શ્રાવકોનું સમ્યક્ત્વ વિશુદ્ધ થાય, એમના ભાવ બગડે તેવી કોઈપણ પ્રકારની પ્રરુપણા નહીં કરવી. રાત્રે ઉપાશ્રયથી બહાર ન જવું. ચૌપટ, શતરંજ

વગેરે ખેલ નહીં ખેલવા. તથા કેશ લાંબા વધારવા નહી. બુટ ચંપલનો ઉપયોગ નહીં કરવો. તેમજ રોજે ૫૦૦ ગાથાનો સ્વાધ્યાય કરવો.

આ નવ કલમોને જોતાં આપણે અંદાજ લગાવી શકીએ છીએ કે યતિ વર્ગની શિથિલતા કેટલી હદ સુધી પહોંચી હશેઃ આ વાત કોઈપણ વ્યક્તિ સરળતાથી જાણી શકે છે કે આટલા શિથિલ બનેલા યતિવર્ગને પુનઃ ઉપરોક્ત નિયમોનું પાલન કરાવવું કેટલું કઠિન હતું, એ પણ માત્ર એક વ્યક્તિથી આવું કાર્ય થવું એ કેટલું દુષ્કર છે. આ નવ કલમોથી ગુરુદેવના જીવનમાં સાધ્વાચાર તથા શાસનનો પ્રેમ સાફ ઝળકે છે.

આ બાજુ નવ કલમોની મંજૂરી પછી તરત જ ગુરુદેવશ્રીએ વિ.સં. ૧૯૨૫ આષાઢ માસની દસમીના દિવસે જાવરા નગરની ધન્ય ધરા પર ૨૫૦ યતિઓની સાક્ષીમાં શ્રીપૂજ્યની છડી, છત્ર, ચામરાદિ બધા સાધન સામગ્રીઓનો ત્યાગ કરી એને જિનમંદિરમાં ભેટ કરી દીધા. તથા પુનઃ મહાવ્રતોને ગ્રહણ કરીને એકલા જ સ્વ-પર કલ્યાણહેતુ એ વિરલ વિભૂતિએ ક્રિયોદ્ધાર કર્યો. એ સમયે યતિ ધનવિજયજી તેમજ યતિ પ્રમોદરુચિજીએ ગુરુદેવ પાસે ચારિત્ર ઉપસંપદા સ્વીકારી ક્રિયોદ્ધારમાં શામિલ થઈ ગયા. ત્યાર પછી ખાચરૌદના ચાતુર્માસમાં પંચાંગી સહિત ૪૫ આગમોનું ગહન ચિંતન-મનન કરી સિદ્ધાંત પ્રકાશ ગ્રંથની રચના કરી. એમાં સચોટ પ્રમાણ સહિત ત્રિસ્તુતિક મતાદિ અનેક આત્મકલ્યાણકારી શાસ્ત્રીય સિદ્ધાંતોને પ્રકાશમાં લાવ્યા; સ્વયંના જીવનમાં ઉતાર્યુ તથા નિડરતાપૂર્વક જન-જન સુધી સાચા માર્ગનું જ્ઞાન ફેલાવ્યું.

એના સિવાય પરમાત્માના શાસનમાં જ્ઞાનની પ્રધાનતામાં હોવાથી એમણે આ ક્ષેત્રમાં પણ પોતાની કલમ ચલાવી. વૃદ્ધાવસ્થામાં ૧૪ વર્ષના અથાગ પરિશ્રમના પછી ગુરુદેવે અતિભવ્ય એવા અભિધાન રાજેન્દ્રકોષની રચના કરી. ૧૦,૫૬૬ પાનાના આ કોષમાં કુલ ૮૦,૦૦૦ શબ્દ સંગ્રહિત છે. તથા કુલ ૪૫ આગમ સહિત ૯૭ મોટા-મોટા ગ્રંથોનો આધાર લીધેલ છે. આ કોશ પોતાની ગરિમાથી પૂરા વિશ્વમાં પ્રસિદ્ધિ પામ્યો. જેની ફલશ્રુતીરૂપે ગુરુદેવ વિશ્વ પૂજ્ય બન્યા.

જાલોરમાં ૭૦૦ તથા નિમ્બાહેડા, રતલામ, જાવરા વગેરેમાં હજારો સ્થાનકવાસીઓને પ્રતિમામાં ભગવાનનું સાક્ષાત્કાર કરાવીને મંદિરમાર્ગી બનાવ્યા. જાલોર, આહોર વગેરે કુલ ૧૦૦ ગામોમાં પ્રતિષ્ઠા તથા ૩૧૩૫ પ્રતિમાજીની અંજનશલાકા ગુરુદેવશ્રીના પાવન કરકમલો થી સાનંદ સંપન્ન થઈ.

**એક ઝલક ગુરુદેવની જીવનચર્યા અને એમના ત્યાગ અને તપની તરફ -**


- માંગી-તુંગી શિખર ઉપર કડકડતી ઠંડીમાં નિર્વસ્ત્ર રહીને ૬ મહિના સુધી તથા જાલોરના સ્વર્ણગિરિ તીર્થ ઉપર ધગધગતિ શીલા ઉપર આઠ મહિના સુધી જાપ અને કાયોત્સર્ગ દ્વારા ગુરુદેવે અઠ્ઠાઈના પારણે અઠ્ઠાઈનું ભીષણ તપ કર્યું હતું.

- ◆ અતિ ઘોર ચામુંડાના વનમાં 'અર્હં પદ'નું ધ્યાન કર્યું હતું. ગુરુદેવશ્રી ચાતુર્માસમાં એકાંતર ઉપવાસ, વર્ષમાં ત્રણેય ચૌમાસી ચૌદસે છઠ્ઠ, પર્યુષણમાં અઠ્ઠમ, વડા કલ્પનો છઠ્ઠ, દિપાવલીનો અઠ્ઠમ, ચૌદસ-પાંચમના ઉપવાસ વગેરે તપ પોતાના જીવનનાં અંત સુધી દરેક પરિસ્થિતિમાં નિયમિત રૂપે કરતાં રહ્યા.
- ◆ ગુરુદેવશ્રીની એક બહુ જ મોટી વિશેષતા હતી કે પોતાના જીવનકાલમાં એમણે ક્યારેય પણ દેશી કે વિદેશી ઔષધિનું સેવન કર્યું જ ન હતું. જ્યારે ક્યારેક એમને તાવ આવે તો તેઓ બપોરના ધોમધખતા તડકામાં પોતાની બધી ઉપધિ બાંધીને ૧૦-૧૨ કિલોમીટર સુધી તેજીથી ચાલતા અને પરસેવાથી પોતાનો તાવ ઉતારતા હતા.
- ◆ દિવસમાં સાધુચર્યા, વ્યાખ્યાન તથા શેષ સમયમાં પોતાના શિષ્યોને અધ્યયન કરાવતા હતા. તથા રાત્રે પ્રતિક્રમણ કરી તાત્ત્વિક ચર્ચા કરતા હતા.
- ◆ ગુરુદેવશ્રી એટલા અપ્રમત્ત હતા કે રાત્રે ૧૨-૧ વાગ્યે સંથારો કરતા અને ૨-૩ વાગ્યા સુધી તો ઉઠી જતાં હતાં.
- ◆ ઉઠીને પદ્માસનમાં બેસીને આત્મધ્યાન કરતા હતા. આ સમાધિયોગથી ઘણીવાર એમને ભવિષ્યમાં થવાવાળી ઘટનાઓનો સાક્ષાત્કાર થઈ જતો હતો જેમકે કુક્ષીનગરનો દાહ, કડોદ વાસી શ્રેષ્ઠિવર્યના ઘરમાં ચોરી વગેરે.
- ◆ પોતાના જીવનકાળમાં એમણે ક્યારેય પણ પોતાના શિષ્યોને પોતાની ઉપધિ ઉપાડવા નથી આપી. ધન્ય છે ગુરુદેવની અપ્રમત્તતાને

## ગુરુદેવની યોગસાધનાનો પ્રભાવ

**૧. કુક્ષીમાં આગનો પ્રકોપ :** પોતાના ધ્યાનબળથી ગુરુદેવશ્રીને ભવિષ્યમાં કુક્ષીમાં વૈશાખ સુદ ૭ ને દિવસે લાગવાવાળી ભીષણ આગને જાણી લીધી હતી. ગુરુદેવશ્રીએ ત્યાંના સંઘના શ્રેષ્ઠિવર્યોને આ વાતથી અવગત કરાવ્યા. ગુરુદેવ ઉપર વિશ્વાસ રાખવાવાળા ભક્તગણ કુક્ષીથી બીજે ક્યાંક ચાલ્યા ગયા. અને જે ત્યાં જ રહ્યા એમને ભારે નુકસાન વેઠવું પડ્યું.

**૨. અગ્નિ પ્રકોપ શમન :** વિ.સં. ૧૯૫૩માં જાવરાના ચાતુર્માસ દરમ્યાન કોઈ મહોત્સવમાં ગુરુદેવશ્રીના પ્રત્યે ઈર્ષ્યા રાખવાવાળાઓએ ષડ્યંત્રથી આગ લગાવી દીધી. આગ અસામાન્ય હતી. કેટલાક લોકોની જાન જવાની સંભાવના હતી. માટે સંઘ રક્ષાના ઉદ્દેશ્યથી ગુરુદેવે મંત્રબળથી હાથ મસળીને એ આગને શાંત કરી ત્યારે શક્તિ પ્રયોગના આ વર્જ્ય કાર્યના પ્રાયશ્ચિત માટે એજ સમયે એમણે અઠ્ઠમનું પચ્ચક્ખાણ કર્યું. ધન્ય છે ગુરુદેવના શાસનપ્રેમને !




માતા કેશરના હાથમાં પુત્ર રત્નરાજ




પ્રેત થી હેરાન બાલિકાનો રત્નરાજ દ્વારા ઉદ્ધાર



ભરતપુરમાં શ્રી પ્રમોદસૂરિનો ઉપદેશ



જાવરામાં શ્રી આદિનાથ ભગવાનના મંદિરમાં છડી, ચામર, પાલખી વગેરે ચડાવ્યા. ગુરુદેવે મહોત્સવની સાથે ક્રિયોદ્ધાર કર્યો



મોદરામાં તપ



સુરતમાં શ્રી અભિધાન રાજેન્દ્ર કોષનું લેખન સમાપન થયું


કુક્ષીમાં આગ પ્રકોપ


કડોદમાં પ્રતિષ્ઠાપકના ઘરમાં લૂંટ



કોરટામાં પ્રતિષ્ઠા


શ્રી રાજેન્દ્ર બૃહદ્ જૈનાગમ ભંડાર
આહોરમાં જ્ઞાન પ્રતિષ્ઠા


વિ.સં. ૧૯૪૬ના શિવગંજ ચાતુર્માસમાં
સાધુ-સાધ્વીજી સંઘને આચાર પાલન માટે સમાચારી નિર્દેશ


આહોરમાં જિનબિંબોની પ્રતિષ્ઠા






શ્રી મોહનખેડાના પ્રાંગણમાં
ગુરુદેવના પાર્થીવ શરીરનો અંતિમ સંસ્કાર

**૩. યતિઓનું ષડયંત્ર :** નવ કલમો મંજૂર કર્યા પછી પણ કેટલાક એવા યતિ પણ હતા, જેમને એશો-આરામ જ પ્રિય હતા. માટે ગુરુદેવને પોતાના રસ્તેથી હટાવવા માટે તે લોકો કેટલીયવાર મંત્ર-તંત્રાદિ કુપ્રયોગ કરતા હતા. પરંતુ ગુરુદેવના નિર્મળ ચારિત્ર પ્રભાવથી તે બધા પ્રયોગ નિષ્ફળ થઈ ગયા. ભીનમાલમાં કોઈ યતિએ મંત્ર-તંત્રની કોઈ વસ્તુ ગુરુદેવશ્રી જે ઉપાશ્રયમાં હતાં ત્યાં ફેંકી દીધી. ગુરુદેવશ્રીએ સહજતાપૂર્વક મોહનવિજયજીને એ મંત્ર-તંત્રની ચીજોને બહાર ફેંકવાનો આદેશ આપ્યો. મોહનવિજયજીએ 'નમો અરિહંતાણં' બોલતા - બોલતા એ ચીજોને બહાર ફેંકી દીધી. યોગાનુયોગ એ યતિ પકડાઈ ગયા. કરુણાર્દ્ર ગુરુદેવે આવા કુકર્મ કરવાવાળા યતિને પણ દંડ કર્યા વગર જ છોડી દેવાની આજ્ઞા આપી.

**૪. ચિરોલા વગેરે છઃ ગામોનો ઉદ્ધાર :** પાછલા ૩૦૦ વર્ષોથી ચિરોલા ગામને કોઈ કારણવશ પૂરા માલવપ્રાંતથી બહિષ્કાર કર્યો હતો. સ્થાનકવાસીના પૂજ્ય અભ્યુદયચન્દ્ર, ચૌથમલજીએ આ ગામને પુનઃ પ્રાંતમાં ભેળવવા માટે અથાગ પ્રયત્ન કર્યા પણ એમને કોઈ લાભ ન થયો. ત્યારપછી રતલામ નરેશે પણ સામાજિક તથા રાજકીય શક્તિ બતાવીને આ સમસ્યાનું સમાધાન કરવાની કોશિશ કરી પરંતુ એમને પણ નિરાશા જ હાથ લાગી. માટે નિરાશ બનેલા ચિરોલાના લોકોએ આખરે ગુરુદેવનું શરણ સ્વીકાર્યું. જે વાસ્તવમાં એમનો ઉદ્ધાર કરવા માટે થયો. ગુરુદેવે પોતાની બુદ્ધિ-બળથી તથા પોતાના ઉપદેશથી રતલામ, ખાચરૌદ વગેરે ગામોને પોતા તરફ કર્યા. ત્યારપછી સર્વજનની સ્વીકૃતિથી કોઈ દંડ વગેરે સહધર્મીની ભાવનાપૂર્વક ચિરોલા ગામને પુનઃ માલવ પ્રાંતમાં લઈ લીધા.

**૫. કુક્ષીનગરની બહાર તપ :** કુક્ષીના શ્રાવક તત્ત્વજ્ઞાની હતા. તથા તેઓ એમના કાલના હીનાચારી સાધુઓને ઘૃણા કરતા હતા. માઘ મહિનાની કડકડતી ઠંડીમાં ગુરુદેવ કુક્ષી પધાર્યા. નગરમાં વસતિની યાચના કરી પર મળી નથી; પ્રસન્નચિત્ત ગુરુદેવે નગરની બહાર મઠની પાસે રહેલા વડની નીચે રહ્યા. મધ્યાહ્નમા ગાઁવના આસૂજી વગેરે શ્રાવક ગુરુદેવની પાસે આવીને બેઠા અને પરિચય પૂછ્યું. પછી તાત્ત્વિક ચર્ચા કરીને પોતાના સ્થાનમાં ચાલ્યા ગયા. પ્રમોદસૂરિજી ત્રણ દિવસ સુધી નગરમાં ગોચરી માટે ગયા પરંતુ કોઈ શ્રાવકે એમને ગોચરી નથી વહોરાઈ; રાત્રિની કડાકાની ઠંડીમાં મઠના બાબાએ કહેવા છતાં પણ સાધુના આચારને અયોગ્ય એવી અગ્નિની સહાયતા નહી લીધી. આ ક્રમ આઠ દિવસો સુધી ચાલતો રહ્યો. નવમા દિવસે વિહાર માટે પ્રયાણ કરી જ રહ્યા હતા કે એટલામાં ગામના શ્રાવકોએ ત્યાં આવીને ગુરુદેવને ગામમાં પધારવાનો આગ્રહ કર્યો. ગુરુદેવશ્રી પાસે પોતાના અવિનયની ક્ષમાયાચના કરી. ત્યારે ગુરુદેવે સરળતાપૂર્વક કહ્યું - ''મને યાદ નથી કે તમે કોઈ અપરાધ કર્યો છે.'' ધન્ય છે ગુરુદેવની સહનશીલતાને.

**૬. જાલોરમાં સ્વર્ણગિરીનો ઉદ્ધાર :** જાલોર કિલ્લા ઉપર સ્થિત વિખ્યાત સ્વર્ણગિરી તીર્થમાં એ કાળમાં રાજકીય કર્મચારીઓએ યુદ્ધ સામગ્રી વગેરે ભરીને ચારેબાજુ કાંટા લગાવી દીધા હતા. કિલ્લા ઉપર રાજ્યનો અધિકાર હતો. મંદિરના અંદર જવાની સખત મનાઈ હતી. ત્યારે ગુરુદેવે કિલ્લાના અધિકારી વિજયસિંહની સાથે જઈને જિનાલયમાં થઈ રહેલી આશાતના જોઈ તથા જોધપુર નરેશ જસવંતસિંહજીને બધા હાલ વિષે જણાવ્યું. ફલસ્વરૂપ પુનઃ જિનાલયનો અધિકાર જૈન સંઘને મળ્યો. તથા મંદિરના જિનબિંબોની પ્રતિષ્ઠા ગુરુદેવશ્રીના હાથે સંપન્ન થઈ.

**૭. મોહનખેડા તીર્થની પ્રતિષ્ઠા તેમજ નામ સ્થાપના :** રાજગઢ નગરના શ્રાવક લુણાજી દલ્લાજીએ પોતાના જીવન કાર્યોની આલોચના માંગી. એમના ભાવોને જોઈને ગુરુદેવશ્રીએ રાજગઢથી પશ્ચિમની તરફ જયાં સ્વસ્તિકનું ચિન્હ જુઓ ત્યાં શત્રુંજય દિશિ વંદનાર્થ જિનાલય નિર્માણની પ્રેરણા કરી. ગુરુવચનનો સ્વીકાર કરી રાજગઢથી પોણો માઈલ દૂર શિખરબદ્ધ શ્રી આદિનાથ પ્રભુનું ભવ્ય જિનાલયનું નિર્માણ કરાવ્યું. વિ.સં. ૧૯૪૦માં માગસર સુદ ૭ ગુરુવારના દિવસે અંજનશલાકા અને પ્રતિષ્ઠા ગુરુદેવના કરકમલોથી સંપન્ન થઈ. ત્યારપછી એકવાર ગુરુદેવે એક અપંગ, ગૂંગા બાળક ઉપર માત્ર વાસક્ષેપ નાંખીને એને સ્વસ્થ કર્યો. એજ બાળક આગળ જઈને ગુરુદેવના પ્રિય શિષ્ય પૂ. મોહનવિજયજી બન્યા. જેમના નામથી 'મોહનખેડા' નામ રાખવામાં આવ્યું.

**૮. શત્રુંજયની યાત્રા :** ગુરુદેવની પ્રેરણાથી થરાદના અમ્બાવીદાસ સંઘવીએ શત્રુંજયનો સંઘ કાઢ્યો. અતિભવ્ય એ સંઘમાં ગુરુદેવ સહિત સ્વ-પર ગણના ૧૨૫ સાધુ, ૮૧ સાધ્વીજીઓ, ૫૦૦૦ શ્રાવક શ્રાવિકાઓ હતા.

**૯. ગુરુદેવનું મહાપ્રયાણ :** ગુરુદેવશ્રીનું આખું જીવન ૮૦ વર્ષ / ૯૬૦ મહિના / ૨૮,૦૦૦ દિવસોનું હતું. ૪૦ વર્ષો સુધી આપશ્રીએ આચાર્યપદને સુશોભિત કર્યું. જીવોને પ્રતિબોધ આપીને સ્વ તથા પરનું કલ્યાણ કર્યું.

આવા અપ્રમત્ત ગુરુદેવે ધ્યાનબળથી પોતાનો અંતિમ સમય નજીક જાણી લીધો હતો. રાજગઢમાં મૌનપૂર્વક અઠ્ઠમ તપથી સર્વજીવોને ખમાવીને પોષ સુદ છઠ્ઠની રાત્રે જગતમાં સમ્યક્ત્વની અખંડ જયોત જલાવીને અર્હં-અર્હંનો જાપ જપતાં ગુરુદેવની આત્માએ આ વિનાશી દેહનો હંમેશા-હંમેશા માટે ત્યાગ કરી દીધો. શ્રી મોહનખેડા તીર્થના પ્રાંગણમાં ગુરુદેવશ્રીનો અંતિમ સંસ્કાર કરવામાં આવ્યો. બહુ વિચિત્ર સંયોગ થયો કે જે દિવસે ગુરુદેવશ્રીએ આ ધરતી ઉપર જન્મ લીધો, એજ દિવસે આ જગતમાંથી વિદાય લીધી. એ સ્થાને ભવ્ય સુવર્ણમય સમાધિ મંદિરનું નિર્માણ થયું જે લાખો ભક્તોની આસ્થાનું કેન્દ્ર બન્યું છે. આવા વિરલ વિભૂતિના આશિષ આપણી ઉપર હંમેશા આમ જ વરસતા રહે.

**કર્મ :** જીવ દ્વારા મિથ્યાત્વાદિ હેતુઓથી જે કરવામાં આવે છે, તે કર્મ કહેવાય છે. જીવ જ્યારે રાગ-દ્વેષ વગેરે કષાય કરે છે ત્યારે એની આત્મા ઉપર કાર્મણ-વર્ગણાઓ ચોંટે છે. શુદ્ધ સ્વભાવથી જીવ અનંતાનંત ગુણોથી યુક્ત છે. પરંતુ અનાદિકાળથી જીવ રાગ-દ્વેષ, અજ્ઞાનાદિની વિકૃતિ ના કારણે કર્મથી બંધાયેલો છે. જેના કારણે જીવના સ્વાભાવિક ગુણ ઢંકાઈ જાય છે. માટે કર્મ એટલે કે ગુણોને ઢાંકવાનું આવરણ (પટલ).

**પ્ર. કર્મનો આત્માની સાથે સંબંધ ક્યારથી છે ?**

ઉ. કર્મનો અનાદિકાલથી આત્માની સાથે સંબંધ છે, કેમકે જો કર્મબંધની શરૂઆત માનો તો એના પહેલા આત્મા કર્મમુક્ત હતી એ પ્રમાણે માનવું પડશે. જો આમ માનીએ તો મોક્ષના જીવોને પણ કર્મબંધની આપત્તિ આવે છે. માટે જીવ પહેલા ક્યારેક કર્મરહિત હતો, આમ ન માની શકાય. માટે અનાદિકાળથી જીવ કર્મસહિત જ છે.

**પ્ર. અનાદિથી જેનો સંગ છે શું એ છૂટી શકે છે ?**

ઉ. હાં, જેમ - ખાણમાં સોનું-માટીનો સંગ અનાદિકાળથી છે. પરંતુ જ્યારે એની ઉપર અગ્નિનો તાપ વગેરે વિશિષ્ટ પ્રક્રિયા કરવામાં આવે તો સોનુ, માટીથી અલગ થઈ જાય છે. આ પ્રમાણે જ્ઞાન-ધ્યાન દ્વારા આત્માને પણ કર્મથી મુક્ત કરી શકાય છે.

**કર્મ રૂપી છે કે અરૂપી ?** કર્મ રૂપી છે, તો શું અરૂપી એવા આત્મા ઉપર રૂપી કર્મ ચોંટી શકે છે ? હાં, જેવી રીતે અરૂપી એવા જ્ઞાનને રૂપી એવી મદિરા નુકસાન પહોંચાડે છે, તેવી જ રીતે અરૂપી આત્મા ઉપર રૂપી કર્મ ચોંટી શકે છે.

## લાડવાના દૃષ્ટાંતથી કર્મનો પ્રકૃતિ-સ્થિતિ-રસ અને પ્રદેશ બંધ

**૧. પ્રકૃતિ બંધ :** જેમ કફનાશક સૂંઠાદિ વગેરે દ્રવ્યથી બનેલો લાડવો સ્વભાવથી જ કફ નો નાશ કરે છે. મેથી નો લાડવો સ્વભાવથી જ વાયુનો નાશ કરે છે. તેવી જ રીતે કર્મ બંધ વખતે કોઈ કર્મ સ્વભાવથી જ આત્માના જ્ઞાન ગુણને ઢાંકે છે તો કોઈ કર્મ દર્શનગુણને ઢાંકવાના સ્વભાવવાળો હોય છે. આ રીતે કર્મ બંધના સમયે કર્મ પુદ્ગલોમાં ભિન્ન-ભિન્ન સ્વભાવનું નિશ્ચિત હોવું જ પ્રકૃતિ બંધ છે.

**૨. સ્થિતિ બંધ :** કોઈ લાડવો એક મહિના સુધી ચાલે છે તો કોઈ લાડવો ૧૫ દિવસ સુધી જ ચાલે છે. પછી ખરાબ થઈ જાય છે. તેવી જ રીતે કોઈ કર્મ આત્મા ઉપર વધારે સમય સુધી ટકે છે તો કોઈ કર્મ ઓછો સમય ટકે છે. કર્મ બંધના સમયે કર્મપુદ્ગલોને આત્માની સાથે રહેવાનો સમય નિશ્ચિત હોવો જ સ્થિતિ બંધ છે.

**૩. રસ બંધ :** કોઈ લાડવો વધારે ગળ્યો હોય છે તો કોઈ લાડવો ઓછો ગળ્યો હોય છે. એવી જ રીતે કોઈ કર્મ તીવ્ર અસર બતાવે છે તો કોઈ કર્મ ઓછી અસર બતાવે છે. કર્મબંધના સમયે કર્મોના દલિક કયા કર્મને ઢાંકશે એ તો પ્રકૃતિ બંધથી નિશ્ચિત થઈ જાય છે. પરંતુ આ કર્મ કેટલી તીવ્રતાથી કે મંદતાથી ઉદયમાં આવશે ? કર્મબંધના સમયે કર્મપુદ્ગલોમાં એ તીવ્રતા-મંદતાનો રસ (વિપાક)નું નિશ્ચિત થવું એ રસબંધ કહેવાય છે.

**૪. પ્રદેશ બંધ :** કોઈ લાડવો ૧૦૦ ગ્રામનો હોય છે, કોઈ અડધા કિલોનો તો કોઈ ૫ કિલોનો.વધારે બુંદીનો લાડવો મોટો હોય છે અને ઓછી બુંદીનો લાડવો નાનો. એવી જ રીતે કર્મના ક્યારેક વધારે પ્રદેશ ગ્રહણ થાય છે તો ક્યારેક ઓછા પ્રદેશ ગ્રહણ થાય છે.આ પ્રદેશ બંધ કહેવાય છે.

જીવ પોતે જ મિથ્યાત્વાદિ હેતુઓ દ્વારા કાર્મણ વર્ગણાના પુદ્ગલોથી જ્ઞાન વગેરેના ગુણોને ઢાંકવાની તાકાત પેદા કરે છે. જેથી જીવ દ્વારા કાર્મણ વર્ગણાને જ કર્મરૂપમાં બનાવવામાં આવી છે, એવું કહેવાય છે. આ કર્મોના અલગ-અલગ સ્વભાવ હોવાથી એના મુખ્ય ૮ ભેદ છે. તથા એના ઉત્તરભેદ ૧૫૮ છે. સંસારી અવસ્થામાં કર્મ અને આત્મા એકબીજાની સાથે દૂધ અને પાણીની જેમ મળીને રહે છે.

**કર્મના મૂળ (મુખ્ય) અને ઉત્તરભેદ :**

| | | | |
|---|---|---|---|
| ૧. | જ્ઞાનાવરણીય | - | ૫ |
| ૨. | દર્શનાવરણીય | - | ૯ |
| ૩. | વેદનીય | - | ૨ |
| ૪. | મોહનીય | - | ૨૮ |
| ૫. | આયુષ્ય | - | ૪ |
| ૬. | નામ | - | ૧૦૩ |
| ૭. | ગોત્ર | - | ૨ |
| ૮. | અંતરાય | - | ૫ |
| | કુલ ૮ ભેદ અને | | ૧૫૮ ઉત્તર ભેદ થયા. |

# ઘાતિ કર્મ

આમાંથી જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય આ ચાર કર્મ ઘાતિ છે. અર્થાત્ જે આત્માના જ્ઞાનાદિ મૂલ ગુણોનો ઘાત કરે છે, તે ઘાતિ કર્મ કહેવાય છે. શેષ કર્મ અઘાતિ છે.

**૧. જ્ઞાનાવરણીય કર્મ** : આ કર્મ આત્માના જ્ઞાન ગુણ એટલે કે વિશેષ બોધને ઢાંકે છે. આત્મા સૂર્ય જેવો પ્રકાશમય છે. પરંતુ જે રીતે સૂર્ય આગળ વાદળ આવવાથી સૂર્યનો પ્રકાશ ઢંકાઈ જાય છે. તેવી જ રીતે આ કર્મોથી આત્મા આવરિત થઈ જાય છે. આના પાંચ ભેદ છે.

**૧. મતિ જ્ઞાનાવરણીય :** મતિજ્ઞાન એટલે કે પાંચ ઇન્દ્રિયો (ચામડી, જીભ, નાક, આંખ અને કાન) અને મનની સહાયતાથી થવાવાળું જ્ઞાન. આવા જ્ઞાનને જે આવરિત કરે, એ કર્મને મતિજ્ઞાનાવરણીય કહે છે. એક જ પદાર્થને જોઈને બધાને ઓછું વધારે જ્ઞાન થાય છે. એમાં મતિ જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ કારણભૂત છે. ક્ષયોપશમ એટલે કે આવરણની મંદતાને કારણે ગુણોનો વિકાસ હોવો. ક્ષયોપશમ વધારે હોય તો પદાર્થને જોતાં જ સંપૂર્ણ પરિસ્થિતિને જાણી શકે છે. અને ક્ષયોપશમ ઓછું હોય તો ઘણીવાર પદાર્થને જોવા છતાં પણ વિશેષ બોધ થતો નથી.

**મતિજ્ઞાનના મુખ્ય ચાર ભેદ છે.**

**(અ) અર્થાવગ્રહ :** વસ્તુનો અસ્પષ્ટ ખ્યાલ આવવો. ઉદા. કોઈએ અવાજ આપવાથી, ''કોઈ બોલાવી રહ્યું છે.'' એવું લાગે.

**(આ) ઈહા :** કઈ વસ્તુ છે, એની વિચારણા. ઉદા. ''કોણ બોલાવી રહ્યું હશે ?'' આ અવાજની તપાસ માટે અવાજની મિઠાસ વગેરેનો વિચાર કરવો, એટલે કે આ પપ્પાનો અવાજ છે કે મમ્મીનો અવાજ છે ?.

**(ઇ) અપાય :** વસ્તુ નિશ્ચિત કરવી. ધ્વનિની મિઠાસ વગેરેથી અવાજ કોનો છે ? એ નિશ્ચિત કરવું એટલે કે આ મીઠો અવાજ મમ્મીનો છે.

**(ઈ) ધારણા :** નિશ્ચિત કરેલી વસ્તુને યાદ રાખવી. એ અવાજને યાદ રાખવો. ભવિષ્યમાં પછી જયારે બોલાવે તો ખબર પડી જાય કે આ અવાજ મમ્મીનો જ છે.

પાંચ ઇન્દ્રિયો અને છટ્ઠુ મન, આ છ ને અર્થાવિગ્રહાદિ ૪ ની સાથે ગુણવાથી ૬ x ૪ = ૨૪ થાય છે. મન અને આંખ સિવાયની ૪ ઇન્દ્રિયો વસ્તુને પ્રાપ્ત કરીને જ બોધ કરાવવાવાળા હોવાથી આ ઇન્દ્રિયોનો વ્યંજનાવગ્રહ પણ હોય છે. માટે મતિજ્ઞાનના ૨૪ + ૪ = ૨૮ ભેદ થાય છે.

**૨. શ્રુત જ્ઞાનાવરણીય :** શાસ્ત્ર અથવા ગુરુના ઉપદેશોનું અનુસરણ કરવાથી થનારું જ્ઞાન, શ્રુતજ્ઞાન કહેવાય છે. આ જ્ઞાન, શબ્દનું અનુસરણ કરવાવાળો છે ; એવા જ્ઞાન ને જે આવરિત કરે, તે શ્રુતજ્ઞાનાવરણીય કર્મ કહેવાય છે. આના ૧૪ ભેદ છે. જીવમાં અનેક પ્રકારની વિચિત્રતા જોવા મળે છે. કોઈને શ્રુતજ્ઞાનનો ક્ષયોપશમ તીવ્ર હોવાથી ભણવામાં હોશિયાર હોય છે. પરંતુ વ્યવહારમાં ક્યાં શું કરવું ? એની સમજણ નથી પડતી. કોઈ વ્યવહારમાં કુશળ હોય છે. પરંતુ ભણવામાં કંઈપણ યાદ નથી રહેતું. એટલે કે એક વ્યક્તિનો જેવો ક્ષયોપશમ હોય એવો ક્ષયોપશમ બધાનો હોય એવું જરૂરી નથી. પ્રત્યેક જ્ઞાનના આવરણ અલગ અલગ હોવાથી એ-એ આવરણની તીવ્રતા કે મંદતાના કારણે કોઈને મતિજ્ઞાનનું ક્ષયોપશમ સારો હોવા છતાં પણ શ્રુતજ્ઞાનાવરણનો ક્ષયોપશમ એવો ન પણ હોય. શ્રુતજ્ઞાનમાં ગાથા કરવાનો ક્ષયોપશમ વધારે હોય અને અર્થબોધનો ક્ષયોપશમ મંદ હોય, એવું પણ થાય છે. એમાં કર્મોની વિચિત્રતા જ કારણ છે.

ઇન્દ્રિયો આત્માથી પર (ભિન્ન) છે. માટે મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન ઇન્દ્રિયોની સહાયતાથી હોવાના કારણે પરોક્ષ જ્ઞાન કહેવાય છે.

**૩. અવધિ જ્ઞાનાવરણીય :** છઃ દ્રવ્યોમાં પુદ્ગલ રૂપી દ્રવ્ય છે. પુદ્ગલની મર્યાદાવાળું જ્ઞાન અવધિ-જ્ઞાન છે. આ જ્ઞાન ઇન્દ્રિય, મન તથા શાસ્ત્રાભ્યાસ વગેરેની સહાયતા વિના આત્મા દ્વારા હોવાથી પ્રત્યક્ષ જ્ઞાન કહેવાય છે. ઉત્કૃષ્ટથી આ જ્ઞાન દ્વારા બધા રૂપી પદાર્થોને, સર્વ પુદ્ગલોને જોઈ શકાય છે. એવા જ્ઞાનને જે આવરિત કરે. તે અવધિ જ્ઞાનાવરણીય કર્મ કહેવાય છે.

**અવધિજ્ઞાનની સંક્ષિપ્ત સમજ :**

અવધિજ્ઞાન એ પ્રત્યક્ષ જ્ઞાન છે - ઉપયોગ રાખવો પડે છે.

અવધિજ્ઞાનથી રૂપી પદાર્થ જ દેખાય છે. પરંતુ અરૂપી પદાર્થ નહીં.

અવધિજ્ઞાનનું ક્ષેત્ર મર્યાદિત હોય છે.

**૪. મનઃ પર્યવ જ્ઞાનાવરણીય :** મનઃપર્યવજ્ઞાન પણ પ્રત્યક્ષ છે. અઢી દ્વીપના સંજ્ઞી પંચેન્દ્રિય જીવોના મનના ભાવ આ જ્ઞાનથી જાણી શકાય છે. માત્ર અપ્રમત્ત મુનિને જ આ જ્ઞાન હોય છે. આ જ્ઞાનને આવરિત કરવાવાળું કર્મ મનઃ પર્યવ જ્ઞાનાવરણીય કર્મ કહેવાય છે.

# તત્ત્વજ્ઞાન

## ૫

## કર્મગ્રંથ




























## તમારી ફેશન બીજાની મોત...?

જૈન હોવાથી આપણે શાકાહારી કહેવાઈએ છીએ, પણ શું હકીકતમાં આપણે શાકાહારી છીએ ? આવો... જાણીએ આ પ્રશ્નનો જવાબ તમારા હોઠો પર લગાડેલી નકલી લાલી (લિપ્સ્ટીક)ની પાછળ છુપાયેલી વાસ્તવિકતાથી...

વ્હેલ માછલીને ખૂબ જ ક્રૂરતા પૂર્વક પકડીને કટીંગ મશીનો દ્વારા તેમના નાના ટૂકડા કરવામાં આવે છે. તેમના અંગોને મશીનમાં પીસીને તેના લોહી અને માંસથી લિપ્સ્ટીક બનાવવામાં આવે છે. થોભો... આ ક્રૂરતાનો કિસ્સો અહીં જ પૂરો થતો નથી. આ લિપ્સ્ટીક તમારા હોઠો દ્વારા તમારા પેટમાં જાય ત્યારે તમને કોઈ નુકસાન તો નહીં થાય ને ? આ જાણવા માટે કેટલાયે વાંદરાઓને સાથે બેસાડીને જબરદસ્તી લિપ્સ્ટીકના રસને ટ્યૂબ દ્વારા તેમના ગળા સુધી પહોંચાડવામાં આવે છે. તેનાથી તેમને એટલી વેદના થાય છે કે તેઓ તરફડિયા મારવા લાગે છે. કેટલાયે વાંદરાઓ તો તરત જ મરી જાય છે. આટલું બધું થયા પછી આ લિપ્સ્ટીક તમારા હોઠોને સુંદર બનાવે છે. કદાચ હવે તમને તમારા પ્રશ્નનો જવાબ મળી ગયો હશે.

હે માનવ ! દૂધ ભરેલી તપેલીમાં એક ટીંપુ લોહીનું પડી જાય તો આપણે એ દૂધને ફેંકી દઈએ છીએ. પણ માછલીના લોહી અને ચરબી થી બનેલી લિપ્સ્ટીકને મજાથી આપણા હોઠો પર લગાડીએ છીએ. જે ખાવા-પીવાના પદાર્થો સાથે આપણા પેટમાં પણ જાય છે.



**હવે જવાબ આપો કે**
**તમે પોતાને શું કહેશો.**
**શાકાહારી કે માંસાહારી ?**

**પ્ર. અનુત્તર વાસી દેવ અવધિજ્ઞાનથી જ મનોવર્ગણાના પુદ્દગલો દ્વારા શંકાનું સમાધાન પ્રાપ્ત કરે છે. તો એને મનઃપર્યવ જ્ઞાન કેમ ન કહેવાય ?**

ઉ. અનુત્તર વિમાનવાસી દેવ અવધિજ્ઞાન દ્વારા મનોવર્ગણાના પુદ્દગલોને જોઈને સમાધાન પ્રાપ્ત કરે છે. તે એ રીતે જાણવું. અવધિજ્ઞાન સર્જન ડૉક્ટર જેવું છે અને મનઃ પર્યવજ્ઞાન સ્પેશિયલીસ્ટ ડૉ. જેવું છે. સર્જન ડૉક્ટરને પણ દરેક વિષયનું સામાન્ય જ્ઞાન તો હોય જ છે.

**૫. કેવલજ્ઞાનાવરણીય :** કેવલજ્ઞાન પણ પ્રત્યક્ષ જ્ઞાન છે. સર્વકાલ, સર્વ ક્ષેત્રમાં રહેલા સર્વ દ્રવ્યોના સર્વ પર્યાયોને એકસાથે હાથમાં રહેલા આમળાની જેમ સ્પષ્ટપણે જોઈ અને જાણી શકાય છે. એટલે કે રૂપી-અરૂપી સર્વ પદાર્થોને જેનાથી જાણી શકાય એ કેવલજ્ઞાન છે. એવા જ્ઞાનને જે આવરિત કરે, તે કેવલજ્ઞાનાવરણીય કર્મ કહેવાય છે.

મતિ-શ્રુત આ બે જ્ઞાન પછી સીધું કેવલજ્ઞાન થઈ શકે છે. મતિ, શ્રુત, અવધિ કે મતિ, શ્રુત, મનઃપર્યવજ્ઞાન આ ત્રણ જ્ઞાન પછી પણ કેવલજ્ઞાન થઈ શકે છે. મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ આ ચાર જ્ઞાન પછી પણ કેવળજ્ઞાન થઈ શકે છે. પરંતુ કેવળજ્ઞાન થયા પછી બધાનું જ્ઞાન સરખું જ હોય છે. અવધિ અને મનઃ પર્યવજ્ઞાન ન થયું હોય અને સીધું કેવલજ્ઞાન થઈ જાય અથવા મનઃ પર્યવજ્ઞાન થયા પછી કેવલજ્ઞાન થઈ જાય, તો એમાં કોઈ વિશેષતા નથી રહેતી, કેમકે કેવલજ્ઞાનમાં બધાનું અસ્તિત્વ સમાવિષ્ટ થઈ જાય છે.

***૨. દર્શનાવરણીય કર્મ*** : આ કર્મના ઉદયથી જીવ સામાન્ય બોધ પણ પ્રાપ્ત નથી કરી શકતો. આ કર્મના ૯ ભેદ છે. ૪ દર્શનાવરણ + ૫ નિદ્રા = ૯

**૧. ચક્ષુ દર્શનાવરણ** - ચક્ષુ (આંખ)થી દેખી ન શકાય.

**૨. અચક્ષુ દર્શનાવરણ** - આંખ સિવાયની બાકીની ચાર ઇન્દ્રિયો વડે અને મનથી અદર્શન.

**૩. અવધિ દર્શનાવરણ** – અવધિદર્શનથી થવાવાળા રુપીદ્રવ્યોના સામાન્ય બોધનું અવરોધક.

**૪. કેવલ દર્શનાવરણ** – કેવલ દર્શનથી થવાવાળા બધા દ્રવ્યોના સામાન્ય બોધનું અવરોધક, સામાન્ય જ્ઞાનને રોકવાવાળી પાંચ નિદ્રા દર્શનને ઢાંકી દે છે.

**૧. નિદ્રા** – અલ્પ નિદ્રા, જેમાં આરામથી ઉઠાડી શકાય.

**૨. નિદ્રા-નિદ્રા** - ગાઢ નિદ્રા જે જગાડવામાં કષ્ટથી જાગે.

**૩. પ્રચલા** – બેઠાં-બેઠાં અથવા ઉભા-ઉભા ઉંઘ આવી જાય.

**૪. પ્રચલા પ્રચલા** – ચાલતા-ચાલતા ઊંઘ આવી જાય.

**૫. સ્ત્યાનર્દ્ધિ (થિણદ્ધી)** – જેમાં દિવસમાં વિચારેલા કાર્યોને નિંદ્રિત અવસ્થામાં કરીને આવી જાય.

દર્શન એ સામાન્ય સમજરૂપ છે. જ્યારે જ્ઞાન વિશેષ સમજરૂપ છે, વિશેષાત્મક બોધ છે. જેમ કે ઘડો જોવાથી આ ઘડો છે એટલું જ જાણવું એ દર્શન છે. અને ઘડો જોયા પછી આ અમદાવાદ કે સૂરત વગેરે કયા ક્ષેત્રનો છે ? સર્દી-ગરમી કયા સમયમાં બનેલો છે ? માટી, સોનું વગેરે કયા દ્રવ્યથી બનેલો છે ? તેમજ કયા વર્ણનો છે ? પાણીને ઠંડુ કરવું વગેરે કેવા સ્વભાવનો છે ? આ બધું જાણવું એ વિશેષ બોધ જ્ઞાન કહેવાય છે.

**૩. મોહનીય કર્મ** : આના મુખ્ય બે ભેદ છે.

**૧. દર્શન મોહનીય કર્મ :** આ કર્મ સમ્યગ્ દર્શનનું આવરણ કરે છે.

**૨. ચારિત્ર મોહનીય કર્મ :** આ કર્મ સાચી સમજ હોવા છતાં પણ ચારિત્રનો ઉદય થવા નથી દેતો.

**૧. દર્શન મોહનીયના ૩ ભેદ છે :**

**a. મિથ્યાત્વ મોહનીય :** આ કર્મના ઉદયથી જીવને અતત્ત્વો પ્રત્યે શ્રદ્ધા હોય છે, પરંતુ પરમાત્મા દ્વારા કથિત તત્ત્વો ઉપર શ્રદ્ધા કે રુચિ થતી નથી. સત્ય સમજાતું નથી.

**b. મિશ્ર મોહનીય :** અતત્ત્વ ઉપર તથા પરમાત્મા દ્વારા કથિત તત્ત્વો ઉપર રૂચિ પણ નહી અને અરુચિપણ નહી અર્થાત્ તત્ત્વ ઉપર શ્રદ્ધા પણ નથી હોતી અને અશ્રદ્ધા પણ નથી હોતી.

**c. સમકિત મોહનીય :** આ કર્મના ઉદયથી પરમાત્મા દ્વારા કથિત તત્ત્વ ઉપર રુચિ થાય છે, પરંતુ શંકા વગેરે દોષ ફરીથી આવી શકે છે. મિથ્યાત્વ મોહનીયનો એવો મંદ ઉદય કે જે સમ્યક્ત્વને રોકી નથી શકતો, એ સમ્યકત્વ મોહનીય કહેવાય છે. જ્યાં સુધી આ છે ત્યાં સુધી અતિચાર લાગવાની સંભાવના હોય છે.

**૨. ચારિત્ર મોહનીય કર્મ :** ચારિત્ર મોહનીયના ૧૬ કષાય + ૯નો કષાય આ પ્રમાણે ૨૫ ભેદ છે. કષ = સંસાર, આય = લાભ એટલે કે જેનાથી સંસારનો લાભ થાય છે, એ કષાય કહેવાય છે. આ કષાયોને એટલે કે ક્રોધ, માન, માયા અને લોભને અનંતાનુબંધી વગેરે ચારથી ગુણવાથી ૪ x ૪ = ૧૬ કષાય થાય છે.

# ૧૬ કષાયોનો ચાર્ટ

| કષાયની જાતિ | નામ | ઉપમા કોના જેવો ? | રહેવાનો સમય | કયા ગુણને રોકે છે | કઈ ગતિમાં જાય છે. | કેવી રીતે બને છે. |
|---|---|---|---|---|---|---|
| અનંતાનુબંધી | ક્રોધ | પર્વતમાં રેખા | જાવજ્જીવ | સમ્યક્ત્વ નથી થવા દેતું | નરક ગતિમાં | સંવત્સરીના દિવસે પણ |
| | માન | સ્તંભ જેવો | જાવજ્જીવ | સમ્યક્ત્વ નથી થવા દેતું | જાય છે. | કષાયનો ત્યાગ નહીં કરે, |
| | માયા | વાંસના મૂળ જેવી | જાવજ્જીવ | સમ્યક્ત્વ નથી થવા દેતું | | તો જીવ અનંતાનુબંધી |
| | લોભ | ચોલમજીટના રંગ જેવો | જાવજ્જીવ | સમ્યક્ત્વ નથી થવા દેતું | | વાળો થાય છે. |
| અપ્રત્યાખ્યાની | ક્રોધ | પૃથ્વીમાં રેખા | એક વર્ષ | શ્રાવક-દેશ વિરતિનો | તિર્યંચ ગતિમાં | સંવત્સરી પ્રતિક્રમણ |
| | માન | હાડકા જેવું | એક વર્ષ | ઉદય નથી થવા દેતો, | જાય છે | કરવાથી આ કષાય |
| | માયા | ઘેટાના શીંગડા જેવી | એક વર્ષ | પચ્ચક્ખાણ વગેરેનો | | આગળ નથી વધતા, |
| | લોભ | ગાડાના કર્દમ જેવો | એક વર્ષ | ઉદય નથી થવા દેતો. | | જેનાથી સમ્યક્ત્વ ટકે છે. |
| પ્રત્યાખ્યાની | ક્રોધ | રેતીમાં રેખા | ૪ મહિના | સર્વ વિરતિ-ચારિત્ર | મનુષ્ય ગતિમાં | ચૌમાસી પ્રતિક્રમણ |
| | માન | લાકડી જેવું | ૪ મહિના | એટલે કે સર્વ-વિરતિનો | જાય છે. | કરવાથી આ કષાય |
| | માયા | ગાયના મૂત્ર જેવી | ૪ મહિના | ઉદય થવા નથી દેતો. | | આગળ નથી વધતા, |
| | લોભ | દીપકના કાજલ જેવું | ૪ મહિના | | | જેનાથી શ્રાવકત્વ ટકે છે. |
| સંજ્વલન | ક્રોધ | પાણીમાં રેખા | ૧૫ દિવસ | યથાખ્યાત ચારિત્ર | દેવ ગતિમાં | પક્ખી પ્રતિક્રમણ |
| | માન | બેંતની લાકડી | ૧૫ દિવસ | આવવા નથી | જાય છે. | કરવાથી આ કષાય |
| | માયા | અવલેહિકા જેવી | ૧૫ દિવસ | દેતું. | | આગળ નથી વધતા. |
| | લોભ | હળદરના રંગ જેવો | ૧૫ દિવસ | | | જેનાથી સાધુત્વ ટકે છે. |

કોઈપણ કષાય કર્યા પછી જો ૧૫ દિવસનો સમય અતિક્રમિત થઈ જાય તો એ પ્રત્યાખ્યાની બની જાય છે. એટલે કે સાધુત્વ જતું રહે છે. જો ચાર મહિનાનો સમય અતિક્રમિત થઈ જાય તો એ અપ્રત્યાખ્યાની બની જાય છે. એટલે કે શ્રાવકત્વ જતું રહે છે. જો એક વર્ષનો સમય અતિક્રમિત થઈ જાય તો એ અનંતાનુબંધી બની જાય છે. અને સમ્યક્ત્વ જતું રહે છે. માટે જો રાઈ-દેવસિય કે પક્ખી અથવા ચૌમાસી પ્રતિક્રમણ ન કર્યું હોય તો પણ અંતમાં સંવત્સરી પ્રતિક્રમણ કરવું જ જોઈએ. અને પ્રતિક્રમણમાં બધા જ પાપો તેમજ જીવોને અંતઃકરણથી ખમાવવું જોઈએ. જેથી સમ્યક્ત્વ ગુણ નું રક્ષણ થાય છે. જો સંવત્સરીમાં પણ કષાયોની ક્ષમા માંગવામાં ન આવે તો, મિથ્યાત્વી થઈ જવાથી

જૈનધર્મ પોતાના જીવનથી સમૂળ ચાલ્યું જાય છે. માટે મિથ્યાત્વને દૂર કરીને જૈનધર્મને ટકાવવાવાળું હોવાથી પર્યુષણ સહુથી મોટું પર્વ છે.

જે કષાય કરવામાં નિમિત્ત બને છે એ નોકષાય કહેવાય છે. ૯ નોકષાય - હાસ્ય, શોક, રતિ (સંસારના સુખમાં આનંદ), અરતિ (દુઃખમાં અપ્રીતિ), ભય (બાહ્ય ડર) જુગુપ્સા (ઘૃણા), પુરુષવેદ (ઘાસ-તૃણના દાહ સમાન) એના ઉદયથી સ્ત્રી ભોગવવાની અભિલાષા થાય છે. સ્ત્રીવેદ (બકરીની લીંડીના દાહસમાન) આ કર્મના ઉદયથી પુરુષને ભોગવવાની ઈચ્છા થાય છે. નપુંસક વેદ (નગરના દાહસમાન) સ્ત્રી અને પુરુષ બંનેને ભોગવવાની અભિલાષા થાય છે.

**૪. અંતરાય કર્મ** - આ કર્મના પાંચ ભેદ છે.

**૧. દાનાંતરાય** - દાન આપવામાં વિઘ્ન કરવાથી ભવિષ્યમાં આપણને દાન આપવાની ઈચ્છા હોવા છતાં પણ નહી આપી શકીએ. જેમકે રાજાને દાન આપવાની ઈચ્છા હોય અને ભંડારી કંજૂસ હોવાના કારણે અંતરાય કરે.

**૨. લાભાંતરાય** - બીજાઓને લાભ મળતો હોય, એમાં અંતરાય કરવાથી ભવિષ્યમાં આપણને જીવનમાં થવાવાળા લાભમાં અંતરાય આવે. જેમકે કોઈને સંયમ (દીક્ષા) લેવામાં અંતરાય આપવાથી ભવિષ્યમાં આપણને ઈચ્છા હોવા છતાં પણ ચારિત્ર નહી મલે.

**૩. ભોગાંતરાય** - જે વસ્તુ એક જ વાર ભોગવવાને યોગ્ય હોય. એવા અન્ન વગેરેને ખાવામાં કોઈને અંતરાય આપવાથી ભવિષ્યમાં આપણને બિમારી વગેરેના કારણે ઈચ્છા હોવા છતાં પણ નથી ખાઈ શકતા.

**૪. ઉપભોગાંતરાય** - જેનો વારંવાર ઉપયોગ કરી શકાય છે એવી સ્ત્રી, મકાન, વસ્ત્ર વગેરેના ઉપભોગમાં વિઘ્ન કરવાથી ભવિષ્યમાં ઈચ્છા હોવા છતાં પણ એ વસ્તુઓનો ઉપભોગ ન કરી શકીએ.

**૫. વીર્યાન્તરાય** - મન-વચન અને કાયાની શક્તિ હોવા છતાં પણ વીર્યને છુપાવવાથી અથવા એનો ઉપયોગ નહી કરવાથી આ કર્મ બંધાય છે. જેનાથી ભવિષ્યમાં આપણને કમજોર શરીરની પ્રાપ્તિ થાય છે. જેમ ઉભા રહીને પ્રતિક્રમણ કરવાની શક્તિ હોવા છતાં પણ ઉભા-ઉભા નહી કરવાથી આ કર્મ બંધાય છે.

# અઘાતિ કર્મ

વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્ર આ ચાર કર્મ અઘાતિ છે. જે આત્માના મૂળ ગુણોના ઘાત નથી કરતા, છતાં પણ ચોરની સાથે રહેવાથી જેમ ચોર કહેવાય છે. તેવી જ રીતે ઘાતિ કર્મની ઉપસ્થિતિ હોય, ત્યાં સુધી રાગાદિમાં નિમિત્ત બને છે.

**૫. વેદનીય કર્મ** - આના બે ભેદ છે.

**૧. શાતાવેદનીય કર્મ :** આ કર્મના ઉદયથી શરીરને શાતા મળે છે. સુખ મળે છે.

**૨. અશાતા વેદનીય કર્મ :** આ કર્મના ઉદયથી શરીરને દુઃખ થાય છે. ભૂખ, તરસ, વ્યાધિ વગેરે આની અંતર્ગત આવે છે.

**૬. આયુષ્ય કર્મ** : શરીરમાં જીવને જે ગુંદની જેમ ચીટકાવીને રાખે, એને આયુષ્યકર્મ કહેવાય છે. એ કર્મના ૪ ભેદ છે.

**૧. નરકાયુ** - આનાથી નરકગતિ મળે છે.
**૨. તિર્યંચાયુ** - આનાથી તિર્યંચગતિ મળે છે.
**૩. મનુષ્યાયુ** - આનાથી મનુષ્યગતિ મળે છે.
**૪. દેવાયુ** - આનાથી દેવગતિ મળે છે.

- જેટલું આયુષ્ય હોય તેટલા સમય સુધી આ કર્મ જીવને એ ભવમાં જકડીને રાખે છે.
- એક આયુષ્યનો જ્યાં સુધી ઉદય હોય છે, ત્યાં સુધી બીજુ આયુષ્ય ઉદયમાં આવી નથી શકતું.

**૭. ગોત્ર કર્મ** : આ કર્મના બે ભેદ છે.

**૧. ઉચ્ચ ગોત્ર :** આ કર્મના ઉદયથી જીવને ઐશ્વર્ય, સન્માન, સત્કાર તથા ઉત્તમ જાતિ - કુલ વગેરે મળે છે.

**૨. નીચ ગોત્ર :** આ કર્મના ઉદયથી અધમ, હીન જાતિ કુલ મળે છે.

**૮. નામ કર્મ** : આના ૧૦૩ ભેદ નીચે પ્રમાણેના છે.

| | | |
|---|---|---|
| ૧. | પિંડ પ્રકૃતિના ઉત્તર ભેદ | - ૭૫ |
| ૨. | પ્રત્યેક પ્રકૃતિ | - ૮ |
| ૩. | ત્રસ દશક | - ૧૦ |
| ૪. | સ્થાવર દશક | - ૧૦ |
| | કુલ | - ૧૦૩ |

## પિંડ પ્રકૃતિના ઉત્તરભેદ

પિંડ એટલે સમૂહવાળી પ્રકૃતિ - જેમાં ઉત્તર ભેદવાળી પ્રકૃતિઓ હોય એને પિંડ પ્રકૃતિ કહેવાય છે.

**૧. ગતિ નામકર્મ :** જે કર્મના ઉદયથી નરકાદિ ગતિની પ્રાપ્તિ થાય છે. એને ગતિ નામકર્મ કહે છે. એના ૪ ભેદ છે. (૧) નરકગતિ નામકર્મ (૨) તિર્યંચ ગતિ નામકર્મ (૩) મનુષ્ય ગતિ નામકર્મ (૪) દેવગતિ નામકર્મ

**૨. જાતિ નામકર્મ :** જે કર્મના ઉદયથી એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધી ના જીવોને જાતિ પ્રાપ્ત થાય છે; એને જાતિ નામકર્મ કહે છે. એના પાંચ ભેદ છે. (૧) એકેન્દ્રિય જાતિ નામકર્મ (૨) બેઇન્દ્રિય જાતિ નામકર્મ (૩) તેઇન્દ્રિય જાતિ નામકર્મ (૪) ચઉરિન્દ્રિય જાતિ નામકર્મ (૫) પંચેન્દ્રિય જાતિ નામકર્મ.

**૩. શરીર નામકર્મ :** ''શીર્યતે તચ્છરીરમ્'' અર્થાત્ જે પ્રતિક્ષણ પુદ્‌ગલને ગ્રહણ કરવા અથવા છોડવા દ્વારા ઘટે-વધે છે, એ શરીર છે. આ શરીર નામકર્મના ઉદયથી પ્રાપ્ત થાય છે. એના કુલ ૫ ભેદ છે.

**૧. ઔદારિક શરીર નામકર્મ :** જે કર્મના ઉદયથી ઉદાર, સ્થૂળ પુદ્‌ગલોથી બનેલું શરીર મનુષ્ય ગતિ અને તિર્યંચ ગતિવાળા જીવોને પ્રાપ્ત થાય છે. એને ઔદારિક શરીર નામકર્મ કહે છે.

**૨. વૈક્રિય શરીર નામકર્મ :** જે શરીર મોટાથી નાનું,નાનાથી મોટું, એકથી અનેક, અનેકથી એક આ પ્રમાણે વિવિધ પ્રકારની ક્રિયાઓ કરવામાં સક્ષમ હોય એને વૈક્રિયશરીર નામકર્મ કહે છે. વૈક્રિય નામકર્મના ઉદયથી આ શરીર દેવગતિ અને નરકગતિવાળા જીવોને પ્રાપ્ત થાય છે. વૈક્રિય લબ્ધિધારી મનુષ્ય તિર્યંચ આ કર્મના ઉદયથી વૈક્રિય શરીર બનાવી શકે છે.

**૩. આહારક શરીર નામકર્મ :** જે કર્મના ઉદયથી ૧૪ પૂર્વધર ભગવાનની ઋદ્ધિ જોવા અથવા શંકાના નિવારણ માટે એક હાથ પ્રમાણ અત્યંત દેદીપ્યમાન શરીર બનાવે છે. એ આહારક શરીર નામ કર્મ છે.

**૪. તેજસ શરીર નામકર્મ :** જે કર્મના ઉદયથી શરીરમાં આહારને પચાવવાવાળું તેજસ પુદ્‌ગલોના સમૂહરૂપ તેજસ શરીરની પ્રાપ્તિ થાય છે. તેજસ નામકર્મથી પ્રાપ્ત આ તેજસ શરીરથી આહાર પચે છે. તેમજ એનાથી સાત ધાતુમય શરીરનું નિર્માણ થાય છે. આ તેજસ શરીર નામકર્મથી શરીર એક નિશ્ચિત તાપમાન સુધી ગરમ રહે છે.

**૫. કાર્મણ શરીર નામકર્મ :** જે કર્મના ઉદયથી આત્માની સાથે સંલગ્ન કર્મ સૂક્ષ્મ શરીરનું રૂપ ધારણ કરે છે. કાર્મણશરીર નામકર્મથી પ્રાપ્ત આ શરીરના કારણે કર્મ આત્મા ઉપર ચોંટે છે. મરણ

અવસ્થાના પછી પણ તેજસ અને કાર્મણ શરીર આત્માની સાથે રહે છે. માત્ર મોક્ષમાં જ જીવ આ *સર્વ શરીરથી રહિત થાય છે.*

**૪. અંગોપાંગ નામકર્મ :** શરીરના બે હાથ, બે પગ, મસ્તક, ઉદર, પીઠ અને વક્ષ (છાતી) આ આઠ અંગ કહેવાય છે. આ અંગોના અવયવ જેમ કે આંગળી, નાક, કાન વગેરે ઉપાંગ કહેવાય છે. આ ઉપાંગોના અવયવ જેવા કે આંગળીઓના વેઢા, રેખાઓ વગેરે અંગોપાંગ કહેવાય છે. એટલે કે શરીરના નાના-મોટા બધા વિભાગ અંગોપાંગ નામકર્મના ઉદયથી પ્રાપ્ત થાય છે. એના ત્રણ ભેદ છે. (૧) ઔદારિક અંગોપાંગ નામકર્મ (૨) વૈક્રિય અંગોપાંગ નામકર્મ (૩) આહારક અંગોપાંગ નામકર્મ.

**૫. બંધન નામકર્મ :** નવા ગ્રહણ કરવાના પુદ્ગલોને પહેલા ગ્રહણ કરાયેલા પુદ્ગલોની સાથે જોડવાનું કાર્ય બંધન નામકર્મ કરે છે. આના ૧૫ ભેદ છે.

| પૂર્વમાં ગ્રહણ કરેલા | નવા ગ્રહણ કરાતા | બંધન નામ કર્મનું નામ |
|---|---|---|
| ૧. ઔદારિક પુદ્ગલોની સાથે | કાર્મણ પુદ્ગલોને જોડવામાં સહાયક | ઔદારિક-કાર્મણ |
| ૨. ઔદારિક પુદ્ગલોની સાથે | તેજસ પુદ્ગલોને જોડવામાં સહાયક | ઔદારિક-તેજસ |
| ૩. તેજસ-કાર્મણ પુદ્ગલોની સાથે | ઔદારિક પુદ્ગલોને જોડવામાં સહાયક | ઔદારિક-તેજસ-કાર્મણ |
| ૪. ઔદારિક પુદ્ગલોની સાથે | ઔદારિક પુદ્ગલોને જોડવામાં સહાયક | ઔદારિક-ઔદારિક |
| ૫. વૈક્રિય પુદ્ગલોની સાથે | કાર્મણ પુદ્ગલોને જોડવામાં સહાયક | વૈક્રિય-કાર્મણ |
| ૬. વૈક્રિય પુદ્ગલોની સાથે | તેજસ પુદ્ગલોને જોડવામાં સહાયક | વૈક્રિય-તેજસ |
| ૭. તેજસ-કાર્મણ પુદ્ગલોની સાથે | વૈક્રિય પુદ્ગલોને જોડવામાં સહાયક | વૈક્રિય-તેજસ-કાર્મણ |
| ૮. વૈક્રિય પુદ્ગલોની સાથે | વૈક્રિય પુદ્ગલોને જોડવામાં સહાયક | વૈક્રિય-વૈક્રિય |
| ૯. આહારક પુદ્ગલોની સાથે | કાર્મણ પુદ્ગલોને જોડવામાં સહાયક | આહારક-કાર્મણ |
| ૧૦. આહારક પુદ્ગલોની સાથે | તેજસ પુદ્ગલોને જોડવામાં સહાયક | આહારક-તેજસ |
| ૧૧. તેજસ-કાર્મણ પુદ્ગલોની સાથે | આહારક પુદ્ગલોને જોડવામાં સહાયક | આહારક-તેજસ-કાર્મણ |
| ૧૨. આહારક પુદ્ગલોની સાથે | આહારક પુદ્ગલોને જોડવામાં સહાયક | આહારક-આહારક |
| ૧૩. તેજસ પુદ્ગલોની સાથે | તેજસ પુદ્ગલોને જોડવામાં સહાયક | તેજસ-તેજસ |
| ૧૪. કાર્મણ પુદ્ગલોની સાથે | કાર્મણ પુદ્ગલોને જોડવામાં સહાયક | કાર્મણ-કાર્મણ |
| ૧૫. તેજસ પ્પુદ્ગલોની સાથે | કાર્મણ પુદ્ગલોને જોડવામાં સહાયક | તેજસ-કાર્મણ |

નોંધ : આને આ રીતે વાંચવું, (૧) પૂર્વમાં ગ્રહણ કરેલા ઔદારિક પુદ્ગલોની સાથે નવા ગ્રહણ કરાતા કાર્મણ પુદ્ગલોને જોડવામાં ઔદારિક-કાર્મણ બંધન નામકર્મ કામ આવે છે. બાકીના બધા પણ આવી જ રીતે વાંચવા.

૬. સંઘાતન નામકર્મ : ઔદારિકાદિ શરીર બનાવવા માટે એને યોગ્ય વર્ગણાઓને એકઠા કરવાનું કાર્ય સંઘાતન નામકર્મ દ્વારા થાય છે. એના ૫ ભેદ છે. (૧) ઔદારિક સંઘાતન (૨) વૈક્રિય સંઘાતન (૩) આહારક સંઘાતન (૪) તેજસ સંઘાતન (૫) કાર્મણ સંઘાતન

**૭. સંઘયણ નામકર્મ :** શરીરના હાડકાઓની મજબૂતીને નિર્ધારિત કરવાવાળા કર્મને સંઘયણ નામકર્મ કહેવાય છે. આના ૬ ભેદ છે.

**૧. વજ્રઋષભ નારાચ સંઘયણ :** બે હાડકાઓની વચ્ચે મર્કટબંધ (હાડકાઓનો પરસ્પર સંબંધ - વાંદરાનું બચ્ચું માઁ ને જે રીતે મજબૂતીથી પકડે છે - એ મર્કટ બંધ) હોય એની ઉપર હાડકાઓની પટ્ટી લપેટેલી હોય. તથા એ હાડકાઓની વચ્ચે ઉપરથી નીચે આર-પાર કરવામાં આવેલી વજ્ર જેવી હાડકાની ખીલી હોય, હાડકાઓની એવી સંરચનાને વજ્રઋષભ નારાચ સંઘયણ કહેવાય છે. જેમાં વજ્ર = હાડકાની ખીલી, ઋષભ = હાડકાઓનો પટ્ટો, નારાચ = હાડકાઓનુ મર્કટ બંધ સમાન મજબૂતીથી પરસ્પર બંધાવવું. આ સંઘયણ અતિ મજબૂત હોવાથી આ સંઘયણ દ્વારા જ જીવ સાધના કરીને કર્મ ખપાવીને મોક્ષમાં જઈ શકે છે. અથવા પાપ કર્મ બાંધીને સાતમી નરકમાં પણ જઈ શકે છે.

**૨. ઋષભનારાચ :** એ પહેલાં સંઘયણ જેવું જ હોય છે એમાં માત્ર હાડકાની ખીલી નથી હોતી. આ પહેલાની અપેક્ષાએ ઓછો મજબૂત હોય છે.

**૩. નારાચ :** માત્ર મર્કટબંધ હોય છે.

**૪. અર્ધનારાચ :** માત્ર એક તરફ જ મર્કટબંધ હોય છે. અને બીજી બાજુ ખીલી હોય છે.

**૫. કીલિકા :** માત્ર ખીલીથી હાડકાઓ જોડાયેલા હોય છે.

**૬. છેવટ્ઠુ** - માત્ર બે હાડકાઓ પરસ્પર અગ્રભાગથી સ્પર્શ કરેલા હોય છે.

**૮. સંસ્થાન નામકર્મ :** આ કર્મના ઉદયથી શરીરની સારી કે ખોટી આકૃતિ મળે છે. આના ૬ ભેદ છે.

**૧. સમચતુરસ્ર સંસ્થાન :** સમ = સમાન, ચતુ: = ચાર, અસ્ર = ખૂણા, એટલે કે પદ્માસનમાં બેઠેલા વ્યક્તિને (૧) જમણા ઘુંટણથી ડાબા ઘુંટણની વચ્ચેનું અંતર (૨) ડાબા ઘુંટણથી જમણા ખભાની વચ્ચેનું અંતર (૩) જમણા ઘુંટણથી ડાબા ખભાની વચ્ચેનું અંતર (૪) ઘુંટણ ના મધ્યભાગ થી લલાટની વચ્ચેનું અંતર, આ ચાર ખૂણા જેમાં એકસમાન હોય એવી આકૃતિ બનાવાવાળું કર્મ સમચતુરસ્ર સંસ્થાન નામકર્મ કહેવાય છે. ઉદા. પ્રભુની પ્રતિમા.

**૨. ન્યગ્રોધ પરિમંડલ :** વટવૃક્ષની જેમ નાભિથી ઉપરના અંગ લક્ષણવાળા અને નીચેના અંગ લક્ષણહીન હોય છે.


**૩. સાદિ :** નાભિથી નીચેના અંગ લક્ષણ સહિત અને ઉપરના અંગ લક્ષણ હીન હોય છે.

**૪. વામન :** મસ્તક, ગળું, હાથ-પગ વગેરે લક્ષણ સહિત હોય છે. બાકીના અવયવ લક્ષણહીન હોય છે.

## સમચતુરસ સંસ્થાન



## છ : પ્રકારના સંઘયણ




**૫. કુબ્જ :** મસ્તક, ગળું, હાથ-પગ સિવાય વક્ષ, છાતી, પીઠ વગેરે લક્ષણ સહિત હોય છે.

**૬. હુંડક :** બધા અવયવ પ્રમાણ રહિત એટલે કે લક્ષણહીન હોય છે.

**૯. વર્ણ નામકર્મ :** શરીરનો રંગ નિશ્ચિત કરનારું કર્મ વર્ણ નામકર્મ કહેવાય છે. એના મુખ્ય ૫ ભેદ છે. (૧) કૃષ્ણ (૨) નીલ (૩) લાલ (૪) પીત (૫) શ્વેત, ઉદા. કાગડાનું શરીર કાળું હોય છે. હળદરનું શરીર પીળું હોય છે. બગલાનું શરીર સફેદ હોય છે. વગેરે.

**૧૦. ગંધ નામકર્મ :** શરીરની ગંધ નિશ્ચિત કરનારું ગંધ નામકર્મ કહેવાય છે. એના મુખ્ય બે ભેદ છે. (૧) સુરભિ (૨) દુરભિ. ઉદા. લસણ, કાંદા વગેરેનું શરીર દુર્ગંધવાળું હોય છે, ગુલાબ, મોગરા વગેરેનું શરીર સુગંધિત હોય છે.

**૧૧. રસનામકર્મ :** શરીરનો સ્વાદ નિશ્ચિત કરનારું રસ નામકર્મ કહેવાય છે. એના મુખ્ય ૫ ભેદ છે. (૧) તિક્ત (કડવું) (૨) કટુ (તીખું) (૩) કષાય (તૂરો) (૪) આમ્લ (ખાટ્ટો) (૫) મધુર (મીઠો) ઉદા. મરચાનો સ્વાદ તીખો હોય છે. શેરડીનો સ્વાદ મીઠો હોય છે. લીંબુનો સ્વાદ ખાટો હોય છે વગેરે.

**૧૨. સ્પર્શ નામકર્મ :** શરીરનો સ્પર્શ નિશ્ચિત કરનારું સ્પર્શ નામ કર્મ કહેવાય છે. આના મુખ્ય ૮ ભેદ છે. (૧) કર્કશ (૨) મૃદુ (૩) ગુરુ (૪) લઘુ (૫) શીત (૬) ઉષ્ણ (૭) સ્નિગ્ધ (૮) રુક્ષ. ઉદા. પાણીના જીવોનુ શરીર ઠંડું હોય છે, અગ્નિના જીવોનું શરીર ઉષ્ણ હોય છે. રૂનું શરીર હલ્કું હોય છે, લોખંડનું શરીર ભારે હોય છે વગેરે.

**૧૩. આનુપૂર્વી નામકર્મ :** જ્યારે જીવના મરણસ્થાનની અપેક્ષાએ જન્મ સ્થાન અન્ય શ્રેણીમાં હોય ત્યારે જીવને વચ્ચમાં વળાંક લેવો પડે છે. ત્યારે આનુપૂર્વી નામકર્મના ઉદયથી જીવ માર્ગમાં વળાંક લઈ શકે છે. અલગ-અલગ ગતિની અપેક્ષાથી આના ૪ ભેદ છે. (૧) દેવાનુપૂર્વી (૨) મનુષ્યાનુપૂર્વી (૩) તિર્યંચાનુપૂર્વી (૪) નરકાનુપૂર્વી.

**૧૪. વિહાયોગતિ નામકર્મ :** ત્રસજીવોને ચાલવાની શક્તિ પ્રાપ્ત થઈ છે. એમાં કોઈની ચાલ (ચાલવાની સ્ટાઈલ) સારી હોય છે તો કોઈની ખરાબ. આ ચાલ વિહાયોગતિ નામકર્મના ઉદયથી પ્રાપ્ત થાય છે. એના ૨ ભેદ છે.

**૧. શુભવિહાયોગતિ :** બીજાઓને પ્રિય લાગે એવી સુંદર ચાલ. ઉદા. ગજ, વૃષભ, હંસાદિ વગેરેની ચાલ

**૨. અશુભ વિહાયોગતિ :** બીજાઓને અપ્રિય લાગે એવી વિચિત્ર ચાલ. ઉદા. ઊઁટ, ગધેડાની ચાલ.

**હે પ્રભુ,**

**અનંત દોષના ગુલામ એવા મને તેં તારા હૃદયમાં સ્થાન આપ્યું છે એમાં મને જો કોઈ આશ્ચર્ય નથી લાગતું તો અનંત ગુણના માલિક એવા તને હું મારા હૃદયમાં સ્થાન નથી આપી શક્યો એમાંય મને કોઈ આશ્ચર્ય નથી થતું કારણકે એટલે તો તું ભગવાન બની શક્યો છે અને હું સંસારમાં રખડી રહ્યો છું !**

## ત્રસ-સ્થાવરના ૨૦ ભેદ

| ત્રસ દશક | સ્થાવર દશક |
|---|---|
| **૧. ત્રસ નામકર્મ :** આ નામકર્મના ઉદયથી જીવ પોતાની ઈચ્છાથી હલન ચલન કરી શકે છે. ઉદા. કીડી, મકોડા, પશુ, પક્ષી, મનુષ્ય વગેરે. | **સ્થાવર નામકર્મ :** આ નામકર્મના ઉદયથી જીવ પોતાની ઈચ્છાથી હલન-ચલન કરી નથી શકતા. ઉદા. પૃથ્વી, અપ્, તેઉ, વાયુ, વનસ્પતિ વગેરે. |
| **૨. બાદર નામકર્મ :** આ કર્મના ઉદયથી એક અથવા અનેક શરીર મળવાથી એ જીવ દેખાય છે. | **સૂક્ષ્મ નામકર્મ :** આ કર્મના ઉદયથી એક અથવા અનેક શરીર મળવા છતાં પણ તેઓ દેખાતાં નથી. |
| **૩. પર્યાપ્તનામકર્મ :** આ કર્મના ઉદયથી જીવ સ્વયોગ્ય પર્યાપ્તિઓ પૂર્ણ કરીને જ મરે છે. | **અપર્યાપ્તનામકર્મ :** આ કર્મના ઉદયથી જીવ સ્વયોગ્ય પર્યાપ્તિઓ પૂર્ણ કર્યા વિના જ મરી જાય છે. |
| **૪. પ્રત્યેક નામકર્મ :** આ કર્મના ઉદયથી એક જીવને એક શરીરની પ્રાપ્તિ થાય છે. | **સાધારણ નામકર્મ :** આ કર્મના ઉદયથી અનંત જીવોને એક જ શરીર પ્રાપ્ત થાય છે. |
| **૫. સ્થિર નામકર્મ :** આ કર્મના ઉદયથી હાડકાઓ, દાંત વગેરે સ્થિર મળે છે. | **અસ્થિર નામકર્મ :** આ કર્મના ઉદયથી જીભ વગેરે અસ્થિર અવયવ પ્રાપ્ત થાય છે. |
| **૬. શુભ નામકર્મ :** આ કર્મના ઉદયથી નાભિની ઉપરના બધા અવયવ (શુભ) સુંદર પ્રાપ્ત થાય છે. | **અશુભ નામકર્મ :** આ કર્મના ઉદયથી નાભિની નીચેના બધા અવયવ અશુભ પ્રાપ્ત થાય છે. |
| **૭. સૌભાગ્ય નામકર્મ :** આ કર્મના ઉદયથી ઉપકાર કર્યા વિના પણ જીવ બધાને પ્રિય લાગે છે. | **દૌર્ભાગ્ય નામકર્મ :** આ કર્મના ઉદયથી ઉપકાર કરવા છતાં પણ એ બધાને અપ્રિય જ લાગે છે. |
| **૮. સુસ્વર નામકર્મ :** આ કર્મના ઉદયથી સાંભળનારને પ્રિય લાગે એવો કોયલ જેવો મીઠો કંઠ પ્રાપ્ત થાય છે. | **દુઃસ્વર નામકર્મ :** આ કર્મના ઉદયથી સાંભળનારને અપ્રિય લાગે એવો ગધેડા જેવો ખરાબ કંઠ પ્રાપ્ત થાય છે. |
| **૯. આદેય નામકર્મ :** આ કર્મના ઉદયથી વ્યક્તિને બધા માન-સન્માન આપે છે. બધા એની વાત માને છે. | **અનાદેય નામકર્મ :** આ કર્મના ઉદયથી હિતકારક વાત કરવાં છતાં પણ કોઈ એની વાત માનવા તૈયાર નથી થતું. અને કોઈ એને માન-સન્માન નથી આપતું. |
| **૧૦. યશ નામકર્મ :** આ કર્મના ઉદયથી જીવ લોકોને માટે પ્રશંસા પાત્ર બને છે. | **અપયશ નામકર્મ :** આ કર્મના ઉદયથી અપયશ મળે છે. |

આ પ્રમાણે ત્રસ-દશકની ૧૦ શુભ પ્રકૃતિ અને સ્થાવરદશકની ૧૦ અશુભ પ્રકૃત્તિ છે.

## પ્રત્યેક પ્રકૃતિના ૮ ભેદ

જે પ્રકૃતિઓના કોઈ ઉત્તર ભેદ નથી હોતા તે પ્રત્યેક પ્રકૃતિ કહેવાય છે.

**૧. અગુરુ-લઘુનામકર્મ :** આ કર્મના ઉદયથી શરીર વધારે ભારે અથવા વધારે હલ્કું નથી લાગતું.

**૨. ઉપઘાત નામકર્મ :** આ કર્મના ઉદયથી પોતાના અવયવ પોતાને જ તકલીફ આપે છે. ઉદા. પડજીભી, ચોરદાંત, છઠ્ઠી આંગળી વગેરે.

**૩. પરાઘાત નામકર્મ :** આ કર્મના ઉદયથી તેજસ્વી મુખ-મુદ્રા પ્રાપ્ત થાય છે. જેનાથી બીજાઓનો પરાભવ થાય છે. જેમકે - મસ્તી કરતો નોકર શેઠને જોતાં જ કામમાં લાગી જાય છે.

**૪. શ્વાસોચ્છ્વાસ નામકર્મ :** આ કર્મના ઉદયથી શ્વાસોચ્છ્વાસની લબ્ધિ મળે છે.

**૫. આતપ નામકર્મ :** આ કર્મના ઉદયથી એવા શરીરની પ્રાપ્તિ થાય છે કે જે પોતે શીતલ હોવા છતાં પણ બીજાઓને ગરમ પ્રકાશ આપે છે. જેમકે - સૂર્યવિમાનનું રત્ન.

**૬. ઉદ્યોત નામકર્મ :** આ કર્મના ઉદયથી શરીર ઠંડો પ્રકાશ આપે છે. જેમકે - ચંદ્રાદિના વિમાન, રત્ન, હીરા વગેરે.

**૭. નિર્માણ નામકર્મ :** આ કર્મના ઉદયથી શરીરમાં નિશ્ચિત સ્થાને અંગોપાંગનું નિર્માણ થાય છે. જેમકે નાકની જગ્યાએ નાક અને કાનની જગ્યાએ કાન વગેરેનું નિર્માણ થાય છે.

**૮. જિન નામકર્મ :** આ કર્મના ઉદયથી કેવળજ્ઞાન પ્રાપ્ત થયા પછી અષ્ટ પ્રાતિહાર્ય, અતિશયોથી યુક્ત, સુરાસુરથી પૂજિત એવા તીર્થંકર બને છે. જેમકે મહાવીર સ્વામી.

અહીંયા કર્મના ૧૫૮ ભેદ પૂર્ણ થયા.

**કર્મનો બંધ** : (૧૨૦) આગળ બતાવેલા કર્મોનો આત્માની સાથે દૂધ-પાણી (ક્ષીર-નીરવત્)ની જેમ એકમેક થઈ જવું, એને બંધ કહેવાય છે. કર્મબંધની પ્રકૃતિ નીચે મુજબ ગણાય છે.

| | | | |
|---|---|---|---|
| જ્ઞાનાવરણીય | - | ૫ | |
| દર્શનાવરણીય | - | ૯ | |
| વેદનીય | - | ૨ | |
| મોહનીય | - | ૨૬ | (મિશ્ર મોહનીય અને સમકિત મોહનીય કર્મ બંધાતા નથી.) |
| આયુષ્ય | - | ૪ | |
| નામ | - | ૬૭ | (૧૫ બંધન અને ૫ સંઘાતન આ ૨૦ પ્રકૃતિઓ ૫ શરીરમાં ગણવાથી અને વર્ણાદિ ૨૦ના બદલે ૪ ગણવાથી ૧૦૩માંથી ૩૬ પ્રકૃતિ ઓછી થાય છે, માટે બંધમાં નામકર્મની ૬૭ પ્રકૃતિ જ ગણાય છે.) |
| ગોત્ર | - | ૨ | |
| અંતરાય | - | ૫ | |
| કુલ | - | ૧૨૦ | |

**કર્મનો ઉદય** : (૧૨૨) મિશ્ર મોહનીય અને સમ્યક્ત્વ મોહનીય આ અધ્યવસાયની શુદ્ધિથી બનેલા મિથ્યાત્વના દલિક છે. બંધમાં માત્ર મિથ્યાત્વ મોહનીય જ હોય છે. જ્યારે ઉદયમાં મિશ્ર મોહનીય અને સમ્યક્ત્વ મોહનીય પણ હોય છે. જેનાથી ઉદયમાં ૧૨૦ + ૨ = ૧૨૨ પ્રકૃતિઓ હોય છે.

**કર્મની સત્તા** : (૧૫૮) બંધાયેલી પ્રકૃતિ જ્યાં સુધી ઉદયમાં ન આવે ત્યાં સુધી સત્તા કહેવાય છે. સત્તાના ૧૫૮ ભેદ છે. ઉદા. પૈસા કમાવવા - આ બંધ છે. તિજોરીમાં રાખવા - સત્તા છે. અને ખર્ચવું એ ઉદય સમાન છે.

## કર્મની સ્થિતિ

| કર્મ | ઉત્કૃષ્ટ-સ્થિતિ | જઘન્ય-સ્થિતિ |
|---|---|---|
| જ્ઞાનાવરણીય | ૩૦ કોડાકોડિ સાગરોપમ | અંતર્મુહૂર્ત |
| દર્શનાવરણીય | ૩૦ કોડાકોડિ સાગરોપમ | અંતર્મુહૂર્ત |
| વેદનીય | ૩૦ કોડાકોડિ સાગરોપમ | ૧૨ મુહૂર્ત |
| અંતરાય | ૩૦ કોડાકોડિ સાગરોપમ | અંતર્મુહૂર્ત |
| મોહનીય | ૭૦ કોડાકોડિ સાગરોપમ | અંતર્મુહૂર્ત |
| નામ | ૨૦ કોડાકોડિ સાગરોપમ | ૮ મુહૂર્ત |
| ગોત્ર | ૨૦ કોડાકોડિ સાગરોપમ | ૮ મુહૂર્ત |
| આયુષ્ય | ૩૩ સાગરોપમ | ૨૫૬ આવલિકા |

**અબાધા કાળ** : કોઈપણ કર્મનો બંધ થયા પછી એ કર્મ તુરંત ઉદયમાં નથી આવતુ, પરંતુ થોડાક સમય પછી જ ઉદયમાં આવી શકે છે. બંધ સમયથી જ્યાં સુધી ઉદયમાં ન આવે ત્યાં સુધીના સમયને અબાધા કાળ કહે છે.

**સાત કર્મમાં અબાધા** : આયુષ્ય સિવાયના ૭ કર્મોની જે ઉત્કૃષ્ટ સ્થિતિ છે, એમાંથી જેટલા કોડાકોડિ સાગરોપમનો બંધ હોય, એટલા સો (૧૦૦) વર્ષ પછી એ કર્મ ઉદયમાં આવે છે. જો કોઈ કર્મ એક કોડાકોડિ સાગરોપમથી ઓછા વર્ષનો બંધ કર્યો હોય, ત્યારે ૧ અંતર્મુહૂર્તની અબાધા હોય છે. જેમકે જ્ઞાનાવરણીય કર્મ ૩૦ કોડાકોડિ સા.બાંધ્યુ હોય તો ૩૦ x ૧૦૦ = ૩૦૦૦ વર્ષ, આ કર્મનો અબાધાકાળ હોય છે. એટલે કે ૩૦ કોડાકોડિ સાગ. વાળુ બંધાયેલુ જ્ઞાનાવરણીય કર્મ ૩૦૦૦ વર્ષ પછી ક્રમશઃ ઉદયમાં આવશે અને પછી ૩૦ કોડાકોડિ સાગરોપમ સુધી સતત ઉદયમાં રહેશે. એવી જ રીતે:

૧૦ કોડાકોડી સાગ. બાંધે તો ૧૦ x ૧૦૦ =૧૦૦૦ વર્ષ નો અબાધા કાળ

૫ કોડાકોડી સાગ. બાંધે તો ૫ x ૧૦૦ =૫૦૦ વર્ષ નો અબાધા કાળ જાણવો

**કર્મની ઉદીરણા** : પાછળથી ઉદયમાં આવનારું કર્મ શુભ અથવા સંક્લિષ્ટ કે વિશુદ્ધ પરિણામથી તરત જ ઉદયમાં આવી જાય છે. એને ઉદીરણા કહે છે. જે કર્મનો ઉદય હોય એ કર્મની જ ઉદીરણા થાય છે.

**કર્મનું સંક્રમણ** : ક્યારેક શુભ અધ્યવસાયથી અશુભકર્મ શુભમાં સંક્રમિત થઈ જાય છે, અર્થાત્ બદલાઈ જાય છે. અને અશુભ અધ્યવસાયથી શુભકર્મ અશુભમાં સંક્રમિત થઈ જાય છે. આને કર્મનું સંક્રમણ કહે છે. એટલા માટે જેટલો વધારે ધર્મ કરશો તેટલા જ અશુભ કર્મ જે પૂર્વમાં નિકાચિત ન બાંધેલા ન હોય તો શુભકર્મમા બદલાઈ જાય છે. જો પૂર્વમાં કર્મ રસપૂર્વક નિકાચિત બાંધ્યા હોય તો ધર્મ કરવાથી એમાં ફેરફાર નથી થતો. પરંતુ ધર્મથી આ કર્મોના ઉદયમાં સમભાવપૂર્વક સહન કરવાની શક્તિ પ્રાપ્ત થાય છે. પરંતુ ધર્મ કરવામાં માત્ર દેખાડો જ હોય તો ન ચાલે. જેટલા રસપૂર્વક પાપ કર્યા હોય, એટલા અથવા એનાથી પણ વધારે રસપૂર્વક - ધ્યાનપૂર્વક ધર્મ કરવાની આવશ્યક્તા છે.

**આયુષ્ય કર્મમાં અબાધા** : જે સમયે પરભવનું આયુષ્ય બાંધ્યું હોય, એ સમયથી મરણ સુધી આયુષ્યનો અબાધા-કાળ હોય છે.

**આયુષ્યનો બંધ ક્યારે થાય છે** : વ્યક્તિનું જેટલું આયુષ્ય હોય, એનો ત્રીજો ભાગ બાકી રહે, ત્યારે આયુષ્ય બંધાઈ જાય છે. જો ત્યારે ન બાંધે, તો બાકીના આયુષ્યના ત્રીજા ભાગમાં....જો ત્યારે પણ ન બાંધવામાં આવે તો એના પણ ત્રીજા ભાગમાં..આમ કરતાં-કરતાં અંતિમ અંતર્મુહૂર્ત સુધી આયુષ્ય બાંધી શકાય છે.

જેમકે કોઈ વ્યક્તિનું ૯૦ વર્ષનું આયુષ્ય હોય તો, જલ્દીમાં જલ્દી ૬૦માં વર્ષમાં આયુષ્ય બાંધી શકે છે. જો ત્યારે ન બાંધે તો બાકી રહેલા ૩૦ વર્ષના ત્રીજા ભાગમાં....એટલે કે ૧૦ વર્ષ બાકી રહે ત્યારે બંધાય છે. જો ૮૦ વર્ષમાં પણ આયુષ્ય બાંધવામાં ન આવે તો, ૧૦ વર્ષના ત્રીજો ભાગ એટલે કે ૩ વર્ષ અને ૪ મહિના બાકી હોય ત્યારે, એટલે ૮૬ વર્ષ ૮ મહિના થયા પછી આયુષ્ય બંધાય છે. જો ત્યારે પણ ન બંધાય તો ૩ વર્ષ ૪ મહિનાનો ત્રીજો ભાગ એટલે કે ૧ વર્ષ ૪૦ દિવસ બાકી હોય ત્યારે એટલે કે ૮૮ વર્ષ ૧૦ મહિના અને ૨૦ દિવસ થયા પછી બંધાય છે. જો ત્યારે પણ ન બાંધવામાં આવે તો ૧ વર્ષ ૪૦ દિવસનો ત્રીજો ભાગ એટલે કે ૪ મહિના ૧૩ દિવસ બાકી રહ્યા હોય ત્યારે એટલે કે ૮૯ વર્ષ ૭ મહિના અને ૧૭ દિવસ થયા પછી આયુષ્ય બંધાય છે. ત્યારે પણ ન બંધાય તો ૪ મહિના ૧૩ દિવસનો ત્રીજો ભાગ એટલે કે ૧ મહિના ૧૫ દિવસ બાકી હોય ત્યારે, એટલે કે ૮૯ વર્ષ ૧૦ મહિના ૧૫ દિવસ થયા પછી, ત્યારે પણ જો આયુષ્ય બાંધવામાં ન આવે તો ઉંમરના લગભગ ૧૫ દિવસ બાકી રહે ત્યારે એટલે કે ૮૯ વર્ષ ૧૧ મહિના ૧૫ દિવસ થાય ત્યારે. જો ત્યારે પણ બાંધવામાં ન આવે તો ૧૫ દિવસનો ત્રીજો ભાગ એટલે કે લગભગ આયુષ્યના ૫ દિવસ બાકી રહ્યા હોય ત્યારે, એટલે કે ૮૯ વર્ષ ૧૧ મહિના ૨૫ દિવસે, ત્યારે પણ આયુષ્ય ન બંધાય તો ૫

દિવસનો ત્રીજો ભાગ એટલે કે લગભગ આયુષ્યના ૪૦ કલાક બાકી રહ્યા હોય ત્યારે. જો ત્યારેપણ ન બાંધવામાં આવે તો લગભગ ૧૩ કલાક બાકી હોય ત્યારે. જો ત્યારે પણ બાંધવામા ન આવે તો લગભગ ૪ કલાક બાકી રહ્યા હોય ત્યારે. જો ત્યારે પણ બાંધવામાં ન આવે તો ૧૧/૪ કલાક બાકી રહે ત્યારે. ત્યારે પણ બાંધવામાં ન આવે તો અંતિમ અંતર્મુહૂર્તમાં તો બંધાઈ જ જાય છે.

**તિથિની મહત્તા :** આ પ્રમાણે પ્રત્યેક ત્રીજા ભાગમાં આયુષ્ય બંધ થવાની શક્યતા છે, પરંતુ આપણને એ ખબર નથી કે આપણું આયુષ્ય કેટલું છે ? માટે પાપથી બચવા માટે જિનેશ્વર પ્રભુએ પર્વતિથિની આરાધના બતાવી છે. ૧૦ તિથિઓ દર ત્રીજા દિવસે આવે છે. આ તિથિના દિવસોમાં આયુષ્ય બંધની વધારે શક્યતા છે. આયુષ્ય બંધ ૧૦માંથી કોઈપણ તિથિના દિવસે થઈ શકે છે. માટે પાંચ જ નહી પરંતુ દસ તિથિઓમાં વિશેષ ધર્મ આરાધના કરીને પાપથી અટકવું જોઈએ. ધર્મ-આરાધના, નવકાર સ્મરણ વગેરે કરતા-કરતા આયુષ્ય બંધ થઈ જાય તો સદ્ગતિ પ્રાપ્ત થાય છે.

## આયુષ્યના ચાર પ્રકાર

**૧. સોપક્રમી અપવર્તનીય :** આયુષ્ય બંધ કરતા સમયે એવા અધ્યવસાય હોય છે, જેનાથી એવું આયુષ્ય બંધાઈ જાય છે કે ઉપક્રમ એટલે કે દુર્ઘટના થવાથી, એક જ સાથે કર્મ દલિકોને ભોગવીને આયુષ્યને સંક્ષિપ્ત કરી શકાય છે. (સોપક્રમ = દુર્ઘટના સહિત, અપવર્તનીય = સંક્ષિપ્ત કરી શકાય)

૧૦૦ વર્ષના આયુષ્યવાળું બાળક ૧૦ વર્ષની ઉંમરમાં ઉપરથી નીચે પડે, ત્યારે જો આયુષ્ય બળવાન હોય તો નથી મરતો. જો મરી જાય તો, બાકીના ૯૦ વર્ષના સર્વ દલિક અંતર્મુહૂર્તમાં ઉદયમાં આવી જાય છે અને જીવ એને ભોગવીને જ મરે છે.

માની લો કે કોઈએ ચૂલો જલાવવા માટે ૧૨ મહિના સુધી ચાલે એટલા ઇંધણના રૂપમાં લાકડીઓને એકઠી કરીને રાખી. હવે એ રોજ એમાંથી ૨-૨ લાકડી લઈને પોતાનો ચૂલો જલાવે છે. પરંતુ અચાનક એ બધા લાકડાઓમાં આગ લાગી જાય ત્યારે ૧૨ મહિના સુધી ચાલનારા લાકડાં એક દિવસમાં જ બળીને પૂરાં થઈ જાય છે. ઠીક એવી જ રીતે જે આયુષ્યથી ૧૦૦ વર્ષ સુધી જીવી શકાય છે, દુર્ઘટના વગેરે દ્વારા એ આયુષ્ય દસ વર્ષમાં પણ પૂર્ણ થઈ શકે છે.

**(૨) નિરુપક્રમી અપવર્તનીય :** આયુષ્ય બંધ એવો હોય છે કે સંક્ષિપ્ત કરી શકાય, છતાં પણ દુર્ઘટના ન થવાના કારણે પુરૂં આયુષ્ય ભોગવીને મરે છે.

**(૩) સોપક્રમી અનપવર્તનીય :** આ આયુષ્ય એવું હોય છે કે જે સંક્ષિપ્ત નથી થતું. આમા દુર્ઘટના ના કારણે આયુષ્ય સંક્ષિપ્ત નથી થતું પરંતુ આયુષ્ય પુરૂં થવા આવે, એ સમયે અચાનક દુર્ઘટના થઈ જાય છે.

જેમકે ખંધક ઋષિના શિષ્યોને ઘાણી (કોલ્હુ)માં પીલવામાં આવ્યા હતા. ગજસુકુમાલના માથા ઉપર અંગારા ભરવામાં આવ્યા હતા. પરંતુ એ સમયે એમનું આયુષ્ય સ્વાભાવિક રીતે જ પૂર્ણ થયું હતું.

**(૪) નિરુપક્રમી અનપવર્તનીય :** આયુષ્ય સંક્ષિપ્ત પણ નથી થતું અને અંત સમયમાં દુર્ઘટના પણ નથી થતી. ઉદા. ગૌતમસ્વામી, મહાવીર સ્વામી વગેરેનું આયુષ્ય ૬૩ શલાકા-પુરુષ-ચરમશરીરી, એ જ ભવમાં મોક્ષગામી આત્મા, દેવ-નારક તથા યુગલિકનું આયુષ્ય અનપવર્તનીય હોય છે.

## ઉપમા દ્વારા પ્રત્યેક કર્મનો વિપાક

**(૧) જ્ઞાનાવરણીય કર્મ :** આંખ ઉપર બાંધેલી પટ્ટી સમાન છે. આંખ ઉપર પટ્ટી બાંધવાથી જેવી રીતે કોઈ વસ્તુ દેખાતી નથી અને વસ્તુ જાણી પણ નથી શકાતી. તેવી જ રીતે જ્ઞાનાવરણીય કર્મના કારણે આત્મા કશું જાણી નથી શકતો.

**(૨) દર્શનાવરણીય કર્મ :** દ્વારપાલ સમાન છે. જેવી રીતે પ્રતિહારી કે દ્વારપાલ રાજસભામાં રાજાના દર્શનાર્થ આવવાવાળા વ્યક્તિને રોકી લે છે. માટે એ વ્યક્તિને રાજાના દર્શન નથી થઈ શકતા, તેવી જ રીતે દર્શનાવરણીય કર્મના કારણે જીવ (આત્મા)ને સામાન્ય બોધ (દર્શન) પણ નથી થઈ શકતો.

**(૩) વેદનીય કર્મ :** મધથી લિપ્ત બનેલી તલવારની તીક્ષ્ણ ધારની જેમ હોય છે. કેમકે એ ચાટવાના પહેલાં સમય તો મધના મધુર સ્વાદનો અનુભવ થાય છે. પરંતુ પરિણામ સ્વરૂપ જીભ કપાઈ જવાથી પીડાનો અનુભવ થાય છે.

**(૪) મોહનીય કર્મ :** મદિરા (શરાબ) સમાન છે. મદિરાપાન કરવાથી મનુષ્ય વિવેકરહિત થઈ જાય છે. હિત-અહિતનો વિચાર પણ નથી કરી શકતો. આનાથી સત્ય તત્ત્વમાં શ્રદ્ધા નથી થતી તેમજ આત્મસ્વરૂપમાં રમણતા પણ પ્રાપ્ત નથી કરી શકતા.

**(૫) આયુષ્ય કર્મ :** બેડી સમાન છે. બેડીમાં બંધાયેલો જીવ બીજે નથી જઈ શકતો, એ જ રીતે જીવ વર્તમાન ગતિનું આયુષ્ય પૂર્ણ ન થાય ત્યાં સુધી બીજી ગતિમાં નથી જઈ શકતો.

**(૬) નામકર્મ :** ચિત્રકાર સમાન છે. જે પ્રમાણે ચિત્રકાર મનુષ્ય, દેવ વગેરેના અલગ-અલગ આકાર બનાવે છે. તેવી રીતે નામકર્મ અરુપી એવા આત્માનાં ગતિ-જાતિ-શરીર વગેરે અનેક રુપ તૈયાર કરે છે.

**(૭) ગોત્રકર્મ :** કુંભાર સમાન છે. કુંભાર સારા અને ખરાબ બે પ્રકારના ઘડા બનાવે છે. સારા ઘડાની કલશરુપે સ્થાપના થઈને ચંદન-અક્ષત-માળાથી પૂજા થાય છે. જ્યારે કે ખરાબ ઘડામાં શરાબ ભરવામાં આવે છે. આ પ્રમાણે ગોત્રકર્મના યોગથી ઉચ્ચ કે નીચ કુળમાં જન્મ મળે છે.

**(૮) અંતરાય કર્મ :** આ કર્મ ભંડારી સમાન છે. જેમ રાજાએ ભંડારીને કહી દીધું હોય કે દાન આપી દેજે. છતાં પણ ભંડારી ન આપે. એનાથી પ્રજાજનોને લાભમાં વિઘ્ન થાય છે. તેવી જ રીતે અંતરાય કર્મ દાન-લાભ-ભોગ-ઉપભોગ-શક્તિમાં અંતરાય કરે છે.

॥ શ્રી મોહનખેડા તીર્થ મંડન આદિનાથાય નમઃ ॥
॥ શ્રી રાજેન્દ્ર-ધન-ભૂપેન્દ્ર-યતીન્દ્ર-વિદ્યાચન્દ્ર સૂરિ ગુરુભ્યો નમઃ ॥

# શ્રી વિશ્વતારક રત્નત્રયી વિદ્યા રાજિતં

## ત્રિવર્ષીય જૈનિજમ કોર્સ ખંડ ૪


લેખિકા
સા. શ્રી મણિપ્રભાશ્રીજી મ.સા.


**ઓપન-બુક પરીક્ષા પત્ર** **Total 140 Marks**

નોંધ : નામ, સરનામું આદિ ભરીને જવાબ લખવાનું પ્રારંભ કરવું. ૨. બધા પ્રશ્નોના ઉત્તર, ઉત્તર પત્રમાં જ લખવા. ૩. ઉત્તર સ્વયં પોતાની મહેનતથી પુસ્તકમાંથી શોધી કાઢો. ૪. પોતાના શ્રાવકપણાની રક્ષા માટે નકલ મારવાની ચોરીના પાપથી બચો. ૫. જવાબ ચોખ્ખા અક્ષરોથી લખો તથા પુસ્તકની ફાઈનલ પરીક્ષા સમયે ઉત્તર પત્રની સાથે સંલગ્ન કરી દો.

---

**પ્ર.A રિક્ત સ્થાનોની પૂર્તિ કરો. (Fill in the blanks) :-** **12 Marks**

૧. ..............નો ઉપયોગ કરવાથી તામસી અને ક્રૂર પ્રકૃતિ ઉત્પન્ન થાય છે ।

૨. આયુષ્ય પૂર્ણ થાય ત્યાં સુધીના પચ્ચક્ખાણને............ પચ્ચક્ખાણ કહેવાય છે.

૩. ............માં માઁ બાપના ઉપકારોનું વર્ણન કરેલું છે.

૪. દીપકની જ્યોતમાં ............... પ્રાણ હોય છે.

૫. ..............એ પુષ્પ પૂજાના પ્રભાવથી ૧૮ દેશના રાજા બનવાનું પુણ્ય ઉપાર્જિત કર્યું.

૬.. લોટમાં થોડુંક ઘી-તેલ નાખીને બનાવેલી રોટલી............ આગારથી ઘી-તેલના ત્યાગી સાધુ-સાધ્વી ભગવંતને કલ્પે છે.

૭. પૂર્વભવમાં .......... કરવાથી સ્ત્રીનો અવતાર મળે છે.

૮. હરિભદ્રસૂરિજીથી ................માં બૌદ્ધો હારી ગયા

૯. ............. દેવોએ આવીને શાંતિકુમારને તીર્થ પ્રવર્તાવાની પ્રાર્થના કરી.

૧૦. .............. જ્ઞાનથી રૂપી પદાર્થ જ દેખાય છે અરૂપી નહીં.

૧૧. ............... નું ઘર તેને સુરક્ષા આપવાને બદલે તેના વિનાશ માટે બને છે.

૧૨. આયુષ્ય બંધ ..............ના દિવસે વિશેષ થાય છે.

**પ્ર.B કાઉન્સમાં આપેલા જવાબમાંથી સાચા જવાબ શોધી ખાલી જગ્યા પૂરો** **12 Marks**

(ઘૂંઘરાની આવાજ, અશુભ, વાંદરા, ૧ યોજન, સહસાગારેણં, ૬, શુભ, પચ્છન્નકાલેણં, સાઈમં, વજ્રસ્વામી, મરકી, આતપ, ચંડાલિની, ચૂડીનો આવાજ, ૧૦, ઉદ્યોત, મનક, અંગુલનો અસંખ્યાતમો ભાગ, ધોબણ, ઍલીસ, ખાઈમં,)

૧. વરસાદનું પાણી મોઢામાં ચાલ્યુ જાય તો પણ ............. આગારથી વ્રતનો ભંગ થતો નથી.

૨. શાંતિનાથ ભગવાનના ગર્ભમાં આવા માત્રથી દેશમાં............ આદિ રોગ શાંત થઈ ગયા હતા .

૩. ............ના કલ્યાણ માટે શય્યંભવ સૂરિજીએ ધર્મનો સાર બતાવ્યો.

૪. આગમ શાસ્ત્રમાં રજસ્વલા સ્ત્રીની તુલના તૃતીય દિવસે .............. સાથે કરી છે.

૫. ........... કર્મના ઉદયથી શરીર ઠંડો પ્રકાશ આપે છે.

૬. દેવતાને.............પર્યાપ્તિઓ હોય છે.

૭. અજમો.............. પ્રકારના આહારમાં આવે છે

૮. ક્યારેક શુભ અધ્યવસાયથી........... કર્મ શુભમાં સંક્રમિત થાય છે.

૯. ..............એ પોતાના પુત્રની માટે પોતાની જાન આપી દીધી.

૧૦. આલૂમાં રહેલા જીવની ઉત્કૃષ્ટ અવગાહના............. છે.

૧૧. .............નમિરાજાના વૈરાગ્યનો કારણ બની.

૧૨. લિપ્સ્ટીક બનાવવામાં.............. ઉપર પ્રયોગ કરવામાં આવે છે.

**પ્ર.C મને ઓળખો.** **12 Marks**

૧. મારું સ્મરણ કરવાથી જીવ આ ભવમાં જ નહી પરંતુ પરભવમાં પણ સુખ પામે છે.

૨. મારું એઠવાડ પશુઓને નાખવામાં આવે તો બાર ભવ સુધી ભટકવું પડે છે.

૩. મેં અહંકારમાં આવીને પોતાનું બળ બતાવવા માટે છતનું એક તણખલું ખેંચ્યું.

૪. તિવિહાર ઉપવાસમાં પાણીનો ત્યાગ કરવા માટે મારું પચ્ચક્ખાણ લેવામાં આવે છે.

૫. અમારી સ્વકાય સ્થિતિ નથી હોતી.

૬. મેં પોતાની માઁ ઉપર જ ખોટા આરોપ લગાવ્યા.

૭. માત્ર બે હાડકાઓના અગ્રભાગ થી હું સ્પર્શ કરાયેલો છું.

૮. વેફરની ઉપર રહેલો હું સચિત્ત છું.

૯. મારાથી ક્ષપકશ્રેણીનું મંડાણ થાય છે.

૧૦. મેં મારા પતિને મરણ સમયે સમાધિ આપી.

૧૧. મારા કર્મના ઉદયથી જીવ પ્રશંસનીય બને છે.

૧૨. મારા જીર્ણોદ્ધાર માટે કુમારપાળ રાજાએ પોતાની પ્રિયવસ્તુ માંસનો ત્યાગ કરી દીધો.

**પ્ર.D કોણ કોને કહે છે ?** **6 Marks**

૧. ક્યાંક બીજે હોત તો દફતરી પદ પણ મળવું અસંભવ હોત.

૨. મારી રક્ષા કરો.

૩. હું શું એમની નોકરાણી છું.

૪. સાવધાની રાખવી જોઈએ, આ પાપનું તમારે એક અઠ્ઠમનું પ્રાયશ્ચિત આવશે

૫. આ તો ક્યારેય શક્ય નથી.

૬. આમાં કોઈ જાતની શરમ કે સંકોચ રાખવાની જરૂર નથી.

**પ્ર.E જવાબ આપો** **12 Marks**

૧. આચાર્યશ્રી રાજેન્દ્રસૂરિજીએ પરમાત્માના શાસનમાં જ્ઞાનની પ્રધાનતા હોવાના કારણે શું કર્યું ?

૨. કુમારપાળ રાજાના ધર્મમય જીવનની ઝલક બતાવો ?


૩. સમાધિમરણ સંબંધી નિર્યામણાના ૧૦ અધિકાર બતાવો ?

૪. કોઈપણ કર્મની અબાધા કેવીરીતે થાય છે ?

૫. જીવવિચારમાં બતાવેલા દ્વારો પરથી મનુષ્યના ૫ દ્વાર ઘટાવો ?

૬. એમ.સી.ના પરિપૂર્ણ પાલન માટે શું કરવું જોઈએ ? કોઈપણ ૫ મુદ્દા લખો.

**પ્ર.F આ પુસ્તકના કેટલા પાત્રો ખોવાઈ ગયા છે એમને ફોન કરી પૂછો એ કોણ છે.** **14 Marks**




<u>દા.ત.:- ૦૯૭૩૮૦</u> : <u>રાજેન્દ્રસૂરીજી</u>

૧. ૭૩૫ : ....................

૨. ૨૫૭૯ : ....................

૩. ૬૧૮૪ : ....................

૪. ૬૯૦ : ....................

૫. ૧૩૬ : ....................

૬. ૪૧૨૪૫૨૦ : ....................

૭. ૩૧૭ : ....................

૮. ૮૬૪ : ....................

૯. ૬૨૪ : ....................

૧૦. ૭૪૩૮૦ : ....................

૧૧. ૨૧૯૫૩૮ : ....................

૧૨. ૨૫૯૦ : ....................

૧૩. ૩૮૭૧૬ : ....................

૧૪. ૪૨૦૭૫૦ : ....................

**પ્ર.G સહુના પ્રથમ અક્ષર મળીને એક તીર્થનું નામ બનાવો :-** **6 Marks**

૧. ૧૦ અધિકાર કોના છે ? ..................

૨. સૂર્ય જેને પ્રદક્ષિણા આપે છે. ................

૩. એક પ્રકારનો વાયુ ...................

૪. રાજેન્દ્રસૂરિજીએ કયા રોગનું નિવારણ કર્યું હતું...................

૫. સોનુ - કબૂતર

જ્યોત - ? ..................

૬. જે મરચાને તીખી અને શેરડીને મીઠી બનાવે છે .................

તીર્થનું નામ : ....................

**પ્ર.H આપેલા અક્ષર અને માત્રાઓનો ઉપયોગ કરી ઉત્તર આપો અને એ કયા Chapter નો છે તે પણ જણાવો**

**12 Marks**

| | | | | નામ | પ્રકરણનું નામ |
|---|---|---|---|---|---|
| દા.ત.: | એક આચાર્ય | : ૨ વ શ્ ૨ હ ૨ સ જ | ી ૂ ી ી : | હીરસૂરીશ્વરજી | યાકિની મહત્તરાસુનુ હરિભદ્રસૂરિજી મ.સા. |
| ૧ | એક સૂત્ર | : ગ ૨ ચ અ | ા ા ાં : | ................ | ................ |
| ૨. | એક પત્ની | : વ શ્ ક ૨ મ દ | ા ી ા ે ી : | ................ | ................ |
| ૩. | એક વિશ્વ વિદ્યાલય | : ક પ ન્ હ સ | ો િ : | ................ | ................ |
| ૪. | એક સાધુ | : સ મ ૨ પ દ દ્ | ું : | ................ | ................ |
| ૫. | એક કર્મ | : અ વ ન પ ર્ | ા ુ ૂ ીં : | ................ | ................ |
| ૬. | એક શસ્ત્ર | : ક ર્ લ ઘ દ | િ ો : | ................ | ................ |
| ૭. | એક દેવ | : પ ર્ દ ક | િ : | ................ | ................ |
| ૮. | એક ભાવના | : ય થ સ્ ધ્ મ | ા : | ................ | ................ |
| ૯. | એક રાણી | : ૨ ટ ય ક્ વ | િ ો ી ા : | ................ | ................ |
| ૧૦. | એક ગ્રંથ | : મ ક્ષ સ ત્ર સ | ે ા : | ................ | ................ |
| ૧૧. | એક ઋષિ | : ક ખ્ ધ | ં : | ................ | ................ |
| ૧૨. | એક નગર | : પ લ ટ પ ત્ર | ા ી ુ : | ................ | ................ |

**પ્ર.૧ અંકમાં જવાબ આપો** **12 Marks**

૧. પ્રત્યેક પ્રકૃતિના કેટલા ભેદ છે ?

૨. મુટ્ઠિસહિયંનું પચ્ચક્ખાણ કરવાથી એક વર્ષમાં કેટલા ઉપવાસનો લાભ મળે છે ?

૩. સોળમાં ભગવાનના શાસનમાં કેટલા વાદ લબ્ધિધારી હતા ?

૪. કેટલા મહિના પછી કષાય અનંતાનુબંધી બની જાય છે ?

૫. રાજેન્દ્રસૂરિજીએ સાધુઓ માટે કેટલા ઉપકરણો ઉપયોગી બતાવ્યા હતા ?

૬. પ્રત્યેક વનસ્પતિકાયના કેટલા અંગોમાં અલગ અલગ જીવ રહે છે ?

૭. વિગઈઓ કેટલી હોય છે ?

૮. કુમારપાળ રાજાએ કેટલા મંદિર બનાવ્યા ?

૯. રેશમની એક સાડીમાં કેટલા જીવોને મારવામાં આવે છે ?

૧૦. મનુષ્યના ૩૦૩ ભેદમાં અન્તર્દ્વીપના કુલ કેટલા ભેદ હોય છે ?

૧૧. એમ.સી. વાળી સ્ત્રીને કેટલી મિનિટ સુધી મૌન સાધના કરવી જોઈએ.

૧૨. નંદિષેણ મુનિએ ૭ વર્ષમાં કેટલા લોકોને પ્રતિબોધ કર્યા હતાં ?

**પ્ર.૨ આપેલા નંબરના હિસાબે અક્ષર જોડી ઉત્તર આપો** **12 Marks**

દા.ત. ૬ અક્ષરવાળા સૂત્રનું નામ [1 વિ] [2 શા] [3 લ] [4 લો] [5 ચ] [6 ન]

(અ) એક જ્ઞાતિનું નામ : ૧+૨ = વિશા (ક) ઠાડમાં રક્ષણ કરનારી : ૨+૩ = શાલ

(બ) કપડાનું એક પ્રકાર : ૪+૬ = લોન (ડ) એક રાજાનું નામ : ૬+૩ = નલ

૧. સર્વ તીર્થોને વંદના : [1] [2] [3] [4] [5]

(અ) આજની પછી : ૨+૩ ........... (ક) જેનું તેલ નીકળે છે : ૪+૩..............

(બ) પ્રભાવતી શું હતી : ૧+૪............ (ડ) મહાવીરસ્વામી : કેટલા વર્ષ ગૃહસ્થાવાસમાં રહ્યા : ૪+૧.............

૨. અજૈનોનું મંદિર [1] [2] [3] [4]

(અ) એક ધાતુ : ૧+૩ ................. (ક) અંગોપાંગ મારો પેટા ભેદ છે : ૩+૨.......

(બ) સ્વામી, ધની, માલિક : ૩+૪......... (ડ) એક વાર : ૧+૨................

૩. સિદ્ધાંત પ્રકાશ ગ્રંથની રચના કોણે કરી [1] [2] [3] [4] [5] [6] [7] [8]

(અ) પરમેષ્ઠીના ત્રીજા પદે સુશોભિત : ૪+૫............

(ક) જે એસીડીટીને દૂર કરે છે : ૮+૧ ..........

(બ) પતિના પિતા : ૬+૪+૭ ............... (ડ)સંગીતનું મૂલ શું છે : ૪+૭.............

૪. ૧૮૦૦ કોટ્યાધિપતિની સાથે જિનપૂજા કરનારા [1] [2] [3] [4] [5]

(અ) પાની આવતા પહેલા જ મને બાંધી લો : ૪+૫ .........................

(બ) કુમારપાળ રાજાના રાજ્યમાં આ શબ્દના પ્રયોગનો નિષેધ હતો : ૨+૩ ............

(ક) જેને ગોદામમાં રાખવામાં આવે છે : ૨+૫ ...................

(ડ) ગોત્ર નામ કર્મથી શું નિશ્ચિત થાય છે : ૧+૫ ...................

૫. હું કવર પેજમાં છું [1] [2] [3] [4] [5]

(અ) જગતનું પર્યાયવાચી : ૧+૨ ..............

(બ) પરમાત્માનું એક વિશેષણ : ૩+૪+૫ ....................

(ક) અંધારુ દૂર કરનારા : ૪+૧ ...................

(ડ) કવિતાને રચનારા : ૫+૧ ....................

૬. એક પચ્ચક્ખાણ [1] [2] [3] [4] [5] [6] [7] [8]

(અ) સાધુને ચાલવાની ક્રિયા : ૨+૩+૪ .................

(બ) દેવોને મૃત્યુનો સંકેત આપે છે :૩+૪ .................


(ક) દિવ્યા માટે મોક્ષાના પુત્રના મામા શું થાય છે : ૬+૧ ..................

(ડ) રહેઠાણ : ૭+૮ .......................

**સૂત્ર અર્થ અને કાવ્ય વિભાગ**

**પ્ર.K (a)ગાથા પૂર્ણ કરો** **6 Marks**

૧ નીચે આપેલા JAINISM શબ્દમાં એક ગાથાના અક્ષરો વિખરેલા છે આ અક્ષરોને કાના માત્રા લગાવી ગાથા લખો.



૨ અર્હદ્.......... બુદ્ધિમદ્ધિઃ

૩ પવ્વેસુ ........... જયણાએ

(b)અર્થ લખો **7 Marks**

૧. સિજ્જંભવ

૨. તવો અ

૩ પાલનોદ્યત

૪. વિસ્મયાહત

૫. નતોઽહં

૬. ગુરુથુઅ

૭. પ્રસ્પર્દ્ધિભિઃ

**(C) વિધિ લખો** **2 Marks**

૧. આયરિય ઉવજ્ઝાયથી લઈને સંસાર દાવાનળ સુધી રાઈય પ્રતિક્રમણની વિધિ.

**પ્ર.K કાવ્ય વિભાગ :-**

**(A) સ્તુતિ લખો** **1 Marks**

૧.. આત્મા તણા............. બનાવજો

**(B) ચૈત્યવંદન લખો** **4½ Marks**

૧. શુભ................. સુઘણી (યા) કેવલજ્ઞાન .............. અંત

૨. ગઢ.............. ધ્યાન (યા) જયવંત............ વિગંજન છો .

૩. મુદ્રા .................. ચેન (યા) તિર્યંચ ............... પાયો

**(C) સ્તુતિ લખો** **4½ Marks**

૧. કલયંતિ.................... વિહંડનમ્ (યા) વૃષભ ................. ગિરિરાયાજી.

૨. સર્વજ્ઞ..................... સુખકારિતા (યા) વિમલ................, વખાણુજી.

૩. તીસ ..................... ભારીજી (યા) શ્રદ્ધા.................... ચંદ્રિકા.

**(D) સ્તવન લખો** **3 Marks**

૧. ષટ્...............તોલી (યા) માર્ગ................મહારાજ

૨. વ્રત................ જાણ (યા) મુખ................ ભાળ

**(E) સજ્ઝાય લખો** **2 Marks**

૧. શીત .................મુનિરાજ (યા) એનો............... મારી સેવા.

# શ્રી વિશ્વતારક રત્નત્રયી વિદ્યા રાજિતં

## ત્રિવર્ષીય જૈનિજમ કોર્સ ખંડ ૪

લેખિકા
સા. શ્રી મણિપ્રભાશ્રીજી મ.સા.

ઓપન-બુક પરીક્ષા પત્ર ટોટલ - ૧૪૦ માર્ક્સ

વિદ્યાર્થીનું નામ ______________ ઉંમર ______ રોલ નં. ______

વિદ્યાર્થીનું સરનામું તથા ફોન નં. ______________

______________ મૂળ વતન ______________

સેંટરનું નામ તથા સરનામું ______________

**પ્ર.A : ખાલી જગ્યા પૂરો**

૧ ..........
૨ ..........
૩ ..........
૪ ..........
૫ ..........
૬ ..........
૭ ..........
૮ ..........
૯ ..........
૧૦ ..........
૧૧ ..........
૧૨ ..........

**પ્ર.B: પસંદ કરો**

૧ ..........
૨ ..........
૩ ..........
૪ ..........
૫ ..........
૬ ..........
૭ ..........
૮ ..........
૯ ..........
૧૦ ..........
૧૧ ..........
૧૨ ..........

**પ્ર.C : મને ઓળખો**

૧ ..........
૨ ..........
૩ ..........
૪ ..........
૫ ..........
૬ ..........
૭ ..........
૮ ..........
૯ ..........
૧૦ ..........
૧૧ ..........
૧૨ ..........

**પ્ર.D : કોણ કોને કહે છે**

૧ ..........
૨ ..........
૩ ..........
૪ ..........
૫ ..........
૬ ..........

પ્ર.E : જવાબ આપો

૧ ..........

૨ ..........

૩ ..........

૪ ..........

૫ ..........

૬ ..........

**પ્ર.F : ફોન**

૧ ....................................
૨ ....................................
૩ ....................................
૪ ....................................
૫ ....................................
૬ ....................................
૭ ....................................
૮ ....................................
૯ ....................................
૧૦ ....................................
૧૧ ....................................
૧૨ ....................................
૧૩ ....................................
૧૪ ....................................

**પ્ર.G :**

૧ ..........................
૨ ..........................
૩ ..........................
૪ ..........................
૫ ..........................
૬ ..........................

તીર્થનું નામ

..........................

**પ્ર.I : અંકમાં જવાબ આપો**

૧ ..........................
૨ ..........................
૩ ..........................
૪ ..........................
૫ ..........................
૬ ..........................
૭ ..........................
૮ ..........................
૯ ..........................
૧૦ ..........................
૧૧ ..........................
૧૨ ..........................

| પ્ર.H : પાત્રનું નામ | ચેપ્ટરનું નામ |
|---|---|
| ૧ .......................... | .................... |
| ૨ .......................... | .................... |
| ૩ .......................... | .................... |
| ૪ .......................... | .................... |
| ૫ .......................... | .................... |
| ૬ .......................... | .................... |
| ૭ .......................... | .................... |
| ૮ .......................... | .................... |
| ૯ .......................... | .................... |
| ૧૦ .......................... | .................... |
| ૧૧ .......................... | .................... |
| ૧૨ .......................... | .................... |

**પ્ર.J : અક્ષર જોડી ઉત્તર આપો**

૧ ....................
(અ) ....................
(બ) ....................
(ક) ....................
(ડ) ....................
૨ ....................
(અ) ....................
(બ) ....................
(ક) ....................
(ડ) ....................
૩ ....................
(અ) ....................
(બ) ....................
(ક) ....................
(ડ) ....................

૪ ....................
(અ) ....................
(બ) ....................
(ક) ....................
(ડ) ....................
૫ ....................
(અ) ....................
(બ) ....................
(ક) ....................
(ડ) ....................
૬ ....................
(અ) ....................
(બ) ....................
(ક) ....................
(ડ) ....................

પ્ર.K : સુત્ર-અર્થ અને કાવ્ય વિભાગ

a) ગાથા લખો

૧ ..............................................................................................................

..............................................................................................................

૨ ..............................................................................................................

..............................................................................................................

૩ ..............................................................................................................

..............................................................................................................

b) અર્થ લખો

૧ ......................................

૨ ......................................

૩ ......................................

૪ ......................................

૫ ......................................

૬ ......................................

૭ ......................................

c) વિધિ લખો

૧ ..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

પ્ર.L : કાવ્ય વિભાગ :-

a) સ્તુતિ લખો

૧ ..............................................................................................................

..............................................................................................................

b) ચૈત્યવંદન લખો

૧) ..........................................................................................

..........................................................................................

૨) ..........................................................................................

..........................................................................................

૩) ..........................................................................................

..........................................................................................

c) સ્તુતિ (થોય) લખો :

૧ ..........................................................................................

..........................................................................................

૨ ..........................................................................................

..........................................................................................

૩ ..........................................................................................

..........................................................................................

d) સ્તવન લખો

૧ ..........................................................................................

..........................................................................................

૨ ..........................................................................................

..........................................................................................

e) સજ્ઝાય લખો

૧ ..........................................................................................

..........................................................................................

श्री विश्वतारक रत्नत्रयी विद्याराजितं

# युवति संस्कार शिविर की झलकियाँ













# જમતા પહેલા પ્રભુને પ્રાર્થના

શ્રી તીર્થંકર પરમાત્મા એ પ્રરુપેલા તપ ધર્મ, તપ પદ, તપ ગુણ, તપાચાર ને અને અણાહારી પદ ને નમસ્કાર કરુ છું. પૂર્વે જે જીવો એ તપ ધર્મની આરાધના કરી છે વર્તમાન માં જે જીવો તપ કરે છે અને ભાવી માં જે જીવો તપ કરશે તે સર્વ ને નમસ્કાર કરુ છું. નવકારશી થી લઈને અનશન તપની આરાધના કરતા જીવો અણાહારી પદ પ્રાપ્ત કરે. તપ ધર્મ ને આદરતા જીવ માત્ર માં નિષ્કામ ભાવ પ્રગટે.

હે પૂજ્ય પ્રભુ ! ભલે હું આહાર કરું પણ મને મારા અણાહારી પદ ની કદી વિસ્મૃતિ ન થાય! મારા આહાર માં જે એકેન્દ્રિયાદિ જીવોની વિરાધના થઈ હોય તેની ક્ષમા માંગુ છું. મારો આહાર મારા મુખ સુધી પહોંચવામાં જે જે જીવોને કષ્ટ પડ્યું હોય તેની ક્ષમા માંગુ છું. જે જીવો એ પ્રેમ થી આહાર બનાવ્યો છે એ બધા નો આભાર માનું છું. મારો આહાર પ્રભુ નો પ્રસાદ છે. આ આહાર મને એવી રીતે પરિણમે કે મારો અધ્યવસાય શુભ રહે અને ક્ષપકશ્રેણી માંડી અણાહારી પદની પ્રાપ્તિ કરું. ભૂખ્યાને ભોજન મળે, તરસ્યાને પાણી મળે, તપસ્વીને શાતા રહે. જ્યાં-જ્યાં ક્ષુધા વેદનીયનો ઉદય છે ત્યાં શાંતિ થાઓ.

ૐ નમો તવસ્સ... તપ કરીએ સમતા રાખી ઘટમાં...

જૈનમ્ ગ્રાફીક્સ
અમદાવાદ. ☎ ૨૫૪૬૨૧૭૭૯, ૯૮૨૫૮ ૫૧૧૩૦